# અરમાન
# નાટ્યસંગ્રહ



6

16BGA2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# અરમાન
# નાટ્યસંગ્રહ

બેન્જામિન સુવાર્તિક
સી/પ અધ્યાપક કુટિર,
પ્રતાપગંજ,
વડોદરા ૩૯૦ ૦૦૨.

-: પ્રકાશક :-
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

ARMAAN NATYA SANGRAHA
Tweleve Different Plays by
Benjamin Suwartic

# અરમાન નાટ્યસંગ્રહ

જુદા જુદા ખ્રિસ્તી તહેવારો અને પ્રસંગોએ બાળકો, જુવાનો, બહેનો અને મોટેરાં મારફતે રજૂ કરી શકાય તેવાં પંદર મિનિટથી અઢી કલાકની સમય મર્યાદાવાળાં બાર નાટકો.


પ્રથમ આવૃત્તિ : એપ્રિલ ૧૯૮૦
દ્વિતિય આવૃત્તિ : માર્ચ ૧૯૯૯
કિંમત : રૂા. ૪૦/-

: મુદ્રક :
ફોટ્રોનિક્સ
ભરવાડા હાઉસ,
હાઈકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે, નવરંગપુરા,
અમદાવાદ-૯. ફોન : ૬૪૨૭૪૪૮

# મુખપૃષ્ઠ સમજૂતી

'અરમાન નાટ્યસંગ્રહ'માં યાકૂબ અને એના બાર દીકરાઓની કથા રજૂ કરતું નાટક 'ઇઝરાયલ' મૂકવામાં આવ્યું છે. સૌ પ્રથમ આ નાટક ૧૯૯૧માં વડોદરાના સી.સી. મહેતા ઓડિટોરિયમમાં રજૂ કરવામાં આવ્યું હતું. તે વખતે એને ખ્રિસ્તી અને અન્યધર્મી મિત્રોએ ખૂબ વખાણ્યું હતું.

યાકૂબ જુવાનીમાં પોતાનું ઘર છોડીને મિદ્યાનમાં પોતાના મામાને ઘેર રહેવા ચાલ્યો જાય છે. ત્યારે તંબૂધારીઓના ગામ આગળ આવેલા કૂવા પાસે પાણી પીવા એ રોકાય છે. એ સમયે પાણી ભરવા આવેલી તરુણી રાહેલ એને પાણી પાય છે. એ પ્રેમસભર દૃશ્ય શ્રી **અંતોન મેકવાને** મુખપૃષ્ઠમાં મઢી લીધું છે. નાટક વેળા લેવાએલી એક તસવીરનું એ કલા રૂપાંતર છે. 'ઇઝરાયલ' નાટકના પ્રથમ પ્રયોગમાં શ્રી **બેન્જામિન સુવાર્તિકે** યાકૂબની ભૂમિકા કરી હતી જ્યારે શ્રીમતી **સુષમા સુવાર્તિકે** રાહેલનો અભિનય આપ્યો હતો.



શ્રીમતી ઈવેન્જલીના એગ્બર્ટ હિલેરી (યુ.એસ.એ.) તરફથી તેમનાં મા સ્વર્ગસ્થ લક્ષ્મીબહેન એમ. પરમારના સ્મરણાર્થે 'અરમાન નાટ્યસંગ્રહ'ના પ્રકાશન માટે રૂપિયા પાંચ હજારનું દાન ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીને આપવામાં આવ્યું છે. એથી તેમના સ્મરણાર્થે આ પુસ્તકની દ્વિતિય આવૃત્તિ છાપવામાં આવી છે.

# પ્રસ્તાવના

હજુ તો **'યહૂદી જવાન'** વાર્તાથી લેખનક્ષેત્રે ડગ માંડ્યું હતું અને કેટલાક મિત્રોએ નાટક લખવા સૂચવ્યું. નાટક લખીએ તો એનો ઉપયોગ પણ થવો જોઈએ ને! એ માટે વડોદરા-ફતેહગંજ મેથોડિસ્ટ ચર્ચના યંગ એડલ્ટ ફેલોશિપે તૈયારી બતાવી. એમ મારું સૌ પ્રથમ ત્રિઅંકી નાટક **'અરમાન'** ૧૯૭૬માં તૈયાર થયું. એને ભજવવા ગુજરાત સરકારે કાયમી પરવાનગીપત્ર એનાયત કર્યું છે. પવિત્ર બાઈબલમાં આવતી ઉડાઉ દીકરાની વાતને એમાં નવા ઢાળે રજૂ કરવા, મેં પ્રયત્ન કર્યો છે. મને નાટ્યક્ષેત્રે પ્રોત્સાહન આપનાર વાય.એ.એફ.ના મિત્રો અને તે વખતના પ્રમુખ **શ્રી સેમ્યુલ આર. ક્રિશ્ચિયન**નો હું આભાર માનું છું. આજ સુધી અરમાન ઘણાં સ્થળોએ ભજવાયું છે.

ત્યારબાદ સામ્યવાદી દેશોમાં પીડાતા ખ્રિસ્તીઓ સંબંધી ખ્યાલ રજૂ કરતું **'કોમારોવ'** લખ્યું. એને વડોદરા ફતેહગંજ ચર્ચ, શારોન ચર્ચ, લેપ્રેસી હોસ્પિટલ અને ૧૯૭૮ની વાર્ષિક કોન્ફરન્સ વેળા ભરૂચમાં રજૂ કર્યું હતું. લગભગ બધે જ એ પડદા પાછળના સંવાદોને આધારે મૂક અભિનયથી રજૂ કરાયું હતું અને અસરકારક રહ્યું હતું. એને સંવાદો બોલીને પણ રજૂ કરી શકાય.

૧૯૭૭માં **ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી**ની ૧૨૫મી જ્યંતી નિમિત્તે, નાટ્ય હરિફાઈ માટે **'ફ્રેન્ડ સર્કલ'** લખ્યું. જ્યારે અમે હરિફાઈ માટે સ્ટેજ પર પહોંચ્યા ત્યારે બિનહરિફ વિજયી નીવડ્યા. જો કે આમંત્રણથી અમદાવાદનું એક નાટક ત્યારે ભજવાયું હતું. **'ફ્રેન્ડ સર્કલ'**માં આપણા સમાજના આગેવાનો, યુવાનો અને

યુવામંડળો અંગે ચર્ચાસ્પદ બાબતો રજૂ કરવામાં આવી છે. એને લીધે નાટક ક્રાંતિકારી બન્યું. અમદાવાદ, વડોદરા અને મુંબઈમાં પણ એની રજૂઆત થઈ.

મેથોડિસ્ટ મેન-વડોદરાના ઉપક્રમે ૧૯૭૮ના નાતાલ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે **'શાંતિ-વાટે'** લખ્યું. દુનિયાની અશાંત વ્યક્તિઓને માટે નાતાલ શાંતિનો પૈગામ લાવે છે. ઈસુ ખ્રિસ્ત એ જ શાંતિ-માર્ગ છે. એ શાંતિ પ્રણેતા ઈસુ નાતાલે દેહધારી થયા અને એ દિવસ શાંતિસંદેશની ઘોષણા કરે છે.

૧૯૭૯નું વર્ષ આંતરરાષ્ટ્રીય બાળવર્ષ હોઈ, ડિસેમ્બરમાં સન્ડેસ્કૂલ 'ચિલ્ડ્રન નાઈટ' ઉજવી. તેમાં મારી લખેલી વાર્તા, 'યહૂદી જવાન'ના આધારે સંક્ષિપ્ત નાટક 'સ્વપ્નપતિ' તૈયાર કરી રજૂ કર્યું. વધુ પાત્રો અને પોષાકના ઠઠારાને લીધે આ નાટક મહેનત અને ખર્ચ માગી લે છે. બીજી આવૃત્તિમાં એને સ્થાને **'ઇઝરાયલ'** મૂકું છું.

એ જ દિવસો દરમિયાન વડોદરામાં બાઇબલ સોસાયટીની ઓકઝીલિયરીને દશ વર્ષ પૂરાં થતાં હોઈ, દશાબ્દી મહોત્સવ ઊજવાયો હતો. તેમાં મારી નાટિકા **'જ્યારે અમે રાહ ભૂલ્યાં'** રજૂ થઈ. એદનવાડીની વાત રજૂ કરતી આ નાટિકા જોઈ પ્રેક્ષકો મુગ્ધ થઈ ગયા. તેમાં આદમ, હવા અને એદનવાડીને નૈસર્ગિકરૂપે રજૂ કરવા પ્રયત્ન થયો હતો. નાટિકામાં બહુ ઓછા સંવાદો બોલાવી, સંગીતને સહારે મૂક અભિનય લેવાયો હતો. આણંદમાં રોટરી કલબને આશ્રયે નાટિકાને એને ભાઈકાકા હોલમાં રજૂ કરતાં, બિનખ્રિસ્તી ભાઈ બહેનોએ પણ એને વધાવી લીધી હતી.

આ છ નાટકો, એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડાના જનરલ એજ્યુકેશન ઓડિટોરિયમમાં ભજવાયાં હતાં. તેમાંનું ત્રિઅંકી **'અરમાન'** લગભગ અઢી કલાક ચાલે તેવું લાંબું છે. **'જ્યારે અમે રાહ ભૂલ્યાં'** ફક્ત ૧૫-૨૦ મિનિટ પૂરતું ટૂંકુટચ છે. બાકીનાં બીજાં અર્ધા પોણા કલાકની મર્યાદાવાળાં છે. વધુ લાંબા અને ઐતિહાસિક નાટકો વધુ મહેનત અને ખર્ચ માગી લે છે. મારાં નાટકોમાં, **'અરમાન'** લાંબું છે. એને તૈયાર કરતાં ત્રણ મહિનાથી વધુ સમય લાગ્યો હતો. અને લગભગ એ જ પ્રમાણે **'ઈઝરાયલ'** પોષાક રંગભૂમિ સજાવટમાં મોંઘું પડે તેવું છે. બાકીનાં નાટકો આસાનીથી તૈયાર કરી વાર-તહેવારે ભજવી શકાય. આપણા વારતહેવારોએ નાટકોની વારંવાર ઊઠતી માંગને ધ્યાનમાં રાખી નવી આવૃત્તિમાં 'ઈસુ રાજા', 'પ્રભુ ઈસુની જન્મગાથા', 'પ્રભુ ઈસુની જીવનવાર્તા', 'અદલ ઈન્સાફ', 'મુક્તિદીપ' અને 'મશાલ' એમ છ નાટકો નવાં ઊમેરું છું. આ બધાં નાટકોની સુંદર હસ્તાક્ષરોમાં નકલ કરી આપવા બદલ હું કુમારી જેનિસ સેમ્યુલ સુવાર્તિકનો આભાર માનું છું.

આપણા યુવાનો હંમેશાં નવાં નવાં નાટકો પોતે ભજવવા આતુર હોય છે. એવાં જુવાનો માટે **'અરમાન નાટ્યસંગ્રહ'** જરૂર મદદરૂપ થઈ પડશે એવી આશા રાખું છું.

૨ મે, ૧૯૯૬. **— બેન્જામિન સુવાર્તિક**

# આમુખ

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીએ વધુ અને વધુ પ્રમાણમાં ખ્રિસ્તી પ્રકાશનો બહાર પાડવાની ઝુંબેશ ઉપાડી છે અને પ્રકાશન માટેનો ત્રિવાર્ષિક કાર્યક્રમ રેવ. જે. આઈ. ચૌહાનના નેતૃત્વ હેઠળ તૈયાર કર્યો છે. જેમાં વિવિધ પ્રકારનું ખ્રિસ્તી સાહિત્ય આવરી લેવાયું છે. દા.ત. મૌખિક એને અનુવાદ દ્વારા તૈયાર કરેલ આત્મિક પ્રકાશનો, ખ્રિસ્તી નવલકથાઓ અને વાર્તાઓ, ખ્રિસ્તી કાવ્યો, રંગીન ચિત્રોવાળી બાળવાર્તાઓ, નાટકો, વગેરે.

ખ્રિસ્તી નાટકો માટેની માંગ અવાર-નવાર ટ્રાકટ સોસાયટી પાસે આવતી જ રહે છે. અને તે અંગે ઘણીવાર લાચારી દર્શાવવી પડે છે. આ ખોટ પૂરી કરવા ટ્રાકટ સોસાયટી સજાગ છે અને આથી જ વિવિધ પ્રકાશનોમાં ખ્રિસ્તી નાટકોને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

આ ૧૨ નાટકોનો સંગ્રહ બહાર પાડીએ છીએ. જેના લેખક શ્રી બેન્જામિનભાઈ સુવાર્તિક છે. તેઓ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ઝૂઓલોજી વિભાગમાં સેવા આપી રહ્યા છે. તેઓને નાટકો લખવાનો અને સફળતાથી ભજવવાનો પણ શોખ છે અને અવારનવાર આવી કૃતિઓ બહાર પાડે છે. તેઓ અવારનવાર કાવ્યો અને લેખો લખે છે. "યહૂદી જવાન" નામની પ્રગટ થયેલી વાર્તાના લેખક પણ તેઓ જ છે. આ વાર્તા જેઓએ વાંચી હશે તેઓને તે જરૂર પસંદ પડી હશે. જેમાં તેઓએ સત્ય ઐતિહાસિક ઘટના સાથે તેમની ઉત્તમ કાલ્પનિક શક્તિનો પરિચય

સફળતાથી કરાવ્યો છે. આ નાટકો પણ ખ્રિસ્તી સમાજમાં ઉપયોગી નીવડશે એવી આશા ટ્રાકટ સોસાયટી સેવે છે.

નાટકો વાંચ્યા બાદ તે ભજવવા, વગેરે માટેની વધુ માહિતી કે માર્ગદર્શન માટે શ્રી બેન્જામિનભાઈનો સંપર્ક સાધી શકશો. ટ્રાકટ સોસાયટીને નાટકોનો સંગ્રહ તૈયાર કરી આપી પ્રસિદ્ધિ માટે સોંપવાના તેમના પગલાંની ટ્રાકટ સોસાયટી કદર કરે છે અને અત્રે આભાર વ્યક્ત કરે છે.

હેમિલ્ટન સત્વેદી
સેક્રેટરી (ટ્રા. સો.)

# આવકાર

ગુજરાતનું ખ્રિસ્તી સાહિત્ય આમ પણ અલ્પધન છે, અને તેમાં પણ સારાં ખ્રિસ્તી નાટકોની તો ભારે ખોટ છે. તેમાં આ 'અરમાન નાટ્યસંગ્રહ' એક મૂલ્યવાન ઉમેરો છે. તેમાં પણ આ સંવર્ધિત આવૃત્તિમાં તો લેખકે છ નવાં નાટકો ઉમેર્યાં છે, તેથી આ પુસ્તકના મૂલ્યમાં ઘણો વધારો થયો છે.

સારાં પ્રસંગોએ કે ઉત્સવોએ ઉજવણી થાય તે સ્વાભાવિક એટલે યૂથગ્રુપ કે યુવાનોની ટુકડીઓ નાટકો શોધે. આવે વખતે મંડળીઓના યુવાનોને સારાં ખ્રિસ્તી નાટકોની ખૂબ જરૂર પડે. એવી જરૂરિયાત આ નાટકો જરૂર સંતોષશે એવી શ્રદ્ધા છે.

નાટકોનું વિષયવસ્તુ આમ સરળ લાગે, છતાં પાત્રોનાં મનોમંથનો ઠીક ઠીક રીતે નિરૂપાયાં છે. અત્યંત જરૂરી એવો સંઘર્ષ અને પરાકાષ્ઠા પણ છે જ. તેથી લેખક શ્રી બેન્જામિન સુવાર્તિક આપણાં અભિનંદનના અધિકારી બને છે.

આ પુસ્તકના પ્રકાશન માટે શ્રીમતી ઈવેન્જલીના એગ્બર્ટ હિલેરી (યુ.એસ.એ.) તરફથી તેમનાં મા સ્વર્ગસ્થ લક્ષ્મીબહેન એમ. પરમારના સ્મરણાર્થે રૂપિયા પાંચ હજારનું દાન આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત શ્રી જયંતભાઈ જે. રોય (U.S.A.) તરફથી રૂા. ૩૦૦૦/-નું દાન મળેલું છે તથા શ્રીમતી સોનલ આર. હાટિયા અને સુરેશભાઈ હાટિયા તરફથી રૂા. ૨૦૦૦/- અને શ્રી રમેશચંદ્ર હાટિયા તરફથી રૂા. ૨૦૦૦/-નું દાન મળેલ છે. તેથી આપ સૌનો આભાર માનીએ છીએ.

– ભગવતપ્રસાદ ચૌહાણ
સેક્રેટરી

# અનુક્રમણિકા


| નાટ્યાનુક્રમ | | | પાન નં. |
|---|---|---|---|
| ૧. | અરમાન | ... ... | ૦૧ |
| ૨. | જ્યારે અમે રાહ ભૂલ્યાં | ... ... | ૯૬ |
| ૩. | કોમારોવ | ... ... | ૧૦૨ |
| ૪. | શાંતિ-વાટે | ... ... | ૧૧૫ |
| ૫. | ફ્રેન્ડ સર્કલ | ... ... | ૧૨૬ |
| ૬. | ઈઝરાયલ | ... ... | ૧૪૦ |
| ૭. | ઈસુ રાજા | ... ... | ૧૬૫ |
| ૮. | પ્રભુ ઈસુની જન્મગાથા | ... ... | ૧૭૫ |
| ૯. | પ્રભુ ઈસુની જીવનવાર્તા | ... ... | ૧૮૩ |
| ૧૦. | અદલ ઈન્સાફ | ... ... | ૧૯૬ |
| ૧૧. | મુક્તિદીપ | ... ... | ૨૧૪ |
| ૧૨. | મશાલ | ... ... | ૨૩૦ |
| ૧૩. | પરિવર્તન | ... ... | ૨૪૬ |

## અન્ય દાનવીરોનો આભાર

શ્રી જયંતભાઈ જે. રોય (U.S.A.) તરફથી રૂા. ૩000/-નું દાન મળેલું છે.

શ્રીમતી સોનલ આર. હાટિયા અને સુરેશભાઈ હાટિયા તરફથી રૂા. ૨000/- અને શ્રી રમેશચંદ્ર હાટિયા તરફથી રૂા. ૨000/-નું દાન મળ્યું હતું.

આ દાનવીરોનો પણ ખરા હૃદયથી આભાર માનીએ છીએ.

## ત્રિઅંકી નાટક

# ૧ અરમાન

ડૉક્ટર ડૉ. કોઈ પણ વારતહેવારે રજૂ કરવા માટેનું ત્રિઅંકી નાટક. સમય - અઢી કલાક.

### પાત્રો

જોન : ઘરની ચાર દીવાલોમાં પીડાતા જુવાનની મનોવૈજ્ઞાનિક ભૂમિકા.
ડેવિડ : જોનના પિતાશ્રી - બેંક એજંટ
પિટર : કઠણ વલણ દર્શાવતો જોનનો મોટો ભાઈ
મેરી : કોલેજ સહેલીઓમાં રાચતી જોનની બહેન
આનંદ : આદર્શ યુવાન તરીકે જોનનો મિત્ર
ડેની : ડેવિડના મિત્ર અને કોલેજના પ્રાધ્યાપક
શેખર : જોનને માર્ગ ભૂલાવનાર આવારા યુવાન
રહિમ : જોનનો મુસ્લિમ મિત્ર
રામ : જોનનો હિંદુ મિત્ર
સાયરા : રહિમની બહેન
ઉષા : મેરીની સાથી મિત્ર
પાસ્ટર : આધેડ વયના ખ્રિસ્તી ધર્મગુરુ
સાધન સામગ્રી : પુસ્તકો, ફૂલદાની, ટેબલ, ટીપોઈ, ૮-૧૦ ખુરસીઓ, સોફાસેટ, પ્રભુ ઈસુ અને એક સ્ત્રીનાં મઢાવેલાં ચિત્રો, બ્રીફકેસ, કેરમબોર્ડ, નરાશ, શરાબની બોટલ, ૩ ગ્લાસ, સિગારેટનું પાકીટ અને THE GREATEST IS LOVE ટાઈટલવાળો નવો કરાર.

# અરમાન

## પાત્ર પરિચય

(સોફાસેટથી શોભતા બેઠકખંડની પાછળની દીવાલે અઢેલીને મૂકેલા ટેબલ પર કેટલાંક પુસ્તકો અને ફૂલદાની જણાય છે. દીવાલની મધ્યમાં પ્રભુ ઈસુનો ફોટો અને ડાબી બાજુએ જોનની સ્વર્ગસ્થ માતાનો ફોટો છે. સોફાસેટની આગળ ગોઠવાયેલી ટીપોઈ પર કેટલાંક માસિકો અને સમાચારપત્ર પડ્યાં છે. વિચારમગ્ન જોન સોફા પર બેઠો છે. તેની નજર દીવાલ પર સરકતી જાય છે - પડદા પાછળથી અવાજ.)

**અવાજ :** 'અરમાન' નો નાટ્ય નાયક જોન! દુનિયાના રંગઢંગથી અજ્ઞાન યુવાન કેવી રીતે રંગીલા જીવનમાં ફસાય છે અને એમાંથી પોતાને યોગ્ય માર્ગે વાળવા કેવી રીતે પ્રેરાય છે. એ મનોવૈજ્ઞાનિક મુખ્ય ભૂમિકા શ્રી..........તાદશ કરે છે.

(જોનના પિતાશ્રી ડેવિડ હાથમાં બ્રીફકેસ સાથે પ્રવેશતા જોન ઊભો થઈ આનંદ વ્યક્ત કરે છે.)

**અવાજ :** જોનના પિતાશ્રી ડેવિડના અભિનયને બેંક એજન્ટ તરીકે વાચા આપતા શ્રી......

ડેવિડ : (જોનના ખભે હાથ દઈ) બેટા, હું જાઉં. જોની, મારી નોકરી જ એવી છે કે ઘડીભર બેસી હૃદયની લાગણી પણ પ્રગટ ન થાય.

(પિતાજી જાય છે. જોન લાગણીવશ બની ઊભો રહે છે. અને પિટરનો પ્રવેશ. પિટરને જોતાં જ જોન ગભરાય છે અને ધીમે ધીમે તેની પાસે જાય છે.)

અવાજ : કઠણ હૃદયના માનવી તરીકે જોનના મોટા ભાઈ પિટરના પાત્રમાં રજૂ થતા શ્રી.....

પિટર : (આંખો કાઢી) ખબરદાર, જો કોઈ આવારા ટોળીમાં સામેલ થયો અગર કોલેજમાં નાપાસ થતો માલૂમ પડ્યો તો...

(જોન જાય છે અને તેની બહેન મેરીનો પ્રવેશ. જોન મેરીને ભાવભરી નજરે જોઈ રહે છે અને બંનેના મુખેથી સ્મિત ઝરે છે.)

અવાજ : ભાઈની લાગણીઓ સાથે ક્યારેક એકરાગ થતી બહેન મેરીના અભિનયમાં કુમારી....

મેરી : (જોનની નજીક આવી) જોની, મોટા ભાઈએ ઘણી વાર તારી સાથે કઠોર વર્તન કર્યું છે એ તને નહિ ગમ્યું હોય. પણ ભાઈ, બધા દિવસ કંઈ સરખા નથી હોતા.

(મેરી ચાલી જાય છે અને જોનના મિત્ર આનંદનો પ્રવેશ.)

અવાજ : જોનનો ખાસ જોડીદાર, આનંદના રૂપમાં શ્રી.....

આનંદ : દુનિયામાં એવા કેટલાય લોકો છે, જેઓને પોતાની મનચાહી વસ્તુ નથી મળતી અને ઘણાંના અરમાન અધૂરાં રહી જાય છે. એ બધા જો સાચા જીવનમાર્ગને તરછોડી દે તો કેવી પરિસ્થિતિ સર્જાય?

(આનંદ જાય છે. એ સાથે પ્રોફેસર ડેની અને તેમની બેબી રીટાનો પ્રવેશ.)

અવાજ : જોનના પિતાશ્રી ડેવિડના ખાસ મિત્ર તરીકે પ્રોફે. ડેનીના પાત્રમાં શ્રી...... અને સાથે તેમની પુત્રી તરીકે રજૂ થાય છે, બેબી......

ડેની : લેટ મી વિશ યુ, મેની હેપી રીટર્નસ ઓફ ધ ડે!

(હસ્તધૂનન કરી બેબીને લઈ જાય છે અને જમણી બાજુએથી શેખર અને ડાબી બાજુથી રહિમનો પ્રવેશ.)

**અવાજ** : જોનને ગુમરાહ કરવામાં શેખર અને રહિમ અગત્યનો ભાગ ભજવે છે. શેખરના સ્વાંગમાં શ્રી..... અને રહિમના સ્વાંગમાં શ્રી......

(શેખર અને રહિમ જોનની બે બાજુ આવી ઊભા રહે છે અને રામનો દોડતાં પ્રવેશ.)

**રામ** : (મોટેથી) પોલીસ... પોલીસ...

(બૂમો સાંભળતાં જ શેખર અને રહિમ નાસી જાય છે. રામ શ્વાસ ખાતો ઊભો રહે છે.)

**અવાજ** : જોનના હિંદુ મિત્ર રામ તરીકે શ્રી.....

(રામ બહાર જાય છે, અને રહિમની બેન સાયરા પ્રવેશે છે.)

**અવાજ** : રહિમની બેન સાયરા તરીકે હાજર છે કુમારી......

**સાયરા** : હું સાયરા, જોનબાબુ, તમે હમણાં શું બબડતા હતા?

(ઉષા વસ્ત્રો ઠીકઠાક કરતી શરમાતાં પ્રવેશે છે અને સાયરા સાથે અથડાય છે.)

**ઉષા** : આઈ એમ સોરી.... (સાયરા ઉષાને જોતાં જોતાં ચાલી જાય છે.)

**અવાજ** : મેરીની બહેનપણી ઉષાનો અભિનય દીપાવે છે, કુમારી.....

(જોન અને ઉષાની નજર મળે છે. ઉષા લજ્જાઈ જાય છે અને સાડી પસવારતી ચાલતી થાય છે. જોન તેને અંત સુધી જતાં જોઈ રહે છે. જોન ફરી સોફા પર ગોઠવાય છે અને ભારે મૂંઝવણ અનુભવે છે. બીજી જ પળે પાસ્ટર સાહેબનો પ્રવેશ.)

**પાસ્ટર** : (જોનના માથે હાથ દઈ) મે ગોડ બ્લેસ યુ.

**અવાજ** : 'અરમાન' નાટકના એક વિશિષ્ટ પાત્રમાં પાસ્ટર સાહેબના અભિનયની શોભા વધારે છે, શ્રી......

(પાસ્ટર સાહેબ જાય છે અને જોન દ્વિધામાં પડેલો જણાય છે. તે ધીરે પગલે પાછળના ટેબલ પાસે જાય છે. ટેબલ પર કેટલાંક પુસ્તકો આમતેમ ફેરવે છે અને છેવટે ટેબલ નીચેથી કેરમબોર્ડ લઈ ટીપોઈ પર મૂકી કેરમની કૂકીઓ બોર્ડમાં આમતેમ ફેરવે છે એટલામાં ઠાઠમાઠ સુંદર વસ્ત્રોમાં તેની બહેન મેરી પ્રવેશે છે.)

## પ્રથમ અંક

**જોન** : આવ મેરી, હું તારી જ રાહ જોતો હતો, હવે તો કંટાળ્યો. થયું, લાવો કેરમ રમીએ.

**મેરી** : (સોફા પર બેસી) જોન, હું નોવેલ વાંચીને હમણાં જ ઊઠી. મને થયું, લાવો ઘૂમી આવીએ, જરા 'ફ્રેશ' થઈ જવાય.

**જોન** : ઘૂમ્યા હવે, અહીં જ બેસને! મોડેથી હું પણ ફરવા આવીશ.

**મેરી** : ના ભાઈ, પછી તો રમવામાં લાગી જઈએ તો બહુ મોડું થઈ જાય. વળી મારી એક ફ્રેંડે મને બોલાવી છે, એટલે મારે જવું જ પડશે.

**જોન** : (મોં બગાડીને) ઓ. કે., યુ કેન ગો.

**મેરી** : જોની, ખોટું લગાડીશ નહિ. આપણે મોડેથી રમીશું. ખૂબ રમીશું. (ઊભી થઈ) ઓ.કે.... બાય.... (મેરી જાય છે.)

(જોન નીરસ બની, હાથમાં ચાવીનો ઝુમખો લઈ આંગળીએ ગોળ ગોળ ફેરવે છે. એટલામાં રહિમનો પ્રવેશ.)

**જોન** : (ખુશમિજાજથી) ઓહો...વેલ કમ રહિમ! આવ બેસ.

રહિમ : (સોફા પર બેસતાં) શું નવાજૂની છે? હું તો એમ જ અહીંથી પસાર થતો હતો. વિચાર્યું કે, જોનને મળતા જઈએ.

જોન : તે સારું ને? એમ તમે લોકો ક્યારે આવો છો? આ પેલા રામ અને આનંદ તો જણાતા જ નથી.

રહિમ : ન આવે યાર, મોટા લોકો છે. જવા દેને એમની વાતો. મને તો એક જ ચિંતા છે; હાયર સેકન્ડરીના રીઝલ્ટની! બોલ શું થશે?

જોન : જે ધોળ્યું હશે તે, વળી બીજું શું?

રહિમ : એ તો છે જ ને! પણ કંઈ અંદાજ?

જોન : દોસ્ત, આપણે એની બહુ ફિકર કરતા નથી. ફિકર તો આપણને રીઝલ્ટ પછીની છે. ખેર, ચાલ જવા દે, કેરમ તૈયાર છે. થોડી બાજી રમી લઈએ.

રહિમ : કેમ, ઘેર કોઈ નથી?

જોન : એટલે જ તો! રમવામાં મજા આવશે.

રહિમ : સારું ચાલ ત્યારે.

(જોન ઊઠીને રહિમની સામેની સોફાચેરમાં ગોઠવાય છે. કેરમમાં કૂકીઓ વ્યવસ્થિત કરી, રહિમ પહેલો સ્ટ્રોક મારે છે.)

જોન : વાહ વાહ, જરા ધીરે. યાદ રાખજે, બાજી હાથ લાગવા નહીં દઉં. (સ્ટ્રોક મારે છે.)

રહિમ : (સ્ટ્રાઈકર નિશાન લગાવી) હા, તું શું કહેતો હતો? રીઝલ્ટ પછી... (સ્ટ્રોક મારે છે.)

જોન : એક્સેલેન્ટ! (નિશાન તાકતાં) કેમ વળી, રીઝલ્ટ પછી પરિણામની ગુણવત્તા પર કોલેજ-પ્રવેશ.

રહિમ : એમ! તારો શું વિચાર છે?

(જોન સ્ટ્રોક મારે છે.)

જોન : વિચાર તો છે, સાયન્સ કે મેડિકલમાં જવાનો.

રહિમ : હા... હા... હા.. (હસીને) જવા દે યાર, (સ્ટ્રોક મારી) આજકાલ તો કોમર્સની બોલબાલા છે. જોતો નથી. એડમિશન માટે કેટલો રશ છે ! આપણે પાસ થયા તો કોમર્સ કરીશું.

જોન : એ તો પસંદ અપની અપની, ખયાલ અપના અપના. (સ્ટ્રોક મારે છે.)

રહિમ : અરે જોન, બીજી એક વાત પૂછું? (અટકીને સ્ટ્રોક મારી) ખોટું તો નહિ લાગે ને?

જોન : પૂછને, કહેવા જેવું હશે તો કહીશ, વેઈટ..... (સ્ટ્રોક મારી હસીને, હા... હા... છે ને ! હવે તું લઈ રહ્યો બાજી.

રહિમ : વન્ડરફૂલ! પણ એમ તો હું પણ જવા નહિ દઉં. (નિશાન લેતાં) હા જોન, એસ. એસ. સી.માં તારે પેલી એલિઝાબેથ સાથે કંઈ લફરૂં થયું હતું ને? (સ્ટ્રોક મારે છે.)

જોન : (નિશાન લઈ) જવા દે ને બધી વાત. પણ હા, તને ક્યાંથી ખબર? (સ્ટ્રોક મારે છે.)

રહિમ : હા... (હસીને) અપને કો ક્યા નહિ ખબર, વહ પૂછો. (સ્ટ્રોક મારે છે.)

જોન : માનતા હૂં મિયાં! જવા દે ને બધી વાત. જે થવાનું હતું તે થઈ ગયું.

રહિમ : હા યાર, એક તો બહુ નખરાં કરતી હતી અને ઉપરથી શેખી કેટલી? હું એને ઘણી વાર સાંજે બાગમાં ફરતાં જોઉં છું.

જોન : ફરે હવે, આપણા બાપનું શું જાય છે? મને તો એક જ ખ્વાઈશ છે; સારા ટકા આવે તો મેડિકલમાં જઈ ડૉકટર થવાની.

રહિમ : વિચાર સારો છે. પછી તો એવી કેટલીય એલિઝાબેથો તારી આસપાસ ઘૂમતી થઈ જશે, કેમ?

જોન : (સ્મિત અને સંકોચથી) એ તો ઠીક છે. પણ સાયન્સ અને મેડિકલમાં સારા ચાન્સીસ છે.

રહિમ : એમ તો કોમર્સમાં પણ ચાન્સ ઓછા નથી. સારું ચાલ ઝડપ કરીએ.

જોન : હા યાર, હવે પિટરભાઈ પણ આવતા હશે. જો, આ એક જ સ્ટ્રોકમાં દાવ ખતમ! (કહી સ્ટ્રોક મારતાં) એ..... આ.....

રહિમ : કહેના પડે ઉત્સાદ! વાહ, આપણને તો એટલી પ્રેકટીસ જ નહીં ને!

જોન : આપણે તો પ્રેકટીસ રાખવી પડે. ખાવાની, ગાવાની, બોલવાની, રમવાની, નાટક કરવાની, વગેરે....

(એ સાથે પિટરનો પ્રવેશ. જોન અને રહિમ ચૂપ થઈ જાય છે. જોન કેરમબોર્ડ ઉઠાવી ટેબલ નીચે મૂકે છે. રહિમ પણ ઊભો થઈ જાય છે.)

પિટર : આખો દિવસ આ જ માંડ્યું છે કે?

જોન : ના, ના, આ તો... હમણાં જ જરા માઈન્ડ ફ્રેશ કરવા.

રહિમ : ચાલ જોન, હું જાઉં.

જોન : બેસને.

રહિમ : ના યાર બહુ મોડું થયું છે.

પીટર : તમે બેસો. ચાલો હું જાઉં છું. (અંદર જાય છે)

જોન : (મૂક અભિનય) બેસને હવે મોટા ભાઈ ગયા.
રહિમ : (મૂક અભિનય) ના. ના.
જોન : (મૂક અભિનય મોં બનાવી) બેસને યાર બેસ.
રહિમ : (મૂક અભિનય મોં બનાવી) ના કહ્યું ને.
જોન : (મૂક અભિનય) હત્તેરેકી!
રહિમ : આજે બહુ મજા કરી. હવે ફરી કોઈ વાર ચાલ ત્યારે જાઉં?
જોન : જા યાર, તું એક નહિ માને.
રહિમ : હા યાર, જવું જ પડશે. બીજા કેટલાય તારા જેવા રાહ જોતા બેઠા હશે. અહીં કેરમબાજી રમ્યા. ત્યાં કેટબાજી રમીશું.
જોન : સારું જા, ફરી જરૂર આવજે.
રહિમ : સ્યોર, ફિર મિલેંગે.
(રહિમ જાય છે અને પિટરનો પ્રવેશ.)
પિટર : (મોં ચઢાવી) જોન, મેરી ક્યાં છે?
જોન : એની બહેનપણીને ત્યાં જવાનું કહેતી હતી.
પિટર : (રોષે ભરાઈ) આ શું? જ્યારે જુઓ ત્યારે બહેનપણીને ત્યાં. એને બીજું કામ છે કે નહિ? (અટકીને) અને તેં આજે શું કર્યું? રમ્યા કર્યો, નહિ ને? પછી મને એમ થાય છે કે, તમે લોકો શું કરશો? મેડિકલ અગર સાયન્સનાં પગથિયાં ચઢવાં એ સહેલું નથી, સાહેબ! રાત દિવસની મહેનત જોઈએ. ખાલી એમ બેસી રહે કંઈ ન વળે. ચાલ હવે, આમ થાંભલા જેવો શું ઊભો છે? જલદી જઈને શાકભાજી લઈ આવ.
(જોન લથડતે પગે ઘરમાં જાય છે, પાછળ પિટર પણ જાય છે.)
(બીજા દિવસે સવારે જોન સોફા પર બેઠો છે. સામેની ટીપોઈ પર

કેટલાંક માસિકો પડ્યાં છે. સવારથી જોન દ્વિધામાં પડેલો લાગે છે. એટલામાં આનંદનો પ્રવેશ. આનંદ આવીને આમતેમ આંટા મારે છે અને એક મેગેઝિન લઈ પાનાં ફેરવે છે. આખરે કંટાળી મેગેઝિન ફેંકી દેતાં.)

**આનંદ** : એ જોન, હું ચાલ્યો.

**જોન** : (એકદમ આનંદ તરફ ધ્યાન કેન્દ્રિત કરી) અરે, આનંદ! ક્યારે આવ્યો? બેસ તો ખરો.

**આનંદ** : બેસવું તો છે પણ યાદ આવ્યું, મારે એક જગાએ જવાનું છે વળી તું હમણાં મૂડમાં નથી.

**જોન** : ના, ના, એવું કોણે કહ્યું? આવ બેસ.

**આનંદ** : હું થોડી વારમાં આવું છું.

(કહીને નીકળી જાય છે, જોન ફરી વિચારોમાં પરોવાય છે. અને પિતાશ્રી ડેવિડનો પ્રવેશ.)

**ડેવિડ** : બેટા, કેમ અસ્વસ્થ લાગે છે? (પાસે બેસતાં) હવે તો તારા જીવનમાં આનંદના પ્રસંગો ઊભરાવા લાગ્યા છે. તેં આ વર્ષે હાયર સેકંડરીમાં ફર્સ્ટ ક્લાસ મેળવી કમાલ કરી.

**જોન** : સાચી વાત છે. પિતાજી. પણ એનો યશ તમને અને મારા મોટા ભાઈને છે. તમારા સલાહ-સૂચનોના આદરથી હું એ સફળતા પામ્યો છું.

**ડેવિડ** : જોન, તારી સફળતા કંઈ નાનીસૂની નથી. આજે પણ તારા ચારિત્ર્ય વિષે મને અભિમાન છે.

**જોન** : બસ કરો પિતાજી, નહિ તો વધુ વાહવાહથી હું ફુલાઈ જઈશ.

(મેરીનો પ્રવેશ)

ડેવિડ : ગૂડ મોર્નિંગ મેરી!

મેરી : (પિતાજી પાસે બેસતાં) ગૂડ મોર્નિંગ ડેડી, ગૂડ મોર્નિંગ જોન! (પિતાજીને) શું આજે તમારે ઓફિસમાં જવાનું નથી?

ડેવિડ : અરે ભાઈ, એવું કદી બન્યું છે ? જવું તો પડશે જ ને.

જોન : (ટીપોઈ પર પગ ચઢાવતાં) ગયા હવે, કોઈ વાર તો પૂરો દિવસ બેસી અમને મજા કરાવો.

મેરી : યસ ડેડી, જોની ઠીક કહે છે. રજા પાડી દોને, ફક્ત એક દિવસ!

ડેવિડ : જીવ તો બહુ ચાહે છે. પણ શું કરું? આજે કેટલાયને અપોઈન્ટમેન્ટ આપી છે. બેટા હું તમને ખૂબ પ્રેમ કરું છું. તમારાથી દૂર રહીને પણ હંમેશાં તમારી યાદ મારા અંતરમાં હોય છે.

જોન : સાચે જ, અમે જે કંઈ છીએ; એ ઈશ્વરકૃપાએ અને તમારા થકી જ.

ડેવિડ : બેટા, હવે તમે મોટા થઈ ગયા પણ તમારી મા જ્યારે સ્વર્ગવાસ પામી ત્યારે જોની, તું સાત વર્ષનો હતો અને મેરી અગિયાર વર્ષની.

મેરી : બાપુજી, હવે તો તમારી ઘણી ચિંતા ઘટી જશે. હું આ વર્ષે બી.એસ.સી.ના છેલ્લા વર્ષમાં છું અને જોન પણ હવે કોલેજમાં દાખલ થઈ જશે.

ડેવિડ : બેટી, તમારી વાતથી જ મારી અર્ધી ચિંતા ઘટી જાય છે. વારું ત્યારે હું ચાલું. (કહી ઊભા થઈ બેગ ઉઠાવે છે.)

જોન : (બેગ પકડતાં) પિતાજી, થોડું બેસો ને.

(મોટા ભાઈ પિટરનો પ્રવેશ.)

જોન-મેરી : (એક સાથે) ગૂડ મોર્નિંગ મોટા ભાઈ.

પિટર : (ઊભો રહી) ગૂડ મોર્નિંગ જોન, ટીપોઈ પરથી પગ ઉતાર. પેલાં મેગેઝિન ગોઠવીને મૂક. જરા સભ્યતાથી બેસતાં શીખ. દર વખતે તને કહેવું પડે!

(જોન ટીપોઈ પરથી પગ ઉતારે છે અને મેગેઝિન ગોઠવે છે. પિટર ખુરશીમાં બેઠક લે છે.)

મેરી : બાપુજી, જરા રોકાઈ જાઓને, કેમ ભૂલી ગયા? આવતી કાલે જોનની બર્થ ડે છે.

ડેવિડ : આનંદમાં ઓ.... હું તો તદ્દન વીસરી ગયો હતો, હા. જોન, કાલે તો જલસાપાર્ટી! તારી ખુશી એ સૌની ખુશી. પિટર, તમે લોકો પાર્ટીની વ્યવસ્થા કરી દેજો.

મેરી : જરૂર બાપુજી.

જોન : દર વર્ષે એવો ખોટો ખર્ચ શા માટે?

પિટર : એ તને ખબર નહિ પડે.

મેરી : હા જોન, કાલે તો હું મારી ફ્રેન્ડ ઉષાને પણ આમંત્રણ પાઠવીશ. એ સુંદર ગાય છે. આપણે એકાદ ગીત ગવડાવીશું.

ડેવિડ : જરૂર લાવજે, બેટી, આપણી ખુશી એ સૌની ખુશી.

જોન : હું પણ મારા મિત્રોને અને પાદરી સાહેબને આમંત્રણ પાઠવીશ.

પિટર : ચૂપ રહે. તારે તારા મિત્રો સિવાય કોઈનેય નહોતરવાના નથી.

મેરી : હા જોન, તું તારા મિત્રોને જ બોલાવજે. બાકીનું બધું મોટા ભાઈ જોઈ લેશે.

ડેવિડ : બેટા, જુઓ વાતવાતમાં નવ વાગી ગયા.

પિટર : તમે જાઓ. અમે બધું જોઈ લઈશું. (ડેવિડ જાય છે.)

મેરી : પણ મોટા ભાઈ, જોનનું સૂટ તો કરાવ્યું નથી.

પિટર : મેરી, તું તારા ભાઈને બહુ શણગારે છે. હમણાં જોન પોતે જ કહેતો હતો કે એવો ખોટો ખર્ચ શા માટે?

જોન : હાસ્તો, એમાં શું! આપણે તો ગમે તે સૂટથી ચલાવી લઈશું.

મેરી : વારું ભાઈ, મારે કોલેજનો સમય થવા આવ્યો છે હું જાઉં છું. આવીને તરત તમારી મદદમાં લાગી જઈશ.

પિટર : ઓ. કે. હું થોડી તૈયારી કરી દઉં છું.

જોન : અને હું પણ જાઉં.

પિટર : ના. તારે કંઈ જવાનું નથી. તું બેસ. મારે તારી સાથે થોડી વાત કરવી છે.

જોન : (સંકોચથી થોડું રોકાઈને).... સારું.

મેરી : હા ભાઈ, તું મોટા ભાઈને મદદ કરાવ.

(મેરી જાય છે. જોન અને પિટર સોફામાં પાસપાસે ગોઠવાય છે. પિટર પોતાની ઘડિયાળને ચાવી આપે છે. જોન એક માસિક લઈ નજર ફેરવે છે.)

પિટર : જોન, અહીં મારી સામે નજર કર.

(જોન માસિક મૂકી દે છે અને મોટા ભાઈ સામે જુએ છે.)

પિટર : પેલી દીવાલ પર કોની તસવીર છે?

જોન : મમ્મીની.

પિટર : હા તો તારી નાની ઉંમરે મા કેન્સરથી દેહવિલય પામ્યાં હતાં. આજે પણ તેમનો ચહેરો ભૂલ્યો ભૂલાતો નથી, (અટકીને) મા આપણને ખૂબ ચાહતાં.

જોન : (લાગણીવશ થતાં) હું માનો પ્રેમ ન માણી શક્યો, એ તો વિધિની વિચિત્રતા છે!

પિટર : માએ તને ખૂબ લાડકોડમાં ઉછેર્યો છે. તને એક આદર્શ દીકરો બનાવવાની એમની આશા હતી. ત્યારે ઘરમાં તું સૌથી નાનો હતો. વળી પિતાજીએ આપણા સુખને ખાતર ફરી લગ્ન કરવાનું માંડી વાળ્યું. જો કે પિતાજી મોટા ભાગે બહાર રહેતા હોવાથી મેરીએ અને મેં તારી સંભાળ રાખી છે અને હવે તો તું મોટો થઈ ગયો.

જોન : હું એ બધું જાણું છું.

પિટર : અને મારે એ પણ કહેવું પડશે કે, તારા યોગ્ય જીવનઘડતર માટે ઘણી વાર મારે તારી સાથે સખત બનવું પડ્યું છે. કેવળ તારા ભલાને ખાતર! અને હવે તારી જવાબદારી વધતી જાય છે. હવે તું સમજદાર થવા લાગ્યો છે. થોડા સમયમાં તું કોલેજમાં જઈશ. ત્યાં અમે તને જોવા નથી આવવાના. તારે પોતે તારી જાતને સંભાળવી પડશે.

જોન : (લાગણીવશ બની) મોટા ભાઈ, આજ સુધી હું તમારી આજ્ઞાને માન આપતો આવ્યો છું.

પિટર : સાથે એ પણ યાદ રાખજે : તું જે દિવસે ભાન ભૂલ્યો, એની કિંમત તારે ભારે ચૂકવવી પડશે.
(બહાર ટકોરા સંભળાય છે અને આનંદનો પ્રવેશ)

જોન : આવ આનંદ.
(આનંદ આવી ખુરશીમાં ગોઠવાય છે.)

આનંદ : હલ્લો પિટરભાઈ, કેમ છો?

પિટર : બસ મજામાં આનંદ, તમે બંને બેસો. હું નોકરી પર જવાની તૈયારી કરું.

(પિટર જાય છે.)

જોન : આનંદ, તું આવ્યો ખરો! ચાલ મોકા પર આવ્યો. નહીં તો મારે આવવું પડત.

આનંદ : મોકો? મોકો વળી કેવો?

જોન : અરે યાર, કાલે મારી બર્થ ડે છે. સાંજે પાર્ટી રાખી છે. તું જરૂર આવજે.

આનંદ : હા બરાબર, યાદ આવ્યું. બોલ પાર્ટી કેટલા વાગે છે?

જોન : બસ, સાંજે સાત સાડા સાતે.

આનંદ : ટાઈમ બહુ માફક નથી. છતાંય ટ્રાય કરીશ.

જોન : બસ, આવું જ ને! તને વળી ક્યારે સમય હોય છે? ફરવાનું હોય તો કંટાળો આવે. પછી કહે તને શામાં રસ છે?

આનંદ : ના, અહીં એવી વાત નથી. હું કોઈને સમય આપી ચૂક્યો છું.

જોન : હા... હા... હા... તેથી શું? કોઈ ગર્લ-ફ્રેન્ડને સમય આપ્યો હોય તો સાથે જ લઈ આવજે. અને બીજું કંઈ હોય તો પોસ્ટપોન કરજે.

આનંદ : તે કહ્યું ને, હું ટ્રાય કરીશ.

જોન : ટ્રાય ના ચાલે, આવવું જ પડે. અરે દોસ્ત મઝા આવશે. મેરીની એક ફ્રેન્ડ ગીત ગાવાની છે.

આનંદ : એમ, હા... હા... હા... (હસે છે.)

(રામનો પ્રવેશ.)

જોન : હલ્લો રામ. વેલ કમ! હાઉ આર યુ?

રામ : બસ લહેરપાણી (ખુરશી લેતાં) ઓ હો, આનંદ તું? બોલ શું નવાજૂની છે?

આનંદ : આ જોતો નથી. આપણે હવે પરવાર્યા એટલે આનંદ જ આનંદ.

રામ : કેમ પરવાર્યા? આગળ ભણવું નથી?

આનંદ : ભણવું તો હોય, પણ પૈસા ક્યાં છે? જ્યારે તારી પાસે પૈસા છે, ત્યારે તારે ભણવું નથી.

રામ : વાત સાચી. મારા પિતાજીને સારી આવક છે. એટલે તો ભણવાની ના પાડે છે. કહે છે, ક્યાંક બિઝનેસમાં લાગી જા.

જોન : ભાઈ, આપણો તો ભણ્યા વિના ઉદ્ધાર નથી.

રામ : એવું કેમ કહે છે. એટલો તારો વટ પણ વધશેને. પાછળ ડીગ્રી લાગશે, એમ.એસ.સી., પી.એચ.ડી. વગેરે, વગેરે અને તું મોટો સાહેબ બની જઈશ.

જોન : બસ બસ જવા દે બધી વાતો. ડીગ્રીધારી થઈ શું કમાઈ લેવાના? જોતો નથી આજની બેકારી! કહે છે કેટલાય ગ્રેજ્યુએટોને ઓફિસમાં પટાવાળાનું અને ફેકટરીમાં વર્કરનું કામ કરવાની ફરજ પડે છે અને બિચારા કેટલાક બેકાર ફરે છે.

આનંદ : હકીકતમાં વાત એમ છે કે, હવે આપણે શરમ બાજુએ મૂકી ગમે તે કામ કરવા તૈયાર થવું પડશે.

જોન : ખેર, બીજી બધી વાતો કરીએ તે પહેલાં એક બાબત યાદ આપી દઉં કે આવતી કાલે મારી બર્થ ડે પાર્ટીમાં તમારે બંનેએ આવવાનું છે.

રામ : જરૂર. હવે આપણે શું કામ છે? કેમ ખરુંને આનંદ?

આનંદ : હા, હું.... આવીશ ને!

જોન : વાહ દોસ્ત, હવે તેં કંઈ મુદ્દાની વાત કરી.

રામ : શું મેનુ રાખવાના છો? કંઈ પેકબેક ખરો?

જોન : હા, હા, કોલોપેક, સોસિયોપેક, રિમઝિમપેક વગેરે- દેશી બનાવટના બધા જ.

રામ-આનંદ : હા... હા... હા... (કહે છે.)

રામ : સાચી વાત કહું? સાધારણ રીતે લોકોને એવી છાપ છે કે, ક્રિશ્ચિયનો દારૂના ખૂબ શોખીન છે.

આનંદ : છટ્‌... એ તો ફિલ્મોમાં નિર્માતાઓ બતાવતા હોય છે. તેઓ પિટર, જોની, મિ. લોબો, વગેરે નામો સાથે દારૂની બોટલ ગોઠવી દે છે. એમને તો પ્રેક્ષકોના પૈસા જ લૂંટવા છે ને!

જોન : એ વાત સારા લેખકોના ધ્યાન બહાર રહી નથી. વર્ષો પહેલાં હિંદી માસિક "માધૂરી"માં શ્રી. દુષ્યંતે એ સંબંધે એક વિસ્તૃત લેખ લખ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ચલચિત્રોમાં દર્શાવતાં ગંદા મસિહી ચરિત્રો તદ્દન ઉપજાવી કાઢેલાં હોય છે સાચું પૂછો તો, આજના ફિલ્મ કથાકારો અને નિર્માતાઓ સાચું ખ્રિસ્તી જીવન પારખી શક્યા નથી.

રામ : સાચી વાત છે. જોન, મારે તો જેટલા ખ્રિસ્તી મિત્રો છે; તેમાંના મોટા ભાગના સિગારેટ સરખુંય વ્યસન કરતા નથી.

આનંદ : વારું, જોન, હું ચાલું.

(એટલામાં હિપ્પી જેવા લાંબા વાળવાળો, ગળામાં ક્રોસધારી એક જુવાન દારૂ પીધેલી હાલતમાં પ્રવેશે છે.)

જોન : (પાસે જઈ) એ મિસ્ટર, કોનું કામ છે?
જુવાન : મિસ્ટર... મિસ્ટર... રોની... રોની.
આનંદ : જોઈ લે જોન, હમણાં તું શું કહેતો હતો અને જો આના ગળામાં ભાઈ સાહેબ મસિહી લાગે છે.
રામ : (પાસે જઈ) એય તુમ્હારા નામ ક્યા હૈ?
જુવાન : શેખર.
રામ : ચલો બહાર નીકલો, યહાં કોઈ રોની પોની નહિ હૈ.
જુવાન : તો બે ઉસમેં અકડતા હૈ ક્યું?
જોન : એય યહાં સે ચલના હૈ વરના પુલિસકો બૂલાઉં?
આનંદ : (ખભે હાથ દઈ) ચલો યાર બહાર નીકલો.
જુવાન : એય હટ, હાથ લગાતા હૈ? (કહી આનંદના હાથને ઝાટકો મારી નીકળી જાય છે.)
જોન : જોયું ને, ગળામાં ક્રોસ નાખવાની ફેશન થઈ ગઈ છે પણ ભાઈ સાહેબ ક્રિશ્ચિયન તો નથી જ.
આનંદ : અચ્છા તો હું ચાલું.
જોન : પણ કાલે જરૂર આવજે.
આનંદ : ભલે.

(આનંદ જાય છે. જોન અને રામ પોતાની બેઠક લે છે. થોડી વાર વાતાવરણ શાંત રહે છે. જોન કોઈ અંગ્રેજી ગીત ગણગણે છે. જ્યારે રામ ચારેબાજુ દીવાલો પર નજર ફેરવે છે, અને જોનની માનો ફોટો જોતાં અટકીને.

રામ : જોન, તારી માનો ફોટો આજે પણ જીવંત લાગે છે.
જોન : હા યાર, મમ્મી તો આજે પણ જીવે છે. મારા અંતરમાં! (થંભીને) કોને કહું મારા હૈયાની વાત! (ગળગળો થઈ જાય છે.)

રામ : જોન, દુઃખી થવાની કંઈ જરૂર નથી. જીવનમાં જે બનવાકાળ હતું તે બની ગયું.

જોન : સાચી વાત છે. પણ જે બનવું ન જોઈએ તે બની રહ્યું છે.

રામ : એટલે?

જોન : રામ, શું કહું? પિતાજીની નોકરી જ એવી છે કે, તેમની સાથે કલાક બેસવા ભાગ્યે જ મળે. મોટા ભાઈનો સ્વભાવ તેજ છે. મેરી એની સ્ટડી અને કોલેજ ફ્રેન્ડ્ઝમાંથી ઊંચી નથી આવતી. તું તારા ઘરમાં કામમાં પરોવાએલો રહે છે અને આનંદને તો ફુરસદ ક્યાંથી હોય!

રામ : એ તો સૌને કામ તો ખરું જ ને!

જોન : (નિઃશ્વાસ નાખી) હોય ભાઈ, રહ્યા આપણે જ. એટલે તો કહું છું. સિરફ મારા હૈયામાં છે, એક મારાં મમ્મીની યાદ! આજે મમ્મી હયાત હોત તો.... (આંખમાં ઝળઝળિયાં આવી જાય છે.)

રામ : દુઃખી ન થઈશ જોન, આવતી કાલે તારી બર્થ ડે છે. પછી તો તું કોલેજમાં જઈશ.

જોન : તેથી શું? મારે તો એ બધા કરતાં કોઈ એવા સાથની જરૂર છે, જે મને સહૃદય ચાહી શકે.

રામ : હવે સમજ્યો યાર, એ દિવસો પણ હવે દૂર નથી. કોલેજના પગથિયાં ચઢતાં જ કેટલીય રૂપલલનાઓ તારી આંખોએથી સરકવા માંડશે. ત્યારે કોઈ સારી જોઈને પસંદ કરી લેજે ને!

જોન : (ગંભીર બની) ના રામ ના, તું મારા હૃદયને નહિ સમજી શકે.

(મેરીનો પ્રવેશ)

મેરી : જોની.... (લહેકાથી)

જોન : (આંખો લૂંછતાં) આવ બહેન શું છે?

મેરી : અરે જોની, આજે પહેલા જ દિવસે તારું નામ એડમિનશન લીસ્ટમાં લાગી ગયું. બસ એ જ સંદેશો આપવા આવી હતી.

જોન : મેરી, બે ઘડી બેસ તો ખરી (રામ તરફ નિર્દેશ કરી) જો આ કોણ આવ્યું છે?

મેરી : ઓહ રામ? કેમ છો?

રામ : મજામાં.

મેરી : જોની, એમને આમંત્રણ?

જોન : મેં તો આપ્યું છે. પણ તારા તરફથી?

મેરી : કેમ નહિ; રામ, કાલે જોનની બર્થ ડે પાર્ટી છે. તમે જરૂર આવજો. ચાલો હું જાઉં બાય... (કહી નીકળી જાય છે.)

જોન : જોયું ને રામ.

રામ : તેથી શું? તું તારે એકલો ફક્કડરામ થઈ ફર ને!

જોન : હા દોસ્ત, તારી વાત સાચી. કોઈ નહિ તો હું તો છું જ!

(પિટરનો પ્રવેશ)

જોન : આવો મોટા ભાઈ, બહુ જલદી આવી ગયા?

પિટર : હા, પણ તું હજુ અહીં જ બેઠો છે? અરે ઘરમાં કંઈ વ્યવસ્થિત તો કર. રજા છે તો એનો ઉપયોગ કર.

જોન : હું કામમાં લાગી જાઉં છું. આ રામ આવ્યો એટલે થોડી વાર બેઠો હતો.

પિટર : (ખુરશીમાં ગોઠવાતાં) અચ્છા, કેમ છે રામ? તારા ફાધરના શું સમાચાર છે? આ વખતે કોર્પોરેશનની ચૂંટણીમાં ઝંપલાવવાના છે કે નહિ?

રામ : જોકે બાપુજીને હવે બહુ રસ રહ્યો નથી પણ લોકો ક્યાં જંપે છે?

પિટર : હવે રહેવા દે. એમણે વળી ક્યારે રસ છોડી દીધો?

રામ : તમે નહિ માનો, પણ ઘરેથી બધાં ના પાડે છે. આજકાલ તો કશું થયું એટલે કોપોરેટરના ઘેર મોરચો...

પિટર : દોસ્તો, માર ખાય, એ માલ ખાય!

જોન-રામ : હા... હા... હા... (હસે છે.)

રામ : ચાલો હું જાઉં. ઘણું મોડું થયું.

જોન : વારું, પણ કાલે જરૂર આવજે.

રામ : ચોક્કસ. પાર્ટીમાં તો આવીશ પણ કેટલા વાગે?

પિટર : સાંજે લગભગ સાડાસાત સુધીમાં આવી જજે.

રામ : (ઊભો થઈ) સારું, આવજો.

(પિટર, જોન હાથ બતાવે છે, રામ જાય છે.)

પિટર : જોન, તું અહીં જ બેસજે, હું જરા બહાર જઈ આવું. કોઈ આવે તો જોજે.

જોન : સારું.

(પિટર જાય છે. સંધ્યાનો સમય છે. બેઠક ખંડમાં જોન એકલો જ છે. આરામથી સોફા પર માથું ઢાળી દેતાં એના મનમાં વિચારો સ્ફૂરે છે.)

**નેપથ્યમાંથી અવાજ :**

કાલે તો હું અઢારમાં વર્ષમાં પ્રવેશ કરી પુખ્ત ઉંમરને ઉંબરે ચઢીશ. ઈશ્વર જાણે નવા વર્ષમાં શું શું બનશે? જો કે કોલેજ-લાઈફ તો મજાનું હશે. મારાં એક ટીચર કહેતાં હતાં : 'છોકરાંઓ કોલેજ-લાઈફનો અનુભવ કરવાનું મળે તો ચૂકતા નહિ. કોલેજમાં એવું તે શું હશે? ત્યાંની પરિસ્થિતિ મારા પર શી અસર કરશે? ઘરથી તો હું કંટાળી ગયો છું!

(એટલામાં મેરીનો પ્રવેશ)

**મેરી** : જો...ની.

**જોન** : (જરા ઊંચો થઈ) આવ મેરી.

**મેરી** : (પાસે બેસી) હજુ તું અહીં જ ભરાઈ રહ્યો છે? મને સમજાતું નથી કે તને ઘરમાં ભરાઈ રહેવાનું કેમ ગમે છે. આખો દિવસ એકલો બેસીને તું શું કરે છે?

**જોન** : વાહ મારી બહેન વાહ. ભાઈ સાથે બેસવાનો તો તને સમય જ ક્યાં છે?

**મેરી** : કેમ એવું કહે છે? જોની, મને તો તારી સાથે બેસી વાતો કરવામાં ખૂબ આનંદ આવે છે. પણ શું કરું?

**જોન** : કેમ શું કરું? સમય નથી એ જ ને?

**મેરી** : એવું પણ નહિ. કાલે મારે રજા છે. એટલે આપણે સાથે મળીને પાર્ટીની તૈયારી કરીશું.

**જોન** : કેમ હમણાં શું છે?

**મેરી** : (ચિડાઈને) અરે ભાઈ, બહાર ઉષા ઊભી છે.

**જોન** : તેથી શું? એને પણ અંદર બોલાવ.

મેરી : (સસ્મિત) એ તો ખૂબ શરમાળ છે, પણ કાલે જરૂર આવવાની છે. એનો અવાજ સારો છે એટલે એક ગીત પણ ગવડાવીશું. તારી ખુશીમાં!

જોન : સારી વાત છે. પણ હમણાં આવી હોત તો ઓળખાણ થાત ને.

મેરી : તો ભલા ભાઈ અમારી સાથે જ ફરવા ચાલને, જરા બાગમાં લટાર મારી આવીએ.

જોન : ના ભાઈ ના, આવવું તો છે. પણ અહીં બેસી રહેવાની સજા મળી છે.

મેરી : સજા? તું શું કહે છે ?

જોન : હા, હા, સજા, મોટા ભાઈનો હુકમ છે.

મેરી : અચ્છા જોન, હું જાઉં.

(મેરી બહાર નીકળી જાય છે.)

(એમ અંધારું છવાઈ ગયું અને જોન ત્યાં જ માથું ઢાળી ગયો. બીજા દિવસે મોડી સવારે, મેરી આમતેમ ફરી બધું ઠીકઠાક કરતી હોય છે. એની નજર સોફા પર બેઠેલા વિચારમગ્ન જોન પર પડતાં)

મેરી : (શીટકાર કરી) એય જોની, શું વિચારે છે ? ચાલ મને મદદ કરાવને.

જોન : (ધ્યાન તોડી) હમણાં કંઈ દિલ લાગતું નથી.

મેરી : જોન, હવે એવું બધું ના ચાલે તારે ઘણું બધું શીખવાનું છે. આજ સુધી હું અને પિટરભાઈ બધું કરતાં આવ્યાં છીએ.

જોન : અને હવે મોટા ભાઈની જગાએ મને ગોઠવી દેવો છે, કેમ?

મેરી : હાસ્તો, હવે ઘરમાં તારી પણ જવાબદારી ખરીને.

જોન : કેમ, તું તો કહેતી હતી ને કે આજે આપણે સાથે બેસીને ખૂબ વાતો કરીશું.

મેરી : સારું ચાલ, તારી વાતોડિયા વૃત્તિ નહિ જાય. થોડું ડેકોરેશન બાકી છે, તે હું પછી પતાવી દઈશ. બોલ શું કહેવું છે?

(મેરી જોનની પાસે બેસી જાય છે.)

જોન : પણ પહેલાં પાણી તો પિવડાવ, પછી આપણે આરામથી બેસીએ.

મેરી : અંહ... તને બહુ નખરાં છે. બેસ, હું પાણી લઈ આવું.

(મેરી બે ગ્લાસ પાણી લાવે છે બંને એક-એક ગ્લાસ પી જાય છે. અને મેરી જોન પાસે બેસી જાય છે.)

જોન : (ગળું સાફ કરી ગ્લાસ ટીપોઈ પર મૂકતાં) મેરી, તને ખબર છે; આજકાલ કરતાં મને સત્તર વર્ષ પૂરાં થયાં છતાં મારા જીવનમાં મને કંઈક ઊણપ લાગ્યા કરે છે.

મેરી : છાનોમાનો બેસ, એવું તો બધા જુવાનિયાઓને થાય. તું કોલેજમાં જઈશ, એટલે આપોઆપ બધું ભૂલી જઈશ.

જોન : મેરી, તારું સમજવું ભૂલભરેલું છે આજ સુધી તમે લોકોએ મને ઘરની ચાર દીવાલોમાં જકડી રાખ્યો છે. એટલે બહારની દુનિયાનું મને બહું ઓછું જ્ઞાન છે.

મેરી : એ તો તારા ભલા માટે જ ને! નહિ તો ક્યારનો ય તું લોફર, સિગારેટ-ફૂંકણિયો અને દારૂ-ઢીંચણિયો થઈ ગયો હોત.

જોન : પણ હવે તો મારો પીછો છોડો. જ્યારે તમને ખબર છે કે જોન સારો છે, છતાં મને કેમ પકડી રાખ્યો છે?

મેરી : ભાઈ, હવે તો તું આપોઆપ સ્વતંત્ર થઈ જઈશ. કોલેજમાં કોણ તારી પાછળ પાછળ આવવાનું છે?

જોન : અને પાછળ આવવાની જરૂર ખરી?

મેરી : જરાય નહિ. હવે તારી જવાબદારી તારે શિર. આજ સુધી તો મોટા ભાઈની ધાકથી જ તારે રહેવું પડતું.

જોન : એવી ખોટી ધાક શા માટે?

મેરી : (ઊંચે અવાજે) ચૂપ રહે જોન, હવે તું બહુ બોલવા લાગ્યો છે. આજે તારી બર્થ ડે છે એટલે વધારે તો નહિ, પણ એકલું જરૂર કહીશ કે અમે જે કંઈ કર્યું છે તે કેવળ તારા પરના પ્રેમને ખાતર.

જોન : (વચ્ચે) હવે ચૂપ નહિ રહું. મારે આ જ વાત સંભળાવી હતી. પ્રેમની ખોટી બડાશ ના મારશો. પિતાજી એમની જોબમાં બીઝી રહે છે. મોટા ભાઈ મને રાત દિવસ ડોળા દેખાડે છે અને તું તારી કોલેજ-મિત્રોની તહેનાતમાંથી બહાર આવતી નથી. પછી કહે એ તમારા પ્રેમનો દાવો કયા પ્રકારનો? મને બળજબરીથી ઘરમાં પૂરી વાંચવા અને કામ કરવા ફરજ પાડવામાં આવે છે, એ પ્રેમ કઈ જાતનો? બહેન, હવે આ બધું ક્યાં સુધી ચાલશે? (ગળગળો થઈ) મને પણ મારા જન્મદિને આ ઈતિહાસ રજૂ કરતાં બહુ દુઃખ થાય છે મેરી!!

મેરી : ભાઈ તારા દુઃખમાં હું પણ દુઃખી! તારા મન પર આટલો મોટો બોજ લઈને તું ફરે છે, એની મને કલ્પના સરખી પણ ન હતી. મોટા ભાઈએ ઘણી

વાર તારી સાથે કઠોર વર્તન કર્યું, એ તને નહિ ગમ્યું હોય, પણ બધા દિવસ કંઈ સરખા નથી હોતા. હવે તું મોટો થયો છે, એટલે મોટા ભાઈના વર્તનમાં પણ ફેરફાર થશે.

જોન : એ તો એકમેકનાં મન હું જાણું છું. જોયું નહિ, આ પેલો આનંદ પણ આવીને કહી ગયો કે એ સાંજે નહિ આવે.

મેરી : એમ જોની, મને તો ખબર નથી. હું મારા કામમાં હતી. એ તો તારો જીગરજાન દોસ્ત છે. એણે તો આવવું જ જોઈએ.

જોન : છતાં પણ નહિ આવે, કહે છે કે એ કોઈને સમય આપી ચૂક્યો છે.

મેરી : અરે ભલા ભાઈ, એને કહેને કે આજના દિવસ પૂરતું પોસ્ટપોન કરાવે. એમાં ક્યાં ખાટુંમોળું થઈ જવાનું છે.

જોન : આ છે મારા હૃદયની વ્યથા! એને કોણ પારખી શકે?

મેરી : જોની, હું તારા હૃદયની લાગણી સમજી છું. મારાથી બનતો બધો સહકાર હું તને આપીશ.

જોન : કઈ જાતનો સહકાર? કેવો સહકાર?

(પિટરનો પ્રવેશ)

પિટર : (ઉતાવળે) અરે, તમે લોકો હજુ અહીં જ બેઠાં છો? ખાલી ગપ્પાં મારો છો? શું કંઈ કામ નથી?

મેરી : હા... હા... (હસીને) બધું પતી ગયું. જરા અંદર જઈને આપણું ડેકોરેશન તો જુઓ!

પિટર : સારું જોન, તું તૈયાર થા. મેરી, તું પપ્પાને ડિશીઝ તૈયાર કરાવ. અને હવે આરામનો મારો વારો, હાશ...

(પિટર સોફામાં પડતું મૂકે છે અને મેરી-જોન હસતાં હસતાં અંદર જાય છે. પિટર આંખો બંધ કરી આરામમાં લાગે છે. એટલામાં પિતાજીનો પ્રવેશ થતાં તે જાગૃત થાય છે.)

ડેવિડ : પિટર, તું બહુ થાકી ગયો લાગે છે. તેં ખૂબ મહેનત કરી, સારી ખરીદી કરી લાવ્યો. કોપરાપાક, બરફી, ચમચમ; મેરી તો એ બધું જોઈ ગાંડી ગાંડી થઈ ગઈ.

પિટર : પિતાજી, તમને બધાંને ગમ્યું, એટલે બસ.

ડેવિડ : (પિટર પાસે બેસતાં) ના કેમ ગમે? તમે લોકો જે કંઈ મહેનત કરો છો, એની મને પૂરી કદર છે. તેં મેરીનું ડેકોરેશન જોયું? કોઈ બે ઘડી જોયા જ કરે, જોન અને મેરીએ હમણાં જ પૂરું કર્યું.

પિટર : હું જાણું છું. તેઓએ સારી મહેનત કરી છે. જોન પણ હવે સમજતો થયો છે.

ડેવિડ : એ તો મોટા થાય, એટલો સૌ કોઈ સમજે. પણ પિટર, હવે આપણી જવાબદારી વધતી જાય છે. તેં મને આજ સુધી ઘણો સાથ આપ્યો છે. લગભગ ઘરની બધી જવાબદારી તેં જ સંભાળી છે. હવે તો વિચારું છું કે તારું લગ્ન કરી દઉં.

પિટર : મારી ચિંતા બહુ ન કરશો. મારો તો વિચાર છે કે મેરી ગ્રેજ્યુએટ થાય, એટલે એનાં લગ્ન કરી દઈએ.

ડેવિડ : વિચાર ખોટો નથી. પણ એમ તારી ઉંમર પણ વધતી જાય છે. વળી મેરી તારાથી નાની છે.

પિટર : તેથી શું? જોતા નથી, આજે કેવો જમાનો આવ્યો છે! જો આપણે તેના લગ્નની ચિંતા નહિ કરીએ, તો એ જાતે જ પરણી જશે.

ડેવિડ : હેં...? એટલે? ના, ના, મારી દીકરી એવી નથી.

પિટર : એ તો હું પણ સંમત થાઉં છું. પણ આજકાલ કશું ન કહેવાય. જોતા નથી આપણા જુવાનો! હવે માબાપને અવગણીને અન્યધર્મીઓ જોડે લગ્ન કરી લે છે.

ડેવિડ : તેઓને ફિટકાર છે. પણ પિટર, એવા લગ્નજીવનમાં ઈશ્વરનો આશીર્વાદ નથી હોતો. વળી બે ભિન્ન કુટુંબોની જુદી જુદી વિચારસરણી અને માન્યતાને લીધે, તેઓની મધ્યે જલદી કુટુંબ-કલેશ થવાનો સંભવ રહે છે.

પિટર : એટલે જ કહું છું કે મેરીનું લગ્ન વેળાસર કરી દેવામાં જ આપણું હિત છે.

(મેરીનો પ્રવેશ)

ડેવિડ : આવ બેટા, બેસ.

મેરી : (પિતાજી પાસે બેસતાં) બાપુજી શી ચર્ચા ચાલે છે?

ડેવિડ : અરે બેટા, તારો મોટો ભાઈ તારી ખૂબ કાળજી રાખે છે.

મેરી : એટલે?

ડેવિડ : કહે છે; મેરી ગ્રેજ્યુએટ થાય કે તરત તેનાં લગ્ન કરી દઈએ.

મેરી : (ગળગળા કંઠે) હા, હા, હું ગ્રેજ્યુએટ થાઉં કે તરત મને જેલ કરી દો, એમ ને! સાચી વાત છે. મને અહીં રાખીને પણ શું ફાયદો? આજકાલ નોકરી તો મળતી નથી. (અટકીને) બાપુજી, મારાં મમ્મી આજે હોત

તો આવી વાત સાંભળતાં જ રડી ઊઠત! ઠીક, તમને ફાવે તેમ કરો. (રૂમાલથી આંસુ લૂછે છે અને ડેવિડ માથે હાથ દે છે)

પિટર : એમાં દુઃખી થવા જેવું કંઈ નથી, અરે ગાંડી, અમે તો તારું હિત ઇચ્છીએ છીએ. આ તો ખાલી વાતો છે.

મેરી : એ તો હું જાણું છું. પહેલાં વાત, પછી વિચાર અને એનો અમલ. હા, કરોને મારું લગ્ન, પછી તો તમારી ચિંતા ટળી જશે ને!

(સુંદર વસ્ત્રોમાં જોનનો પ્રવેશ. ડેવિડ અને પિટર જોનને જોઈ રહે છે, જ્યારે મેરી નીચે જોઈ બેઠી છે.)

ડેવિડ : વાહ જોની, હવે કોલેજીયન લાગ્યો ખરો!

જોન : હા... હા... હા... (હસીને) એમ ત્યારે, આ તો તમારા તરફથી બર્થ ડે સૂટ છે ને! પછી વટ કેમ ના પડે! (મેરી પાસે જઈ બેસતાં) અરે મેરી, આ જો તો ખરી મારું બર્થ ડે સૂટ (છતાં મેરી શાંત થઈ નીચે જોઈ રહે છે.) બાપુજી, મેરીને શું થયું છે? (મેરીની દાઢી પકડી મોં ઊંચું કરતાં) છૂ, છૂ. એ મેરી, જરા મારી સામે તો જો બહેન! (મેરીની આંખમાં આંસુ જોઈ) અરેરે, તું રડે છે? બોલ બહેન, તને શું થયું? તું કેમ રડે છે? મારા જન્મદિને તારી આંખમાં આંસુ!

ડેવિડ : હા... હા... (બનાવટી હાસ્ય કરી) જોની, એ તો તારી બર્થ ડેનાં હર્ષાંસુ છે.

જોન : સાચે જ? તો હું એ આનંદમાં અભિવૃદ્ધિ કરું છું.

(જોન અંગ્રેજી ધૂનની ટેઈપ ચાલુ કરે છે. પિતાજી અને મોટા ભાઈ વધારાની ખુરશીઓ ગોઠવે છે. મેરી આંખો લૂંછતી લૂંછતી અંદર જઈ ગુલાબના ફૂલની ટ્રે લાવે છે. મોટા ભાઈ શરબતના ગ્લાસોની ટ્રે લાવે છે, અને પાર્ટીમાં સૌ પ્રથમ રામ પધારે છે. જોન તરત તેની પાસે દોડી જાય છે.)

**જોન** : હલ્લો રામ, વેલ કમ.

**રામ** : (જોનને ગીફ્ટ આપતાં) હેપી બર્થ ડે ટુ યુ.

(બંને હસ્તધૂનન કરે છે.)

**ડેવિડ** : (પાસે જઈ) આવ રામ, તારા પિતાશ્રીને ન લાવ્યો?

**રામ** : કહ્યું છે ખરું.

(મેરી એક ફૂલ રામને આપે છે અને પિટર રામને બેઠક આપે છે. તરત પ્રો. ડેની તેમની નાની પુત્રી સાથે પ્રવેશે છે)

**ડેવિડ** : હલ્લો ડેની, હાઉ આર યુ? (બેબીને ગાલે થપકી મારતાં) અરે તારી બેબી તો હવે મોટી થઈ ગઈ. આવ જોનીને મળ: (જોનને) જોની, જો તો કોણ આવ્યું છે?

**જોન** : (પાસે આવી) ઓહ ડેની અંકલ! હવે તો હું પણ કોલેજમાં આવું છું.

**ડેની** : બીફોર વી ટોક મોર, લેટ મી વિશ યુ : 'મેની હેપી રીટર્નસ ઓફ ધ ડે!'

(ડેની અને જોની હસ્તધૂનન કરે છે. પિતાનો ઈશારો થતાં પુત્રી જોનના હાથમાં બર્થ ડે ગીફ્ટ આપે છે.)

**જોન** : (ભેટ સ્વીકારતાં બેબીને માથે હાથ દઈ, ડેનીને) થેંક્યુ વેરી મચ અંકલ.

(મેરી આવીને તેઓને ગુલાબના ફૂલ આપે છે અને પિટર તેઓને તેમની બેઠક તરફ દોરી જાય છે ત્યારે જોનનો મિત્ર રહિમ અને તેની બહેન સાયરાનો પ્રવેશ.)

**જોન** : આઈયે રહિમભૈયા, સાથમેં બહન કો લાયે; બહુત અચ્છા.

**રહિમ** : જી, ઉસને ભી આપકે યહાં આનેકી જીદ કી. ક્યોં સાયરા?

**સાયરા** : હાં, હાં, જોનભૈયાકી પાર્ટીમેં મૈં ક્યોં રહ જાતી.

(સાયરા હાથમાનું બર્થ ડે કાર્ડ જોનને આપે છે અને રહિમ પુષ્પ ગુચ્છ આપે છે.)

**રહિમ** : જન્મદિન મુબારક હો.
(સાયરા બે હાથ જોડી વંદન કરે છે.)

**જોન** : (અભિનંદન સ્વીકારતાં) ધન્યવાદ!

**પિટર** : (પાસે આવી) ચાલો હું તમને બેસાડું.

(ખુરશીઓ તરફ જતાં મેરી રહિમ-સાયરાને ફૂલ આપે છે અને પિટર તેઓને ખુરશીઓ પર બેસાડે છે. એટલામાં ભપકાદાર વેશભૂષામાં મેરીની સાહેલી ઉષાનો પ્રવેશ. બધાંની નજર તેના પર મંડાય છે.)

**મેરી** : (સામે દોડી જઈ) આવ ઉષા, મને તો એમ કે તું ભાગ્યે જ આવશે. (હાથ પકડી) ચાલ, જોનની મુલાકાત કરાવું. (હસતી શરમાતી ઉષા, મેરીની સાથે જોન પાસે પહોંચે છે. આ મારો નાનો ભાઈ જોની, આજે સત્તર વર્ષ પૂરાં કરે છે.)

**ઉષા** : (બે હાથ વંદન ધરી) મેની હેપી રીટર્નસ ઓફ ધ

ડે! (કહી પર્સમાંથી એક પેકેટ કાઢી જોનના હાથમાં મૂકે છે.)

જોન : (ભાવભર્યું નીરખી રહેતાં) થેંક્યુ ઉષા.

(મેરી દોડી ફૂલ લઈ આવે છે અને સુંદર લાલ ગુલાબ ઉષાના હાથમાં મૂકે છે. ઉષા એની સુગંધ લે છે. મેરી ઉષાને ખુરશી તરફ દોરી જાય છે અને સાયરા પાસે બેસાડે છે. જોન તેઓને છેવટે સુધી જોઈ રહે છે. ડેની ઊભા થઈ તાળી પાડે છે. બધાં શાંત થઈ ઊભા થઈ જાય છે. અને 'હેપી બર્થ ડે' ગીત ગવાય છે. ગીત પૂરું થતાં પાસ્ટર સાહેબનો પ્રવેશ.)

ડેવિડ : (પાસ્ટર પાસે જઈ) વેલ કમ સર.
(હસ્તધૂનન કરી તેમની બેઠકે લઈ જાય છે.)

પાસ્ટર : જોન ક્યાં છે?

જોન : (પાસે દોડી આવી) જી, સર.

પાસ્ટર : (જોનના માથે હાથ દઈ) મે ગોડ બ્લેસ યુ.

જોન : થેંક્યું સો મચ સર. (મેરી ફૂલ લઈ આવે છે. પાસ્ટર ફૂલ સ્વીકારે છે અને બધા બેસી જાય છે.)

પાસ્ટર : બોલો શું પ્રોગ્રામ છે?

ડેવિડ : સર, વી હેવ ઓલરેડી સ્ટાર્ટેડ.

પાસ્ટર : ઓલ રાઈટ, ગો અહેડ.

(એટલામાં રામ આગળ આવે છે. શરબતના પ્યાલા દરેકને અપાય છે. રામ એક પ્યાલો હાથમાં લઈ ગોળ ઘૂમીને)

રામ : (ગળું સાફ કરી) થ્રી ચીયર વર્ડ્સ ફોર ડીયર જોની-
હિપ હિપ......હૂ રે રે રે (હૂરે દરેક પોકારે છે.)
હિપ હિપ......હૂ રે રે રે " " " "
હિપ હિપ......હૂ રે રે રે " " " "

ડેવિડ : નાઉ મેરી હેઝ સમથીંગ ટુ ઓફર.

મેરી : (આગળ આવી) વડીલો અને મિત્રો, આજે જોનના જન્મદિનની ખુશીમાં મારી ફ્રેંડ ઉષા એક ફિલ્મી ગીત પેશ કરશે.

(બધા તાળીઓ પાડે છે. ઉષા સંકોચ અનુભવે છે. પાસ્ટર, ડેવિડ અને પિટર સામ સામે જુએ છે. મેરી ઉષાને ઉઠાડી આગળ લાવી ઊભી કરી દે છે.)

ઉષા : (ગભરાતી શરમાતી) લેડીઝ એન્ડ જેન્ટલમેન (અટકીને) મારો અવાજ બહુ સારો નથી. પણ આપ સૌની ખુશીમાં મેરીના કહેવાથી હું ફિલ્મ.....નું ગીત રજૂ કરું છું.

(ઉષા ધીરેથી ગીત ગાવાનું શરૂ કરે છે. જોન ધ્યાનથી એને નીરખી રહે છે, અને મંદ હાસ્ય કરે છે. પાળક સાહેબ વારંવાર ડેવિડ, પિંટર અને જોનની તરફ નજર ફેરવે છે. ગીત પૂરું થતાં બધાં વન્સમોર આપી તાળીઓ પાડે છે.)

ડેવિડ : (ઊભા થઈને) અવર નેક્સ્ટ આઈટમ ઈઝ વેરી ઈન્ટરેસ્ટીંગ (હસતાં હસતાં) એન્ડ ધેટ ઈઝ રીફ્રેશમેન્ટ. એ માટે આપણે અંદરના હોલમાં જઈશું.

(બધા વારાફરતી ઊઠીને અંદર જાય છે. છેલ્લે પિટર એકલો બેસી રહે છે. એટલામાં એક નૃત્યકાર અથવા કોમેડિયનનો પ્રવેશ.)

પિટર : (ઊભો થઈ) આપ કોણ છો?

આગંતુક : કલાકાર.

પિટર : તમને કોણે બોલાવ્યા છે ?

આગંતુક : બસ એમ જ આ પ્રોગ્રામ જોઈ આવી ગયો.

પિટર : ગેટ આઉટ, આઈ સે ગેટ આઉટ.

આગંતુક : ક્યાં મતલબ? અરે તમે મારો ખેલ તમાશો તો જુઓ.

(એ નાચવા કે કોમેડી કરવા લાગી જાય છે. પિટર એની પાછળ પાછળ ફરતાં રાતોપીળો થઈ જાય છે. અંતે ડેવિડ, મેરી અને જોનનો પ્રવેશ થતાં કલાકાર ભાઈ નાસી જાય છે અને ડેવિડ, મેરી જોન ખૂબ હસે છે.)

ડેવિડ-જોન-મેરી : હા... હા... હા... (હસતાં હસતાં ખુરશીમાં ગોઠવાય છે અને નિરાંત અનુભવે છે.)

પિટર : (ગુસ્સે થઈ) વોટ ઈઝ ધીસ? આ શું ફારસ છે?

ડેવિડ : હા... હા... (હસીને) બેટા, ફારસ તો તેં કર્યું. અમે તને અંદર શોધતા હતા, ત્યારે તું તો હા... હા...

પિટર : ડેડી પ્લીઝ (હાથ ખુરશીના હાથા પર પછાડી) મારે જાણવું છે કે આ બધાને આમંત્રણ કોણે પાઠવ્યું હતું?

મેરી : બધાંને એટલે?

પિટર : આ... હા, પાસ્ટર સાહેબને?

જોન : મેં.

પિટર : જોન, મેં તને ના પાડી હતી ને.

મેરી : તેથી શું બગડી ગયું? તેમને પણ લહાવો મળ્યો.

પિટર : મળ્યો હવે પથરા... જોયું નહીં શું કહી ગયા? હું જાણતો જ હતો. આ વખતે પિતાજીએ પાર્ટી રાખી છે એટલે એના રંગઢંગ પ્રમાણે એવા જ લોકોને નહોતરવા.

ડેવિડ : કંઈ નહીં જે થઈ ગયું તે થઈ ગયું, ફરગેટ અબાઉટ ઈટ.

પિટર : ના, હું એ વાત સાથે સંમત થતો નથી. એમ બધુંય ચલાવી લઈએ તો આપણામાં અને બીજાઓમાં ફરક

શું? વળી પાસ્ટર સાહેબની હાજરીમાં મેરીની બહેનપણીએ ફિલ્મી ગીત લલકાર્યું.!

મેરી : એવું કેમ કહો છો? પિટરભાઈ, ઉષાએ આટલું સુંદર ગીત ગાયું, એનો આભાર માનવાને બદલે તમે તેની ટીકા કરો છો!

પિટર : મેરી, શું તારી મતિ ફરી ગઈ છે? કહે જોઈએ, ક્યારે આપણે લોકોને ભેગા કરી એવા સિનેમાના રાગડા તણાવ્યા છે?

મેરી : પણ તેથી શું ખાટુંમોળું થઈ ગયું? એ તો સમય સમયનાં વાજાં વાગે. હવે અમે જુવાન છીએ, અમારા શોખ જુદા છે.

પિટર : એમ તો હું પણ ક્યાં બુઢ્ઢો થઈ ગયો છું. પણ વિવેક તો વટલાવો ન જોઈએ.

ડેવિડ : ઠીક બેટા, જે થવાનું હતું તે થઈ ગયું. હવે પછી ધ્યાન રાખીશું. ચાલ હું આરામ કરવા જાઉં છું. (જતાં જતાં) પિટર, તું જરા બધું ઠીકઠાક કરી દેજે.

મેરી : હા પિટરભાઈ, હું પણ તમને મદદ કરાવું છું.

પિટર : (ઊભા થઈ) સારું ચાલ. જોન, તું બેસીને તારી ભેટો જો.

મેરી : પછી હું પણ જોવા આવું છું.

જોન : જરૂર.

(જોન ટેબલ પાસે ખુરશી લઈ, ભેટો જોવા બેસે છે. પિટર અને મેરી આમતેમ પડેલી થોડી ગ્લાસો લઈ અંદર ચાલ્યાં જાય છે.)

જોન : (હાથમાં એક કાર્ડ લઈ) રહિમ અને સાયરાનું કાર્ડ

"આપકો મુબારક હૈ, આપકા જન્મદિન! આપકો મુબારક હૈ, શુભ કામનાયેં! ઔર હૈ મુબારક આપકો. મહોબત રહિમ-સાયરા કી!!" (કાર્ડ હાથમાં ધરી) હં.... મહોબત? આ જ સુધી તો હું કોઈના પ્રેમ મેળવી શક્યો નથી. મા-બાપ, ભાઈબહેન કે દોસ્તનો પણ નહિ! ખેર...

(જોન એક પેકેટ લઈ ખોલે છે. પેકેટમાંથી એક નાની કાપલી નીકળે છે. જોન તે વાંચે છે.)

**જોન** : (વાંચન) જોનીઝ બર્થ ડેટ.

ડિયર જોની, ઈન સ્વીટ મેમરી ઓફ યોર બર્થ ડે! મેની હેપી રીટર્નસ ઓફ ધ ડે, ઉષાકુમારી.

(પેકેટમાં મૂકેલી ટાઈ લઈ જોતાં)

વેરી ગુડ પીસ! ઉષા, તું મારી પસંદગીની ગીફ્ટ લાવી. બરાબર છે, મેરીએ લેવડાવી હશે છતાં પસંદગી તો ઉષાની જ લાગે છે અને.... (સ્મિત કરી) ઉષા, પણ મારી પસંદગીની છે. સુંદર ચહેરો, સુડોળ શરીર અને મીઠો અવાજ બસ, ઉષાને હું મારા જીવનમાં અપનાવીશ. પણ શું ઉષા મને અપનાવશે? અમારા બેમાં આસમાન જમીનનો ફેર. એ ભણતરમાં આગળ અને ઉંમરમાં મોખરે, પૈસાપાત્ર કુટુંબની હિંદુ છોકરી. મોટા ભાઈ મારા વિચાર જાણે તો, મારી મારીને સૂવર બનાવી દે.

(અને તરત તેને ભૂતકાળનું એક દશ્ય યાદ આવ્યું ત્યારે એક ભૂલ માટે મોટા ભાઈએ તેને બેહદ માર્યો હતો.)

પિટર : (બરાડીને) જોન, અહીં આવ. હરી અપ.

(જોન ગભરાતો ગભરાતો પાસે ગયો અને મોટા ભાઈએ કમરપટ્ટો ઊતારીને મારવાની શરૂઆત કરી દીધી.)

પિટર : મૂરખ, તને કેટલી વાર કહ્યું, છતાં તારી ભૂલોનો પાર નથી.

(એમ જોન નીચે ઢળી પડ્યો ત્યાં સુધી મોટા ભાઈ એને મારતા રહ્યા.)

જોન : (ચારે બાજુ નજર કરતાં એની નજર તેની માના ફોટા પર ઠરે છે. બગાસુ ખાતાં) ગમેતેમ થઈ જાય, પણ હું ગભરાઈશ નહિ. અને આખરે મને કોઈ પ્રેમ કરતું નથી. માટે હું ઉષાના પ્રેમની માગણી કરીશ. મારી લાગણી તેને વ્યક્ત કરીશ અને કહીશ ઉષા... (કહી નિદ્રામાં પોઢી જાય છે.)

## બીજો અંક

(એક દિવસે જોન કોલેજનાં પુસ્તકો તૈયાર કરતો હોય છે, એવામાં ઉષા પ્રવેશે છે.)

ઉષા : (જરા ઊંચે અવાજે) મે-રી એ મે-રી.

જોન : (ઉષાને જોતાં) ઓહ ઉષાકુમારી! આવો આવો. મેરી હમણાં જ આવે છે. જરા બાથ લેવા ગઈ છે.

ઉષા : (હાંફતાં હાંફતાં હ્રદય પર હાથ દઈ) હાશ.... ગુડ મોર્નિંગ જોની, એને કહે કે ઉતાવળ કરે.

જોન : હવે આવી સમજો. બેસો તો ખરાં, બહુ થાકી ગયાં લાગો છો.

ઉષા : (સોફા પર બેસતાં) ઉતાવળે આવી એટલે. અચ્છા જોની, મારી બર્થ ડે ગીફ્ટ કેવી લાગી?

જોન : વેરી નાઈસ. એક તમે મારી પસંદગીની વસ્તુ લાવ્યાં.

ઉષા : જા, મશ્કરી કરે છે.

જોન : સાચે જ, અને તમારું ગીત તો હજુ પણ મારા કાનમાં ગુંજ્યાં કરે છે. ઉષા... મારે... તમને કંઈક કહેવું છે?

ઉષા : શું? કોલેજ સંબંધી?

જોન : ના, બીજું જ કંઈ.

ઉષા : તે કહેને, શું છે?

(મેરી આવી જાય છે.)

મેરી : હાય ઉષા, તું જોન સાથે મળી ગઈ ખરી!

ઉષા : (સ્મિત ફરકાવી) આપણે તો બધાંની સાથે દોસ્તી થઈ જાય. કેમ ખરૂં ને જોની?

જોન : (ખુશ થતાં) હાસતો, તમે એટલાં મેચ્યોર્ડ છો.

મેરી : ચાલ હવે સમય થઈ ગયો છે. જોન, તું પણ આવે છે ને?

જોન : હું આનંદ સાથે આવું છું.

(મેરી-ઉષા જાય છે. જોન તેઓને ધ્યાનમગ્ન બની જોઈ રહે છે અને તરત આનંદનો પ્રવેશ)

આનંદ : (ધ્યાન તોડાવી) એય, શું વિચારમાં છે?

જોન : ગુડ મોર્નિંગ આનંદ! હું તારી જ રાહ જોતો હતો. મેરી અને ઉષા હમણાં જ ગયાં.

આનંદ : તું પણ એમની સાથે જમાવી દેતો હોય તો.

જોન : (હસીને) ના ફાવે ભાઈ, ચાલ, ઘણો સમય થઈ ગયો છે.

(એવામાં થાકીને લોથ થઈ, હાથમાં બેગ સાથે ડેવિડનો પ્રવેશ)

જોન : બાપુજી, અમે જઈએ છીએ.
ડેવિડ : જાઓ, જાઓ.
(આનંદ-જોન જાય છે. ડેવિડ હાશ કરી સોફામાં ગોઠવાય છે. થોડી વારમાં પિટરનો પ્રવેશ)
ડેવિડ : (હાથ-ઘડિયાળ જોઈ) હેં પિટર, આજે કંઈ બહુ વહેલો?
પિટર : આજે શહેરમાં હડતાલ છે કહે છે કે, વિદ્યાર્થીઓએ બસ ઉપર પથ્થરમારો કરતાં પોલીસે અશ્રુવાયુ છોડ્યો અને લાઠીમાર પણ કર્યો હતો.
ડેવિડ : (ચોંકીને) હેં? હમણાં તો હું આવ્યો. કશું જ ન હતું. ઠીક. પણ મેરી અને જોનનું શું થશે? કેમ કે તોફાન તો કોલેજમાંથી જ શરૂ થાય છે.

(મેરીનો પ્રવેશ)

ડેવિડ : આવ બેટી, હમણાં જ તને યાદ કરી. જોન ક્યાં છે?
મેરી : મને શું ખબર? મારી ફેકલ્ટી તો જોનની ફેકલ્ટીથી ઘણી દૂર છે. બાપુજી, આજે તો કોલેજ બંધ થઈ ગઈ છે. લોખંડી ટોપાધારી પોલિસે કોલેજ-કેમ્પસમાં પ્રવેશ કર્યો છે.
ડેવિડ : તો જોનને એટલું ભાન નથી કે ચાલો ઘેર જઈએ.
પિટર : ત્યાં ખેલ થોડો ભજવાય છે! પોલિસ ગમે તે વ્યક્તિને પકડીને નિર્દય માર મારે છે. એ મારા કોલેજ સમયમાં મેં જાતે જોયું છે.
મેરી : મારે જ ને! છોકરાઓ તેઓની પર પથ્થરમારો કરે તો તેઓ શું જવા દે? અમે તો એવાં જીવ લઈને નાઠાં. કેટલીક છોકરીઓ તો કોલેજના મકાનમાં જ ભરાઈ ગઈ છે.

ડેવિડ : પણ મને તો ખાત્રી છે કે આપણો જોન એવા તોફાનમાં ભાગ નહિ લે.

પિટર : એ તો સોબત તેવી અસર.

ડેવિડ : તો શું આનંદ, રામ અને રહિમ સારા છોકરાઓ નથી?

મેરી : એવું કેમ કહેવાય. સારું અગર માઠું અપનાવવું, એ પોતાની જાત પર આધાર રાખે છે.

(આનંદનો પ્રવેશ)

પિટર : લો આનંદ આવ્યો. (આનંદને) જોન તારી સાથે છે ને?

આનંદ : ના પિટરભાઈ, એને તો ઘણું કહ્યું, પણ એ તો માન્યો નહિ અને પેલા રહિમ-શેખર સાથે ધમાલમસ્તી જોવામાં મશગુલ થઈ ગયો.

પિટર : જોયું ને, આનંદ ઘેર આવ્યો, ત્યારે એ બંદા ધીંગામસ્તી જોવા નીકળી પડ્યા. અરે એવામાં ક્યાંય ઉડી જવાશે.

મેરી : ના, ના, એમ તો થોડો કૂદી પડવાનો છે ? એ તો મિત્રોની સાથે જરા ફરશે.

પિટર : ચૂપ રહે મેરી, તને ભાન નથી હવે તો ગમે ત્યારે પરિસ્થિતિ વણસે એટલે પોલિસને ગોળીબારના હુકમ અપાય છે.

આનંદ : જોકે એટલી ચિંતાનું કોઈ કારણ નથી. એમ તો જોન સમજદાર છે.

ડેવિડ : પિટર, તું જરા જોજે. હું બહુ થાકી ગયો છું. જરા નાહી લઉં.

મેરી : હા બાપુજી, ચાલો તમને ગરમ પાણી કરી આપું.

(મેરી અને ડેવિડ અંદર જાય છે.)

પિટર : (આનંદને પાસે બોલાવી) આવ આનંદ, અહીં બેસ. (મોટે અવાજે) મેરી, જરા અમને પાણી પીવાડ તો!

(મેરી બે ગ્લાસ પાણી લઈ આવે છે અને બંનેને પીવડાવી અંદર ચાલી જાય છે.)

પિટર : (ગળું સાફ કરી) આનંદ, સાચું કહેજે, જોન નિયમિત કોલેજમાં આવે છે?

આનંદ : હા, એ તો અમે સાથે જ જઈએ છીએ ને!

પિટર : તેને કોઈ બીજા મિત્રો થયા છે?

આનંદ : આમ તો એ મારી સાથે જ હોય છે, છતાં રહિમ સાથે તેને સારું બને છે અને રહિમના એક દોસ્ત શેખરના સંપર્કમાં તે આવ્યો છે.

પિટર : એ લોકો વિષે તારો શો અભિપ્રાય છે?

આનંદ : એમ તો ખાસ કંઈ વાંધો નથી. પણ રહિમ અને શેખર સિગારેટ પીવામાં, સિનામા જોવામાં અને જુગાર રમવામાં રસ ધરાવે છે.

પિટર : એ સિવાય? કંઈ બાકી ન રાખતો જે હોય તે બધું જ કહી દે જે.

આનંદ : ...(અટકીને).... બીજું તો શું પણ કેટલાક છોકરાઓની માફક છોકરીઓની છેડતી કરવામાં તેઓને મજા આવે છે, અને મને જે પસંદ નથી તે એ કે તેઓ સેક્સના ગંદા પુસ્તકો અને ચિત્રો ક્લાસમાં લાવી બધાને બતાવે છે.

પિટર : છી, છી. આનંદ. ખબરદાર એમની સંગત કરી છે તો. અહીંથી જ ચેતી જાઓ. આજે હું જોનને પણ તાકીદ કરી દઉં છું.

(જોનનો પ્રવેશ)

આનંદ : લો, યાદ કરતાં જ જોન આવી ગયો.

જોન : અરે આનંદ, તું હજુ અહીં જ બેઠો છે ?જરા રોકાયો હોત તો...

પિટર : (વચ્ચે રોકીને) કેમ, બધાને તારા જેવા બુદ્ધુ સમજે છે. અરે બબૂચક પોલીસના હાથમાં આવ્યો તો મારી મારીને છોલટાં ઉખેડી નાખશે.

જોન : તે એમાં શું થઈ ગયું? હું એકલો તો ન હતો, અને અમારે ક્યાં પથ્થરબાજી કરવી હતી?

પિટર : ચૂપ મર. જોતો નથી, મેરી અને આનંદ કેવાં ઘેર આવી ગયાં. તને શું એવું ન સૂઝ્યું?

જોન : તે હું પણ આવ્યો જ ને!

પિટર : કેમ, હવે બહુ બોલતાં શીખ્યો છે ?

જોન : મોટા ભાઈ, હવે હું નાનો નથી, મારી પોતાની જવાબદારી હું સમજું છું.

પિટર : યૂ શટ અપ.

આનંદ : (વચ્ચે) જોન, હવે બંધ કર તારું ડહાપણ. પિટરભાઈ, તમે પણ હવે કંઈ બોલશો નહિ. એ બધું લાઈન પર આવી જશે.

પિટર : અને લાઈન પર નહિ આવે તો, કાન પકડીને લાવવો પડશે.

(ડેવિડનો પ્રવેશ)

ડેવિડ : શું થયું બેટા? કેમ મોટેથી બોલો છો? જોન... આવી ગયો? શાબાશ બેટા, હવે સમયસર આવ્યા કરો.

પિટર : આવ્યા હવે સમયસર, આ તો રડવા આવે અને મૂઆની ખબર લાવે.

ડેવિડ : હોય બેટા, હજુ એ નાનો છે.

પિટર : શું કહ્યું, નાનો છે ? કેવી વાત કરો છો? હવે તો એ કોલેજમાં આવ્યો. વળી પોતે તો ડહાપણ ડહોળે છે કે 'મને મારી જવાબદારીનું ભાન છે' (જોનને) પણ ખબરદાર, તું કોઈ આવારા ટોળીમાં સામેલ થયો અગર કોલેજમાં નાપાસ થયો તો...

જોન : (મોટેથી બાપુજી) મોટા ભાઈને કહો કે એમનું ભાષણ બંધ કરે. (લાગણીવશ થઈ) આખરે હું પણ માણસ છું. મારું વ્યક્તિત્વ છે. મને પણ હક છે, સ્વતંત્રતા છે, મારા એક મિત્ર સામે મને ખુલ્લેઆમ ધમકાવવો એ શું તમને યોગ્ય લાગે છે ?

ડેવિડ : (જોન પાસે જઈ) ચૂપ થા બેટા. પિટર, તું ઘરમાં જા અને જોની, મોટા ભાઈ જે કહે એ તારા ભલા માટે છે. (જોનના માથે હાથ ફેરવતાં) એમાં જરા પણ ખોટું લગાડીશ નહિ.

(પિટર અંદર જાય છે.)

આનંદ : અંકલ હું જાઉં. મારા ઘેર પણ ચિંતા કરતા હશે. જોન આવજે.

જોન : આનંદ, કાલે મળીશું.

(આનંદ જાય છે.)

ડેવિડ : જોન, તું હવે મોટો થયો. એટલે તારું મન ઘવાય એ સ્વાભાવિક છે પણ અમારે મન તું દીકરો જ રહ્યો. અમે જે કંઈ કહીએ છીએ, એ તારું હિત ઇચ્છીને જ

કહીએ છીએ. દુનિયામાં ભૂંડું શીખવનાર ઘણા છે જ્યારે સાચી સલાહ આપનાર બહુ ઓછા. દીકરા હું તારી લાગણી સમજુ છું. પિટરને હું સમજાવીશ. સાથે સાથે તારે પણ તારું જીવન સાચવવું પડશે.

(પડદો)

નીચેનું દશ્ય મુખ્ય પડદાની આગળ એપ્રન સ્ટેજ પર લેવું.
(એક વાર સવારે ઉષા, મેરી, જોન અને આનંદ કોલેજ-કેમ્પસમાં સાથે થઈ ગયાં.)

**મેરી** : કેમ આનંદ, હવે ક્લાસીસ રેગ્યુલર ચાલે છે?

**આનંદ** : હા... (હસીને) વહી રફતાર બેઢંગી જો પહેલેથી
(બધાં હસે છે.)

**મેરી** : અરે ઉષા, જો તો તારી સાથે કોણ છે?

**ઉષા** : (સ્મિતસહ) ઓ.... જોની.

**મેરી** : (આનંદ તરફ નિર્દેશ કરી) અને આ તેનો ખાસ મિત્ર આનંદ! વર્ષોથી ગાંઠ વાળી છે.

**જોન** : અને તમે?

**ઉષા** : ના, ના, અમારું કશું નક્કી નહિ. ન જાને આજ યહિં ઓર કલ કહિં,

**મેરી** : સાચી વાત છે. લગ્ન પછી કોઈનાં ઠામઠેકાણાં નથી રહેતાં. આ જોને પેલી લક્ષ્મી આફ્રિકા પહોંચી ગઈ!

**જોન** : (ઉષાને) તમે હમણાં બહુ વખતથી ઘેર નથી આવ્યાં.

**ઉષા** : કોને, મને કહ્યું?
(જોન હસીને હકારમાં માથું હલાવે છે.)

**ઉષા** : અચ્છા, એ તો જ્યારે જેવો સમય.

મેરી : હા યાર, તું હમણાંની મોડી નીકળે છે. હવે હું પણ મોડું કરીશ, એટલે તારે મારા ઘેર આવવું જ પડશે.

ઉષા : આવીશું (આનંદ-જોનને) ચાલો જઈએ.

જોન-આનંદ : આવજો.

(ઉષા અને મેરી જાય છે.)

જોન : આનંદ તને એક વાત કહું?

આનંદ : કહેને.

જોન : ખૂબ ખાનગી છે. કોઈને કહેતો ના.

આનંદ : કોઈને નહીં કહું. બોલ.

જોન : અને કોઈ વાર તારા મોંમાંથી નીકળી ગયું તો આપણા બાર વાગી ગયા સમજો.

આનંદ : અરે યાર, તું બેફિકર રહે.

જોન : સારું, જો કહું છું. આનંદ, આજ સુધી તો આપણે કોઈ છોકરીની વાતમાં ફસાયા નથી, પણ આજકાલ મામલો તંગ થતો જાય છે.

આનંદ : તું યાર, નખરાં કરે છે.

જોન : એમાં વળી શાનાં નખરાં. તો જા વાત નથી કહેતો.

આનંદ : ના, ના, વાત કહેને. હું તો એમ કહેતો હતો કે તને તો આજે આ, તો કાલે પેલી.

જોન : હવે એવું નથી.

આનંદ : તો કોણ છે? જલદી કહેને. મારાથી મદદ થશે તો જરૂર કરીશ.

જોન : તો સાંભળ. જરા નજદીક આવ (અટકીને) આ પેલી... ઉષા કેવી છે?

આનંદ : અફકોર્સ, શી ઈઝ એ પ્રેટી ગર્લ!

જોન : બસ ત્યારે, પણ એક પ્રોબ્લેમ છે.

આનંદ : શું?

જોન : એ હિંદુ છે.

આનંદ : તો કશું નહિ વળે, એ યાદ રાખજે. જો કે આજકાલ આંતરજ્ઞાતિય લગ્નો વધતાં જાય છે. એ કોઈ પણ સમાજના સંસ્કારી કુટુંબ માટે યોગ્ય નથી જ.

જોન : બસ, બસ, બહુ નથી સાંભળવું. તું યાર છોકરીની મરજી વિશે પૂછ, બીજું બધું પૂછ.

આનંદ : હા તે ઉષા શું કહે છે?

જોન : એ તો ખુશ છે, જરા પૂછી લઈશું.

આનંદ : હા... હા... હા... આ તો ભેંસ ભાગોળે, છાસ છાગોળે જેવી વાત થઈ.

જોન : કેમ તને મજાક સૂઝે છે?

આનંદ : હાસ્તો, પહેલાં એની સાથે કનફર્મ તો કર.

જોન : હવે આજકાલમાં નિકાલ લાવી દઉં છું.

આનંદ : સારું, પછી મને કહેજે. (ઘડિયાળ જોઈ) અરે યાર, બહુ મોડું થઈ ગયું. ચાલ જલદી કલાસમાં પહોંચી જઈએ.

(શેખર અને રહિમનો પ્રવેશ)

જોન : હલ્લો, કેમ છો?

રહિમ : બિલકુલ ઠીક.

શેખર : એકદમ.

આનંદ : સારું જલદી ચાલો ક્લાસ તો ચાલુ થઈ ગયા હશે.

રહિમ : તો એમાં શું થઈ ગયું? એક દિવસ વળી નહોતા ગયા.

આનંદ : વાહ વાહ અને અટેન્ડન્સ પૂરી ન થઈ તો?

શેખર : તો શું? કોઈની જીગર છે, પરીક્ષામાં ન બેસવા દે.

જોન : વાત સાચી છે. જોયું નહિ, પેલા એફ.વાય.ના વિદ્યાર્થીઓએ રીઝલ્ટ કડક છે કહી ધાંધલ કર્યું અને સત્તાવાળાઓને નમતું જોખવું પડ્યું.

આનંદ : તે કાયમ એવું થોડું ચાલે.

રહિમ : અરે ભાઈ ચલાવવું પડે, કોલેજ ચાલુ રાખવી છે કે નહિ?

શેખર : જવા દો એ ઝંઝટ, તમે લોકો આજે લેટ કેમ થયા?

જોન : બસ એમ જ, ગપ્પાં મારતા આવ્યા.

રહિમ : હા... (હસીને) મજા તો અમે કરીએ છીએ. સવારના આવીને આરામથી પેલા આસોપાલવના ઝાડ નીચે બેસી જઈએ છીએ.

આનંદ : હા... એમાં વળી શાની મજા?

શેખર : હત્તેરીકી... જાણતો નથી? એ તો કોલેજનું લવ સેન્ટર છે. ત્યાં બેસી અમે કોલેજમાં આવતી રંગબેરંગી તિતલીઓની મજા લઈએ છીએ.

આનંદ : છી, એથી શું મળવાનું?

રહિમ : એ તારા ભેજામાં નહિ ઊતરે. એક એકના કપડાંની દેશ-વિદેશી ફેશન, પફ-પાવડર-પરફ્યુમની મહેક, જાણે ચમનનાં ફૂલોની ખૂશબૂ, એમની લટકમટકતી ચાલ અને તીરછી નજર હાય...

શેખર : હાય, હાય.

જોન : જવા દો, આ વાતો. વાતોમાં ને વાતોમાં એક પિરીયડ પૂરો થઈ ગયો. હવે બીજા ક્લાસમાં તો જવું જ જોઈએ.

આનંદ : હા યાર, ચાલો.

શેખર : (મજાકભર્યા હાસ્ય સાથે) હી... હી... જાઓ, જાઓ...

જોન : ઓ.કે. ફિર મિલેંગે.

(જોન અને આનંદ જાય છે.)

રહિમ : અબે શેખર, મૈં વહ જોનકો અચ્છી તરહસે જાનતા હૂં.

શેખર : કૈસે?

રહિમ : હમ હાઈસ્કૂલ મેં એક સાથ પઢતે થે. ઉસને હાયર સેકંડરી મેં એક લડકી પર લેટર લીખા થા.

શેખર : તો ફિર ડંફાસ ક્યૂં મારતા હૈ?

રહિમ : ઔર આભી પીછ્લે મહિને ઉસકી બર્થ ડે પાર્ટી મેં મુઝે બૂલાયા થા. તબ વહ નહિ, એક લડકી હરરોજ ઉસકી બહનકે સાથે આતી હૈ; ઉસકે પાસ ફિલ્મ...કા ગાના ગીલાયા થા.

શેખર : વહ જોન કી લવર હૈ ક્યા?

રહિમ : અલ્લા જાને, વૈસે લડકી ઉસકે જાતકી નહિ હૈ.

શેખર : તો ક્યાં હુઆ? ઉસકો આમ ખાનેસે મતલબ યા ગિનનેસે?

રહિમ : દરસલમેં મૈં યહ કહના ચાહતા હૂં કી, જોન આસાનીસે હમારી ટોલીમેં શામિલ હો જાએગા. ઔર રહી આનંદકી બાત. વહ ભી શાયદ એકલા પડનેસે મિલ જાએ.

શેખર : જાને દે યાર, આનંદ ફટૂશ નંબર વન હૈ. નાદાન દોસ્ત સે દુશ્મન અચ્છા.

રહિમ : ખૈર, ચલો અપને અડે પર. ક્લાસ છૂટનેકા સમય હો ગયા.

(શેખર અને રહિમ તાળી લઈ હસતા હસતા ચાલતા થાય છે.)

(પડદો ખુલતાં બેઠક-ખંડમાં મેરી પોતાનું કોલેજ-પર્સ તૈયાર કરતી હોય છે અને જોન તૈયાર થઈ આવે છે.)

**જોન** : ગુડ મોર્નિંગ મેરી!

**મેરી** : ગુડ મોર્નિંગ જોની, તું તૈયાર થઈ ગયો? સારું, હવે મારો વારો. ઉષા આવે તો બેસાડજે.

**જોન** : ઓ. કે.

(મેરી જાય છે અને જોન વિચારમાં પરોવાય છે.)

ચાન્સ સારો છે. આજે જ કામ પતાવી દઉં. એક ફરફરિયું પકડાવી દઉં. (એમ વિચારી નોટમાંથી એક પાન ફાડી લખવા બેસી જાય છે. ઝડપથી લખી વાંચી જાય છે.)

માઈ ડીયર ઉષા,

જ્યારથી તમને જોયાં ત્યારથી હું તમારા સ્વપ્નોમાં ખોવાઈ ગયો છું. તમે એક માત્ર મારી સ્વપ્નમૂર્તિ બની ગયાં છો. આજ સુધી હું કોઈનો પ્રેમ સંપાદન કરી શક્યો નથી. શું તમે તમારો પ્રેમ મને અર્પણ કરશો?

**આપનો જોની**

(કાગળ ઝડપથી વાંચી, ગડી વાળી ખિસ્સામાં મૂકી દે છે, એટલામાં બહારથી ઉષાનો અવાજ)

**ઉષા** : મે...રી.

**જોન** : (ગળું સાફ કરી) કમ ઈન પ્લીઝ.

**ઉષા** : (અંદર પ્રવેશતાં) ગુડ મોર્નિંગ જોની, મેરી શું કરે છે ?

**જોન** : બેસોને, તે આવી સમજો.

(ઉષા બેઠક લે છે. જોન પાસેના સોફામાં ચૂપચાપ બેઠો છે. ઉષા એક મેગેઝિન લઈ પાનાં ઉલટાવે છે. કોઈ વાર જોન તરફ નજર કરે છે. જોન ગભરાય છે.)

ઉષા : જોની, તું ચૂપ કેમ છે?

જોન : બસ... એમ જ... ખાલી કંઈ જ નથી.

ઉષા : હ... (હસીને) ગમે તેમ હોય પણ તું આજે કંઈ જુદો લાગે છે. બોલ તને શું થયું છે? આવ, અહીં પાસે આવ.

જોન : (અચકાતાં, ગભરાતાં નીચે પગ આમતેમ કરી) ઉષા, મને ખાતરી આપો કે તમે મારી વાત કોઈને નહિ કહો.

ઉષા : એવું તે શું છે?

જોન : (શ્વાસ લેતાં) ના, પહેલાં શ્યોરીટી.

ઉષા : હા જાને વળી, હું કોને કહેવાની હતી.

જોન : તમારી કોઈ એક બૂક આપો.

ઉષા : કેમ?

જોન : બસ એમ જ.

(ઉષા સસ્મિત પર્સમાંથી એક નૉવેલ કાઢી આપે છે.)

જોન : (નોવેલ લેતાં) હવે એક મિનિટ આંખ બંધ કરો.

ઉષા : ચાલ હવે બહુ નખરાં ન કર. જે કરવું હોય તે કરને.

જોન : તે કરું છું ને! પણ પહેલાં આંખો બંધ.

ઉષા : સારું તે બંધ કરી, બસ. (આંખો બંધ કરે છે.)

જોન : ઉષા, હું તમને અવિવેકી લાગું તો ક્ષમા કરજો. પણ કહો, મારા મનની વ્યથા કોને કહું?

(કહેતાં ઝડપથી ખિસ્સામાંનો લેટર કાઢી નૉવેલમાં મૂકી ઉષાના ખોળામાં ફેંકી જોન અંદર ચાલ્યો જાય છે. ઉષા આંખો ખોલી જુએ છે તો નૉવેલ અને તેમાંથી સરકી પડેલી એક ચિઠ્ઠી જણાય છે. ઉષા તે લઈ વાંચવા લાગે છે અને તરત મેરીનો પ્રવેશ.)

મેરી : હાય ઉષા, ક્યારે આવી? અને આમ ધ્યાનથી શું વાંચે છે? જરા (ગભરાઈ) આ... થોડી વાર થઈ. અને આ તો... બસ... કંઈ જ નહિ.

(કહી ઉષા ચિઠ્ઠી વાળી પર્સમાં મૂકી દે છે.)

મેરી : સારું ચાલ નીકળીએ.

(બંને જાય છે. જોન બેઠકખંડમાં આવી છૂટકારાનો દમ લે છે અને સોફામાં ગોઠવાય છે. એટલામાં રામનો પ્રવેશ.)

રામ : જોન...

જોન : માય ગુડનેસ, હલ્લો રામ, વેલ કમ.

રામ : ગુડ મોર્નિંગ જોન. બહુ દિવસે મળ્યા નહિ?

જોન : હા, તું બર્થ ડે પાર્ટી પછી ક્યાં દેખાયો છે?

રામ : જોન, શું કહું? પિતાજીએ દુકાનની જવાબદારી મારે શિર મૂકી છે.

જોન : હા યાર, તને શું ચિંતા! અમારે તો બપોર સુધી કોલેજમાં ટીચાવાનું અને પછી ઘેર.

રામ : ત્યારે તને ક્યાં ખબર છે અમારા કામની. આખો દિવસ ઘરાકી જોવી પડે, રોજમેળ બરાબર રાખવો પડે અને સ્ટોક રાખવામાં જો અવ્યવસ્થા જણાઈ તો બાપુજી પત્તર છોલી નાખે. અને તેથી પણ વધારે શિરદર્દ તો સત્તાવાળાઓ સાથેનો વ્યવહાર!

જોન : સારું છે યાર, કમાઓ. કેટલાય કમાઈ કમાઈને લાખોપતિ બની ગયા. આ પેલો રહિમનો બાપ-કાચપતરાના ધંધામાં મિયાં એવા તો ફાવ્યા કે મક્કા-મદીના હજ કરી આવ્યા.

રામ : કોણ રહિમ, પેલો સાયરાનો ભાઈ?

જોન : હા એ જ.

રામ : સાંભળ્યું છે કે તે પણ તારી સાથે કોલેજમાં છે?

જોન : હા, છે ને.

રામ : તો તું જરા સંભાળજે. મને એની ઊઠબેસ પર શંકા છે. એની આખી ટોળી વિષે લોકોમાં સારી છાપ નથી. ધંધામાં છીએ, એટલે કાળાંધોળાં અમેય કરીએ છીએ, પણ એટલી હદે તો નહિ જ.

જોન : તેનું આપણે શું? આપણે ક્યાં તેની ટોળીમાં ભળવું છે. આ તો ક્લાસમેટ હતો, એટલે ખાલી દોસ્તી.

(એટલામાં રહિમ અને આનંદનો પ્રવેશ.)

આનંદ : હલ્લો જોન તૈયાર?

જોન : યસ, આઈ એમ રેડી. આવ રહિમ, આજે તું આવ્યો ખરો.

રહિમ : હા. વિચાર્યું તારા ઘરેથી નીકળું, તો વચ્ચે આનંદ મળી ગયો.

જોન : અરે હા રામ, શાંત કેમ છે?

રામ : હું વિચારતો હતો કે ત્રિપુટી જામશે ખરી; જોન-આનંદ-રહિમ!

રહિમ : રહી રહીને બોલે છે. એ તો જામશે જ ને! કેમ તને પેટમાં દુઃખે છે?

આનંદ : હા જુઓને, એને છે કશી ચિંતા? બાપ કમાઈ ઉડાવવાની. હા... હા... હા... (હસે છે.)

રામ : મિસ્ટર, કરવાનું હોય ત્યારે ખબર પડે. બાપ કમાઈ પર તમે રખડી ખાઓ છો. ભણીને પણ કેવો નોકરો કરશો તે જોઈશું.

જોન : ચાલો મોડું થાય છે.

રહિમ : હવે ભણવાનું જ છે ને!

આનંદ : ના ભાઈ, એમ દરરોજ ક્લાસ છોડી દઈએ તો એકઝામમાં ધબડકો વળે.

રામ : કેમ, રેગ્યુલર ક્લાસ ભરતા નથી?

રહિમ : હવે તો કોલેજમાં છીએ. નાનાં છોકરાંની નિશાળ થોડી છે.

જોન : છોડને મગજમારી. (રામને) ચાલ અમે જઈએ છીએ. તારે બેસવું હોય તો બેસ. મોટા ભાઈ અંદર છે. એ આવે ત્યાં સુધી ટેઈપનાં ગીતો સાંભળજે.

રામ : ના, ચાલો હું પણ તમારી સાથે જ નીકળું છું.

(પિટરનો પ્રવેશ)

જોન : જો મોટા ભાઈ આવી ગયા.

પિટર : રામ, થોડું બેસ, મારે તારી સાથે વાત કરવી છે.

જોન : અમે જઈએ છીએ.

(જોન, આનંદ અને રહિમ જાય છે. અને પિટર ખુરશીમાં ગોઠવાય છે.)

રામ : બોલો શું કહેતા હતા?

પિટર : તારી દુકાન કેવી ચાલે છે?

રામ : વકરો સારો થાય છે.

પિટર : સાચી વાત છે. આજ-કાલ તો વેપારધંધામાં જ સારી કમાણી છે. હા તો રામ, હું પૂછતો હતો કે હમણાં તમે લોકો પેલા રહિમની વાત કરતા હતા. એ હું અંદરથી સાંભળતો હતો. શું એ સાચે જ ગુંડાટોળીમાં ફસાયેલો છે?

રામ : મને તો એમ જ લાગે છે. એ લોકોને ઘણી વાર હું

જુગાર રમતાં જોઉં છું. વળી વખત આવે દારૂ-બ્રાન્ડી પણ લગાવી દે.

પિટર : હેં શું વાત છે! તો તો આનંદે મને પહેલાં જે વાત કરી હતી તે સાચી છે.

રામ : જો કે જોન માટે બહુ વાંધો નથી. કેમ કે એ બહુ સીધો-સાદો છે.

પિટર : એ જ કોઈ વાર ભૂલ કરી બેસે ભાઈ! જો કે એના વિચારો ઊંચા છે એ પણ હું જાણું છું.

રામ : એટલે તો કહું છું, ખાસ કંઈ ચિંતા જેવું નથી.

પિટર : છતાં તું જરા જોતો રહેજે અને કંઈ વિશેષ માહિતી મળે તો મને જણાવજે.

રામ : જરૂર. પિટરભાઈ, હું ચાલું. દુકાન ખોલવાનો સમય થઈ ગયો છે.

પિટર : અચ્છા રામ, આવજે.

(રામ જાય છે. પિટર આમતેમ નજર ફેરવી વિચારતો હોય છે, એવામાં મેરી અને ઉષાનો પ્રવેશ.)

પિટર : આવો, આજે કેમ વહેલા?

મેરી : આજે અમારે ઈન્ટર ડિપાર્ટમેન્ટલ ક્રિકેટ મેચ છે, એટલે અમે ગ્રાઉન્ડ પર થોડું થોભી આવતાં રહ્યાં.

પિટર : વાહ ભાઈ, આ ખરી મજા! કાલે હડતાલ, આજે મેચ અને આવતી કાલે જાણે શું! મને એ નથી સમજાતું કે તમે કોલેજમાં ભણો છો કેટલા દિવસ!

(મેરી-ઉષા હસે છે.)

ઉષા : અમારે તો ભણવું હોય છે, પણ દરરોજ કંઈક તૂત નીકળે છે.

મેરી : હજુ અમારું યુનિયન ઈલેકશન તો ઊભું જ છે.
પિટર : તે સત્તાવાળાઓ કંઈ જોતા નથી?
ઉષા : તેઓ શું કરે? આજના તોફાની વિદ્યાર્થીઓ સાથે કામ લેવું એ કંઈ સહેલું છે?
મેરી : આ જોયું નહિ, ગયા વર્ષે વિદ્યાર્થીઓએ પરીક્ષામાંથી ઊઠી જઈ સત્તાવાળાઓને ફરી પરીક્ષા લેવા ફરજ પાડી હતી.
પિટર : આ બધું ક્યાં જઈને અટકશે? ભાવિ સમાજ કેટલો આદર્શ હશે, એની અહીં ઝાંખી થાય છે.
મેરી : મોટા ભાઈ, આજે તમારે સર્વિસ પર નથી જવાનું?
પિટર : અરે હા, સમય થવા આવ્યો. ચાલો હું જાઉં છું.

(પિટર જાય છે.)

ઉષા : ચાલ મેરી, હું પણ જાઉં.
મેરી : (મોં બનાવી) નો માય ડિયર, આઈ ડોન્ટ અલાઉ યૂ.
ઉષા : તો અહીં બેસીને પણ શું કરીશું?
મેરી : અરે બેસને, ગપ્પાં મારીશું અને હમણાં જોન પણ આવી જશે.

(જોનનું નામ સાંભળતાં ઉષા ગંભીર બની જાય છે. થોડી વાર બંને શાંત રહે છે.)

મેરી : કેમ શાંત થઈ ગઈ? બોલ તો ખરી! અરે હા, કહે, ક્યારે શહનાઈ સંભળાવે છે?
ઉષા : .બેસ હવે.
મેરી : કેમ, તું તો કહેતી હતી કે એક વાત તારા પપ્પાના ધ્યાનમાં છે. એ શું કરે છે?
ઉષા : છોડને મગજ મારી. ચાલ યાર હું તો જાઉં.

મેરી : હઈયોહ... જાઉં જાઉં શું કરે છે ? જરા વાત તો કર. એમ તો તું ખાસ આવતી નથી. બેસ, જરા ગરમાગરમ ચા થઈ જાય.

ઉષા : ના, ના, મેરી, જવા દેને બધી માથાફોડ. હમણાં તો આપણે કેન્ટીનમાં ચા પી આવ્યાં.

મેરી : સારું તો બે ઘડી બેસ.

ઉષા : કંઈ ખાસ કામ છે ?

મેરી : ના, બસ એમ જ. કુછ મેરી કુછ અપની.

(ઉષા ગભરાય છે અને વારંવાર દરવાજા તરફ જુએ છે.)

મેરી : બોલને યાર, તું તો કહેતી હતી કે, એ યુ.એસ.એ.માં એમ.ડી. કરે છે. દોસ્ત, તું તો ત્યારે અમેરિકા પહોંચી જવાની!

ઉષા : એ તો કોને ખબર! પણ જરૂર એક દિવસ આપણે વિખૂટાં પડી જઈશું. રામ જાણે ફરી ક્યારે મળીશું!

મેરી : સાચી વાત છે. છેલ્લા પાંચ વર્ષથી આપણે સાથે ભણતાં આવ્યાં છીએ. ઉષા, ખરેખર તારો પ્રેમ ભૂલ્યો ભૂલાશે નહિ.

ઉષા : (શું બોલવું તેમ અકળાય છે અને પછી ધીમેથી) તને પણ કેમ ભૂલાશે? (આમતેમ નજર કરે છે.)

મેરી : આજે ચોક્કસ તને કંઈ થઈ ગયું છે, તારું મન ઠેકાણે લાગતું નથી. શું ફરવા જવું છે ?

ઉષા : ના ભાઈ, મારે ઘેર જવું છે.

મેરી : અરે ગાંડી, ઘર ઘર શું કરે છે? હા કોઈ આવ્યું લાગે છે.

(જોન, રહિમ, આનંદ અને શેખરનો પ્રવેશ. ઉષા શરમાતી, ગભરાતી ધૂવાંપૂવાં થાય છે અને સાડી આમતેમ કરે છે. જોન પણ ઉષાને જોઈને સ્તબ્ધ બની જાય છે.)

મેરી : વાહ વાહ, આજે તો જોનનું આખું ફ્રેન્ડ-સર્કલ આવ્યું લાગે છે. શું પાર્ટી-બાર્ટી રાખી છે?

(બધા સ્થિર ઊભા રહે છે.)

જોન : હા-ના, ના, એવું કંઈ જ નથી.

શેખર : જોન, અમે જઈએ.

રહિમ : હા ચાલો.

આનંદ : (ઘડિયાળ જોઈ) મારે પણ હવે ઘેર જવું જોઈએ.

મેરી : અરે કેવી વાત કરો છો! બધા આમ આવ્યા શું અને ગયા શું? જરા ચા-કોફી તો લો.

આનંદ : આઈ એમ સોરી, મારે જવું પડશે.

શેખર : અમે પણ જઈએ.

(શેખર અને રહિમ નીકળી જાય છે.)

જોન : આવજો... (આનંદને) દોસ્ત, તું તો બેસ.

આનંદ : ના યાર, મારે ખાસ કામ છે. અત્યારે બેસાય તેમ નથી.

જોન : સારું, તો ક્યારે મળીશું?

આનંદ : પછી આવું છું. (અટકીને).... ના, ના, તું જ આવી જજે. ઓ.કે...સી યૂ.

(આનંદ જાય છે.)

મેરી : આવ જોની, આ ઉષા ક્યારની આવી છે. જાઉં જાઉં કરી રહી છે. તું એને જરા કંપની આપ. હું ચા લઈ આવું.

જોન : ના, ના, મેરી; નાહકની શું માથાફોડ કરે છે. બેસને!

મેરી : જોન, તું કેમ ઊભો છે ? આવ બેસ. અમે તો તને ક્યારનાં યાદ કરતાં હતાં.

(જોન ચોપડી હાથમાં રાખી મેરી પાસે બેસી જાય છે પણ શું બોલવું એ સમજાતું નથી.)

ઉષા : મેરી, હું જાઉં. મને ઘણું મોડું થઈ ગયું છે.

મેરી : તું પણ ખરી છે ને! હવે જોન આવ્યો ત્યારે જવાની ઉતાવળ કરે છે. તારાં મમ્મીને મારું નામ દેજે. બેસ, હું જરા કપડાં બદલી આવું. •

(મેરી અંદર જાય છે. જોન-ઉષા સામસામે શાંત બેસી રહે છે. જોન ઘડીક ઉષા સામે નજર ઊઠાવે છે. પણ બેઉની નજર એક થઈ જતાં બંનેની નજર ઝૂકી જાય છે. અંતે ઉષા બોલવાની હિંમત કરે છે.)

ઉષા : જોની, (તેના પર્સ પર આંગળીઓ ફેરવતાં) હું સમજી શક્તી નથી કે મારા પર લેટર લખવાની પ્રેરણા તને કેમ થઈ. મેં કોઈ એવું વર્તન કર્યું હોય, એવો મને ખ્યાલ નથી. પણ સ્વાભાવિક છે, એવું થઈ જાય. છતાં તું ઈચ્છે છે એવી કોઈ શક્યતા નથી.

જોન : (ચોતરફ નજર કરી ગભરાતાં) ઉષા, શું કરું? મારી આપવીતી કોને કહું? તમારા જવાબની મારા હૃદય પર ગંભીર અસર થશે. એ પર વિચારી જોજો. સાથે એ યાદ રાખજો કે હું કોઈ આવારા કે મુફલિસ યુવાન નથી.

ઉષા : મેં તને ક્યારે એવું કહ્યું? પણ હું મજબૂર છું. જે કંઈ હોય તે ભૂલી જજે.

જોન : બસ, આજ તમારો જવાબ છે?
(ઉષા ડોક હલાવી હકાર દર્શાવે છે.)

જોન : (શ્વાસ ખેંચતાં) ઠીક મારો લેટર પરત કરજો.

(મેરીનો પ્રવેશ)

મેરી : વાહ, એકમેકના પરિચય પછી પણ જાણે અપરિચિત હો, તેમ શરમાઈને શું બેઠાં છો?

જોન : (ઊભો થઈ) હવે તું બેસ, હું જાઉં.

(જોન ઘરમાં ચાલ્યો જાય છે.)

ઉષા : ચાલ મેરી, હવે તો હું કંટાળી. હવે ફરી કોઈ વાર... મેરી.

મેરી : (વચ્ચે) અરે સારું દોસ્ત જા.

(ઉષા એનાં પુસ્તકો વ્યવસ્થિત કરતી ઊભી થાય છે. એટલામાં પેલી નૉવેલ પર્સમાં મૂકતાં જોનનો લેટર સરકી પડે છે. મેરી તે ઊઠાવી લે છે અને જોનને હાંક મારે છે.)

મેરી : જો... ની. ઉષા જાય છે.

જોન : (અંદરથી) બાય...

મેરી : (લેટર બતાવી) આ કોની ચિઠ્ઠી છે ?

ઉષા : જોવા દે તો (ખૂંચવી લઈ) ઓહ, આ તો પેલી લેક્ચર નોટસ છે.

મેરી : ઓ આઈ સી.

ઉષા : (છૂટકારાનો દમ ખેંચતાં) ઓ, કે. બા...ય.

મેરી : બાય બાય.

(ઉષા જાય છે. એ રાત્રે જોનની ઊંઘ ઊડી જાય છે. તેના મનમાં વિચારોનું તોફાન ઊઠ્યું. નેપથ્યમાંથી અવાજ-જોનનું પાત્ર ભજવતા કલાકારનો અવાજ ધ્વનિ-મુદ્રણ કરી મૂકી શકાય.)

અવાજ : જોન, તને કોઈ પ્રેમ કરતું નથી. નથી તારા પિતાજીને તારી લાગણી કે નથી તારાં ભાઈબહેનને! નથી તને

સાથ દિલોજાન દોસ્તનો અને ઉષાએ પણ તારા પ્રેમને તિરસ્કાર્યો. બોલ હવે, કયો માર્ગ લઈશ? હકીકત એ છે કે, પ્રેમ જેવું કંઈ જ નથી, એ તો માત્ર મૃગજળ છે. સૌને વહાલો છે પોતાનો સ્વાર્થ. તો તું પ્રેમપ્રેમનું રટણ છોડી દઈ તારી જિંદગી ટૂંકાવી દે!!!

(જોન ઊઠ્યો અને બેઠકખંડમાં મૂકેલા પોતાની માના ફોટા પાસે ગયો. ફોટા સામે જોતાં તેની આંખો ભીની થઈ ગઈ.)

જોન : મા, આ દુનિયામાં મારું કોઈ નથી. સાચે જ મને કોઈ પ્રેમ કરતું નથી. બાપુજીને સમય નથી. મોટા ભાઈ મિજાજી છે અને મેરી તેના કોલેજ-લાઈફમાં મસ્ત છે. વળી મારે કોઈ સાચો મિત્ર નથી. બધાંએ મળીને મને એકલો-અટૂલો કરી મૂક્યો છે. મા, તું તો મને ચાહે છે ને? મા, બસ મારે હવે વધુ નથી જીવવું. તારી પાસે આવીને મને કાંઈ ખોટ નહિ રહે. (મોટેથી) મા... હું તારી પાસે આવું છું.

(એમ કહી જોન પોતાની માનો ફોટો લઈ ગાલ સાથે ભીડી દે છે. અને એમ ને એમ ફોટો લઈ સોફા પર લંબાવી સૂઈ જાય છે.)

(બીજા દિવસે જોન કોલેજ કેમ્પસમાં શેખર, રહિમ અને આનંદ સાથે મળે છે.)

શેખર : બાકી આજે જોનનો ચહેરો જુદો જ લાગે છે, કેમ ખરું ને આનંદ?

આનંદ : હા યાર, આજે તને શું થયું છે?

જોન : કંઈ નહીં, ઊઠવામાં જરા મોડું થઈ ગયું.

રહિમ : પણ તેથી એકદમ આઉટ! ચાલ જરા અડધી અડધી લગાવી આવીએ-બદશાહી.

આનંદ : ના દોસ્ત, હવે સમય થઈ ગયો છે.

શેખર : હા... હા... તે સમય તો કોઈનો રોકયો રોકાવાનો છે. આપણે તો બંદા મજા માણવા નીકળ્યા છીએ.

જોન : મને પણ આજે કંઈ દિલ લાગતું નથી.

રહિમ : એટલે તો કહું છું. ઠંડીમાં જરા થઈ જાય-ગરમગરમ!

જોન : જઈએ છીએ. દિવસ આપણો જ છે ને!

શેખર : કેમ બેટા, ભણવું નથી?

જોન : (મોં બનાવી) ના યાર, કંઈ મૂડ નથી જામતો.

આનંદ : જોન, આ તું શું કહે છે ?

રહિમ : એ બી શું કરે. જોતો નથી, એનો ફેસ કેવો થઈ ગયો છે ?

શેખર : એને તો જરા મળી જાય, (હા... હા... હસીને) તો બધો મૂડ આવી જાય.

આનંદ : શું?

રહિમ : એસ્તો! "જાને ક્યા પીલાયા તુને, બડા મજા આયા."

શેખર : વાહ, વાહ, બાત સુનતે હી મજા આ ગયા.

જોન : કમસે કમ ગીતની રંગત તો આવી!

રહિમ : હં... તો પછી પીતાં તો એવી રંગત આવે! કદી ટેસ્ટ કર્યો છે ?

જોન : કદી નહિ.

શેખર : તો કરી લે ને. કહે તો હમણાં જ લાવી દઉં. આજકાલ તો અચ્છા અચ્છા લોકો પીતા થઈ ગયા છે અને એના ધંધામાં કેટલાય લોકો માલેતુજાર બની ગયા.

આનંદ : છોડો નાહકની વાતો, હું તો ક્લાસમાં જાઉં છું.

રહિમ : તે જાને, તને કોણે રોક્યો છે ?

આનંદ : ચાલ જોન, તું આવે છે ને?

જોન : જવાય છે હવે.

આનંદ : એય, મોટા ભાઈને ખબર પડશે તો ખેર નહિ.

જોન : બેસ હવે મને કોઈનો ડર નથી.

શેખર : હા તો ફિર દેર કિસ બાતકી.

રહિમ : તો અહીં જ બેસો. જરા પત્તાં ટીચીએ.

(શેખર, જોન અને રહિમ નીચે બેસી જાય છે. રહિમ પત્તાંની કેટ કાઢે છે.)

આનંદ : (ઊભા રહી) આપણે નથી રમવું.

શેખર : હા... હા... તો તું ઊભો રહી તમાશો જો.

રહિમ : (પત્તાં દેખાડી) જોન, આની પર જો પ્રેક્ટીસ જામી જાય તો પૈસા જ પૈસા.

જોન : એ કેવી રીતે?

શેખર : એ બધું તને બતાવીશું.

આનંદ : શું જુગાર? જોન ઊઠી જા. આ લોકો જુગારિયા છે.

રહિમ : (આનંદને ખભો મારી આંખો બતાવતાં) ચલ બે તારે ખાવું નથી અને ખાવા નથી દેવું, કેમ?

જોન : (આનંદને) હા યાર, જરા અજમાવી જોઈએ.

(શેખર-રહિમ સિગારેટ કાઢી સળગાવે છે, અને પત્તાંનો દાવ શરૂ થાય છે.)

શેખર : (જોનને સિગારેટ બતાવી) દમ લગાવવો છે?

જોન : ના.

રહિમ : (રમતાં રમતાં) જોયું, આ તો જરા હાથ બેસી જાય એટલે બાજી મારી ગયા સમજો.

જોન : (હસીને) હા... હા... ધંધો ખોટો નથી.

શેખર : એમ ત્યારે! ઝાઝું રોકાણ નહિ ને કમાણીની કમાણી. બોલ છે, દોઢિયા?

જોન : ઓ યસ.

રહિમ : મૂકી ત્યારે.

(રહિમ દસ રૂપિયાની નોટ મૂકે છે. સામે જોન અને શેખર પણ મૂકે છે. અને અચાનક અવાજ સંભળાય છે.)

અવાજ : પોલીસ... પોલીસ...

(શેખર, રહિમ અને જોન વહેલા વહેલા પૈસા અને કેટ લઈ ઊભા થઈ નાસવા માંડે છે અને રામનો પ્રવેશ.)

આનંદ : (બહાવરો બની) રામ તું? તેં બૂમ પાડી?

રામ : હા યાર મને લાગ્યું કે ચોક્કસ જુગારબાજી ચાલી રહી છે. એટલે મેં બૂમો પાડી, પણ તું કેમ ના ભાગ્યો?

આનંદ : કેમ, આપણને વળી કોની બીક? પણ જોન તેઓની ટોળીમાં ફસાઈ ગયો લાગે છે.

રામ : મને વચ્ચે જ પિટરભાઈએ વાત કરી હતી. એ લોકો ક્યાં ભરાઈ ગયા?

આનંદ : એ ક્યાં જવાના? રોડ પર ભટકતા હશે.

રામ : આનંદ, તું તો રોજ જોનના ઘેર જતો હશે. એને જરા સમજાવજે.

આનંદ : ઠીક છે, કોઈ વાર આંટો મારી આવીએ. પણ જોન મારે ઘેર વારંવાર આવે છે.

રામ : મને લાગે છે કે, આપણે આ વાત સંબંધી તેના મોટા ભાઈને જાણ કરવી જોઈએ.

આનંદ : તેથી કંઈ નહિ વળે. કેમ કે જોને હવે તેમની બીક મૂકી દીધી છે.

રામ : સારું. તો હું જોનને સમજાવીશ અને તું પિટરભાઈને ટકોર કરજે.

આનંદ : જરૂર.

(બંને છૂટા પડે છે.)

(ડેવિડ બેઠક-ખંડમાં બેઠા છે. એવામાં પ્રોફે. ડેનીનો પ્રવેશ.)

ડેવિડ : (ઊભા થઈ) વેલ કમ ડેની, કંઈ બહુ દિવસે!

(બંને હસ્તધૂનન કરે છે.)

ડેની : (ખોંખારો કરી) આવવું પડ્યું. તું તો કદી આવતો જ નથી, તેની વાત કરને!

ડેવિડ : શું કરું? સમય ક્યાં છે? આવ બેસ.

(બંને બેઠક લે છે.)

ડેવિડ : બોલ તારી નવાજૂની.

ડેની : આપણી નવાજૂની શું હોય? કોલેજ અને ઘર.

ડેવિડ : એ બેમાંથી વિશેષ નવાજૂનીને પાત્ર?

ડેની : અફકોર્સ કોલેજ. નજીકના ભવિષ્યમાં કોલેજ-શિક્ષણમાં ધરખમ ફેરફાર આવી રહ્યા છે.

ડેવિડ : અને હા, આપણો જોની કેવું ભણે છે?

ડેની : શું કહું ડેવિડ, તારો જોની આજકાલ ક્લાસમાં દેખાતો નથી.

ડેવિડ : શું કહે છે?

ડેની : સાચું કહું છું. એ કોઈ વાર આવે તો પછી ક્યારે રફૂચક્કર થઈ જાય, એની ખબર નથી પડતી. એ બે-ત્રણ જણની ટોળી છે.

ડેવિડ : તો એ લોકો ભેગા થઈને કરે છે શું?

ડેની : આમતેમ રખડે, છોકરીઓની મશ્કરી કરે અને બાપ-કમાઈના પૈસા ઉડાડે! બીજું શું કરે?

ડેવિડ : છોકરીઓની મશ્કરી! ના, ના, એ બાબતમાં તો મારા જોની પર મને પૂરો ભરોસો છે. એ કદી એવું ન કરે.

ડેની : રહેવા દે હવે. એ તો યૌવન ચઢે એટલે દરેકને એમ થાય. કેમ ભૂલી ગયો આપણી વાત?

ડેવિડ : હા... હા... (હસીને) એ સિવાય?

ડેની : એ તો તપાસ કરવી પડે હું થોડો એમની પાછળ જાઉં છું.

ડેવિડ : (ઘડિયાળ જોઈ) અત્યારે તો તેણે આવી જવું જોઈએ.

ડેની : એસ્તો, તેં કદી પૂછ્યું છે કે કેમ મોડો પડ્યો? શું કરતો હતો?

ડેવિડ : તારી વાત સાચી છે, ડેની. પણ તું નથી જાણતો આપણું કામકાજ. આ તો આજે જ ઘેર છું. બાકી બધું પિટર જોયા કરે છે.

(આનંદનો પ્રવેશ)

આનંદ : ગુડ આફ્ટરનૂન અંકલ!

ડેવિડ : આવ આનંદ, કેમ એકલો? જોની ક્યાં છે?

આનંદ : એ તો બીજા કેટલાક દોસ્તો સાથે ફરવા નીકળી ગયો.

ડેવિડ : કેવી વાત કરે છે? બીજા દોસ્તો સાથે? તો તું કેમ ના ગયો?

આનંદ : એ લોકો ચાલુ ક્લાસે ગયા એટલે હું ન ગયો.

ડેવિડ : વેરી બેડ. મારે પિટરને વાત કરવી પડશે. કોણ કોણ એની સાથે છે?

આનંદ : આ પેલા... શેખર અને રહિમ.

(પિટર અને રામનો પ્રવેશ.)

ડેવિડ : કેમ પિટર આમ એકાએક?

પિટર : બસ એમ જ (ડેનીને ) હલ્લો અંકલ, હાઉ આર યુ?

ડેની : ઓલ રાઈટ.

પિટર : બાપુજી, જોન આવ્યો છે?

ડેવિડ : ના ભાઈ.

પિટર : તેને હવે શિક્ષા કરવી જ પડશે. સાંભળો, આ રામ શું ખબર લાવ્યો છે?

ડેવિડ : શું છે રામ?

રામ : અંકલ, આજે તેઓ પત્તાં રમવા બેસી ગયા હતા. આનંદ બધું જાણે છે. કેમ આનંદ?

પિટર : તું જ કહે ને!

રામ : ખબર નહિ, જુગાર ખેલતા હોય તો! મેં ખાલી બીવડાવ્યા. તો જીવ લઈને નાઠા.

ડેવિડ : સાચી વાત છે, આનંદ?

આનંદ : હા અંકલ.

ડેવિડ : જોયું ડેની, સંગ તેવો રંગ. બાકી મારો જોની ક્યારેય એવો ન હતો. (પિટરને) બેટા, હવે એની સાથે કડક હાથે કામ લો.

પિટર : એને આવવા તો દો. એનો ક્લાસ અગિયાર વાગે છૂટી જાય છે. અને અત્યારે ત્રણ થયા.

ડેવિડ : હેં, તો મેરી ક્યાં છે?

પિટર : એ પણ એની સાહેલીઓ સાથે મોડે સુધી રોકાઈ રહે છે. એને પણ લેવાની જરૂર છે.

ડેની : ડેવિડ, થોડું કડક હાથે કામ લેવું પડશે.

(મેરીનો પ્રવેશ)

ડેવિડ : (મોટેથી) મેરી, અહીં આવ. ક્યાં ગઈ હતી?

મેરી : કેમ બાપુજી? હું ઉષાને ત્યાં ગઈ હતી.

ડેવિડ : તે અત્યાર સુધી, તારો ક્લાસ કેટલા વાગે છૂટે છે?

મેરી : બે વાગે.

ડેવિડ : સારું, હવે સમયસર ઘરે આવ. કોઈને ત્યાં જવાની જરૂર નથી, સમજી?

(મેરી શાંત થઈ બધાંને જોયા કરે છે.)

મેરી : કેમ બાપુજી, શું થયું? બધા કેમ આવ્યા છે? ઓ ડેની અંકલ!

પિટર : (વચ્ચે) મેરી, જોન વિષે તને કંઈ ખબર છે?

મેરી : ના ભાઈ, એ અગિયાર વાગે છૂટી જાય છે.

(વિખરાયેલા વાળ અને અસ્તવ્યસ્ત કપડાંમાં જોનનો પ્રવેશ. ઘડીભર જોન હકબક બની જાય છે. કોઈ કંઈ બોલતું નથી. જોન શરમિંદો બની ઊભો રહે છે.)

ડેવિડ : જોન તું? કેમ, ક્યાં ગયો હતો?

જોન : (ગભરાતાં) આ... હું... જરા મારા મિત્રો સાથે ગયો હતો.

ડેવિડ : મિત્રો? કયા મિત્રો?

પિટર : આ પેલા સટોડિયા.

ડેવિડ : તું ચૂપ રહે. બોલ જોન, કોણ મિત્રો? કેવા મિત્રો? મારી સામે જો. જવાબ આપ.

(થોડી વાર કોઈ કંઈ બોલતું નથી.)

પિટર : એય, તારે જીભ છે કે નહિ? બોલ કોની સાથે ગયો હતો?

મેરી : હા જોન, કહેને, રામ અને આનંદ તો અહીં છે. પછી તું કોની સાથે ગયો હતો?

પિટર : એ એમ નહિ માને, બધાંની વચ્ચે નાટક કરાવશે.

ડેવિડ : અલ્યા જોની, તારે ભણવું છે કે, નહિ. ના ભણવું હોય તો તે કહે. એની વ્યવસ્થા થાય બોલ બેટા, તું કોની સાથે ગયો હતો?

જોન : તે કહ્યું ને, મારા મિત્રો સાથે.

પિટર : એય શું બોલ્યો? (પાસે જઈ) મારી સામે જો. જરા લાજશરમ છે આ ડેની અંકલ બેઠા છે અને તું ગમેતેમ બોલે જાય છે.

જોન : મારે કંઈ પણ કહેવાની જરૂર ક્યાં છે. આ રામ અને આનંદ અહીં હાજર છે.

પિટર : તેઓની સાથે અમારે શું? અમને તો તારો જવાબ જોઈએ.

જોન : તો તમારે એ જાણવું જોઈએ કે દરરોજ આ થોથાં લઈ હું ક્યાં જાઉં. (કહી કોલેજ-બૂક્સ બતાવે છે.)

પિટર : કેમ, અમને મૂરખ બનાવે છે? અલ્યા તું કોલેજમાં ગયો હતો? જોને તારા દેદાર!

ડેવિડ : હા, ક્યાંથી આવો ભૂત જેવો થઈ આવ્યો?

જોન : બાપુજી, આજે જ એનો ખ્યાલ આવ્યો? આજ સુધી મારી સાથે બેસવાનો પણ તમને સમય ન હતો.

પિટર : બીજું વધારાનું ડહાપણ છોડ. ફક્ત એ કહે કે તું ક્યાં ગયો હતો અને કોની સાથે.

જોન : કેમ, આટલા બધાની વચ્ચે મને ફજેત કરવો છે?

પિટર : ફજેતી તું અમારી કરાવે છે. અને ઉપરથી મિજાજ!

અહીં આવ, તારાં ખિસ્સાં બતાવ.

ડેવિડ : ચાલ પિટર, જવા દે.

પિટર : શું જવા દે.

(જોન પાસે જઈ એના ખિસ્સામાંથી પર્સ કાઢે છે. પર્સમાં મૂકેલો ફિલ્મ નટીનો ફોટો બધાંને બતાવી.)

પિટર : જોયું? જુઓ આ હીરોનાં પરાક્રમ!

જોન : એ નથી તમારી ભાભીનો ફોટો!

પિટર : ખબરદાર, એક શબ્દ પણ ઉચ્ચાર્યો છે તો!
(બીજા ખિસ્સામાંથી સિનેમાની ત્રણ ટિકિટો કાઢતાં.)
જુઓ આ તમારો લાડકવાયો, સિનેમા જોઈ આવ્યો.

ડેવિડ : હેં, શું કહ્યું? સિનેમા? ના મારો જોની તેવું કરે જ નહિ.

પિટર : બાપુજી, આજે તે કરી બેઠો છે. હું ઘણા વખતથી તેનું આ નાટક જોતો હતો. મને એમ કે હવે મોટો થયો, એટલે સમજશે પણ...

જોન : (વચ્ચે) મને કંઈ સમજાવવાની જરૂર નથી.

પિટર : (મોટા અવાજે) તો નીકળ, આ ઘરમાં તારો પગ ન જોઈએ.

જોન : (મોટેથી) મોટા ભાઈ....

ડેની : ચૂપ થા જોન. તારા મોટા ભાઈ અને પિતાજી સામે ગમેતેમ બોલે છે?

જોન : કેમ ચૂપ થાઉં? આટલા બધાની વચ્ચે મને ફજેત કર્યો હવે કેમ ચૂપ થાઉં?

પિટર : એ એમ નહિ માને. એને જરા ઠીક કરવો પડશે.

ડેવિડ : (ઊભા થઈ) બેસ હવે, રહેવા દે ને.

પિટર : પિતાજી, તમે એમ કરીને જ એને બગાડ્યો છે. લાતો કે ભૂત કભી બાતોંસે નહિ માનતે.

જોન : આટલો બધો રૂઆબ કોની પર? હું તમારો નોકર તો નથી. જાઓ, હવે આ ઘરમાં મારે રહેવું જ નથી.

પિટર : અહીં કોને ધમકી આપે છે? ના રહેવું હોય તો કોણે રસ્તો રોક્યો છે? ચાલ નીકળ.

ડેવિડ : બસ કરો, બેટા.

જોન : શા માટે? ભલે હું જાઉં છું. આજથી મારા પર તમારો કોઈ અધિકાર નથી.

પિટર : (થપ્પડ મારી) શટ અપ નોનસેન્સ. અધિકારની વાત સમજાવે છે! બોલવામાં ભાન ભૂલી જાય છે!

ડેવિડ : પિટર.....

જોન : બસ હવે બહુ થયું. બકવાસ બંધ કરો. હું જાઉં છું. ફરી કદી પાછો નહીં આવું. બહાર ભૂખે મરી જઈશ પણ આ ઘરનો ઓટલો નહીં ચઢું.

મેરી : ના ભઈલા ના, જોની (જોન પાસે દોડી જાય છે.)

પિટર : (મેરીને ધક્કો મારી) ચાલ હટ. (જોનને) એય ચાલ હમણાં જ નીકળ. આ ઘરમાં તારો પગ ન જોઈએ.

(પિટર જોનનો હાથ પકડી બહાર તરફ ધકેલે છે.)

જોન : (રોષે ભરાઈ) નાઉ ડોન્ટ ટચ મી, અધરવાઈઝ...

(જોન બહાર નીકળી જાય છે.)

ડેવિડ : (ગળગળા કંઠે) બેટા, જોની....

મેરી : કોઈ પકડોને? રામ, આનંદ...

પિટર : શા માટે પકડે? મૂરખ બનવા? એની મગદૂર છે, રખડી ખાવાની? અંતે થાકીને પાછો અહીં જ આવશે.

ડેની : સાંજ સુધીમાં એને ઘેર બોલાવી લેજો. બધું ઠીક થઈ જશે.

ડેવિડ : જરૂર બોલાવીશું. છોરૂ તો કછોરૂ થાય!

પિટર : પણ સાપને થોડો પોસાય?

ડેની : જરા ધીરજથી કામ લેજો. બધું ઠેકાણે આવી જશે. ચાલો ત્યારે હું જાઉં.

પિટર : અંકલ તમે જાઓ છો?

ડેવિડ : અરે હા ડેની તું ચાલ્યો? સારું આવજે.

મેરી-પિટર : અંકલ આવજો.

આનંદ : પિટરભાઈ, હું પણ જાઉં.

રામ : અને હું પણ.

પિટર : પણ એને તમારે ત્યાં આશરો આપતા નહિ. જોઈએ તો ખરા, એ ક્યાં જાય છે.

આનંદ : એ મળશે તો જરૂર સમજાવીશું.

ડેવિડ : બરાબર છે. એ તમારું સાંભળશે માટે જરૂર સમજાવજો.

રામ : ઓ. કે., અંકલ.

આનંદ : આવજો.

(રામ અને આનંદ જાય છે.)

ડેવિડ : જોયું બેટા, કદી વિચાર્યું ના હોય એવું બની ગયું. ચાલો ત્યારે અંદર બેસીએ. મારે તમને કેટલીક અગત્યની વાતો કરવી છે.

(ડેવિડ, પિટર અને મેરી અંદર જાય છે.)

## ત્રીજો અંક

(જોન તેના મિત્રો શેખર અને રહિમ સાથે મુંબઈ ઉપડી જાય છે. ત્યાં તેઓ એક મહેફિલમાં જોડાય છે. ટેબલ પર શરાબની બોટલ,

ત્રણ અર્ધપૂર્ણ ગ્લાસ અને સિગારેટનાં પેકેટ પડેલાં જણાય છે. ત્રણેય જણ સિગારેટનો દમ ભરતાં ગપાટા મારે છે.)

શેખર : કેમ જોની, મઝા આવે છે ને! આ તો ભારતનું રંગીલું શહેર બોમ્બે છે. (હસે છે.)

જોન : સાચે જ મજા આવી ગઈ.

રહિમ : એમ ત્યારે! અમે દોસ્તી નિભાવવાનું જાણીએ છીએ બાકી પેલા રામ અને આનંદે તને કેવો ફજેત કરી મૂક્યો.

જોન : હવે હું એ લોકોને સારી રીતે ઓળખી ગયો છું. તેઓએ મારી ખોટી ચાડી ખાઈ મને ઘેરથી ભગાવ્યો છે. (સિગારેટનો દમ ખેંચતાં) અને કંઈ બાકી હોય તો એ રામ, જા. અને કહી દે કે જોન સિગારેટ પીવે છે. (દારૂનો ઘૂંટ ભરતાં) એ આનંદ, તું જા અને કહે કે જોન શરાબ ઢીંચે છે. હા... હા... હા... (હસે છે.)

શેખર : હ... હ... છે ને મસ્તી! છે કોઈ કમી કે કોઈનો ડર?

રહિમ : જવા દે યાર, ખાલી પેલી. કમી તો છે. બોલ, તું પૂરી કરીશ?

શેખર : હા... હા... હા... કઈ વાતની કમી? જરા અવાજ તો કર. શેખર બધું પૂરું પાડશે.

જોન : (શરાબ પીતાં) નહિ નહિ યાર, જવા દે. હવે કંઈ ના જોઈએ.

શેખર : (જોનને) એય શીટ્ (શીટકાર કરી આંખ મારતાં) જોઈએ તો ખરા શેખરનું પાણી!

શેખર : તો બોલી દેને અને જોઈ લે શેખરનું પાણી.

રહિમ : અચ્છા બહુ ડંફાસ મારે છે ને! તો જા કોઈ રૂપાળી છોકરી લઈ આવ. હવે જોઈએ તારું પાણી, કેમ જોની!

જોન : ના, ના, જવા દેને યાર બહુ થઈ ગયું.

શેખર : રહિમ મિયાં, તું હજુ શેખરને ઓળખતો નથી. તને તો ખબર છે ને.... (ગાઈને) "આ મુંબઈ, આ મુંબઈ છે. જ્યાં ભઈ કરતાં ઝાઝી બઈ છે. આ મુંબઈ આ મુંબઈ છે" બોલો દોસ્તો અહીં શું નથી મળતું? એક એકથી ચઢિયાતી કોલગર્લ મળે છે. હું થોડી વારમાં લઈ આવ્યો. પણ (રોકાઈ) અસલી વાત-નગદ નારાયણ જોઈએ.

રહિમ : બોલ જોન, છે વિટામિન 'એમ'?

જોન : ઓહ મની! જ્યાં સુધી ખિસ્સાં ભરેલાં છે, ત્યાં સુધી લઈ જાઓ કંઈ વાંધો નથી.

(ખિસ્સામાંથી પાકીટ કાઢી ટેબલ પર મૂકે છે.)

રહિમ : (પાકીટ તપાસી) શું ખાક ખિસ્સા ભરેલાં છે. પાકીટમાં તો ફૂટી બદામ પણ નથી સિરફ હેમા માલિનીનો ફોટો છે.

જોન : (ચોંકીને) હેં શું કહ્યું? પાકીટ તો ભરેલું હતું. શું બધી નોટો ગાયબ?

શેખર : એ, ગાયબ એટલે તું શું કહેવા માગે છે? નોટો વિના શું આ દારૂ પાણી આવી ગયું?

જોન : અચ્છા ભાઈ જવા દે. તું જે જોઈએ તે લઈ જા મારી પાસે જે કંઈ છે તે બધું લઈ જા, બસ.

શેખર : શું પથરા લઈ જાય!

જોન : અરે યાર, એમાં શું છે? આપણે તો વેચાઈ ગયા

નથી ને! (ઘડિયાળ ઉતારી) લે આ ઘડિયાળ લઈ જા. પણ રહિમની ઇચ્છા પૂરી કર.

શેખર : (ઘડિયાળ લેતાં) અચ્છા. હું થોડી વારમાં એક બ્યુટીફૂલ કોલગર્લ લઈ આવું છું.

રહિમ : શેખર, ઊભો રહે. હું પણ આવું છું. (રહિમ ઊભો થાય છે.

જોન : રહિમ, તું મારી સાથે બેસ યાર.

(દારૂ ગટગટાવે છે.)

શેખર : છાનોમાનો બેસ. અમે થોડી વારમાં આવીએ છીએ.

જોન : મને... મને પણ તમારી સાથે લઈ જાઓ.

(જોન ઊભો થઈ ટેબલ ખુરશીમાં અથડાતાં અથડાતાં શેખરનાં પગ આગળ પડી જાય છે.)

શેખર-રહિમ: (હસે છે) હા... હા... હા...

જોન : (ઊભો થતાં) શું તમે મારી મજાક કરો છો?

શેખર-રહિમ: (ફરી હસે છે) હા... હા... હા...

જોન : (ગુસ્સે થઈ) યૂ શટ અપ બદતમીઝ.

શેખર : અરે ભાઈ, તું હમણાં ભાનમાં નથી. માટે તારાથી અમારી સાથે નહિ અવાય, સમજ્યો?

જોન : મને મૂરખ બનાવવાની કોશિશ કરો છો? શરાબ તો તમે પણ પીધો છે. બરાબર, તમે લોકો મારી બેહોશીનો ફાયદો લેવા માંગો છો.

રહિમ : ખબરદાર, અમારા પર કોઈ આરોપ મૂક્યો છે તો! બે-ત્રણ દિવસથી મુંબઈમાં ખાઈપીને મજા કરે છે. એ શું ફોગટમાં આવી ગયું?

જોન : અરે ભાઈ ખર્ચ તો થાય. પણ મારા પોકેટમાં નોટો હતી એ બધી ક્યાં ગઈ? અને મારી ઘડિયાળ?

શેખર : સૂવર અમને ચોર બનાવે છે.

(શેખર ગુસ્સે થઈ જોનને ધક્કો મારે છે. જોન ખુરશીમાં ઢળી પડે છે. શેખર અને રહિમ ફરાર થઈ જાય છે. જોન થોડી વારમાં હોશમાં આવે છે. ચારે તરફ ફરીને જોરથી હસે છે. પછી ઘડીભર શાંત થઈ જાય છે અને નીચેનું ગીત ગાય છે.)

### "અરમાન"

જીવનની ઘડીઓનાં શાં શાં અરમાન હતાં
ગુજારું જિંદગી બધીયે, બનીને મસ્ત કહીં...
સમજતો એમ હતો હું, કરીશ લ્હેરલીલા
બનાવી સાથી ઘણાએ, માણીશું મોજમજા
અને શું, થઈ ગયું આ તો, રડે છે આત્મા મારો... ૧
ન ચંપાયો ઉરે સરસે, માત-પિતાથી રહી દૂર
અંતર કેમ રહ્યું અળગું, ભાઈબેન મિત્રોનું મુજથી
ત્યારે પટકાઈ પડ્યો હું તો, થઈ બેઘર ઘરેથી હું... ૨
સ્મરણપટ પર ઊઠે છે રે ઉષાનું પ્રેમસ્વરૂપ આજે
અવાજ કેવો મૃદુ ગુંજે, વીસારૂં કેમ એ યાદો
કરી મુજને દઈ અળગો, ન દેખાડી દયા મમતા... ૩
હવે રાખ્યું નથી મેં કો, પ્રવેશવાનું ઘરે ગામે
અને કષ્ટાઉં છું મનમાં, કથું આ વેદના કોને
જીવાશે એમ જીવી લઈશ, જ્યાં લગ છે શ્વાસ આ તનમાં...૪

(ગીત પૂરું થતાં સાયરાનો પ્રવેશ)

જોન : (સચેત થઈ) કોણ છે?

સાયરા : હું સાયરા. જોનબાબુ, તમે હમણાં શું બબડતા હતા?

જોન : ઓ સાયરા! શેખર અને રહિમ ક્યાં છે?

સાયરા : તેઓ અહીં જ છે અને કહેવડાવ્યું છે કે, આજે તેઓ ઘેર જવા માંગે છે.

જોન : બહુ સારું. તમે લોકો જાઓ હું નહીં આવું.

સાયરા : તો પછી અહીં શું કરશો? આ ઘર તો મારા મામાનું છે.

જોન : ખાલી કરી દઈશું. એમાં વળી શું?

સાયરા : અને તમે ક્યાં જશો?

જોન : ગમે ત્યાં. આખરે મુંબઈની ફૂટપાથ તો છે જ.

સાયરા : ના, ના, બાબુ હજુ મને તમારી બર્થ ડે પાર્ટી યાદ છે. એવા માનપાનમાં રહ્યા પછી તમારે અહીં ફૂટપાથ પર ભટકવાનું? તમે અમારી સાથે ચાલો. અમે તમને તમારા ઘેર મૂકી જઈશું. તમારા બાપુજીને સમજાવીશું.

જોન : સાયરા, હું પાછો ફરવા માગતો નથી. મારા ઘેર કોઈ વાતની ખબર ન પડે એટલું જોજો.

સાયરા : સારું તો હું જાઉં?

જોન : હા, પણ આ ઘર તારા મામાનું છે ને! મારે પહેલાં આ ઘરમાંથી નીકળી જવું પડશે. મારા તરફથી શેખર અને રહિમને એક સંદેશો આપજે કે, મને તેઓએ ભલે બરબાદ કરી મૂક્યો પણ બીજાઓને એમ ન સપડાવે.

સાયરા : બાબુ, સારું કે ખોટું અપનાવવું એ આપણા હાથમાં જ છે ને!

જોન : સાચી વાત છે, સાયરા; ભૂલ મારી કે હું ફસાયો. અચ્છા હું જાઉં છું.

સાયરા : ઘેર કંઈ કહેવું છે ?
જોન : કંઈ નહિ, આવજે સાયરા.
(જોન નીકળી જાય છે અને થોડી વારમાં શેખર અને રહિમનો પ્રવેશ)
રહિમ : હા યાર, આપણને ચોર ઠરાવતો હતો. ના જોયો હોય તો મોટો શાહુકાર!
સાયરા : વાહ ભાઈ વાહ, એક તો એના જ પૈસા પર ત્રણ ત્રણ દિવસ મોજમજા કરી અને ઉપરથી એને ગાળો દેવી છે! જરા વિચારો તો ખરાં કે હવે એનું શું થશે? એ ક્યાં જશે?
શેખર : જહન્નમમાં જાય. આપણને શું મતલબ!
રહિમ : ચાલો આજે તો ઘેર પહોંચવું પડશે. કાલથી કોલેજ ચાલુ.
સાયરા : સારું ચાલો, પણ યાદ રાખજો-જોનબાબુના ઘેરથી મને કોઈએ કંઈ પૂછ્યું તો હું બધું જ કહી દઈશ.
રહિમ : અરે જા કહી દે જે. મોટી ના જોઈ હોય તો!
શેખર : એ રહિમ. છોડને મગજમારી ચાલો જલદી નીકળીએ.
રહિમ : અચ્છા ચાલો.
(શેખર, રહિમ અને સાયરા જાય છે)
(ડેવિડ, પિટર અને મેરી ગંભીર બની પોતાના બેઠકખંડમાં બેઠાં છે. એવામાં પ્રેફેસર ડેની અને તેમની પુત્રીનો પ્રવેશ.)
ડેવિડ : (બેઠાં બેઠાં) આવ ડેની, બહુ વહેલો આવી પહોંચ્યો? આવ બેસ.
ડેની : (બેસતાં) સાચું કહું ડેવિડ, તમને લોકોને જોન વિના

ચેન નથી અને અમને તમારા કુટુંબ વિના. તમારા દુઃખમાં અમે પણ દુઃખી. આ બેબી તારા જોનીને દિવસમાં કેટલીય વાર યાદ કરે છે.

પિટર : અંકલ, તમે છો તો અમને કેટલો બધો સાથ છે, દિલાસો છે.

ડેની : મને આશ્ચર્ય એ વાતનું છે કે, એક સારો છોકરો કેવી રીતે બિલકુલ આડે માર્ગે ફંટાઈ ગયો?

ડેવિડ : શું કહું ડેની, બધો વાંક તો એનો ના જ ગણાય. એણે બિચારાએ માનો પ્રેમ ક્યાં અનુભવ્યો છે? એટલે મારી હૂંફ માટે એ વારંવાર તલસતો હતો. પણ મારું કામ જ એવું કે ક્યારેય મન મૂકીને હું એની સાથે બેઠો નથી. પિટર એના ચારિત્ર્યનું પૂરું ધ્યાન રાખતો પણ એનો સ્વભાવ પહેલેથી જ ગરમ! વળી મેરી પણ હમેશ તેનાથી દૂર ભાગતી રહેતી અને વળી એવામાં એને એવા તત્ત્વોનો સાથ મળ્યો!

પિટર : સાચી વાત છે. હું તો હમેશાં તેની સાથે હુકમ અને દબાણથી કામ લેતો.

મેરી : પણ હવે એનું જીવન બચાવવા આપણે પ્રયત્નો કરવા પડશે. હું જરૂર એનો સાથ નિભાવીશ. એની કેટલીક વાતો મને હજુ યાદ આવે છે. એ પરથી એવું લાગે છે કે એને જીવનમાં એકલવાયાપણું લાગ્યા કરતું હતું. મારી બહેનપણી ઉષાને એટલી લાગણી થઈ છે !! કહે છે કે મારા લગ્ન પહેલાં જોનીને મળાય તો સારું. એ અમેરિકા જવાની તૈયારીમાં છે.

ડેની : ખરેખર, જોન એવો છોકરો હતો કે, એક વાર મળનારનું હૃદય જીતી લે! (અટકીને) કેમ રામ અને આનંદ દેખાતા નથી?

પિટર : હવે આવતા જ હશે. ખબર મોકલાવી છે.

(બહાર દરવાજે ટકોરા પડે છે.)

ડેવિડ : પિટર, જો તો કોઈ આવ્યું લાગે છે.

પિટર : (દરવાજા પાસે જઈ) ગુડ મોર્નિંગ સર. ડેડી, પાસ્ટર સાહેબ આવ્યા છે.

ડેવિડ : (ઊભા થઈ) વેલકમ સર, ગુડ મોર્નિંગ.

ડેની : ગુડ મોર્નિંગ ટૂ યુ સર.

પાસ્ટર : ગુડ મોર્નિંગ ટૂ યુ ઓલ. શું કંઈ સમાચાર?

ડેવિડ : હજુ કંઈ સમાચાર નથી. પણ આજે તેના બે મિત્રો રામ અને આનંદ તેની શોધ માટે મુંબઈ જવા તૈયાર થયા છે.

પાસ્ટર : અરે ભાઈ, ક્યાં શોધશો તેને આખા મુંબઈમાં?

પિટર : સાચી વાત છે. પણ ટ્રાય તો કરીએ મુંબઈના 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'માં અને 'મુંબઈ સમાચાર'માં અમે જોનના ફોટા સાથે તેને ઘેર આવકારવાની અને તેને વિષે માહિતી મોકલવા જાહેરખબર આપી છે. હવે ઈશ્વર કરે તે ખરું.

પાસ્ટર : યસ, ફેઈથ ઈન ગોડ! એ પણ આપણી બધી વિનંતી સાંભળે છે.

(આનંદ અને રામનો પ્રવેશ)

ડેવિડ : આવો, ગુડ મોર્નિંગ. તમારી જ રાહ જોવાય છે.

આનંદ-રામ : ગુડ મોર્નિંગ ટૂ યુ ઓલ.

પિટર : શું તૈયાર?

રામ : બિલકુલ! છેલ્લે કેટલીક સૂચનાઓ માટે જ અહીં આવ્યા છીએ.

ડેવિડ : બોલો શું છે?

આનંદ : માનો કે જોન મળી જાય અને આવવાની ના પાડે તો?

ડેની : હા... હા... (હસીને) કેવી વાત પૂછો છો? અલ્યા તમે તો લંગોટિયા મિત્રો; એ ના શું આવે. એને સમજાવવાનું કામ તમારું.

રામ : બરાબર છે. મને લાગે છે કે જોન જરૂર અમારું માનશે.

ડેવિડ : (ખિસ્સામાંથી રૂા. સોની દસ નોટો આપતાં) લે આનંદ, આ હજાર રૂપિયા તમારા ખર્ચ માટે રાખ. બે એક દિવસ ત્યાં રહેજો, ફરાય એટલી જગ્યાએ ફરજો. આવતાં જતાં આમ તેમ ફરતા લોકો, જાહેર સ્થળોએ એકલા બેઠેલા લોકો અને રોજની રોજી રળી ખાતા લોકોને ધ્યાનથી નિહાળજો. (અટકીને) અરેરે પ્રભુ, મારો જોની ક્યાં હશે? અમને એવું તે કેમ સૂઝ્યું કે અમે તેને અલગ કરી બેઠા. જોની, મારા, દીકરા તું ક્યાં છે જોની....

(ડેવિડ રૂમાલથી આંસુ લૂછે છે. વાતાવરણ ગમગીન બની જાય છે. મેરીની આંખો પણ ભીંજાય છે.)

પાસ્ટર : બસ મિ. ડેવિડ, બહુ દુઃખી થશો નહિ. જુઓ તમારાં છોકરાં પણ આંસુ સારે છે. પ્રભુ પર વિશ્વાસ રાખો. એ સર્વશક્તિમાન છે. તમારા જોનીને એ કંઈ આંચ નહિ આવવા દે. અને તમારો દીકરો સલામત અહીં આવી પહોંચશે. કેમ ભૂલી ગયા, યહૂદી જવાન

યૂસફને! એ ગુલામીમાં મિદ્યાની સોદાગરોને વેચી દેવાયો હતો. ત્યાં પણ ઈશ્વરે એનું જતન કર્યું. એને ગુલામમાંથી એક પ્રધાનપદે શોભાવ્યો, તેમ જ તેનાં માતાપિતા તથા ભાઈબહેન સાથે મેળવ્યો; એ શું તમારાં આંસુ લૂછવા સમર્થ નથી?

ડેની : અફ કોર્સ, ઈશ્વરને સર્વ શક્ય છે. વારુ સાહેબ, આપ અમને પ્રાર્થનામાં દોરો. ઈશ્વરનો આશીર્વાદ પામી આનંદ અને રામ પણ તેમના કાર્યની શરૂઆત કરે.

પાસ્ટર : ઓ કે. લેટ અસ પ્રે (બધા આંખો બંધ કરી હાથ જોડી માથું નમાવે છે અને બહાર કોઈના આવવાનો પગરવ સંભળાય છે. બધા ચેતન થઈ દરવાજા તરફ મીટ માંડે છે અને કોલેજના પુસ્તકો સાથે ઉષાનો પ્રવેશ.)

મેરી : (ઉષા પાસે દોડી જઈ) ઉષા, સાચે જ હું એક ભાઈ ગુમાવી બેઠી છું અને એક તું મારી સાથી બહેન હતી તે પણ ચાલી...

ઉષા : એમ દુ:ખી થયે કંઈ ચાલે! સંસારમાં સુખ અને દુ:ખ તો આવ્યા કરે. મારી તો એક જ પ્રાર્થના છે કે, મારા અમેરિકા જતાં પહેલાં ભગવાન જોનને સહિસલામત અહીં મોકલી આપે.

મેરી : (સ્વસ્થતા અનુભવતાં) ઈશ્વર તારી પ્રાર્થના ફળીભૂત કરો. તને પણ જોન પ્રત્યે કેટલો ભાવ છે, જાણે પોતાનો જ ભાઈ!

ઉષા : કેમ નહિ, હું જાણું છું જોનનું હૃદય! કોઈનું પણ હૃદય

તરબોળ કરી દે, એવો આત્મા હતો એનો! વારુ મેરી, હું કેટલીક અગત્યની વાત કરવા માગું છું.

(બધા મીટ માંડે છે.)

ઉષા : (ડેવિડને) અંકલ, ગઈ કાલે મને માર્કેટમાં રહિમની બહેન સાયરાનો ભેટો થયો હતો.

પિટર : શું એ લોકો અહીં છે? મેં તો સાંભળ્યું હતું કે બેઉ ભાઈ-બહેન અને શેખર મળી જોનને ફરાર કરી ગયાં છે.

ઉષા : સાચી વાત છે. પણ હવે તેઓ આવી ગયાં છે, તેણે વધારે તો વાત ન કરી હતી પણ એટલું કહ્યું હતું કે બોમ્બેમાં જોન તેમનાથી વિખૂટો પડી ગયો હતો.

ડેની : પિટર, તું એક કામ કર. આજે તું પોલીસમાં જોનનું અપહરણ થયાની ફરિયાદ નોંધાવ. એ માટે તહોમતદારોમાં શેખર અને રહિમનાં નામ આપજે, એટલે તાત્કાલિક પોલીસ તેઓની ધરપકડ કરશે. પોલીસ તપાસમાં તેઓને જે કહેવું હોય તે કહે.

પાસ્ટર : તેઓને રૂબરૂ બોલાવી સમજાવવાથી કામ પતે તેમ નથી?

ડેવિડ : સર, તેઓ કદી આપણને સાચી વાત નહિ બતાવે. (ગળું સાફ કરી) રામ અને આનંદ તમે, ઉપડો, નહિ તો ગાડી ચૂકી જશો.

રામ : કદાચ એક બે દિવસ વધી જાય તો ચિંતા ન કરતા.

ડેવિડ : કંઈ નહિ, તમારી ફુરસદે આવજો.

(આનંદ અને રામ જાય છે.)

પાસ્ટર : મિ. ડેવિડ, મારે અત્યારે એક બીજી મુલાકાત છે માટે હું જાઉં. કંઈ સમાચાર આવે તો કહેવડાવજો.

ડેવિડ : હા સાહેબ, આપ જાઓ.

પાસ્ટર : ઓ.કે., મે ગોડ બ્લેસ યૂ.

(પાસ્ટર જાય છે.)

ડેની : અને પિટર, તું પેલી વ્યવસ્થા કર. હું જાઉં છું. કંઈ જરૂર પડે તો મને બોલાવજો.

પિટર : હા અંકલ, ધરમના કામમાં ઢીલ કેવી? તમે જાઓ. કંઈ જરૂર પડશે તો હું ઘેર આવી જઈશ.

ડેની : આવજો.

(બધા હાથ બતાવે છે. ડેની જાય છે.)

ઉષા : ચાલ મેરી જલદી કર. કોલેજનો સમય થઈ ગયો. મારે પોતે પણ થોડા દિવસમાં બોમ્બે જવું પડશે.

મેરી : વિઝા માટે, કેમ? એ તો બહુ ધક્કા ખાવા પડશે, ત્યારે પતશે. (પુસ્તકો લઈ) બાપુજી, અમે જઈએ છીએ.

ઉષા : અંકલ, બહુ દુ:ખી થશો નહિ. ભગવાન જરૂર આપણી મદદ કરશે.

ડેવિડ : હા બેટી, એ આપણા બધાની પ્રાર્થના છે. સારું, તમે લોકો જાઓ.

(ઉષા અને મેરી કોલેજ જાય છે)

ડેવિડ : પિટર, મારે પણ હવે નીકળવું પડશે. બેટા, પોલીસની બાબતમાં કોઈની સલાહ લઈને પગલું ભરજે. (ઊભા થાય છે.)

પિટર : (ઊભો થઈ) પિતાજી, તમે કંઈ ચિંતા કરશો નહિ, એ તો બધું જોઈ વિચારીને કરીશું.

(બાપ-દીકરો ધીમે પગલે અંદર ચાલ્યા જાય છે-થોડા દિવસ પછી ડેવિડ અને પિટર બેઠકખંડમાં બેઠા છે અને મેરી ચાની ટ્રે લઈને આવે છે.)

મેરી : ગુડ મોર્નિંગ બાપુજી, ગુડ મોર્નિંગ મોટા ભાઈ.

ડેવિડ-પિટર : ગુડ મોર્નિંગ.

(પિટર કપ-રકાબી ગોઠવે છે અને મેરી તેમાં ચા રેડે છે.)

ડેવિડ : (બેચેન બની) બેટા, રોજ સવારથી જ મારો જીવ જાણે કેમ મૂંઝાવા લાગે છે.

પિટર : પિતાજી, અમને પણ એવી જ લાગણી થાય છે, પણ શું કરીએ?

મેરી : બાપુજી, મને રોજ કપ લેતાં ચાર કપ હાથ લાગી જાય છે પણ જ્યારે ચોથો કપ પાછો મૂકું છું, ત્યારે કાળજું કંપી ઊઠે છે.

ડેવિડ : સાચી વાત છે બેટા. જોની વિના આપણી ભોજન-મેજ સૂની પડી ગઈ છે પણ પ્રભુ આપણો આધાર છે. (કપ લેતાં) ચા લો બેટા.

(ત્રણે જણ કપ લઈ ચા પીવા માંડે છે.)

પિટર : પિતાજી, ત્રણ દિવસ થઈ ગયા. મુંબઈથી કંઈ ખબર ન આવી. વળી મેં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, તે સંબંધમાં જાણવા મળ્યું છે કે પોલીસે તપાસ હાથ ધરી છે અને થોડી ઘણી સાબિતી મળતાં શેખર અને રહિમની ધરપકડ કરવામાં આવશે.

ડેવિડ : પિટર, મારી તો બહુ ઇચ્છા નથી. કારણ એક વાર કેસ પોલીસના હાથમાં ગયો પછી આપણે દરરોજ ધક્કા ખાવા પડે.

પિટર : તમે એની ચિંતા ન કરશો. હું બધે પહોંચી વળીશ.

(પિટર ચા પૂરી કરી કપ નીચે મૂકે છે.)

મેરી : બાપુજી, સાયરાને બોલાવી વાત પૂછી હોય તો?

પિટર : પણ આટલા મોટા શહેરમાં એના ઘરની કોને ખબર પડે? સારું ચાલો, હું બહાર બાગમાં થોડું કામકાજ કરું છું. કંઈ જરૂર પડે તો બોલાવજો.

(પિટર જાય છે. મેરી ટ્રે લઈ ઘરમાં જાય છે અને ખુશી વ્યક્ત કરતી પાછી આવે છે.)

મેરી : બાપુજી, બાપુજી, રામ અને આનંદ આવી રહ્યા છે.

ડેવિડ : બેટા, તેઓ બે જણ છે કે જોની જેવું કોઈ સાથે છે ?

મેરી : છે તો આનંદ અને રામ બે જ. પણ જોઈએ તો ખરા, શું સમાચાર લાવે છે.

(રામ અને આનંદ થાક્યા-પાક્યા બેગ સાથે પ્રવેશે છે.)

ડેવિડ : આવો દીકરાઓ, બહુ થાકી ગયા લાગો છો. બેસો... (અટકીને) શું ખબર છે ?

(મેરી ઉતાવળે પાણી લઈ આવે છે અને બંનેને આપે છે.)

આનંદ : (હાથમાં ગ્લાસ રાખી) અંકલ, ચાર દિવસમાં આખું મુંબઈ ઢૂંઢી વળ્યા પણ જોનનો ક્યાંય પત્તો લાગ્યો નહિ.

રામ : હા અંકલ. એટલા મોટા શહેરમાં અને શોધવો અશક્ય હતો, છતાં અમે ખૂબ પ્રયત્ન કર્યા.

મેરી : ચોપાટી અને રેલ્વે સ્ટેશનોએ બરાબર જોયું હતું? કારણ એવામાં જ એ ક્યાંય રખડતો હોય.

આનંદ : અરે એરોડ્રોમ સુધ્ધાં, કંઈ બાકી રાખ્યું નથી.

ડેવિડ : સાચું છે, તમે ખૂબ મહેનત ઊઠાવી, એથી વિશેષ તો શું થાય? હવે ઈશ્વરની ઇચ્છા પર બધું છોડીએ. સમય સમયની બલિહારી છે ભાઈ! એવું બને કે ઈશ્વર એનામાં પ્રેરણા મૂકે ને એ અહીં જાતે હાજર થઈ જાય.

મેરી : કેવી વાત કરો છો બાપુજી? હવે તો સ્વપ્નો જ જોયા કરો.

ડેવિડ : હશે બેટા, જેવી ઈશ્વરની ઇચ્છા. આનંદ અને રામ તમે જાઓ. ઘેર બધાં તમારી રાહ જોતાં હશે. સાચે જ તમે તેના મિત્ર તરીકેની ફરજ અદા કરી છે.

રામ : વારુ અંકલ અમે જઈએ, અમારા ઘેર પણ બધાં જોનની ખબર પૂછશે.

ડેવિડ : (ગળગળા કંઠે) કંઈ નહિ બેટા, શું કરીએ, લાચાર છીએ.

(આનંદ અને રામ નીકળવા જાય છે, એવામાં મેલાંઘેલાં કપડાંમાં ઝડપથી જોનનો પ્રવેશ. અજાણ્યો આદમી ઘૂસી આવ્યો હોય તેમ ક્ષણિક બધાં ચોંકી જાય છે પણ બીજી જ ઘડીએ ડેવિડ ઊભા થઈ બૂમ પાડે છે.)

ડેવિડ : દીકરા... જોની... (ભેટવા જાય છે. મેરી દોડીને પિટર, પિટર બૂમ પાડતી બહાર નીકળી જાય છે.)

જોન : (બે ડગલાં પાછળ હઠી) પ્લીઝ ડોન્ટ ટચ મી. મને અડકવાની કે પકડવાની કોશિશ કરશો નહિ.

(ડેવિડ ચોંકીને મૂર્તિમંત થઈ જાય છે. રામ અને આનંદ પણ અવાક્ બની જાય છે.)

ડેવિડ : હેં... હેં... તું મારો દીકરો જોન નહિ? બેટા, અમે તો તારી વાટ જોઈ બેઠા છીએ. જો આ રામ અને આનંદ...

જોન : (વચ્ચે) મારે કશું નથી સાંભળવું. અત્યારે હું જે કહીશ એ તમારે સાંભળવાનું છે.

ડેવિડ : તે બોલને જોની.

જોન : તો સાંભળો. એ સમજી લો કે તમારો જોન મરી ગયો. આ જોન હવે પહેલાંનો જોન રહ્યો નથી. હું હવે બરબાદ થઈ ચૂક્યો છું. એ બરબાદીના પંથે જતાં, મને કોઈએ વાર્યો નથી. બધા ખેલ જોતા ઊભા રહ્યા. તે દિવસે તમે તમારું ધાર્યું કર્યું, હવે મારો વારો!

રામ : (હિંમતથી આગળ આવી) એય જોન, તું શું બકે છે? જરા ભાનબાન છે કે નહિ? જોતો નથી તારા પિતાજી તારી યાદમાં અડધા થઈ ગયા.

જોન : બસ, બસ, રહેવા દે એ બધી ફોસલામણી વાતો! હું એક શબ્દ પણ સાંભળવા નથી માગતો.

ડેવિડ : તો બેટા, તારે શું જોઈએ છે?

(પિટર અને મેરીનો પ્રવેશ. પિટર પરસેવાથી રેબઝેબ થઈ ગયો છે. બંને હાથની બાંયો ચઢાવેલી છે. અને એક હાથમાં નરાશ છે.)

જોન : સવાલ સારો પૂછ્યો. પિતાજી, એ વાત બરાબર

સાંભળી લો કે ઘરની જે કંઈ મિલકત છે, એના બે સરખા ભાગ કરવામાં આવે અને મને મારો હિસ્સો આપી દો. એ જ મારી માગણી છે અને એટલા માટે હું અહીં આવ્યો છું.

ડેવિડ : બેટા, આ શું બોલે છે? ઘરમાં જે કંઈ છે એ તમારું જ છે ને! મેરી તો કાલે લગ્ન કરી એના ઘેર જશે. પછી આ ઘરનો ભોગવટો તમારે બે ભાઈઓએ જ કરવાનો છે ને.

(પ્રોફેસર ડેનીનો પ્રવેશ)

જોન : શું કહ્યું? કોણ બે ભાઈ? હા... હા... હા... (પિટરનો નિર્દેશ કરી) જરા જુઓ તો ખરા એમના ખેલ. હું અહીં આવ્યો તો ભાઈસાહેબ નરાશ લઈ આવી પહોંચ્યા. (ગુસ્સાથી) મોટા ભાઈ, જુઓ છો શું? ફટકારી દોને મારા માથામાં. પછી બધી સંપત્તિ તમારે હાથ. કેમ?

ડેની : (પિટર પાસે જઈ) આ હું શું જોઉં છું. અરે મૂરખ, આ તારો નાનો ભાઈ જેને તું કેટલાય દિવસથી ઝંખતો હતો, તે આવ્યો; ત્યારે તું નરાશ લઈને એને મારવા આવ્યો? ડૂબી મર. તું તારા હૃદયમાં આટલું મોટું પાપ લઈને ફરતો હોઈશ, એવી અમને કલ્પના પણ ન હતી.

મેરી : અંકલ... અંકલ...

જોન : ખબરદાર, તેં જરા પણ વકીલાત કરી છે તો. તું જ મને જોઈને દોડી હતીને.

આનંદ : જોન, તું જરા શાંત થા. પિટરભાઈ, ચાલો તમે અંદર જાઓ.

મેરી : અરે પૂરી વાત તો સાંભળો.

જોન : નથી સાંભળવી. ખબરદાર મને કોઈએ હાથ લગાડ્યો છે તો.

(જોન ઝડપથી આગળ વધી પિટરના હાથમાંથી નરાશ ખૂંચવી લે છે, એટલામાં ઉષાનો પ્રવેશ.)

ઉષા : (મોં પર હાથ દઈ) ઓ બાપરે... જોન તું? અરેરે આટલો કઠોર હૃદયનો બની ગયો? તારા મોટા ભાઈ સામે નરાશ તાણી ઊભો છે ? જરા શરમા. જે ભાઈએ તને પાળીપોષીને મોટો કર્યો એમની સામે હાથ ઉઠાવે છે ? ચાલ નરાશ ફેંકી દે. તને મારા સમ. જો મોટા ભાઈ પર હાથ ઉઠાવ્યો છે તો, એનો ભોગ હું થઈ જઈશ.

(ઉષા પિટર આગળ ઊભી થઈ જાય છે.)

જોન : ગભરાશો નહિ. હું કોઈને મારવા નથી આવ્યો. મેં મારી સલામતી ખાતર આ નરાશ લઈ લીધી છે. પિતાજી, જ્યારે હું અહીં સુખચેનમાં રહેતો હતો ત્યારે તમે મને ન આપ્યો પ્રેમ કે ન પમાડ્યો સાથ. મોટા ભાઈએ તેમનું ધાર્યું કરવા મારા પર દમન કર્યું, અને મેરી તેં બહેન તરીકેનો સાચો પ્રેમ કદી વ્યક્ત ન કર્યો. આનંદ અને રામે મને સાથ વગરનો કરી મૂકી શેખર અને રહિમની ટોળીમાં ભરાઈ જવા ફરજ પાડી (મોટા અવાજે) હવે કહો કોના પ્રેમનો

અધિકાર છે મારા પર? માટે કહું છું, મારે મિલકતનો ભાગ જોઈએ. હું એકલો ગમેતેમ જીવી લઈશ.

ડેવિડ : ના દીકરા ના...

જોન : (વચ્ચે) બાપુજી, હું જાણું છું, તમે મને કદી મિલકતનો ભાગ નહિ આપો. જુઓને અહીં કેટલા બધા તમારી પડખે છે. સારું, તમે બધાંએ જ્યારે મને ત્યાગી દીધો છે, ત્યારે મને બીજા કોનો સહારો હોય! બહેતર છે, હું આ દુનિયા છોડી દઉં. પછી તો ખુશ થશોને. એ માટે ફક્ત એક જ માર્ગ છે. હું અહીં તમારા બધાંની વચ્ચે આત્મહત્યા કરીશ.

આનંદ : જોન, તું પાછો ફર્યો એથી વિશેષ આનંદ અમને બીજો કયો હોય! સાચે જ કેટલાય એવા માર્ગ ભૂલેલ યુવાનો પોતાનાં અરમાન પૂરા નહિ થવાથી ક્યાંય ભટકી જાય છે. અને ઘણાય આત્મહત્યાનો માર્ગ લે છે. એમાંનું કશું તારા વિષે બન્યું નથી એ ઈશ્વરનો આશીર્વાદ કહેવાય! પણ જોન, એક વાત સ્પષ્ટ કરવા માગું છું. દુનિયામાં એવા કેટલાય લોકો છે જેમને પોતાની મનચાહી વસ્તુ પ્રાપ્ત થતી નથી. અને ઘણાંના અરમાન અધૂરાં રહી જાય છે; એ બધા જો સાચો જીવન માર્ગ તરછોડી દે તો કેવી પરિસ્થિતિ સર્જાય?

રામ : એય જોની, તું કોને બીવડાવે છે ? તું તો કહેતો હતો કે બાઈબલમાં આત્મહત્યાને પાપ ગણવામાં આવ્યું છે. માટે ખબરદાર, એવો દેખાવ કર્યો છે તો!

જોન : દેખાવ? હા... હા... હા... સાચી વાત કહી. આ તો હું નાટક કરતો હોઉં એમ લાગે છે, કેમ? અને પાપ? એ મારા પિતાજી, અને મોટાભાઈ અને બહેનને મુબારક. કોઈ ગમે તે કહે મારે શું નિસ્બત. હું તો આખી નરાશ મારા પેટમાં ઉતારી દઈશ! પછી તો તમને શાંતિ થશે ને!

(જોન નરાશ ઊંચી કરે છે કે તરત બધા તેની પાસે દોડી જાય છે. મેરી 'બચાવો'ની બૂમો પાડે છે અને રામ નરાશ ઝૂંટવી લે છે.)

ઉષા : જોની, આ શું માંડ્યું છે ?

ડેની : અલ્યા જોન, આ શું છે હેં? તું શું કરવા બેઠો છે ? તારે શું જોઈએ છે ? ઘરમાં ભાગ? અરે આખું ઘર બાંધીને લઈ જા. પણ આવા ખોટા ધમપછાડા શા માટે કરે છે ? તને આવું કોણે શીખવ્યું?

જોન : કેમ, મને એકલાને કહો છો? આ મોટા ભાઈ મારું ખૂન કરવા તૈયાર હતા એ ના જોયું? હવે મારાથી આ ઘરમાં કેમ કરી રહેવાય? મિલકત માટે એ ગમે ત્યારે મારું ખૂન કરશે.

મેરી : (જોરથી) એય જોની, એમ ગમેતેમ શું બકે છે ? જરા કોઈનું સાંભળીશ કે નહિ? (ગળગળા કંઠે) ભાઈ, તને જોતાંની સાથે હું હર્ષઘેલી થઈ મોટા ભાઈને બોલાવવા દોડી ગઈ. તારા આવવાના સમાચાર સાંભળતાં એ નરાશ સાથે જ અહીં દોડી આવ્યા. તને તો અમે બધા ખૂબ ઝંખીએ છીએ. પછી તને

મારવાનો સવાલ ક્યાં રહે છે? જોની, મારા ભાઈ...
(રડી પડે છે.)

પિટર : ભાઈ જોની...

(પિટર-જોન ભેટી પડે છે એકબીજાને ભેટતાં ખૂબ રડે છે.)

ડેવિડ : (જોનને બાથમાં લેતાં) બેટા, તું મળ્યો એટલે અમને સર્વસ્વ મળ્યું. હવે અમને મૂકીને ક્યાંય જઈશ નહિ. જલદી અંદર જઈને તૈયાર થઈ આવ. મેરી, તું એને સારાં કપડાં કાઢી આપ. રામ અને આનંદ તમે એને ઘરમાં લઈ જાઓ.

(જોન, રામ, આનંદ અને મેરી ઘરમાં જાય છે એટલામાં સાયરાનો પ્રવેશ)

સાયરા : સાહેબ, મારા ભાઈ પર દયા કરો. આજે સવારે પોલીસ તેને પકડી ગઈ છે. કૃપા કરી તેને છોડાવો.

ડેવિડ : કોણ, રહિમ?

(મેરીનો પ્રવેશ)

મેરી : હા, આજ રહિમની બેન સાયરા, એને ન ઓળખી?

સાયરા : હા સાહેબ, એની કસૂર થઈ છે. પણ આપ લોકો પાસે હું દયાની ભીખ માગું છું.

ડેની : ડેવિડ, ખબરદાર તેં જરા પણ દયા દેખાડી છે તો! જોયું નહિ, તારા જોનને કેવો પાયમાલ કરી મૂક્યો!

સાયરા : સાહેબ હું કબૂલ કરું છું. અમારી કસૂર છે. પણ મારા ભાઈ સામે ન જોતાં મારા અમ્માની તરસ ખાઓ. અમે જોનબાબુની શોધ કરવા તમને મદદ કરીશું.

પિટર : ચાલ હટ, આવી મોટી મદદ કરવા! તમે લોકોએ તો

એને ફરાર કર્યો છે અને ઉપરથી અમને વાતો સમજાવે છે !

સાયરા : ના પિટરભાઈ, યકિન કરો. અમે તેમને સંતાડ્યા નથી. એ તો બમ્બઈમાં અમારાથી છૂટા પડી ગયા હતાં. પછી અલ્લા જાણે ક્યાં ગયા?

(જોન સુંદર વસ્ત્રો પરિધાન કરી આનંદ અને રામ સાથે સસ્મિત બહાર આવે છે.)

સાયરા : (આશ્ચર્યચકિત થઈ) હેં....? જોનબાબુ? હું આ શું જોઉં છું? (પાસે જઈ) બાબુ તમે આવી ગયા? મારું એક કામ ના કરો? મારા ભાઈને છોડાવો.

જોન : કેમ, શું થયું તારા ભાઈને?

સાયરા : આજે સવારે પોલીસ તેને પકડી ગઈ છે એના પર અમારું ગુજરાન ચાલે છે. અબ્બાજાનની તબિયત હમણાં સારી નથી. માટે રહિમ સવારના કોલેજ જાય છે અને પછી આખો દિવસ રીક્ષા ચલાવે છે. એ જો થોડા દિવસ જેલમાં રહેશે તો અમે શું ખાઈશું?

જોન : સાયરા, મને આ બધી વાત સમજાવવાની જરૂર નથી. જો તમારી સ્થિતિ આટલી કંગાળ હોય તો ભાઈ સાહેબ જુગાર કેમ ખેલે છે ? શરાબ કેમ પીએ છે ? એ બધું વિચાર્યું છે ? પ્રશ્ન એ છે કે, રહિમની ધરપકડ કેમ કરાઈ?

(પાસ્ટરનો પ્રવેશ)

સાયરા : તમને ફરાર કરવાનો મારા ભાઈ અને શેખર પર ઇલ્જામ છે.

જોન : તો જાં સાયરા, તારો ભાઈ આઝાદ છે, કેમ કે હું ઘેર આવી ગયો છું. હવે તારા ભાઈ પર કોઈ આરોપ રહેશે નહિ. આજે જ અમે અમારી ફરિયાદ પાછી ખેંચી લઈશું.

પાસ્ટર : શું આ જોન! મારી આંખો સાચે જ જોનને જુએ છે? મારા કાને ખરે જ જોનની વાણી સંભળાય છે? પોતાના દુશ્મનને માફ કરવાનો પ્રભુ ઈસુનો સિદ્ધાંત જોનના મુખમાં! જુઓ મિ. ડેવિડ હું કહેતો હતો ને કે ઈશ્વર પોતે તમારા ઘરના કર્તાહર્તા છે. દરેક મુશ્કેલ પળોમાં તે આપણા પક્ષે ઊભા રહી મદદગાર બને છે.

ડેવિડ : પણ સાહેબ, સમાજમાં અમારા કુટુંબ વિષે ખોટી છાપ ઉપસી આવી છે. બધા કહે છે કે, જોન ગુંડા તત્ત્વોમાં ભળી ગયો છે; એ કેમ કરી ભૂંસાશે?

પાસ્ટર : જરૂર ભૂંસાશે. જોને આખું ચિત્ર જ બદલી નાખ્યું છે. જોન અહીં આવ તો. (જોન પાસે જાય છે. પાસ્ટર તેના ખભે હાથ મૂકી) જો, બધાં કેવાં તારા પ્રેમના પ્યાસાં બની ગયા છે. સાચે જ તેઓ તને ચાહે છે, એથી વિશેષ ઈશ્વર તને ચાહે છે. તેમનો પ્રેમ મહાન છે, જેને માનવહૃદયની પ્રેમભાવના કદીન આંબી શકે એવો પ્રેમ. THE GREATEST IS LOVE (નવો કરાર બતાવતાં) આજના પ્રેમભીના શુભ પ્રસંગે તને મારા તરફથી ભેટ ધરૂં છું.

જોન : (ભેટ સ્વીકારતાં) સાચે જ મેં તમારા બધાંના પ્રેમને

આજે જ અનુભવ્યો. આજે મારું હૈયું ન જાણે પ્રેમથી તરબોળ થઈ ઊઠ્યું છે. આજ સુધી મેં ક્યારેય એવો અનુભવ કર્યો ન હતો. પણ જેના પ્રેમ થકી હું હયાત છું, એ ઈશ્વરના પ્રેમ-સ્પંદનો જેના પર માનવજીવન નિર્ભર છે એ "ધ ગ્રેટેસ્ટ ઈઝ લવ"- મારી ભેટ, એક નવીન ભેટરૂપે હું ઉષાને અર્પણ કરું છું, જેના ઉરની ધબકતી પ્રેમ-લાગણીઓએ મને ખૂબ પ્રોત્સાહન આપ્યું છે.

ઉષા : (ભેટ સ્વીકારતાં) જોની, હું જાઉં છું, બહુ દૂર... દરિયા પાર... ફરી ન જાણે ક્યારે મળીશું? હું ત્યાં જીવનના બંધનોમાં બંધાઈ જઈશ, પણ તારો અપ્રતિમ પ્રેમ, મેરીની અતૂટ લાગણી, આ બધા કુટુંબીજનોનું વહાલ અને તારી સ્નેહસ્મૃતિ "ધ ગ્રેટેસ્ટ ઈઝ લવ" મારી સદાની સાથી બની રહેશે. પ્રેમકૂચમાં પરવાનાઓ હમેશાં અજેય રહે છે, પણ વખત આવે અમર સ્વાર્પણ ધરી દે છે (આંખના પલકારા અને વેદનાસહ) જોની, આપણી સાથે છે- આપણી મજબૂરી, સામાજિક બંધનો-તોય પ્રેમ અમર છે. (ન્યૂ ટેસ્ટામેન્ટ બતાવતાં) "ધ ગ્રેટેસ્ટ ઈઝ લવ."

**O પડદો O**

એકાંકી નાટક

# ૨ જ્યારે અમે રાહ ભૂલ્યાં

(કોઈ પણ વારતહેવારે પ્રભુમંદિર અથવા શાળાઓમાં રજૂ કરવા માટે વીસ મિનિટનું નાટક)

## પાત્રો

| | | |
|---|---|---|
| રીટા | : | વિદ્યાર્થી બાલિકા |
| મા | : | રીટાની મમ્મી |
| આદમ | : | પૃથ્વી પરનો પ્રથમ પુરુષ |
| હવા | : | આદમની જીવન સાથી |
| | | અને રીટાની ત્રણ સાથી વિદ્યાર્થીનીઓ |

(રંગભૂમિ પર ઝાડની ડાળીઓ સ્થિર રાખી એદન બાગ ઊભો કરવો. કોઈ સ્થળે પાણી દર્શાવી શકાય. બે નાનાં બાળકોને આદમ હવાના પાત્રમાં રજૂ કરી શકાય. તેમને બદામી રંગની નાની ચડ્ડીઓ પહેરાવવી.)

(નિશાળેથી ઘેર જતાં રસ્તામાં રીટાને એની સાથી-વિદ્યાર્થીનીઓ પાપી, પાપી કહીને સતાવે છે. રસ્તામાં સામેથી એનાં મા આવતાં, બધી છોકરીઓ એને મૂકી ચાલી જાય છે.)

રીટા : (મા પાસે દોડી જઈ) જુઓને મમ્મી, મને પેલી છોકરીઓ પાપી, પાપી કહીને સતાવે છે.

મા : કંઈ નહીં બેટા, એથી તારે ચિડાવાનું નહિ. પણ એ છોકરીઓ તને પાપી કેમ કહેતી હતી?

રીટા : રસ્તામાં મેં કીડીના દર પર પગ મૂક્યો તો જુઓને મમ્મી...

મા : તેઓ ભલેને ગમે તે કહે. એમના કહેવાથી તું પાપી થઈ જવાની નથી. પ્રભુ ઈસુએ તો બાળકોને નિર્દોષ ગણ્યાં છે. મોટેરાંઓને ઉપદેશ આપતાં ઈસુએ કહેલું : "તમે જ્યાં સુધી બદલાઈના બાળક જેવા નમ્ર નહિ થાઓ ત્યાં સુધી સ્વર્ગનું રાજ્ય તમે જોઈ શકતાં નથી."

રીટા : પણ મને પાપી કહ્યું, એટલે બહુ ખરાબ લાગ્યું. મમ્મી, પાપી એટલે શું?

મા : બેટા, કંઈ પણ ખોટું કામ કરવું એ પાપ કહેવાય અને પાપ કરનાર પાપી કહેવાય. એ બધું સમજવા હું તને 'એદનવાડી'ની વાર્તા કહીશ. એ તને ખૂબ ગમી જશે. માટે ચાલ આપણે જલદી ઘેર પહોંચી જઈએ.

(મા રીટાને ઊંચકી લઈ જાય છે અને પડદો ખુલતાં એદનવાડીમાં આદમ દૃષ્ટિગોચર થાય છે. બાગમાં ફરી એ ફળ, ફૂલ, ઝાડ,

છોડ અને પાનનું નિરીક્ષણ કરે છે. એવામાં એકાએક તેની નજર વાડીના વચ્ચેના ઝાડ પર પડે છે. આદમ બે ઘડી એ ઝાડને જોઈ રહે છે. લીલુંછમ ઝાડ અને લાલ-ગુલાબી ફળો! એ જોઈ આદમ એ તરફ ડગ માંડે છે. એટલામાં તેને એક અવાજ સંભળાય છે.)

નેપથ્યમાંથી : આદમ, થોભી જા. તું જે વૃક્ષ જુએ છે, એ તને ગમી ગયું ને? એનું ફળ કેવું સુંદર દેખાય છે ! એનો સ્વાદ લેવાનું તને જરૂર મન થાય. પણ મારા દીકરા સાવધાન!! એદનવાડીના કોઈપણ વૃક્ષનું ફળ ખાવા હું તને છૂટ આપું છું. પણ બાગની વચ્ચેના વૃક્ષફળને તારે સ્પર્શવું નહિ તેમ જ કદી ખાવું નહિ. આદમ ખબરદાર રહેજે, જે દિવસે તું એ ફળ ખાશે એ દિવસે તારું પતન થશે. તું મરી જઈશ.

(પ્રભુનો અવાજ સાંભળી આદમ એ વૃક્ષ તરફથી બીજે ફંટાઈ ગયો અને થાકી જતાં જમીન પર બેસી ગયો.)

નેપથ્યમાંથી : આદમ, જોયુંને. મારી સૃજાવેલી સૃષ્ટિ કેવી સુંદર છે! તું જેમાં રહે છે એ એદનવાડી તને ગમી? દીકરા, આટલી મોટી વાડીમાં તું એકલો રહીને કંટાળી જઈશ. એટલે મેં તને અતિમોહક, અતિસુંદર અને તારી સાથે સહૃદયી થઈ શકે એવી મૂલ્યવાન ભેટ આપવા વિચાર્યું છે.

(આદમ બગાસાં ખાતો જમીન પર સૂઈ જાય છે. ઘડીભરના અંધકાર પછી એ આળસ મરડીને બેઠો થાય છે. અને જમણી તરફ નજર કરતાં હવા

એદનવાડીમાં પ્રવેશે છે. આદમ ઊભો થાય છે અને હવા તેની નજદીક આવી જાય છે. બંને એક બીજા સામે જોઈ સ્મિત કરે છે. આદમ હવાને એદનવાડી બતાવવા લઈ જાય છે. બધે ફરીને બંને બાગની વચ્ચેના ઝાડ પાસે થંભી જાય છે.)

**હવા** : આદમ, જુઓને પેલાં ફળ કેવાં સુંદર દેખાય છે!

**આદમ** : ખરેખર ખૂબ મજાનાં ફળ છે. પણ પ્રભુ બાપે એ ખાવા મના ફરમાવી છે.

**હવા** : એવું શા માટે? વાડીનાં બધાં ફળ ખવાય, તો એ કેમ નહિ? અને કહ્યું છે : આપણે જે દિવસે એ ખાઈશું એ દિવસે આપણો નાશ થશે. આપણે મરી જઈશું.

**હવા** : ભલે, હું એને બરાબર જોઉં તો ખરી. (એમ કહી હવા વૃક્ષ તરફ આગળ વધે છે. આદમનું ધ્યાન બીજી તરફ જાય છે. હવા ઝાડ પર એક સાપ જુએ છે. અને અવાજ સાંભળે છે.)

**નેપથ્યમાંથી** : હવા, ખરેખર ઈશ્વરે તને એવું કહ્યું છે કે તારે વાડીનાં કોઈ પણ વૃક્ષનું ફળ ન ખાવું?

**હવા** : (ઝાડ પરના સાપ સામે જોઈ) ના, ના, અમને બધા ઝાડનાં ફળ ખાવાની છૂટ છે. પણ વાડીની વચ્ચેના વૃક્ષફળને અડકવા કે ખાવા પ્રભુ બાપે મના કરી છે. અમે તે ખાઈશું તો મરી જઈશું એવી પ્રભુએ ચેતવણી આપી છે.

**નેપથ્યમાંથી** : હા... હા... હા... હવા, તારે ગભરાવાની જરા પણ જરૂર નથી. કેમ કે એ ફળ ખાવાથી તમે મરશો નહિ પણ તમને અજાયબ જ્ઞાન પ્રાપ્ત થશે. એ ફળ

ખાવાથી તમારી આંખો ચમત્કારિક દૃષ્ટિ અનુભવશે. અને તમે ઈશ્વરનાં જેવાં ભલું-ભૂંડું અને સારું-નરસું પારખનારાં બની જશો.

હવા : સાચે જ અમે ઈશ્વરના જેવા થઈ જઈશું?

નેપથ્યમાંથી : ખરેખર, તમે ઈશ્વરના જેવાં બની જશો. તમે ઈશ્વરી દૃષ્ટિવાળાં થાઓ એવું તમારો પ્રભુ જરાય ઇચ્છતો નથી પણ તેમાં કશું ખોટું નથી. હવા તને એ ફળ ખૂબ ગમશે. જેવું સુંદર તે દેખાય છે, એવો મધુર એનો સ્વાદ છે, માટે હિંમત કર, આગળ વધ અને ફળ ખા. હવા એ ફળ ચાખી તો જો! હવા ફળ ખા. હવા ફળ ખા...

(એ સાથે જ હવા ધીરે પગલે આગળ વધી. બે હાથે ફળ પકડ્યું, ધીમેથી તોડ્યું અને મજાથી ખાધું. થોડું ફળ રાખી દોડતી એ આદમ પાસે પહોંચી ગઈ.)

હવા : આદમ, આદમ, જુઓને હું તમારે માટે શું લાવી છું! લો ખાઓ. મેં તો ખાઈ લીધું. ખરેખર સ્વાદિષ્ટ છે.

આદમ : પ્રિય, તું કહે છે તો ખાઈ લઉં છું. (આદમ એક બટકું ભરીને હવા સામે જોઈ રહે છે. હવા આદમને તાકી રહે છે. થોડી જ વારમાં આદમ એ ફળ ફેંકી દે છે. બેઉ પોતાની આંખો પર હાથ મૂકી દે છે.)

હવા : અરેરે પ્રભુ, મારી આંખોને આ શું થયું?

આદમ : પ્રિય હવા, મારી નજર પણ બદલાવા લાગી છે.

હવા : મને તો પ્રભુ બાપની બીક લાગે છે.

આદમ : મને પણ એવું જ થાય છે. ચાલ હવા દોડ, આપણે

સંતાઈ જઈએ. ઈશ્વરબાપ આવી ગયા તો તેમની સામે કેવી રીતે ઊભા રહીશું.

(બંને દોડીને સંતાઈ જાય છે અને શરીરે પાંદડાં વીંટવા પ્રયાસ કરે છે એટલામાં જ અવાજ સંભળાય છે.)

**નેપથ્યમાંથી** : આદમ... આદમ... તું ક્યાં છે?

**આદમ** : હે પ્રભુ, હું તમારો અવાજ સાંભળીને સંતાઈ ગયો છું. કેમ કે હું નગ્ન છું.

**નેપથ્યમાંથી** : તને કોણે કહ્યું કે તું નગ્ન છે. શું જે વૃક્ષનું ફળ ખાવા મેં તને મના ફરમાવી હતી તે તેં ખાધું છે?

**આદમ** : પ્રભુ, શું કહું! તમે મને જે જીવનસાથી આપી છે, તેણે મને ખવડાવી દીધું.

**નેપથ્યમાંથી** : હવા, આ તેં શું કર્યું?

**હવા** : પ્રભુજી, પેલા ઝાડ પરના સાપે મને ભૂલાવી.

**નેપથ્યમાંથી** : અફસોસ, અફસોસ. સાપ ધિક્કાર છે તને! તારા પાપની શિક્ષારૂપે તું પેટે ઘસડાશે અને ધૂળ ચાટશે. તારાં સંતાન અને સ્ત્રી-સંતાન વચ્ચે હું વેર કરાવીશ. તે તારું માથું છૂંદશે અને તું તેની એડી. હવા ધિક્કાર છે તને! અસહ્ય પ્રસવ-વેદના, તારા પાપની શિક્ષા છે. તારે તારા પતિને આધીન રહેવું પડશે. એ તારા પર અધિકાર ચલાવશે. અને મારા દીકરા આદમ, તેં મારી આજ્ઞા તોડી!! માટે હું ભૂમિને શ્રાપિત કરું છું. તેમાં કાંટા અને ઝાંખરાં ઊગશે. તારે અન્નભાજી મેળવવા પરસેવો પાડવો પડશે. મેં તમને સૃજાવ્યા હતાં અને તમે પાછાં માટીમાં મળી જશો.

**પડદો**

## એકાંકી નાટક

# ૩ કોમારોવ

(કોઈ પણ વારતહેવારે પ્રભુમંદિર અથવા શાળાઓમાં રજૂ કરવા માટે અર્ધા કલાકનું નાટક)

### પાત્રો

**કોમારોવ** : એક ખ્રિસ્તી યુવાન

**ડૉ. ડેવિડ** : મેડિકલ સ્ટુડન્ટ અને કેન્સર ચિકિત્સક

**છાપામારૂ-૧** : સામ્યવાદી પોલીસ નં. ૧

**છાપામારૂ-૨** : સામ્યવાદી પોલીસ નં. ૨

**ડૉ. બાયોસ્કી** : ત્રાસવાદી કેન્દ્રનો ચિકિત્સક

**નર્સ** : ત્રાસવાદી કેન્દ્રની પરિચારિકા

**સાધન સામગ્રીઃ-**

સુવાર્તાઓ સાથે બગલથેલો, બે રાઇફલો, સ્ટેથોસ્કોપ, સ્કારપેલ, કાતર, ઇંજેકશન અને દવાઓ વગેરે.

(એક ઘરમાં બે મિત્રો વાતચીત કરે છે. એક મિત્ર બીજાને, છૂપી રીતે ખ્રિસ્તી સાહિત્ય કાઢી આપે છે. બંને ખ્રિસ્તી વિશ્વાસ સંબંધી વાત કરે છે. (આ બધું મૂક હાવભાવથી બતાવવું). એટલામાં આસપાસથી બે છાપામારૂઓ ત્યાં ધસી આવે છે.)

**૧લો છાપામારૂ** : (પિસ્તોલ બતાવી) એય, હેન્ડઝ એપ....

**૨જો છાપામારૂ** : (પિસ્તોલ ધરી) ખબરદાર, અગર નાસવાની કોશિશ કરી તો જાનથી મારી નાખીશ.

(પહેલો છાપામારૂ પિસ્તોલ ધરી રાખે છે. બીજો ઘરમાંથી અને ખિસ્સામાંથી ખ્રિસ્તી સાહિત્ય કઢાવે છે. દરમિયાન યજમાન મિત્રના હાથ બાંધવામાં આવે છે. અને એની આંખે કાળી પટ્ટી બાંધી દેવાય છે. એ દરમિયાન નેપથ્યમાંથી અવાજ.)

**નેપથ્યમાંથી** : જુઓ તમારી સમક્ષ એક નિર્દોષ માનવી બે છાપામારૂઓનો ભોગ બન્યો છે. એને પૂછો કે એણે શો ગુનો કર્યો છે?

**૧લો છાપામારૂ** : એય, ચાલ.

(બંને છાપામારૂ એને લઈ ચાલતા થાય છે.)

**નેપથ્યમાંથી** : દુનિયામાં માનવ-અપહરણના કિસ્સા રોજરોજ બનતા રહે છે. સંબંધિત વ્યક્તિનું અપહરણ કરી, જે તે વ્યક્તિ, સંસ્થા અગર દેશને અલ્ટિમેટમ અપાય છે. જાનમાલની ધાક આપી માતબર રકમ, માલમત્તા, ગુનેગારોની મુક્તિ અગર મનમાગી ચીજો મેળવી લેવાય છે, જો એવી માગણીઓ નકારી કઢાય તો અપહરણ

કરાયેલ વ્યક્તિના જીવનું જોખમ ઊભું થાય છે. આ રીતે પોતાના બળનો આપખુદ ઉપયોગ કરવામાં વ્યક્તિ, સત્તા અને કેટલાક દેશો પણ પાછા રહ્યા નથી.

દવાખાનામાં ડૉક્ટર બાયોસ્કી પોતાના સાધનો ગોઠવતા હોય છે. એવામાં છાપામારૂઓ પેલા અપહૃત જુવાનને લઈ આવે છે.)

**બાયોસ્કી :** શાબાશ બાશિંદો, એની આંખેથી પટ્ટી છોડી લો.

(હુકમ થતાં જ એક છાપામારૂ પટ્ટી ઉઘાડે છે અને નર્સ તબીબીનાં સાધનોની ટ્રે લઈ હાજર થાય છે.)

**બાયોસ્કી :** (અપહૃત જુવાનને) એય, તારું નામ શું છે?

**કોમારોવ :** કોમારોવ! પણ સાહેબ, મને કોઈ બીમારી નથી. મને અહીં ડિસપેન્સરીમાં કેમ લઈ આવ્યા?

**બાયોસ્કી :** હા... હા... (હસીને) તું થોડો પાગલ થઈ ગયો છે. તારી સાન ઠેકાણે લાવવી પડશે.

**કોમારોવ :** ના ડૉક્ટર, મને એવું કંઈ નથી.

**બાયોસ્કી :** ચૂપ, ખબરદાર અવાજ કર્યો છે તો! તારી પર શસ્ત્રક્રિયા કરવામાં આવશે.

**કોમારોવ :** ના સાહેબ મેં? ક્યારે... મને... મને... તો... કંઈ નથી.

**બાયોસ્કી :** (મોટેથી) જૂઠું બોલે છે. (ચોપાનિયાંની થપ્પી બતાવી) તું લોકોને આવો ભ્રામક પ્રચાર કરે છે. તને શું ખબર પણ તારું નામ દેશના દાણચોરોમાં નોંધાયેલું છે.

**કોમારોવ :** હેં? ના... ના...

બાયોસ્કી : કેમ, ચોંકી ગયો? કહે છે કે, આ દેશમાં જે વસ્તુઓ લાવવા સામે નિયંત્રણો છે, એવી વસ્તુઓ તું ચોરીછૂપીથી ઘુસાડે છે.

કોમારોવ : હેં... શું?

બાયોસ્કી : બેશરમ, મારા મોઢે બોલાવે છે. લોકોને ભરમાવવાના તુક્કારૂપે લખાયેલ બાઈબલનો આ દેશની ભાષામાં અનુવાદ કરી, લોકોને પહોંચાડવાની તારી પ્રવૃત્તિ શું અમારા ધ્યાન બહાર છે? યુ આર ધ ગ્રેટ સ્મગલર!
ગોડ્સ સ્મગલર! બાઈબલ ચોર! તને હવે ગિરફતાર કરવામાં આવે છે. અને તારી શિક્ષા પણ અહીં જ શરૂ થશે.
ડાર્ક સોલ્યુશન લાવો.

(નર્સ સોલ્યુશનનું પોતું કરી ડૉક્ટરને આપે છે. ડૉક્ટર એ કોમારોવની આંખોએ લગાડે છે.)

કોમારોવ : અરેરે ડૉક્ટર, મને કંઈ દેખાતું નથી. મારી આંખોએ અંધારાં આવી ગયાં.

બાયોસ્કી : હા... હા... (હસીને) કેમ ગભરાઈ ગયો? બોલ જીવવા ચાહે છે?

કોમારોવ : હા સાહેબ.

બાયોસ્કી : ટેપ વોટર લાવો.

(નર્સ સાદા પાણીનું પોતું કરી આપે છે. ડૉક્ટર કોમારોવની આંખોએ લગાડે છે.)

કોમારોવ : હાશ... હવે કંઈક દેખાય છે.

બાયોસ્કી : કોમારોવ, ઈસુ ખ્રિસ્તનો પ્રચાર કરવાની તેં ભૂલ કરી છે, એમ તું કબૂલે અને અત્યારે જ બદલાઈ જવા માંગે તો હું તને જીવતો છોડી દઈશ.

(કોમારોવ થોડો વિચાર કરે છે.)

કોમારોવ : ના... સાહેબ, એવું તો નહિ બને.

બાયોકી : તો પછી ભોગવ શિક્ષા. સિઝર લાવો, સ્કારપેલ લાવો. ચાલ તારો હાથ લાંબો કર.

(એક છાપામારૂ હાથ પડકે છે. ડૉકટર એક અંગૂઠાનો નખ ઉખાડી લે છે.)

કોમારોવ : બાપરે... ડૉકટર આટલી બધી નિર્દયતા!

બાયોસ્કી : (અંગૂઠા પર રૂ લગાડતાં) ચૂપ, એક શબ્દ પણ ઉચ્ચાર્યો છે તો! હજુ તો તને કંઈ જ કર્યું નથી. માટે ભલા ભાવે તારા ઈસુને છોડી દે તો હું તને છોડી દઈશ. બોલ, શું વિચાર છે?

કોમારોવ : ડૉકટર, મારા હાથમાં ખૂબ બળતરા થાય છે. અરેરે પ્રભુ...

બાયોસ્કી : ખામોશ, એ શું બોલ્યો? અહીં એવું બોલવું એ ગુનો છે. ચાલ જલદી કર, તારી જૂની વાતો મૂકી દે.

કોમારોવ : હું... હું... ના ડૉકટર, કદી જ નહિ.

બાયોસ્કી : (આંખો કાઢી) લાવો સિરીંજ અને પેલું જર્મ સોલ્યુશન.

(નર્સ સિરીંજ અને સોલ્યુશન આપે છે. ડૉકટર ઈન્જેકશન તૈયાર કરી ટેસ્ટ કરે છે. જો આ

ઈન્જેકશન ગરદન પર મૂકતાં એમાંના કીટાણુઓ તારા મગજમાં પેસી સડો કરશે. રાત-દિવસ તું પાગલ જેવો બની જઈશ માટે હજુ પણ વિચાર કરી લે.

કોમારોવ : ડૉકટર, મને મહેરબાની કરી છોડી દો.

બાયોસ્કી : શા માટે? તું દેશદ્રોહી છે. તને મોત પણ જલદી નહીં મળે તને રીબાવી રીબાવી મારીશું. છૂટવાનો ફક્ત એક માર્ગ છે. અને તે ઈસુ ખ્રિસ્તનો નકાર!

કોમારોવ : હેં... હેં... હેં... (અટકીને) નહિ. હું મારા પ્રભુને કદી ત્યજીશ નહીં.

બાયોસ્કી : તો ભોગવ એનું પરિણામ.

(એક છાપામારૂ કોમારોવને પકડે છે અને ડૉકટર કોમારોવની ડોકે ઈન્જેકશન આપે છે.)

કોમારોવ : અરે બાપરે, મરી ગયો મારું મગજ ચક્કર ચક્કર ફરે છે. મને શું થયું?

(કોમારોવ માથું ઢાળી બેહોશ થઈ જાય છે. ડૉકટર પાણી છાંટી ભાનમાં લાવે છે.)

બાયોસ્કી : એય, ચાલો બંધ કરો એની આંખો અને લઈ જાઓ એને પેલા કેન્સર વોર્ડમાં પણ દરરોજ એને મારી પાસે લાવતા રહેજો. એક પછી એક એના બધા નખ કાઢવામાં આવશે અને પછી દાંતનો વારો. એટલામાં તો એને કેન્સર લાગી જશે અને એ રીબાઈ રીબાઈને મરશે.

કોમારોવ : ભલે ડૉક્ટર, રીબાવો મને, મારી મારીને રીબાવો. મોતને ઘાટ પણ ઉતારો. તોય હું બદલાઈશ નહિ. કેમ કે એક વાર તો મરવાનું જ છે. પણ યાદ રાખો મારો ઈશ્વર મને ખૂબ ચાહે છે. એ તમને પણ ચાહે છે.

બાયોસ્કી : ચૂપ નામર્દ, ઈશ્વરના નામે મને ડરાવે છે. અમને તારી બનાવટી વાતોની કંઈ ખબર નથી. ચાલો એને જલદી આંખે પટ્ટી બાંધી, અહીંથી લઈ જાઓ.

(એક છાપામારુ પટ્ટી બાંધે છે અને બીજો પિસ્તોલ ધરી રાખે છે. પછી અને ત્યાંથી લઈ જાય છે.)

નેપથ્યમાંથી : સામ્યવાદી દેશોમાં ખ્રિસ્તીઓ સામે આવું નિર્દય વલણ અપનાવાય છે. જ્યારે આપણે આ દેશમાં ધાર્મિક સ્વાતંત્ર્ય ભોગવી સુખચેનથી જીવી રહ્યા છીએ.

ગીત : પ્રાણ મેં મારો દીધો, રક્ત દીધું વે'વાડી,
પાપથી છૂટો કીધો શેતાન, નીચો પાડી
મુજ જીવ આપ્યો. આપ્યો તુજ માટ
તેં શું આપ્યું મુજ માટ...

## દશ્ય - ૨

નેપથ્યમાંથી : કોમારોવનું અપહરણ કર્યે આજે છ મહિના થઈ ગયા. એ દરમિયાન એના પર તબીબી ક્રૂરતા આચરવામાં આવી. ઘણા દિવસ સુધી અને ભૂખે-તરસે રાખવામાં આવતો અને જ્યારે એ

મરી જવા જેવો થઈ જતો ત્યારે એને બીજી કોઈ પીડા આપવા બચાવી લેવામાં આવતો.

અહીં ડૉ. બાયોસ્કીનું સારવાર કેન્દ્ર એવા કેટલાક આત્મિક અને શારીરિક તંદુરસ્ત જીવોનો અનુપચાર કરે છે. જગતભરનાં કતલખાનાંને આંબી જાય એવું આ આપત્તિ મથક છે! (ડૉ. બાયોસ્કી ભૂરું ઝેર ભરેલો કાચનો પ્યાલો ઊઠાવે છે) આ કાચના પ્યાલામાં તૈયાર કરેલું ડંખીલું ઝેર ઇન્જેકશનો દ્વારા માનવીના મગજમાં ઉતારી દેવાય છે. શરીરમાં જ્યારે એની અસહ્ય પીડા ઉપડે અને માણસ મરણતોલ થઈ જાય, ત્યારે ઝેર-અવરોધક રસીનો મારો ચલાવી માનવીને ફરી કોઈ વેદના માટે બચાવી લેવાય છે. આજની પ્રભાતે ડૉ. ડેવિડ ડૉ. બાયોસ્કીના આપત્તિ-મથકની મુલાકાત લે છે.)

(ડૉ. ડેવિડનો મથકમાં પ્રવેશ થતાં જ સિપાઈની બંદૂક તેમના પર મંડાય છે.)

**સિપાઈ** : (બંદૂક બતાવી) સાવધાન....

**ડેવિડ** : (હિંમતથી ડૉ. બાયોસ્કીને સંબોધી) આ રહ્યું મારું ઓળખપત્ર. હું ડૉ. ડેવિડ છું. મારી નિમણૂક અહીંના કેન્સર સંશોધન કેન્દ્રમાં થઈ છે. મને એવી સૂચના કરવામાં આવી છે કે, તમારી પાસે કેટલાક કેન્સરના દર્દીઓ છે. તેઓ પર કેન્સર સંશોધન અંગે હું પ્રયોગો કરવા માગું છું.

બાયોસ્કી : અફ કોર્સ, તમે તેમ કરી શકો છો. પણ મારી પાસે કેન્સરના દર્દીઓ નથી. ફક્ત એક માણસને મેં ગળામાં કેન્સરનાં કીટાણુઓ ઉતારી તૈયાર કર્યો છે. જો કે કેન્સરનો તેનામાં જોઈએ તેટલો વિકાસ થયો નથી. પણ સાધારણ શરૂઆત થઈ છે.

ડેવિડ : તેને અહીં હાજર કરશો?

બાયોસ્કી : સ્યોર.

(ડૉકટર સિપાઈને ઇશારો કરે છે. અને તરત સિપાઈ કોમારોવને લઈ આવે છે.)

ડેવિડ : થેંક્યુ ડૉકટર બાયોસ્કી, આ માણસ પર પ્રયોગ શરૂ કરતાં પહેલાં મારે કેટલીક પૂછપરછ કરવી પડશે.

બાયોસ્કી : યસ, યૂ કેન.

ડેવિડ : (કોમારોવની નજીક જઈ) એય, તારું નામ શું છે?

કોમારોવ : કોમારોવ સાહેબ, કોમારોવ.

ડેવિડ : કોમારોવ? એવા તો એક માણસને હું પણ જાણું છું. મારાં જોતાં એને બે અપહરણકારો ઊઠાવી ગયા હતા. કોને ખબર એનું શું થયું! (અટકીને)... ઠીક તને શું થાય છે?

કોમારોવ : મને શું નથી થતું, એ પૂછો સાહેબ. અહીં આવ્યા પછી મારી દરેક આંગળીઓના નખ કાઢી લેવાયા છે. હમણાં દાંત પાડવાની ક્રિયા ચાલુ છે. મારી પર એવા અમાનુષી અત્યાચાર ગુજારવામાં આવે છે કે ઘડીભર તો હું મૃતપ્રાયઃ બની જાઉં છું. મને

ઘડીભર ચેન નથી પડતું. શરૂઆતમાં મને પાગલખાનામાં મોકલ્યો હતો અને હવે ત્યાંથી બીજી એક ગંદી જગાએ રાખ્યો છે. જ્યાં માનવશબો સડી રહ્યાં છે.

ડેવિડ : ડૉ. બાયોસ્કી, આ માણસને પાગલખાનામાં શા માટે રાખ્યો? એને બીજાં જંતુઓ લાગ્યા હશે તો કેન્સરના પ્રયોગો માટે એ નાપાક બની જશે.

બાયોસ્કી : ના ડૉ. ડેવિડ, એની પૂરી કાળજી લેવાય છે. એને અન્ય ચેપ લાગ્યો નથી.

ડેવિડ : કોમારોવ, તને અહીં ધકેલી દેવાનું કારણ શું? કેમ કે આ તો દેશદ્રોહીઓનું આપત્તિમથક છે.

બાયોસ્કી : એક્સક્યુઝ મી ડૉ. ડેવિડ, તમે એને એવા પ્રશ્નો પૂછી ન શકો.

ડેવિડ : વાય નોટ, આઈ કેન. હું પણ આપના જેવો ડૉકટર છું અને મારે તેની કેન્સર ચિકિત્સા કરવાની છે. સો પ્લીઝ ડોન્ટ ડિસ્ટર્બ મી. (કોમારોવને) યસ કોમારોવ, કહે તેં શો ગુનો કર્યો હતો?

કોમારોવ : પ્રભુપ્રચાર સાહેબ. એક દિવસ મારા ઘેર એક મેડિકલ સ્ટુડન્ટ સાથે ઈશ્વર સંબંધી વાતચીત કરતાં મને પકડી લેવાયો હતો. કહે છે કે હું દાણચોર છું, ગોડ્સ સ્મગલર!

ડેવિડ : શું કહે છે? ખરેખર એ તું જ છે? અરેરે હું આ શું સાંભળું છું? કોમારોવ, એ મેડિકલ સ્ટુડન્ટ હું પોતે જ હતો. તારા આ હાલ! ચાલ, હું તને

અહીંથી છોડાવવાનાં શપથ લઉં છું. કેમ કે દેશદ્રોહ જેવો તેં કોઈ ગુનો કર્યો નથી.

કોમારોવ : ના, ના, સાહેબ, મને બચાવવા જતાં તમે મુશ્કેલીમાં મુકાઈ જશો. અને મને છોડાવીને પણ શું કરશો? હું સારો લેખક હતો, પણ અહીં લાવીને મારી બુદ્ધિ બુઠ્ઠી કરી દેવામાં આવી છે. મારા શરીર પર બિનજરૂરી વાઢકાપ કરીને મને જાનવર જેવો કરી દેવાયો છે. અમારામાંના કેટલાકનું તો એક-એક ફેફસું અને એક-એક મૂત્રપિંડ કાઢી લેવાયું છે. તેઓ બિચારા જીવતી લાશોની માફક દમ ઘૂંટી રહ્યા છે (એકાએક ગળું પકડી) અરેરે પ્રભુ, મારા ગળામાં એકદમ પીડા થાય છે. આહ... આહ... હા યાદ આવ્યું; થોડા મહિના પહેલાં મને ત્યાં જર્મ સોલ્યુશન આપ્યું હતું.

ડૉકટર સાહેબ, હવે કહો, તમે મને છોડાવીને શું કરશો? એમ કરો, મારા શરીરને કેન્સર નિવારણના શુભ પ્રયોગો માટે ખુશીથી વાપરો. મારા પર જે કંઈ આકરા પ્રયોગો કરવાની જરૂર પડે એ હું ખુશીથી સહી લઈશ. અહીં કારાવાસમાં કૂતરાના મોતે મરવું, એથી ભલા કાર્ય માટે ભોગ ધરવો એ પુણ્ય લેખાશે મારા પ્રભુ ઈસુએ તો ક્રોસ પર એથી પણ વધુ આકરૂં બલિદાન સહ્યું હતું.

બાયોસ્કી : કોમારોવ, આ શું બકે છે ? બંધ કર તારો બકવાસ.

ડેવિડ : ડૉ. બાયોસ્કી, પ્લીઝ કીપ મમ.

કોમારોવ : હા ડૉકટર છેલ્લી વાત. બસ, બસ, બસ, (અટકીને દમ ભરતાં) તમને મારા પ્રત્યે થોડી પણ લાગણી હોય તો એ જરૂર વિચારજો કે દુનિયામાં ઈશ્વર જેવી શક્તિ છે. આ સુંદર દુનિયા, માનવજાત અને પશુપંખીઓ શું આપોઆપ સર્જાયાં હશે? ફેકટરીમાં ઉત્પાદન કરવાની કેમ જરૂર પડે છે ? કશું આપોઆપ બની જતું નથી. એથી પણ ઘણું કહી શકાય જો તમે ઈશ્વરને અપનાવશો તો આકાશમાં સ્વર્ગદૂતો આનંદ કરશે અને મારું આત્મિક સામર્થ્ય વધી જશે.

ડેવિડ : કોમારોવ, હું તારા પ્રભુ વિષે વિચારવા અને તેમને મારા જીવનમાં અપનાવવા પૂરી કોશિશ કરીશ.

બાયોસ્કી : (સિપાઈને) એય, ચાલ કોમારોવને અહીંથી લઈ જા અને ડૉ. ડેવિડ, હું તમારા વિશે સરકારને રીપોર્ટ કરું છું. યાદ રાખો ધૂળ ચાટતા થઈ જશો.

ડેવિડ : બેધડક ડૉ. બાયોસ્કી, તમે ફાવે તેમ કરો. એક જીવતા જીવને તમે આમ રહેંસી નાખતા હશો, એવો મેં કદી ખ્યાલ કર્યો ન હતો. એક તંદુરસ્ત જુવાનને કેન્સરભોગી કરી મૂક્યો! કેટલી નિર્દયતા!! આવતી કાલથી હું કોમારોવને કેન્સરમાંથી ઉગારી

લેવાના પ્રયોગો શરૂ કરીશ. આઈ એમ ગોઈંગ, ગૂડ બાય.

(ડૉ. ડેવિડ નીકળી જાય છે. ડૉ. બાયોસ્કી એમને જોઈ રહે છે. સિપાઈ કોમારોવની આંખે પટ્ટી બાંધી લઈ જાય છે.)

**નેપથ્યમાંથી :** સામ્યવાદી દેશોમાં કચડાતા માનવીઓની આવી અસહ્ય વેદના જાણ્યા પછી પણ શું આપણે જોઈ રહીશું? સુવાર્તાપ્રચાર એ આપણા માટે પડકાર છે. આપણા વર્તન અને વાણીમાં, આપણા કાર્યોની મૂલવણીમાં, બીજાઓને શું આપણે સુવાર્તા નહિ પ્રગટાવીએ? હજુ પણ મોડું થયું નથી. આજથી એની શુભ શરૂઆત કરીએ.

**O પડદો O**

# ૪ શાંતિ વાટે

## શાંતિ વાટે

(ખાસ નાતાલના તહેવારોમાં શાળાઓ અને પ્રભુમંદિરમાં રજૂ કરવા માટે અર્ધા કલાકનું નાટક)

### પાત્રો

રેખા : મધ્યમ વર્ગના કુટુંબની કોલેજ યુવતી
વિજુ : પ્રાથમિક શાળામાં ભણતો રેખાનો નાનો ભાઈ
આનંદ : યુવાન સમાજ-સેવક
શામૂ : શરાબી યુવક
મોના : ખાનદાન કુટુંબની ફેશનેબલ યુવતી
શેખર : અસામાજિક તત્ત્વ ગણાતો યુવાન
કિશોર : માધ્યમિક શાળામાં ભણતો મોનાનો ભાઈ

**સાધન સામગ્રીઃ-**

બધાં પાત્રો માટે આધુનિક સુંદર વસ્ત્રો પહેરી શકાય. એ સિવાય પિસ્તોલ, ચપ્પુ, બગલથેલો, કાચના ૩-૪ ગ્લાસ, ટ્રે, દારૂની બોટલ, ગભાણનું દશ્ય, નાતાલનાં ગીતોની કેસેટ અને પ્લેયર.

(રેખા પોતાનાં ઘરમાં એક ચોપડી લઈ વાંચતી હોય છે એટલામાં સામાજિક કાર્યકર ભાઈ શ્રી. આનંદનો પ્રવેશ.)

રેખા : આવો ભાઈ, બેસો.

(આનંદ બેસે છે. થોડું રોકાઈને-)

રેખા : આ-આપનો પરિચય?

આનંદ : મારું નામ આનંદ. અમે કેટલાક મિત્રો મળી સમાજસેવાનું કાર્ય કરીએ છીએ. કેટલાંક કુટુંબોની મુલાકાત કરી, તેમને વિષે માહિતી મેળવીએ છીએ અને જેઓને જરૂર હોય તેઓને અમારાથી બનતી મદદ કરીએ છીએ.

રેખા : આપ ખરેખર ઘણી મોટી સેવા કરો છે. મારે લાયક કંઈ સેવાની જરૂર પડે તો જરૂર કહેજો.

આનંદ : થેંક્યુ રેખાબહેન, (અટકીને) - હું આપના કુટુંબ વિષે થોડી વાત કરવા માગું છું.

રેખા : જરૂર કરો, મને કંઈ વાંધો નથી.

આનંદ : પ્રથમ તમને ખાતરી આપું છું કે, આપણી વાત ખાનગી રહેશે. તો હું જાણું છું તે મુજબ તમારા પિતાજી કંઈ નોકરી કરતા નથી પણ તમારાં મા સર્વિસ કરે છે, બરાબર?

રેખા : હા જી, મારાં મા શિક્ષિકા છે અને એ જ અમારા કુટુંબનો બોજ ઊઠાવે છે. પપ્પા તો કમાતા નથી અને વળી શું કહું... (અટકીને) દારૂની કુટેવમાં ફસાયા છે. અમને ખૂબ મુશ્કેલી પડે છે. (ગળગળી થઈ જાય છે.) હું અત્યારે કોલેજમાં અભ્યાસ કરું છું. કોલેજ-ખર્ચમાં મને થોડીઘણી મદદ તો મારી બહેનપણી રૂપા કરે છે.

(એટલામાં રેખાનો નાનો ભાઈ વિજુ રડતો રડતો ઘરમાં પ્રવેશે છે. મિ. આનંદ ઊભા થઈ જાય છે. રેખા દોડીને વિજુની કમરે હાથ વીંટાળી દે છે અને પોતાની પાસે લાવે છે.)

રેખા : વિજુ, તને શું થયું? બોલ તું કેમ રડે છે?

વિજુ : (રડતાં રડતાં) બહેન, આજે મેં એક છોકરાનો એક રૂપિયો ચોરી લીધો હતો. હું પકડાઈ ગયો. મને પ્રિન્સિપાલ સાહેબે ખૂબ માર્યો અને નિશાળમાંથી કાઢી મૂકવા કહ્યું છે. (તે વધારે રડવા લાગે છે.)

રેખા : વિજુ, તું જરાય ચિંતા કરીશ નહિ, તને કોઈ કાઢી નહિ મૂકે. પણ તેં ચોરી કરી, એ તો મોટી ભૂલ કરી છે.

વિજુ : પણ બહેન, મને રીસેસમાં ખૂબ ભૂખ લાગી હતી અને મારી પાસે એક પણ પૈસો ન હતો.

રેખા : તેથી તું ભૂખે તો મરી ન જાત ને! બીજા દિવસે હું તને પૈસા આપત. જો વિજુ સારા છોકરાઓ કદી ચોરી ન કરે.

વિજુ : બહેન! હવે હું કદી ચોરી નહિ કરું. ખરેખર મેં ભૂલ કરી છે. મને માફ કરો. શું મને સ્કૂલમાં ભણવા દેશે?

રેખા : જોયુંને મિસ્ટર આનંદ, બાપને શું ખબર કે એમનાં પાછળ બાળકોનાં શું હાલ થાય છે.

આનંદ : બહેન, તમે જરાય ચિંતા ન કરશો. વિજુના પ્રિન્સિપાલ સાહેબ સાથે મારો સારો પરિચય છે. હું તેમને વિજુ માટે વાત કરીશ. આવતા મહિનાથી અમે વિજુની ફી ભરીશું અને તમે તેની ફી ભરો છો, તે પૈસા તેને વાપરવા માટે આપતા રહેજો.

રેખા : મિસ્ટર આનંદ, હું તમારો ઉપકાર કદી નહિ ભૂલું.

આનંદ : અને વિજુ, તેં હમણાં કહ્યું તેમ હવે પછી કદી ચોરી કરીશ નહિ. જો તારી બહેનને કેટલું દુઃખ થયું! અને તારા પપ્પા અને મમ્મી જાણે તો?

વિજુ : બાપરે, તો તો હું મરી ગયો!

આનંદ : વિજુ, તું ગભરાઈશ નહિ. તારી વાત કોઈ નહિ જાણે. (રેખાને) બહેન તમારી માફક દુનિયામાં ઘણા લોકો દુઃખી છે. એ બધાંને કેવી રીતે પહોંચી શકાય? ચાલો ત્યારે હું આગળ વધું.

રેખા : મિસ્ટર આનંદ, એમ અમને કોઈના દુઃખમાં ભાગીદાર થવાની તક પ્રાપ્ત થતી હોય, તો અમે આપની સાથે જોડાઈ શકીએ?

આનંદ : ખુશીથી પધારો, આપણે બધાં સાથે મળીને જેઓની મુલાકાત લેવાય તેઓને મળીશું. જેઓને સાથે લઈ શકાય તેઓને લઈ 'શાંતિ-માર્ગ' તરફ પ્રયાણ કરીશું, જ્યાં પ્રેમ, શાંતિ અને આનંદ છે.

(ત્રણે જણ ઘરમાંથી નીકળી ધીમે ધીમે આગળ વધે છે.- એ દરમિયાન સંગીત વાગે-રસ્તામાં ચાલતાં એક શરાબી મળે છે. નશામાં ચકચૂર થઈ એ સિનેમાનું ગીત લલકારતો હોય છે. આનંદ, રેખા અને વિજુ ત્યાં થોભી એને જોઈ રહે છે.)

શામૂ : મને શું જોઈ રહ્યા છો, તમને ખુદને જુઓ, આ શરાબનો પ્યાલો જરા ચાખી તો જુઓ!

(શામૂ લથડિયાં ખાય છે અને ત્રણેય એને હસે છે.)

શામૂ : મને હસો છો? અચ્છા હસો ભાઈ હસો તમારા દિવસો છે. એક વખત હું પણ મારી જાતને તમારી માફક ખુશનસીબ સમજતો હતો. મને લોકો શામૂ કહેતા.

પણ હવે બધું ચાલ્યું ગયું. ખેલ ખતમ. નથી મા-બાપ કે દોસ્ત અને આજ સુધી જેની ઇંતેજારી હતી એ... એ... (કહેતાં ગબડી જાય છે અને ફરી ઊભો થાય છે.) એ... શાન્તાની શાદી થઈ ગઈ. ફક્ત એકલો હું જ રહી ગયો અને તમે મને હસી કાઢો છો? બહુ સારું, તમારા ભાગ્યમાં ખુશી છે, પણ મારા ભાગ્યમાં દુઃખ-દર્દ સિવાય બીજું કશું રહ્યું નથી.

આનંદ : શામબાબૂ, તમે આ શું કહી રહ્યા છો? ચાલો અમે પણ તમારા દુઃખના ભાગિયાં થઈશું.

શામૂ : હા... હા... (હસીને) શું વાત કરો છો? મારું દુઃખ. જેમાં મારાં પોતાનાં સગાં-સ્નેહીઓએ સાથ ન આપ્યો, મારા મિત્રો અને જેઓને હું પોતાના ગણું છું તેઓ બધા મને તરછોડી ગયાં- એમાં શું તમે ભાગીદાર થશો? જાઓ જાઓ, મારી મશ્કરી ન કરો. તમારે રસ્તે પડો. અહીં શું તમાશો જોવા ઊભા છો? હું એકલો સારો છું. (શરાબનો ગ્લાસ બતાવી) આ મધુરી શરાબની મજા માણી હું મારું દુઃખ ભૂલવા માગું છું.

રેખા : ના ભાઈ, શરાબ પીવાથી કંઈ ફાયદો નથી અમે પણ તમને કંઈ આપી દેવાના નથી. પણ તમારી મદદ કરવા જરૂર પ્રયત્ન કરીશું.

શામૂ : હા... હા... હા... મારી મદદ? બોલો શું આપશો? તો બરાબર ધ્યાનથી સાંભળો : મને ધન કે દોલત ન જોઈએ; નહિ કપડાં કે મકાન; મારી શાન્તાની કસમ, હવે કોઈ પત્ની ન જોઈએ કે ન પુત્ર (અટકીને) ફક્ત એક આશા છે. મારા ખાલી જીવનમાં કોઈ પ્રેમ

ભરી દે. મારી ખાલી ઝોળીમાં કોઈ શાંતિ-ભિક્ષા ભરી દે.

આનંદ : શામબાબૂ, તમે એ બરાબર સમજ્યા છો કે તમારા ખુદના સ્નેહીજનો તમને પ્રેમ કરી શક્યાં નથી, તો પછી અમે કોણ? પણ અમે વિનંતી કરીએ છીએ કે તમે અમારી સાથે ચાલો, કેમ કે અમે એ શાંતિ-રાહ તરફ જવા માગીએ છીએ. જ્યાં પ્રેમ-પ્રેમ અને શાંતિ-શાંતિ હોય.

શામૂ : (આશ્ચર્યચકિત થઈ) વાહ વાહ દોસ્ત, શું વાત કરે છે ! તો મને પણ ત્યાં લઈ જા ને. એ માર્ગ ગમે તેવો મુશ્કેલ હોય તોપણ હું તમારી સાથે રહીશ. કદી થાકીશ નહિ.

રેખા, આનંદ : અમે તમારો સાથ નિભાવીશું.

(એ સાથે શામૂ પોતાના હાથમાંની દારૂની બોટલ ફેંકી દઈ હાથ લંબાવે છે. તેને એક બાજુએથી આનંદ અને બીજી બાજુએથી વિજુ પકડે છે. તેઓ આગળ વધે છે અને આગળ જતાં એક ઘરમાં પ્રવેશે છે. ત્યાં મોના સુઘડ વસ્ત્રોમાં તૈયાર થઈ વાળ ઓળતી હોય છે. તે બધાંને ઘરમાં આવકારે છે.)

મોના : વેલકમ મિસ્ટર આનંદ, આજે કેમ એકાએક આવવું થયું? કોઈ નાટક, કે સમાજસેવા માટે દાન લેવા આવ્યા છો? અને આ બધાં કોણ છે ?

આનંદ : એ બધી વાત પછી કહું છું. પણ પહેલાં અમને પાણી પા. ખૂબ તરસ લાગી છે.

મોના : ઓ શ્યોર (કહી પાણી લેવા જાય છે. એ દરમિયાન બધાં ખુરશીમાં ગોઠવાય છે, પાણી લાવી દરેકને આપે છે. અને છેલ્લે શામૂને પાણી આપતાં)

મોના : અરરર... છી..... હું ઈઝ ધીસ ડ્રન્કાર્ડ? મિસ્ટર આનંદ, આઈ એમ સોરી. જો મારા ડેડે જોઈ ગયા તો મારી ખેર નહિ. તમારે જોઈએ તેટલું દાન લઈ જાઓ, પણ આવા ગમે તે માણસને મારા ઘરમાં ન લાવશો.

શામૂ : (ઊભા થવાની કોશિશ કરતાં) મિસ્ટર આનંદ. હું જાઉં છું. હું કહેતો હતો કે, મને કોઈ શાંતિ નહિ આપી શકે. બોલો ક્યાં છે એ તમારો શાંતિરાહ, જ્યાં પ્રેમ પ્રેમ છે?

આનંદ : મિસ્ટર શામૂ, પ્લીઝ બેસી જાઓ. તમે અમને વચન આપ્યું છે કે તમે તમારી સાથે રહેશો. તમારે એ વચન પાળવું પડશે.

એન્ડ એક્સક્યુઝ મી મિસ મોના, અમને ખૂબ તરસ લાગી હતી માટે ફક્ત પાણી પીવા તમારે ત્યાં આવ્યા છીએ. અમે શાંતિ-માર્ગ તરફ જઈ રહ્યાં છીએ એ માટે તમારા લાખો રૂપિયાના દાનની પણ કોઈ કિંમત નથી. તમે એક ભગ્ન-હૃદય માનવીને પાણી ન પાઈ શક્યા. ચાલો અમે જઈએ. થેંક્યુ સો મચ.

મોના : મિસ્ટર આનંદ, આઈ એમ વેરી સોરી, સાચું કહું તો મારા જીવનમાં પણ શાંતિ નથી. કલબ-સિનેમામાંથી રાત્રે મોડી ઘેર આવું છું. મને શાંતિથી ઊંઘ પણ આવતી નથી. મારી પાસે શું નથી? કપડાં, ઘરેણાં અને ઘણું બધું. પણ પ્રેમ અને શાંતિની વાત શું કરું? જો તમે શાંતિમાર્ગે મને સાથે લેવા માગતા હો, તો હું જરૂર સામેલ થઈશ.

રેખા : વન્ડરફૂલ, એકથી ભલા બે. બહેન હું પણ તારા જેવી

દુઃખિયારી છું. મારા જીવનમાં શું શું બન્યું એ બધું તને કહી બતાવીશ. અમારી શાંતિકૂચમાં તું સાથે હોઈશ, તો મને હિંમત રહેશે.

વિજુ : તો હવે મારે બે બહેનો થશે હા... (હસે છે.)

(એ સાથે બધા આગળ વધે છે - સંગીત - રસ્તામાં શેખર એક છોકરાને પિસ્તોલની અણીએ લઈ જતો હોય છે. તેઓને જોતાં જ મોના જોરથી બૂમ પાડે છે.)

મોના : બચાવો... મારા ભાઈને બચાવો.

(એ સાંભળતાં જ શામૂ દોડીને શેખર સામે ઊભો થઈ ચપ્પુ કાઢી ધરી દે છે.)

શામૂ : ખબરદાર, એક પગલું પણ ભર્યું છે તો જાનથી મારી નાખીશ.

મોના : શામબાબુ, મારા ભાઈને ગમે તેમ કરી બચાવો.

શેખર : (મોનાને) હું જાણું છું. આ તારો ભાઈ છે. એના પહેલાં તું હાથમાં આવી હોત તો તારી દશા આનાથી પણ ભૂંડી થાત, સમજી?

શામૂ : ચૂપ કર. શું બકે છે? એક નિર્દોષ બાળકને આમ ઊઠાવી જતાં તને શરમ નથી આવતી? એણે બિચારાએ તારું શું બગાડ્યું છે?

શેખર : અરે જા, તું કોણ પૂછનારો? એની તિજોરીમાં લાખો રૂપિયા છે, કેમ છોકરી? એક બાજુ કેટલાક લોકો ભૂખે મરે છે, ત્યારે બીજી બાજુ એવા ધનવાનો એશઆરામ કરે છે. મારા ઘેર દાણા-પાણી નથી અને એ લોકો રોજ મિષ્ટાન્ન જમે છે. એવા લોકોને ચેનથી ન જીવવા દેવાની મેં કસમ ખાધી છે. આ છોકરાને બાન પકડી

એના બાપ પાસેથી હજારો રૂપિયા પડાવી લઈશ, હા... હા... હા...

મોના : નહિ... બચાવો મારા ભાઈને.

શામૂ : મોના, ચૂપ રહે. મારી હાજરીમાં તારા ભાઈને અહીંથી લઈ જવાની એની મગદૂર છે ? એય, એક ડગ પણ આગળ ખસ્યો તો આ ચપ્પુ તારા પેટમાં હુલાવી દઈશ.

શેખર : સૂવર, શેખરને દબાવે છે. એય છોકરા, ચાલ.

(શેખર છોકરાને પિસ્તોલનો ગોદો મારે છે. એ સાથે જ શામૂ લાત મારી પિસ્તોલ હવામાં ઉડાડી દે છે. અને ચપ્પુ એના પેટ પર ધરી દે છે. એ સાથે જ મોના પોતાના ભાઈ કિશોરને ખેંચી લે છે, અને આનંદ નીચેથી પિસ્તોલ ઊઠાવી લે છે. શેખર ગભરાઈને હાથ ઊંચા કરી ‘‘હેન્ડ્ઝ અપ’’ થઈ જાય છે)

આનંદ : (શેખર તરફ પિસ્તોલ રાખી) શામબાબુ, શેખરને કંઈ કરશો નહિ કેમ કે કિશોર તેમના હાથમાંથી છૂટી ગયો છે.

શેખર : (ગભરાતા) હા ભાઈ હા, હવે એ આઝાદ છે.

શામૂ : મિસ્ટર આનંદ, તમે આ રાક્ષસને બરાબર ઓળખતા નથી. કાં તો તમે એને ગોળીએ દો અથવા મને સોંપી દો.

કિશોર : નહિ શામબાબુ, એમને જવા દો, કેમ કે હવે હું છૂટી ગયો છું.

મોના : કિશોર તું બહુ દયાળુ છે. (કહી એનું માથું દબાવી દે છે.)

રેખા : હા શામબાબુ, એમને જવા દો. આપણે કંઈ નથી કરવું.

આનંદ : સાચી વાત છે. આપણે શાંતિ મેળવવા જઈ રહ્યાં છીએ એટલે હિંસા કરવી એ પાપ છે.

વિજુ : બરાબર છે. ખૂન કરવું એ મહાપાપ છે.

શેખર : તમે બધાં કેટલાં ભલાં છો. હું લાચાર છું કે તમને ઓળખી ન શક્યો. હું તમારો દુશ્મન હોવા છતાં તમે મને ક્ષમા બક્ષી, કેવું અજાયબ! હું હવે કોઈનેય હેરાન નહીં કરું. મારી પોતાની કમાણી કરી ખાઈશ. મારા વર્તન બદલ મને ક્ષમા કરો (અટકીને) અને તમે બધાં એક સાથે ક્યાં જાઓ છો?

આનંદ : આજે આપણા શહેરમાં નાતાલ એટલે ક્રિસ્ટમસની શાનદાર ઊજવણી છે. સાચે જ એ પ્રેમ અને શાંતિનો દિવસ છે. એમાં ભાગ લેવા અને ઈસુના પ્રેમ, શાંતિ અને આનંદ અનુભવવા અમે ત્યાં જઈ રહ્યાં છીએ.

શેખર : શું મને તમારી સાથે લેશો? કેમ કે હું પણ પ્રેમ અને શાંતિનું સાચું સ્વરૂપ જોવા માગું છું.

આનંદ : ચાલો મિત્રો, તમે કહો, શેખરને આપણે સ્વીકારીશું ?

મોના : હા, તે જરૂર આપણી સાથે જોડાઈ શકે.

શામૂ : (શેખરને) મિલાવો હાથ.

(બેઉ હસ્તધૂનન કરે છે અને બધાં હસે છે.)

રેખા : શેખરબાબુ, અમે આપને આવકારીએ છીએ.

કિશોર : હું પણ આવકારું છું. હવે એ મારા મોટા ભાઈ છે.

વિજુ : અને મારા પણ.

આનંદ : તો ચાલો આપણે ગાતાં ગાતાં આગળ વધીએ.

(ગાતાં ગાતાં બધાં ચાલી નીકળે છે. સામે એક તારો ચમકતો દેખાય છે. પ્રભુ ઈસુના જન્મસ્થાન-ગભાણનું દશ્ય નજરે પડે છે.

બે બાજુ બબ્બે દૂતો ઊભા છે. નાતાલનાં ગીતો સંભળાય છે. સાતેય જણ ગભાણ પાસે આવી થંભે છે. ગીતોનો અવાજ ધીમો થતાં નેપથ્યમાંથી (ઉદ્‌ગાર)

**સંદેશ :** મિત્રો, આ રાત દુનિયા માટે પ્રેમ અને શાંતિનો પૈગામ લઈ આવે છે. કેમ કે ઈશ્વરે પાપી અને દુઃખી પ્રજા પર અનહદ પ્રેમ દેખાડ્યો. "કેમ કે ઈશ્વરે દુનિયા પર અનહદ પ્રેમ કરી, પોતાના એકમાત્ર પુત્રને જગત પર મોકલ્યા એમના પર જે કોઈ વિશ્વાસ રાખશે તેનો નાશ નહિ થાય પણ એને મોક્ષ મળશે. એ પ્રેમસ્વરૂપ આજથી બે હજાર વર્ષ પહેલાં દુનિયામાં દેહધારી થયા હતા. લોકોના રોગ, દુઃખ અને પાપ દૂર કરવા તેમણે પોતાનું જીવન ખરચી નાખ્યું. આજે પણ જે કોઈ માનવી એ પ્રેમસ્વરૂપને હ્રદયથી સ્વીકારે છે. એ સાચો પ્રેમ અને નિરવ શાંતિનો અનુભવ કરી શકે છે. એ પ્રેમ અને શાંતિસ્વરૂપને અનુભવવા નાતાલનો આ મહાદિન આપને આવકારે છે.

(એ સાથે બધા ઘૂંટણે પડે છે અને નાતાલ સંગીત સંભળાય છે.)

"આનંદ જગમાં તારક જનમ્યો
સત્કાર અવની તુજ રાય"

**O પડદો O**

# ૫ ફ્રેન્ડ સર્કલ

## ફ્રેન્ડ સર્કલ

(કોઈ પણ વારતહેવારે જુવાનો દ્વારા રજૂ કરવા માટે પોણા કલાકનું નાટક)

## પાત્રો

**શ્રી. સેમ્યુલ** : વયોવૃદ્ધ ખ્રિસ્તી આગેવાન
**જોય** : યુવાન વાદ્યકાર
**જયેશ** : સિને-રસિયો જુવાન
**પ્રીતિ** : યુવાન લેખિકા
**રોઝમેરી** : કોલેજ યુવતી
**આનંદ** : રમૂજી યુવક

**સાધન સામગ્રીઃ-**

પાંચ ખુરસીઓ, ટીપોઈ, સામાયિકો, ખ્રિસ્તી કેલેન્ડર, વાયોલિન.

(સાંજનો સમય છે. ફ્રેન્ડ સર્કલમાં પાંચ ખુરસીઓ આમતેમ પડેલી છે. વચ્ચેની ટીપોઈ પર કેટલાંક માસિકો પડેલાં છે. સામેની દીવાલ પર એક બાઈબલ લવર્સ કેલેન્ડર અને એક નટ-નટીનું કેલેન્ડર લટકે છે. જોય એક ખુરશીમાં બેસી વાયોલિન વગાડવામાં તલ્લીન છે. વાયોલિનના સૂર વિખરાતા જાય છે. ફ્રેન્ડ સર્કલમાં કુત્રિમ અજવાળું પ્રકાશી ઊઠે છે. અને થોડી વારમાં જયેશ પ્રવેશે છે.)

જોય : (વાયોલિનવાદન અટકાવી) વેલ કમ જયેશ, હાઉ આર યૂ?

જયેશ : વેરી ફાઈન, બોલ શું ચાલે છે?

જોય : બસ જોને, આપણે તો મસ્તરામ! આવ બેસ. (કહી પાસેની ખુરસી દર્શાવે છે.)

જયેશ : (ખુરસીમાં બેસતાં) હા, તું અને તારું વાયોલિન, એ સિવાય બીજો પણ વિચાર કરે છે ખરો?

જોય : (મંદ હાસ્યસહિત) કેમ, કેવો વિચાર? તારો શું ખ્યાલ છે?

જયેશ : આપણને તો તારા જેવું સંગીત આવડતું નથી ને! નહિ તો બોમ્બે નગરીમાં મહાલતા ન હોત! ખબર છે ને, આજકાલ ફિલ્મ સંગીતની ખૂબ બોલબાલા છે. લોકોને કલ્યાણજી આણંદજી અને રાહુલદેવ બર્મનનાં નામ મોઢે ચઢી ગયાં છે.

જોય : હવે સમજાયું, તને ફિલ્મી દુનિયાનો ચસ્કો લાગ્યો છે, એમ કહેને! જરૂર પડે તો કહેજે. આપણી ત્યાં ઘણી લાંબી ઓળખાણ છે.

જયેશ : હેં શું કહ્યું? લાંબી ઓળખાણ છે, કોની કોની? દેવાનંદ, દિલીપકુમાર, અમિતાભ બચ્ચન કે કોઈ નિર્માતાની?

જોય : બસ, બસ રહેવા દે. કોઈ નિર્માતા દિગ્દર્શક આપણી વાત સાંભળી ગયા તો આપણ બંનેને પકડી બોમ્બે લઈ જશે અને આપણા જવાથી ફ્રેન્ડ સર્કલ ફડચામાં જશે.

જયેશ : (હસતાં હસતાં) કેમ વળી, આપણામાં એવું શું છે?

જોય : અરે યાર, તું છે તો અમે રોજ ઘેર બેઠા જુદા જુદા કલાકારોની નકલ જોઈ શકીએ છીએ અને ક્યારેક ગીતોની રંગત તો ક્યારેક શાયરીની મજા માણીએ છીએ.

જયેશ : (આંગળી વડે જોયના વાળને વિખેરતાં) એય, મજાક તો નથી કરતો ને? કેમ કે એમ તો તમે બધા આનંદની પ્રશંસા કરો છો.

જોય : આનંદ... હા... હા... હા... (હસીને અટકી જઈ) એ વાત જુદી છે. તું નહિ સમજે.

જયેશ : કેમ, મારાથી કંઈ છાનું રખાયું છે? (મોં બનાવીને) ઓલ રાઈટ-જોય, એક બીજી ખાસ વાત કહું.

જોય : બોલ.

જયેશ : જો કોઈ સાંભળી ગયું તો ભારે થશે. જાણે છે ને, દીવાલને પણ કાન હોય છે.

(ક્ષણભર જોય અને જયેશ એકબીજાને જોઈ રહે છે. પછી જયેશ ધીમેથી ખુરસીમાંથી ઊઠી જોયની લગોલગ પહોંચી જાય છે. એટલામાં સુંદર વસ્ત્રોમાં રોઝમેરી પ્રવેશે છે. જયેશ ચોંકી જાય છે અને પોતાની જગાએ પાછો ફરે છે. જોય મંદ હાસ્ય કરે છે, જ્યારે રોઝમેરી સ્ટેચ્યુ થઈ જાય છે.)

જોય : હાય રોઝી, આજે પ્રીતિને ન લાવી?

રોઝમેરી : (સ્મિત ફરકાવી બેઠક લેતાં) હું તો ઘેરથી સીધી જ અહીં આવી છું. એના ત્યાં ગઈ નથી. પણ જય કેમ

ચૂપ છે? હમણાં તો તમે બેઉ કંઈ ગુસપુસ કરતા હતા.

જયેશ : (સંકોચાતાં) આહાહાહા... હમણાં જ અમે તમને...!

રોઝમેરી : શું યાદ કરતા હતા, એમ જ ને? જવા દો બધી વાતો. યાદ કરોને તમારી હેમા માલિનીને!

(જોય ખડખડાટ હસે છે, જ્યારે જયેશ થોડું હસે છે.)

જોય : હા તો જય, આજે શું સાંભળવા મળશે? ગીત કે શાયરી.

રોઝમેરી : સંવાદ, શાયરીમાં આપણને રસ નથી અને ડ્રામા તો આપણે બહુ સાંભળી નાખ્યા. આપણી વચ્ચે આ ડ્રામા તો ચાલી રહ્યો છે. પણ આજે જયેશકુમાર એક ફિલ્મ ગીત પેશ કરશે.

જોય : (તાળીઓ પાડી) વાહ વાહ, રોઝીની ઓફરનો નકાર ન થાય. બોલ જય કયું ગીત ગાશે?

જયેશ : અરે જવા દોને યાર, ફરી કોઈ વાર, આપણો અવાજ ક્યાં એટલો સારો છે.

રોઝમેરી : નો જય પ્લીઝ, પેલા લોકો આવે તે પહેલાં આપણું ગીત ખતમ-ચાલને, જોય તને ટ્યૂન આપશે. પછી ડ્રામા સાંભળીશું અને પછી શાયરી પણ...

જોય : (ખોંખારો કરી) તો થઈ જાય, મહેબૂબાનું 'મેરે નૈના સાવન ભાદો.'

રોઝમેરી : (તાળી પાડી મુક્ત હાસ્ય સાથે) વાહ વાહ, ક્યા ફરમાઈશ હૈ!

જયેશ : (મૂડમાં આવી ઊભા થઈ) લેડીઝ એન્ડ જેન્ટલમેન, મને જૂનાં ગીતોમાં વધારે દિલચસ્પી છે એટલે હું ફિલ્મ 'યહૂદી'નું 'યે મેરા દિવાનાપન હૈ' સંભળાવીશ.

(જયેશ ધીમેથી ગાવાનું શરૂ કરે છે. જોય વાયોલિન ધૂન વગાડે છે. ગાતાં ગાતાં જયેશ એક્ટીંગ કરતો જાય છે અને આમતેમ નજર ફેરવે છે. રોઝમેરી ગીત સાંભળવામાં તલ્લીન થઈ જાય છે. ચાલુ ગીતે આનંદ પ્રવેશે છે. તે મલકાતાં મલકાતાં જયેશની આજુબાજુ ફરે છે. રોઝી અને જોય ખુશખુશ થઈ ઊભાં થઈ જાય છે. ધીમેથી પ્રીતિ પ્રવેશે છે. તેની આંખ જયેશ સાથે મળતાં જ ગીત બંધ થઈ જાય છે. પ્રીતિ ટીપોઈ પરથી એક મેગેઝીન ઊઠાવી ખુરસીમાં ગોઠવાઈ જાય છે જ્યારે જોય અને રોઝમેરી તાળીઓ પાડે છે.)

**આનંદ :** (તાળીઓ બંધ થતાં) બોસ, લોચા, એકદમ લોચા. આપણે કહીએ છીએ કે આવા આદમીનો મુંબઈની ફૂટપાથ ઉપર કોઈ ભાવ ન પૂછે.

**રોઝમેરી:** બેસ બેસ હવે, બહુ સારું ગાયું. વેરી ગૂડ જયેશ!

**આનંદ :** સારું ગાયું, એ તો હુંય જાણું છું. પણ ભાઈસાહેબ અટકી કેમ ગયા? શરમ લાગી કે બીક? કેમ શું ખ્યાલ છે પ્રીતિબાલા?

**પ્રીતિ :** એય, તને ટીખળ સૂઝે છે. બાકી મને તો તમારું ગાવું મજાક, મશ્કરી વગેરે પસંદ નથી. કેટલીય વાર તમે એ ભૂલી જાઓ છો કે આપણે ખ્રિસ્તી જુવાનો છીએ.

**આનંદ :** (ખુરસી લેતાં) ઓ, આઈ એમ સોરી. તને ખોટું લાગ્યું? ચાલ હવે તારી વાત નહિ ભૂલીએ.

**જોય :** ઓ. કે. પ્લીઝ સીટ ડાઉન.

(જયેશ અને રોઝમેરી બેસી જાય છે.)

**જોય :** અરે ભાઈ, આગંતુકોનું સ્વાગત તો કરો.

**પ્રીતિ :** મિસ્ટર જોય, સ્ટૉપ જોકીંગ.

જોય : અરે પ્રીતિ, આજે તને શું થઈ ગયું છે?

આનંદ : (ઊભા થઈ) જોય બેસ, એનો મિજાજ હું ઠેકાણે લાવી દઉં છું.

મિસ પ્રીતિબાલા, આથી તમને તાકીદ કરવામાં આવે છે કે ત્રણ અંક પોકાર્યા પહેલાં તમારે જરૂર હસવું નહિ તો ફ્રેન્ડ સર્કલ તમારી સામે વિનોદભંગનાં પગલાં લેશે.

રેડી વન, ટુ... (અને તરત પ્રીતિ હસી પડી બધાએ ખૂબ તાળીઓ પાડી.)

જોય : (ઊભા થઈ, આનંદની પીઠ ઠોકતાં) શાબાશ આનંદ તેં કમાલ કરી. હવે વાતાવરણમાં કંઈક ઉષ્ણતા વ્યાપી. (આનંદને ખભે હાથ દઈ બેસાડી દેતાં) બોલ હવે તારી નવાજૂની.

આનંદ : વાત સારી પૂછી. (જયેશને દર્શાવી) જેમ આ સાહેબ ફિલ્મ દુનિયામાં જવા વિચારે છે, તેવું આપણે નથી ભાઈ!

જયેશ : તો કેવું છે સાહેબ, એ તો કહેશો ને!

આનંદ : ભાઈ, આપણે રહ્યા ફેકટરી વર્કર, મજૂર કહોને, આપણાથી કોઈ સ્વપ્નું ના જોવાય. ફેકટરીમાં સુપરવાઈઝરનો પડ્યો બોલ ઝીલવો પડે અને ઘેર અર્ધાંગીનીનો! કામ કરીને પણ ગાળો તો ખાવાની જ. તમને આંખો નથી? બટાકા ઢીલા કેમ લાવ્યા? ડુંગળી બધી નાની નાની છે અને લીલો મસાલો તો ભૂલી જ ગયા. (બધા હસે છે.)

રોઝમેરી : તો શાદી કરતાં પહેલાં એ બધું વિચારવું હતું ને? ભાભીને પણ એવી જ માથાકૂટને.

જોય : રોઝી બરાબર કહે છે. આપણે તો ફેમિલી પ્લાનિંગના ટેકામાં મોડેથી લગ્ન કરીશું.

આનંદ : વાહ, તું નંગ પાક્યો ખરો! એમ કહેને કે લગ્ન કરવું જ નથી.

રોઝમેરી : અરે બસ ગમેતેમ બકે જાઓ છો, પછી પ્રીતિ ગરમ થાય જ ને. જરા એનું પણ ધ્યાન રાખ્યા કરો.

જયેશ : હા એને કેમ પડતી મૂકી. થવા દો ને કોઈ રીલીજિયસ ટોપીક.

પ્રીતિ : (મેગેઝિનમાંથી ધ્યાનભંગ કરી) પ્લીઝ ડોન્ટ ડિસટર્બ મી. મને સારો લેખ વાંચવા મળી ગયો છે.

જોય : પ્રીતિને સારો શોખ છે. હમણાં લેખનકાર્યમાં શું ચાલે છે?

પ્રીતિ : 'ચાંદની'માં મેં એક વાર્તા મોકલી છે. વળી હમણાં 'ખ્રિસ્તી બંધુ' માટે એક આર્ટીકલ લખી રહી છું.

રોઝમેરી : વાહ પ્રીતિ, તને ખ્રિસ્તી સાહિત્ય પ્રત્યે રૂચિ છે, એ આનંદની વાત છે. તું જરૂર મોટી લેખિકા થઈશ. તારી પેલી સસ્પેન્સ નોવેલનું શું થયું?

પ્રીતિ : રૂચિ તો ઘણી બધી છે. મારી એ નોવેલ છપાવવા વિચારું છું.

આનંદ : જોયું ને નવરા બેઠા નખ્ખોદ વાળવું, એ આનું નામ. પાઈની કમાઈ નહિ, ને ઘડીની નવરાશ નહિ.

જોય : ચાલ હવે બહુ ન બોલ. તને એમાં ગતાગમ નહિ પડે. એકાદ પાન તો લખી જો.

આનંદ : રહેવા દે હવે એમ તો અમને પણ ઘણો ઈન્ટરેસ્ટ છે. પણ આપણે નવરા થોડા બેઠા છીએ. યાર, રાતદહાડો બૈરા-છોકરાંની ફિકર કરવી પડે છે. (બધાં હસે છે.)

જયેશ : બાકી કલાની કિંમત કલાકાર જાણે આ જોતા નથી. હું એકટીંગ કરીકરીને થાક્યો પણ કોઈ ગુજરાતી ફિલમવાળા આપણો ભાવ નથી પૂછતા.

રોઝમેરી : જવા દો આ બધી લફડાબાજી. આપણે તો કોઈ મગજમારી નહિ. મમ્મી-ડેડી કમાય અને આપણે ખાવું-પીવું અને અપ-ટુ-ડેટ થઈ ફરવું.

જોય : અરે હા યાર, યાદ આવ્યું. રોઝી તારી મમ્મીને પૂછજે કે પેલો ક્લાસીકલ મ્યુઝિકનો પ્રોગ્રામ ક્યારે છે?

રોઝમેરી : અચ્છા તમને ઈન્ટરેસ્ટ છે. હું જરૂર તપાસ કરી લાવીશ.

આનંદ : વાહ ભાઈ વાહ, જયેશકુમાર એકટર થવા જાય છે. જોયસાહેબ મ્યુઝિસિયન, પ્રીતિબાલા રાઈટર ઓથર, વગેરે વગેરે અને રોઝમેરી મસ્તરામ, 'હવે શું રહી ગયું બાકી, કહો મંજૂર છે' (ગાઈને)

પ્રીતિ : એક્સક્યુઝ મી, હું એક વાત કરવા માગું છું. મેં એક સારું નાટક લખ્યું છે જો તમે બધા ભાગ લેવા તૈયાર હો તો પ્રોગ્રામ થઈ જાય.

જયેશ : (આંગળી ઊંચી કરી) યસ, આઈ એમ રેડી.

જોય : લો હીરો તૈયાર થઈ ગયા અને હીરોઈન?

પ્રીતિ : શટઅપ.

રોઝમેરી : બંદા પણ હાજર છે.

આનંદ : ના ના, ભાઈ આપણને તો પોષાય તેમ નથી. કેમ કે પ્રેક્ટીસ તો રાતે જ કરવી પડે ને! એટલે મારે તો

રોજના બે નાટક ભજવાય, એક અહીં ને બીજું ઘેર. તમે તમારે ભજવવા હોય એટલા નાટક ભજવો. (એટલામાં શ્રી. સેમ્યુલનો પ્રવેશ. બધાં શાંત થઈ જાય છે.)

**જોય :** (ઊભા થઈ) વેલકમ સર, કેમ એકાએક આવવું પડ્યું? આવો બેસો.

**શ્રી. સેમ્યુલ :** (ખુરસી લેતાં હસીને) બસ એમ જ, તમને બધાંને મળવા આવ્યો. બોલો શું પ્રવૃત્તિ છે?

**જયેશ :** અમારે વળી બીજું શું હોય? ભેગાં થઈ ગપ્પાંબાજી કરવી.

**શ્રી. સેમ્યુલ :** શું જોય, ખરી વાત છે?

**જોય :** યસ સર, વહી બેઢંગી રફતાર... કોઈ ગાય, કોઈ વગાડે અને મારી વાત કરું તો, જાણે ઘર તો મને કરડવા દોડતું હોય. બાપુજીના અને મારા વિચારોમાં આભ-જમીનનો ફેર. વળી મમ્મીને મારી સંગીતધૂનથી માથું ચઢે છે.

**શ્રી. સેમ્યુલ :** પ્રીતિ અને રોઝી, તમે શું કરો છો?

**રોઝમેરી :** આપણે તો સવાર થઈ એટલે કોલેજમાં અને સાંજ પડી એટલે ફ્રેન્ડ સર્કલમાં. બે ઘડી મજા આવે છે. મમ્મીને પણ એવો જ શોખ છે. પપ્પા તો કદી પૂછે જ નહિ કે ક્યાં ચાલ્યાં? ક્યારે આવશો?

**પ્રીતિ :** સર અમે એક નાટક કરવા વિચારીએ છીએ બોલો, આપની શું સલાહ છે?

**શ્રી. સેમ્યુલ :** (ઠાવકું મોં કરી) અરે ભાઈ, તમે ભણેલાં-ગણેલાં છો. એમાં મને પૂછવાનું હોય? નાચો, કૂદો, ગાઓ,

વગાડો, નાટક કરો- કરોને...

પ્રીતિ : કેમ સર, એવું બોલો છો? આજે તમારો મૂડ બગડ્યો લાગે છે.

શ્રી. સેમ્યુલ : બગડે જ ને. તમારા જેવા આશાસ્પદ જુવાનો ધ્યેય છોડી ધતિંગમાં લાગી જાય ત્યારે....

જોય : (વચ્ચે જ) એક્સક્યુઝ મી સર. આઈ ઓબજેક્ટ યોર વર્ડ્ઝ. ધતિંગ એટલે? હું સમજ્યો નહિ.

શ્રી. સેમ્યુલ : કેમ આ જોતો નથી. તેં જ એની શરૂઆત કરી છે ને? પણ યાદ રાખજે, પ્રભુ તારા સમયનો હિસાબ માગશે.

જોય : ઓ આઈ સી. અમે મિત્રોએ ફ્રેન્ડ સર્કલનું આયોજન કર્યું એ તમને ન રૂચ્યું. સાહેબ, હું પૂછું છું કે અમારા જેવા જુવાનો માટે સમાજ પાસે કોઈ રચનાત્મક પ્રવૃત્તિવાળી સંસ્થા છે ?

શ્રી. સેમ્યુલ : તારો સવાલ અજાયબ છે. તું સમાજની બહાર તો નથી રહેતો ને? આપણા યુથ ગૃપ્સ : એમ. વાય. એફ., અને ઈ. યુ. શું તારી ધ્યાન બહાર છે ?

આનંદ : એનો જવાબ હું આપું. હું એમ. વાય. એફ.નો ક્રિયાશીલ સભ્ય છું. અમારી પ્રવૃત્તિઓ રસપ્રદ છે. પણ મંડળના વહીવટી કાર્ય અંગે સભ્યોમાં અને આગેવાનોમાં ઘણી ખેંચતાણ રહે છે, એ હકીકત છે. એવું જ બીજા મંડળોમાં પણ ચાલતું આવ્યું છે.

શ્રી સેમ્યુલ: એથી શું? તમે સાચી સેવા બજાવતા હો તો શો વાંધો?

રોઝમેરી : મને યુવકમંડળમાં ઘણો રસ છે. પણ હું એમાં કોઈ સંગીન પ્રવૃત્તિ જોતી નથી. જ્યારે અહીં ખરેખર મજા આવે છે. અને પ્રીતિની વાત કરું તો એના પપ્પા બહુ ધાર્મિક છે. છતાં પ્રીતિ અમારી સંગતમાં જોડાય છે.

પ્રીતિ : યસ સર, મારે કહેવું પડશે કે મારી કેટલીક ફ્રેન્ડસના કહેવાથી હું ઈ.યુ.માં નિયમિત જતી હતી પણ મને કહેતાં દુઃખ થાય છે કે, કેટલીક બહેનોએ મારી ટીકા કરવી શરૂ કરી કે આ તો રિલીજિયસ અને સેક્યુલર લખાણો પણ કરે છે. એનો નવો જન્મ થયો નથી.

જયેશ : સર, મને જુદો જ અનુભવ છે. આપણે રહ્યા એકટીંગના શોખીન, ટ્રેજેડી, કોમેડી વગેરે વગેરે - અને ક્યારેક શાયરી તો ક્યારેક ગીત લગાવી દઈએ પણ મારે કહેવું પડશે કે વાય.એમ.સી.એ. આપણને આવકારે છે.

શ્રી. સેમ્યુલ : હવે સમજાયું કે, તમને એક યા બીજી રીતે આપણા મંડળો પ્રત્યે નારાજગી ઉપજી છે. પણ એવા નજીવા કારણસર તમે મંડળીની પ્રવૃત્તિ ત્યજી નવી નવી સંસ્થાઓ ઊભી કરશો તો આપણી યુવાશક્તિનું સંગઠન તૂટી જશે.

જોય : તો સર આપને એમ નથી લાગતું કે આપણા જુવાન મંડળો અંગે મંડળીના આગેવાનોએ જાગૃત રહેવાની જરૂર છે. ઘણી વાર આગેવાનો યુવાનોમાં ઝેર રેડવાના પ્રયત્નો કરે છે. વળી યુવાનોની રસવૃત્તિ અને કલાવૃત્તિને પોષે એવી યુવાસંસ્થાઓ આપણે ત્યાં કેટલી?

શ્રી. સેમ્યુલ : એ મારા ધ્યાન બહાર નથી. આપણે એવા આગેવાનોને ખુલ્લા પાડવા માગીએ છીએ. પણ સૌ

પ્રથમ યુવાનોની યુનિટી થવી જોઈએ. જોય સારો વાદ્યકાર છે. રોઝી પ્રેમ સંગતમાં બધાંના મન જીતી લે છે, જ્યેશ એક દિલચસ્પ જુવાન છે, પ્રીતિ લેખિકા છે, અને આનંદ વિનોદી છે. સમાજને તમારા માટે ગર્વ છે. સમાજને તમારી જરૂર છે. શું તમે તમારાં તાલંતોનો સામાજિક અને ધાર્મિક સેવાક્ષેત્રે ઉપયોગ નહિ કરો?

**પ્રીતિ :** જરૂર, અમે તે માટે તૈયાર છીએ પણ આપે જોયું તેમ અમારા બધાંનાં પ્રોબ્લેમ્સ જુદા જુદા છે. એનું નિરાકરણ કોણ કરશે?

**શ્રી. સેમ્યુલ :** એ તો તમારે અરસપરસ એકબીજાને સમજવાં પડે. જેમ કે તું ધાર્મિક અને સેક્યુલર લખાણો લખે છે, તેમાં કંઈ ખોટું નથી. એટલો તારો બહોળો અનુભવ છે. વળી તારા નવા જન્મની બાબત એ તારી અંગત બાબત છે.

**આનંદ :** આપણે તો ક્યારેય ઓછું લાવ્યા નથી. કોઈ કહે કે ન કહે, આપણે ને આપણું કામ ભલું! હું વાય.એમ.સી.એ.માં રસ લઉં છું અને આપણી યુથ યુનિટી ઝુંબેશમાં પણ જોડાઈશ. ફક્ત આપણાથી ડ્રામામાં ભાગ નહિ લેવાય.

હા... હા... હા.... (બધા હસે છે)

**શ્રી. સેમ્યુલ :** શાબાશ આનંદ.

**પ્રીતિ :** એક્સક્યુઝ મી સર, આપ મારી સમસ્યા સમજ્યા હશો?

**શ્રી. સેમ્યુલ :** જરૂર, તારા ઘરમાં 'જનરેશન ગેપ'ની અસર વર્તાય છે. એ તો આજે સમાજનો સળગતો પ્રશ્ન છે.

છતાં એથી તારે ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ વિસારે મૂકવાની જરૂર નથી.

જયેશ : આપણે તો બધે જ તૈયાર. આપણને એવી જનરેશન કે રેશન ગેપ નડતી નથી.

શ્રી. સેમ્યુલ : (હસીને) સાચું છે પણ જયેશ, એવું ના ચાલે. અમુક જગાએ જવું ખ્રિસ્તી જુવાનો માટે શોભાસ્પદ નથી. જુગાર, દારૂ, સિગારેટ, ચરસ, ગાંજો, અને વ્યભિચારી બાબતો ખ્રિસ્તી જુવાનની પ્રતિમાને ખંડિત કરે છે. આપણા દેશમાં પણ હવે સિગારેટના ખોખા પર ચેતવણી મૂકવામાં આવી છે કે, 'આ તમારી તંદુરસ્તીને હાનિકારક છે.' અને હવે દેશના કેટલાંક રાજ્યોમાં દારૂબંધી પણ લાગુ કરી દેવામાં આવી છે.

રોઝમેરી : ઘણી સારી વાત, કેમ કે હમણાં હમણાં આપણા ઘણા જુવાનો કેફી પીણાં અને નશાકારક પદાર્થો લેતા થઈ ગયા છે. વળી અજાયબીની વાત કે ઘણી સારી છોકરીઓ એવા યુવાનોને પ્રેમ કરી પરણી બેસે છે અને પછી પસ્તાય છે.

જયેશ : કમાલ! હું શું સાંભળું છું? રોઝી, શું આ તું બોલે છે? (બધા હસે છે.)

શ્રી. સેમ્યુલ : (હસતાં હસતાં) તો રોઝી તું પણ સાંભળજે. આ એક સાચી વાત છે. આપણા જુવાનોએ જીવનસાથીની પસંદગી બાબતમાં ઘણું વિચારવાનું છે. પણ દુઃખની વાત છે કે આપણા કેટલાય જુવાનો બિનખ્રિસ્તી સાથે પણ લગ્નથી જોડાય છે. એ સમયે ઈશ્વરને પણ તેઓ ભૂલી જાય છે. અને તેથી ઈશ્વરનો આશીર્વાદ તેઓ

ગુમાવી બેસે છે. હું ધારું છું કે તમારે બધાએ હજુ પસંદગી કરવાની હશે.

**આનંદ :** બીજાને ભલે પસંદગી કરવાની હોય, આપણે તો પાર ઉતરી ગયા છીએ. સર, આઈ એમ ધ ઓનલી વિનર!

(બધા તાળી પાડી મોટેથી હસે છે.)

**શ્રી. સેમ્યુલ :** આપણે જરા બીજા પાટે ચડી ગયા. હા, તો શરૂઆતમાં મને પ્રીતિએ કહ્યું કે તમે કંઈક નાટક કરવા માગો છો. બોલ, કેવું નાટક?

**પ્રીતિ :** સર, આપની ઝુંબેશ જેવું જ કંઈક. કેમ કે હું કેટલાય સમયથી ફ્રેન્ડ સર્કલમાં આવું છું. તેમાંથી જે વિચાર સ્ફૂર્યો એ આધારે નાટક તૈયાર કર્યું છે.

**શ્રી. સેમ્યુલ :** વેરી ગુડ, હું બનતી બધી મદદ કરીશ. આપણે એને યુથ ડે નિમિત્તે કેમ ન રજૂ કરીએ? કેમ કે આપણા જુવાનોને જાગૃત કરવાની જરૂર છે. જુવાનો જાગૃત હશે તો જ ભાવિ પેઢીને આપણે તૈયાર કરી શકીશું.

**જોય :** વેરી ગુડ આઈડિયા સર! અમે જોરશોરથી એની તૈયારી આરંભી દઈશું. બોલો, આપનો સહકાર ખરોને ?

**શ્રી. સેમ્યુલ :** ઓ શ્યોર-શ્યોર, અને આનંદ પેલું જુવાનો માટેનું ગીત તેં એક વાર ચર્ચમાં ગાયું હતું ને!

**આનંદ :** (વિચારીને) યસ સર, "હવે જાગો જાગો અરે ઓ જુવાનો" (ગાઈને)

**જયેશ :** (ગીતમાં જોડાઈને) "તમે જાગો જાગો અરે ઓ જુવાનો"

**આનંદ-જયેશ :** નાનાં-મોટાંને જગાડો.... હવે જાગો.....

**O પડદો O**

# ૬ ઈઝરાયલ

(કોઈ પણ વારતહેવાર કે પ્રસંગે ભજવવા લાયક એક કલાકનું નાટક)

**પાત્રો** : યૂસફ - યહૂદી જવાન
તેના ૧૧ ભાઈઓ - રેઉબેન, સિમોન, લેવી, યહૂદા, યિસાખાર, ઝબુલૂન, દાન, નાફતાલી, ગાદ, આરોહ અને બિન્યામીન. બહેનો - દીના અને તાલીથા
યાકૂબ - વયોવૃદ્ધ
તેની પત્નીઓ -
રાહેલ, બિલ્હા, ઝિલ્પા
ફારૂન રાજા
રાજાના સૈનિકો - ૨
રાજાનો અંગરક્ષક - પોટીફાર
શિલાર - પોટીફારની પત્ની
રાજાનો પાત્રવાહક અને ભઠિયારો
મિદ્યાની પુરુષો - ૨ (સોદાગરો)

**સાધનસામગ્રી** : ૧૩ યહૂદી ઝભ્ભા તેમાં યૂસફનો સુંદર ઝભ્ભો, પાંચ સ્ત્રીઓના પોષાક, રાજાનો પોષાક, સૈનિકોના પોષાક-૨, પોટીફારનો પહેરવેશ, શિલારનો સુંદર પોષાક, પાત્રવાહક અને ભઠિયારાના સામાન્ય ઝભ્ભા બે, સોદાગરોના ભભકાદાર પોષાક, ત્રણ તલવારો, પાંચ-છ નાની પોટલીઓ, કુંજાઓ, ૧૨ લાકડીઓ, દ્રાક્ષારસના ૧૫ પ્યાલાઓ, રાજ્યાસન, એક તંબૂ અને રાજ મહેલનો સેટ.

# ઈઝરાયલ

## દૃશ્ય ૧

(યાકૂબ - ઈઝરાયલ, ભાઈ એસાવ, મામા લાબાન, પત્નીઓ, દીકરા અને દીકરીઓને નીચેના ગીતમાં ગીતના શબ્દો પ્રમાણે અભિનયમાં રજૂ કરવાં. અંતે આખો કુટુંબકબીલો ધીમે ધીમે પસાર થતાં ખૂણા પરના એક તંબૂમાં પ્રવેશતાં બતાવવું.)

### ગીત

એ નામ ઈઝરાયલ, એ દેશ ઈઝરાયલ
એ પ્રજા અનોખી ઈઝરાયલ, એ નામ ઈઝરાયલ ... ટેક
એનો અમર છે ઈતિહાસ, એ કહેવાતો યાકૂબ
એણે આશિષ છીનવી લીધી, એના વડીલ બંધુની
એથી ભાઈના ડરે ભાગ્યો, ભાગ્યો ભાગ્યો ગયો પરદેશ ... ૧
ત્યાં પ્રવેશતાં વસતિમાંય, એને પ્રથમ થયો મેળાપ
એક દીકરી સંબંધીની, રૂપ-ગુણ-સુંદરી રાહેલ
પિતા લાબાન સાથે મળી, પામવા હાથ વાત કરી ... ૨
સાત વરસ મજૂરી કરી, પણ લાબાને લેઆહ ધરી
થયો વ્યથિત ઘણો યાકૂબ, એણે કરી મજૂરી ઘણી
ત્યારે પામીયો પ્રેમપસંદ, એની બની ગઈ રાહેલ ... ૩
આખરે યાદ ઘરની આવી, સ્વજનોની મનમાં સતાવી
એ જવા થયો તૈયાર, માતૃભૂમિ દેશ વતનમાં
જે મેળવ્યું હતું તે સૌ લઈ, તે પડ્યો સ્વધામે વાટ ... ૪
ઈશ્વરનો પરમ ભક્ત યાકૂબ, એકલો પડ્યો માર્ગમાં જ્યારે
એણે ભાળ્યો ફરિશ્તો ત્યારે, દૂત સામે થયો તે વારે
ના છૂટકો થયો તે વાર, સ્વબચાવે ભરી એણે હામ ... ૫

એક રાત હતી કાળી બહુ, થંભ્યાં રસ્તે દુઃખમાં સૌ
એની પ્રાણપ્રિયા થઈ ગંભીર, ધરી બિન્યામીન સિધાવી
દુઃખદર્દમાં જીવતો રહ્યો, પરમેશ્વર સાથે રહ્યો ... ૬
એણે માર્ગ વિલંબીત કાપ્યો, જીવનઆંક ઉપર સ્થાપ્યો
પ્રભુ પ્રેમે જીત્યો જીવનજંગ, શુભ નામ મળ્યું ઈઝરાયલ
એ થયો વતનમાં સ્થાયી, થયું નામ અમર ઈઝરાયલ ... ૭

## દશ્ય ૨

(યૂસફના દીકરાઓ રેઉબેન અને સિમોન ઢોલક સાથે પ્રવેશે છે)

**રેઉબેન** : બહેન દીના.... (બૂમ પાડી)

**દીના** : (પ્રવેશતાં) એ આવી ... બોલો ભાઈ, મને કેમ બોલાવી.

**રેઉબેન** : હા દીના, અમારા માટે દ્રાક્ષારસ લઈ આવ, કેમ કે આજે ગીત-સંગીતની ધૂન જામશે.

**દીના** : તો તો મઝા આવી જશે. ભાઈ, હું હમણાં જ દ્રાક્ષારસ લઈ આવી.

(રેઉબેન અને સિમોન ઢોલ પીટવાની શરૂઆત કરે છે. એ સાંભળતાં જ લેવી અને યહૂદા તાળીઓ પાડતાં પ્રવેશે છે. દીના અને તાલીથા દ્રાક્ષારસથી ભરેલી ગાગર અને પ્યાલાઓ સાથે પ્રવેશે છે. એમની પાછળ યિસાખાર અને ઝબુલૂન વાજિંત્રો સાથે પ્રવેશી, વાજિંત્રો વગાડતા જાય છે. દાન અને નાફતાલી ખજૂરની ડાળીઓ લઈ નાચે છે. છેલ્લે ગાદ અને આરોહ ગાતાં ગાતાં પ્રવેશે છે. બધા ભેગા મળી ગીત, સંગીત અને નાચમાં મસ્ત બની જાય છે. એવામાં સુંદર રંગીન ઝભ્ભામાં યૂસફ પ્રવેશે છે. રેઉબેન તાળી

પાડી બધાંને શાંત કરી દે છે. બધાંનું ધ્યાન યૂસફ પર જાય છે. એવામાં લેઆહ, બિલ્હા, ઝિલ્પા પ્રવેશે છે. લેઆહ બેઠક લે છે.)

**સિમોન** : હા...હા...હા.... (હસીને) અરે ભાઈ જુઓ જુઓ, અહીં હાજર છે સ્વપ્નપતિ યૂસફ.

(બધા હસે છે.)

**તાલીથા** : વાહ વાહ યૂસફ, જેવા તમે સુંદર એવાં તમારો પોષાક પણ દમામદાર....

**લેવી** : (યૂસફના ઝભ્ભાની બાંય ખેંચતાં) હા, હા, જુઓ તો ખરા એમનો ઝભ્ભો!

**યૂસફ** : (ખુશ થતાં) ભાઈઓ, આ ઝભ્ભો તદ્દન નવોનકોર છે. આજે જ બાપુજીએ મને આપ્યો.

**યહૂદા** : વાહ રે સ્વપ્નપતિ, તારો જવાબ નથી! એ વાતમાં થઈ જાય એક વધુ ડોઝ...

(ફરી ગીતસંગીત અને દ્રાક્ષારસની રંગત જામે છે. એટલામાં તાલીથા દ્રાક્ષારસ ખૂટયાની જાણ કરે છે અને મહેફિલ અટકી જાય છે. દીના અને તાલીથા દ્રાક્ષારસનાં પાત્રો લઈ અંદર ચાલી જાય છે.)

**યૂસફ** : ભાઈઓ, આજે હું તમને એક ખાસ વાત કરવા આવ્યો છું.

**યિસાખાર** : (મોટેથી) એ સાંભળો .... રાજકુમાર શું ફરમાવે છે.

**યૂસફ** : ભાઈઓ, અગાઉ મારી સામે અગિયાર પૂળા નમી પડ્યા એવું અફલાતુન સ્વપ્ન મેં તમને કહ્યું હતું અને આજે એક વધુ સ્વપ્ન મેં જોયું -

**લેઆહ** : દીકરા, તારાં સ્વપ્નો અદ્ભુત છે.

**દાન** : વાહ દોસ્ત, તો તું રોજ સ્વપ્નો જ જોયા કર.

ઝબુલૂન : (આંખ મિંચકારી) એય એવું કેમ કહે છે? સાંભળવા દે ને. (યૂસફને) ઓહો, એવી વાત છે, તો ફરમાવો તમારું સ્વપ્ન!

યૂસફ : સ્વપ્ન ખરેખર મઝાનું છે. ગઈ કાલે રાત્રે ખબર છે; સૂર્ય, ચંદ્ર અને અગિયાર તારા પૃથ્વી સુધી મારી સામે નીચે ઊતરતાં મેં જોયા. (બધાં હસે છે.)

નાફતાલી : વાહ દોસ્ત વાહ, બાકી શું તારું સ્વપ્ન છે. પછી શું થયું?

યૂસફ : પછી શું બને? એ આકાશની મહાન જ્યોતિઓ મારી ચોતરફ ગોઠવાઈ ગઈ અને જમીન સુધી ઝૂકી ગઈ.

ગાદ : મતલબ? તું શું કહેવા માગે છે?

યૂસફ : મતલબ તો ઈશ્વર જાણે. પણ બાપુજી કહેતા હતા કે ઘણી વાર ઈશ્વર તેમના ભક્તોને સ્વપ્ન દ્વારા પોતાની યોજના દર્શાવે છે.

આરોહ : વાહ રે ખુદાભક્ત, તો બોલ ઈશ્વરે તને કેવી યોજના દેખાડી?

યૂસફ : બસ પહેલાંના સ્વપ્ન જેવી જ. બાપુજી કહેતા હતા કે ભવિષ્યમાં હું બહુ મોટો બનીશ, અને ત્યારે બાપુજી, મા અને તમે અગિયારેય ભાઈઓ મારી સામે આવી પ્રણામ કરશો.

રેઉબેન : (રોષે ભરાઈ) અલા એય, તને કંઈ લાજ શરમ છે?

સિમોન : હી... હી... હી... જવા દે બે. એકને કહા, દૂસરેને માની, ગુરુને કહે દોનોં જ્ઞાની.

(બધાં હસે છે. એટલામાં યૂસફના નામની બૂમો પાડતા બિન્યામિન પ્રવેશે છે.)

બિન્યામિન : ભાઈ યૂસફ, આ બધું શું ચાલી રહ્યું છે?

યહૂદા : (ગુસ્સામાં) એય સ્વપ્નપતિ, જતાં જતાં સાંભળી લે. આજ પછી ફરી જો અમારી આગળ ડંફાસ મારી તો તારા દાંત તોડી નાખીશું.

બિલ્હા : અરે યહૂદા, બસ કર. યૂસફ હજુ નાનો છે.

યૂસફ : (યહૂદાને) મોટાભાઈ, તમે શું બોલ્યા? હું ડંફાસ મારું છું? શાની? હું તો માનું છું કે તમે લોકો પણ દારૂ, વ્યભિચાર અને હિંસા છોડી દો તો ઈશ્વર તમને પણ સ્વપ્નો દ્વારા તેમની યોજના દર્શાવશે.

સિમોન : ચલચલ બે ભગતડા, અમને તારા જેવા નામર્દ કરવા માગે છે.

ઝિલ્પા : અરે સિમોન, તું પણ પાછો ગુસ્સો કરવા માંડ્યો?

બિન્યામિન : (યૂસફનો હાથ પકડી ખેંચતાં) ચાલો ભાઈ ચાલો. મોટા ભાઈઓને તમારા માટે જરાય લાગણી નથી. તમે કંઈ બોલશો નહિ. હું બાપુજીને બધું કહી દઈશ.

(બિન્યામિન યૂસફને ઘરમાં લઈ જાય છે. બધા ભાઈઓ ગુસ્સે થઈ તેમને જોતા રહે છે. પછી તેઓ ગુસપુસ કરવા લાગે છે.)

## દૃશ્ય ૩

નેપથ્યમાંથી : એમ થોડા મહિના વિત્યા અને એક દિવસ મોટા દસ ભાઈઓ દૂર દોથાન પ્રદેશમાં ઘેટાં-

બકરાં ચરાવવા ગયા. તેઓ ઘણા દિવસ સુધી પાછા ન ફર્યા, એટલે યાકૂબે પોતાના વહાલા દીકરા યૂસફને તેઓની ખબર કાઢવા મોકલ્યો.

(યૂસફ ગાગર, લાકડી અને ભાથાની પોટલી લઈ તેઓની ખબર કાઢવા નીકળે છે અને તેઓની પાસે પહોંચતાં જોરથી પોકારી ઊઠે છે.)

**યૂસફ** : ભાઈઓ... હું યૂસફ .... (કહી દોડે છે.)

(એની બૂમો સાંભળતાં નવ ભાઈઓ ભેગા થઈ જાય છે અને ગુસપુસ કરવા માંડે છે. યૂસફ પાસે આવતાં બધા એને પકડી લે છે. એની લાકડી, ગાગર અને ભાથાની પોટલી છીનવી લઈ બધા એને મારવા માંડે છે.)

**યૂસફ** : ભાઈઓ, હું તમને મળવા આવ્યો છું. હું તમારો ભાઈ છું. મને કેમ મારો છો?

**યહૂદા** : કેમ, આજે કાલો બને છે. પણ આજે તેને છોડશો નહિ. જે થવાની હોય તે થાય.

(બધા ફરી એની પર તૂટી પડે છે. એટલામાં રેઉબેન દોડતો આવે છે.)

**રેઉબેન** : અરે અરે આ શું છે ? તમે બધા યૂસફને કેમ મારો છો ?

**સિમોન** : કેમ, તને દયા આવે છે ? જાણતો નથી એ ઘેર કેવો રૂઆબ કરે છે.

**યહૂદા** : રેઉ, તું હઠી જા અહીંથી. અમે તેના લોહીથી આ જમીન રંગીને જ ઝંપીશું.

**યૂસફ** : બાપરે.... ભાઈઓ તમે મને મારી નાખશો? પિતાજી....

**ઝબુલૂન** : આજે તારી કોઈ વાત સાંભળવામાં નહિ આવે.

રેઉબેન : ભાઈઓ જરા થંભો, સાંભળો : યૂસફ આપણો ભાઈ છે. એનું લોહી વહેવડાવવું એ મોટું પાપ છે. એથી એવું પાપ ન કરતાં, યૂસફને જીવતો એક ખાડામાં ફેંકી દઈશું. ત્યાં એ ભૂખે-તરસે મરી જશે.

(એ સાંભળતાં જ બધા ભાઈઓ એને ખેંચીને પાસેના ખાડા પાસે લઈ ગયા. અને યૂસફની આનાકાની છતાં બધાએ જોરથી એને ધક્કો મારી ખાડામાં પટકી દીધો.)

યૂસફ : (મોટેથી) બાપ રે.... મરી ગયો. ભાઈઓ હું તમારો નાનો ભાઈ છું. પિતાજી મને નહિ જુએ તો ખૂબ દુઃખી થઈ જશે. મારી ભૂલ હોય તો મને માફ કરો પણ મને બચાવી લો.

લેવી : વાહ રે સ્વપ્નપતિ, અગિયાર પૂળા તથા સૂર્ય ચંદ્ર અને તારાઓને પોતાની સામે નમાવનાર, આજે તું પોતાને કેમ નમાવી રહ્યો છે?

(દૂરથી મિદ્યાની સોદાગરોનું આગમન)

યહૂદા : (સોદાગરો સામે જોઈ) ભાઈઓ એક યોજના મને સ્ફૂરી. યૂસફને આમ મારી નાખવા કરતાં, આપણે એને પેલા મિદ્યાની વેપારીઓને વેચી દઈએ. એક પંથ દો કાજ. યૂસફ બચી જશે અને આપણને પૈસા મળશે.

ગાદ અને નાફતાલી : મોટાભાઈ, યોજના ખરેખર સારી છે.

(યહૂદાએ દરેકના ચહેરા પર વારાફરતી નજર કરી. બધાએ માથું હલાવી એ યોજનાને મંજૂરી આપી. એટલામાં પેલા મિદ્યાની સોદાગરો નજીક આવી પહોંચ્યા. એથી બે ભાઈઓ ઝટપટ યૂસફને

ખાડામાંથી બહાર કાઢી લાવ્યા. બધા ભાઈઓએ મળી યૂસફનો ઝભ્ભો ઊતારી લીધો. અને એને ૨૦ રૂપિયામાં મિદ્યાનીઓને વેચી દીધો. યૂસફ રડતો રહ્યો અને સોદાગરો યૂસફને લઈ ચાલતા થયા.)

## દૃશ્ય ૪

(ભાઈઓ યૂસફને મિદ્યાની સોદાગરોને વેચી ઘેર આવી પહોંચ્યા. ઘેર ઈઝરાયલ દીકરાઓની વાટ જોતો બેઠો છે. એની સાથે બિન્યામીન બેઠો છે.)

**ઈઝરાયલ :** આવો દીકરાઓ, તમે આવવામાં બહુ મોડું કર્યું. એટલે મેં તમારી ચિંતા કરી તમારી ખબર કાઢવા યૂસફને મોકલ્યો હતો.

(ઈઝરાયલ બધાના ચહેરાઓ તરફ જોઈ રહે છે પણ ભાઈઓ મૌન રહે છે.)

**દાન :** (ધીમેથી) પિતાજી, યૂસફ તો અમને મળ્યો જ નહિ.

**ઈઝરાયલ :** શું કહ્યું? મળ્યો જ નહિ? તો પછી મારો યૂસફ ક્યાં ગયો? (ગળગળા થઈ) યૂસફ ક્યાં ગયો?

(થોડી વાર બધા શાંત થઈ ગયા. ઈઝરાયલ પોતાની જગાએથી ઊઠી, દીકરાઓની નજીક ગયો.)

**ઈઝરાયલ :** બેટા, તમે બધા શાંત કેમ છો? શું તમને માર્ગમાં મારો યૂસફ મળ્યો જ નહિ?

**યહૂદા :** પિતાજી, ખરેખર અમને યૂસફ તો મળ્યો જ નહિ. પણ પાછાં વળતાં માર્ગમાં અમને એક ઝભ્ભો મળી આવ્યો (ઝભ્ભો બતાવી) શું એ યૂસફનો જ છે?

(ઈઝરાયલ ઝભ્ભો હાથમાં લઈ ફેરવી ફેરવીને જોવા લાગ્યો.)

**ઈઝરાયલ :** અરેરે આ શું? (ઝભ્ભો ઊંચો કરી) ઝભ્ભો તો યૂસફનો જ છે અને એના પર ખૂનના ડાઘ? મારા દીકરાના વસ્ત્ર ઉપર લોહીના ડાઘ!

**બિન્યામિન :** બાપુજી.... (કહી ઈઝરાયલને ચોંટી ગયો.)

(ઈઝરાયલ માથું કૂટીને શોક કરવા લાગ્યો. એ સાથે લેઆહ, બિલ્હાહ અને ઝિલ્પાહ ત્યાં દોડી આવી).

**લેઆહ :** અરે શું થઈ ગયું?

**બિલ્હાહ :** આમ એકાએક કેમ રડો છો?

**ઈઝરાયલ :** જોઈ લો. આ જુઓ મારા દીકરાનો ઝભ્ભો, એ મારા દીકરાના મોતની નિશાની છે.

**ઝિલ્પાહ :** એમ ના વિલાપો. જરા કહો તો ખરા શું વાત છે?

**ઈઝરાયલ :** હવે શું વાત કરું? જીંદગીભર વિલાપ કર્યા સિવાય મારે માટે હવે કંઈ બાકી રહ્યું નથી. કોઈ જાનવરે મારા દીકરાને ફાડી ખાધો છે!

**લેઆહ :** એમ માની લેવાને કોઈ કારણ નથી. આપણે તપાસ કરીશું. જરા શાંતિ રાખો.

**ઈઝરાયલ :** હવે મારી શાંતિ હણાઈ ગઈ છે. હું એકલો પડી ગયો છું. મારી પ્રિય પત્ની રાહેલ ચાલી ગઈ અને હવે મારો વહાલસોયો યૂસફ છીનવાઈ ગયો. હે પ્રભુ, આ શું ગજબ થયો! મારો યૂસફ ન્યાયી હતો. મારી રાહેલના મૃત્યુ પછી એ મારો આધાર હતો. એ પણ હવે ચાલ્યો ગયો. અરેરે પ્રભુ આ શું કર્યું? અમારો અપરાધ હોય તો અમને ક્ષમા કરો. પણ મારો દીકરો યૂસફ મને પાછો આપો.

## દૃશ્ય ૫

(મિસરના રાજા ફારૂનના અંગરક્ષક પોટીફારનું ઘર. પોટીફાર ખુરસી પર બેઠો છે. પાસે એની પત્ની શિલાર ઊભી છે.)

**પોટીફાર** : શિલાર, પેલો યહૂદી - યૂસફ ક્યાં છે ? એને બોલાવી લાવ.

**શિલાર** : એ ઘરમાં જ કામ કરે છે. હું એને લઈ આવું.

(શિલાર અંદર જઈ યૂસફને બોલાવી લાવે છે.)

**પોટીફાર** : આવ યૂસફ. તું ખરેખર બાહોશ જુવાન છે. તું જ્યારથી મારા ઘરમાં આવ્યો છે ત્યારથી આ ઘર આશીર્વાદિત બન્યું છે. તારા કામકાજથી હું પ્રભાવિત થયો છું. આજથી તને હું મારા ઘરનો કારભારી ઠરાવું છું. હવે મારા દરેક નોકરચાકર તારી આજ્ઞા મુજબ કાર્ય કરશે.

**યૂસફ** : માલિક, આપનો ખૂબ આભાર.

**શિલાર** : (પતિને) તમે યૂસફને કારભારી ઠરાવી યોગ્ય નિર્ણય કર્યો છે. મને પણ યૂસફથી સંપૂર્ણ સંતોષ છે.

**પોટીફાર** : વારુ શિલાર, હું રાજ્યના કામ અર્થે રાજાને મળવા જાઉં છું. મારી કંઈ જરૂર પડે તો રાજમહેલ પર સંદેશો મોકલજે.

**શિલાર** : (સસ્મિત) જી હજૂર.

(પોટીફાર જાય છે અને શિલાર તથા યૂસફ વાતોમાં પરોવાય છે.)

**શિલાર** : યૂસફ હવે તો તમારા વટ વધી ગયો ને! ખરેખર તમે રાજકુંવર જેવા ખૂબ જ સુંદર છો. છતાં તમને

ગુલામ તરીકે કોણે વેચી દીધાં? શું તમારાં માતપિતા અને ભાઈબહેનો હયાત છે?

**યૂસફ** : બહેનજી, આ બધી વાતો મને શોકમાં ડૂબાડી દેશે. હું ફક્ત એટલું જ કહીશ કે હું આપને ત્યાં સુખાનંદમાં છું અને મારા ભૂતકાળને ભૂલી જવાની કોશિશ કરી રહ્યો છું.

**શિલાર** : યૂસફ, હવે તમારે દુઃખી થવાની જરૂર નથી. તમે અમારા કુટુંબી જેવા હવે બની ગયા છો. જુઓને મિસરી પોષાકમાં તમે કેવા રૂપાળા લાગો છો! (એક આસન પર બેસી બીજું આસન યૂસફને દર્શાવતાં) આવો યૂસફ, મારી પાસે બેસો.

**યૂસફ** : બહેનજી આભાર. (ઊભો જ રહે છે.)

**શિલાર** : (ઊભી થઈ યૂસફનો ગળપટ્ટો પકડી) યૂસફ, નાદાન ન બનો. જ્યારથી તમે મારા ઘરમાં આવ્યા છો, ત્યારથી મારી ઊંઘ હરામ થઈ ગઈ છે. હું તમને પ્રેમ કરું છું.

**યૂસફ** : આપના પ્રેમ બદલ ખૂબ ખૂબ આભાર. હું મારા માલિક પોટીફારને સંપૂર્ણ આધીન છું.

**શિલાર** : (ગળપટ્ટો પકડી રાખી) ભલે તમે પોટીફારને આધીન છો પણ હું તો તમને આધીન થઈ ગઈ છું. મારા સ્વામી.

(એ જ ઘડીએ કોઈનાં પગલાંનો અવાજ સંભળાય છે. યૂસફ નાસવા પ્રયત્ન કરે છે. નાસતાં એનો ગળપટ્ટો શિલારના હાથમાં રહી જાય છે.)

શિલાર : (બૂમ પાડે છે.) બચાવો.... બચાવો....

(એ સાથે એક સૈનિક અંદર પ્રવેશે છે. શિલાર એને તરકટી ફરિયાદ કરે છે. એટલામાં પોટીફાર આવી જાય છે.)

શિલાર : (બનાવટી રૂદન કરતાં) આજે પેલો યહૂદી જુવાન મારી ઈજ્જત લૂંટવા આવ્યો હતો. મેં બીકથી બૂમો પાડી તો આ કપડું મૂકીને નાઠો.

પોટીફાર : (ગુસ્સે થઈ સિપાઈને) એય, પેલો યહૂદી જવાન યૂસફ જ્યાં હોય ત્યાંથી પકડી લાવો.

(એ જ ઘડીએ યૂસફ જાતે ત્યાં હાજર થાય છે.)

યૂસફ : માલિક, આપે મને યાદ કર્યો? સેવક હાજર છે.

પોટીફાર : (રોષે ભરાઈ) નિર્લજ્જ પરદેશી. તને એક ગુલામમાંથી ઘરનો કારભારી ઠરાવ્યો, એનું આ પરિણામ! સિપાઈઓ લઈ જાઓ અને એને જેલમાં પૂરી દો.

(એ સાથે જ સિપાઈઓ એને બાંધીને લઈ જાય છે.)

**નેપથ્યમાંથી અવાજ :-**

(એમ બે વર્ષ વિત્યાં અને મિસરના રાજા ફારૂનને સ્વપ્ન આવ્યું. રાજા નાઈલ નદીને કિનારે ટહેલી રહ્યો છે. એવામાં એને સાત તગડી ગાયો ત્યાં ચરતી દેખાઈ. એ જ સમયે બીજી સાત દૂબળી-પાતળી ગાયો પણ ત્યાં આવીને ચરવા લાગી. એવામાં એકાએક એ દૂબળી ગાયો પેલી તગડી ગાયોને ખાઈ ગઈ! રાજાને ફરી બીજું એવું જ સ્વપ્ન આવ્યું. એણે નદીકિનારે દાણાથી ભરાએલાં સારાં સાત કણસલાં જોયાં. એ જ સમયે બીજાં દાણા વિનાનાં સાત હલકાં કણસલાં પણ ત્યાં દેખાયાં. જોતજોતામાં પેલા હલકાં

કણસલાં સાત દાણાદાર કણસલાંને ભરખી ગયાં! આ સ્વપ્નએ સવારમાં રાજાને બેચેન કરી દીધો. એટલામાં પાત્રવાહક - પિરસણીયો એક કપમાં દ્રાક્ષારસ લઈ રાજા પાસે આવ્યો.)

**પાત્રવાહક**: (દ્રાક્ષારસનો કપ ધરતાં) મહારાજ, શું આપની નિરાશાનું હું કારણ પૂછી શકું?

**ફારૂન** : (ધ્યાનમગ્ન થતાં) અરે ભોળા પાત્રવાહક, તારાથી શું થઈ શકે? મને તો રાતનાં મારાં સ્વપ્નોએ વિમાસણમાં મૂકી દીધો છે.

**પાત્રવાહક**: સ્વપ્નો? મહારાજ આપ મને જણાવો. એનો ઝટ ઉકેલ આવી જશે. હું એક પરદેશીને ઓળખું છું. એ આપણી જેલમાં છે અને સ્વપ્નોના અર્થ કરી જાણે છે.

**ફારૂન** : મારા પાત્રવાહક, આ તું શું કહે છે! સ્વપ્નોના અર્થ! તું હમણાં જ આપણા જેલર પાસે જા અને જલદી એ સ્વપ્નપતિને મારી પાસે અહીં લઈ આવ.

**પાત્રવાહક**: જેવી આપની આજ્ઞા. (કહી પાત્રવાહક જાય છે અને યૂસફને લઈ આવે છે.)

**યૂસફ** : (નમન કરતાં) શહેનશાહ ફારૂન, આયુષ્યમાન હો. હું પ્રભુનો સેવક યૂસફ, બોલો શું હુકમ છે?

**ફારૂન** : (સસ્મિત) અરે ઓ પરદેશી મને તારી જરૂર છે. જો મેં રાત્રે બે સ્વપ્નો જોયાં હતાં. નાઈલ નદીને કિનારે સાત દૂબળી ગાયો - સારી અને તંદુરસ્ત સાત ગાયોને ગળી ગઈ! એ જ પ્રમાણે દાણા વિનાનાં સાત કણસલાં સાત દાણાદાર કણસલાંને ભરખી ગયાં! એ શું હશે! એનો ભેદ શું તું

સમજાવી શકે? મને એવાં વિચિત્ર સ્વપ્નો કેમ આવ્યાં?

**યૂસફ** : રાજાધિરાજ ફારૂન, આપનાં સ્વપ્નો વડે ઈશ્વરે આપની આગળ ભવિષ્ય ખુલ્લું કર્યું છે. આપે જે સાત સારી અને તંદુરસ્ત ગાયો જોઈ, એ મિસરમાં આવનાર સમૃદ્ધિનાં સાત વર્ષ છે. આવતાં સાત વર્ષમાં મિસરમાં અઢળક અનાજ પાકશે. એટલું બધું અનાજ હશે કે એનો સંગ્રહ કરવું મુશ્કેલ થઈ પડે. પણ પછીનાં સાત વર્ષોમાં પેલી દુબળી ગાયો પ્રમાણે ભારે દુકાળ પડશે. એવું સ્વપ્ન બે વાર આવ્યું એટલે ઈશ્વરે આ પ્રમાણેનું ભવિષ્ય નક્કી કર્યું છે તેમાં કોઈ પણ ફેરફાર થશે નહિ.

**ફારૂન** : (ઊભા થઈ) શાબાશ યહૂદી જવાન યૂસફ. હું તારામાં ઈશ્વરી આત્માનું દર્શન કરી રહ્યો છું. ખરેખર તારા સ્વપ્નાર્થ સ્વીકારવા યોગ્ય છે. તારા અદ્‌ભુત જ્ઞાનથી પ્રભાવિત થઈ હું તને મિસર દેશનો વડો પ્રધાન જાહેર કરું છું. મારા દેશની પ્રજા તારા હુકમનું પાલન કરશે. ફક્ત રાજ્યાસન પર હું તારાથી ઉચ્ચ કક્ષાએ હોઈશ. વળી સમૃદ્ધિનાં સાત વર્ષમાં બધું અનાજ સંગ્રહ કરવાનો અધિકાર હું તને આપું છું. તને જેમ ઠીક લાગે એમ આ દેશનું ભલું કરજે.

(એ સાથે સૈનિકો યૂસફની નિયુક્તિનું રણશિંગડું ફૂંકે છે.)

**પડદો**

(મિસરમાં યૂસફ જ્યારે ફારૂન રાજાનો પ્રધાન બન્યો, ત્યારે ઇઝરાયલ પોતાના પુત્રની યાદમાં દિવસો ગુજારી રહ્યો હતો. એક દિવસે સવારે ઇઝરાયલ અને બિન્યામિન વાતોમાં ગુંથાયા છે.)

બિન્યામિન : બાપુ, થોડા દિવસ પહેલાં મને એક સ્વપ્ન આવ્યું હતું.

ઇઝરાયલ : કહે તો ખરો બેટા, કેવું સ્વપ્ન?

બિન્યામિન : કહું બાપુ? યૂસફ દૂર જંગલમાં એકલો ફરી રહ્યો હતો.

ઇઝરાયલ : પછી શું થયું?

બિન્યામિન : પછી છે ને, ત્યાં એક સિંહ આવી ચઢ્યો.

ઇઝરાયલ : ના બેટા ના, મારે એવું સ્વપ્ન નથી સાંભળવું.

બિન્યામિન : બાપુ સાંભળો તો ખરા. આપણો યૂસફ એમ બીકણ થોડો છે.

ઇઝરાયલ : સારું બેટા, બોલ આગળ શું થયું?

બિન્યામિન : પહેલાં તો યૂસફે પાણીની ભરેલી ગાગર સિંહને છૂટી મારી. એટલે ગાગર સિંહના મોં પર ધમ્મ દઈને વાગી અને તૂટી ગઈ. તેથી તેમાંનું બધું પાણી સિંહના મોં પર છંટાઈ ગયું. પરિણામે સિંહભાઈ ડરી ગયા અને ઊભી પૂંછડીએ ભાગવા લાગ્યા. એની પાછળ લાકડી લઈને આપણો યૂસફ, દોડતો જ જાય. આગળ સિંહ અને પાછળ યૂસફ. બોલો કેવી મઝા આવી!

ઇઝરાયલ : વાહ બેટા વાહ, માનવું પડશે. તને સ્વપ્ન કહેતાં બહુ સરસ આવડે છે.

બિન્યામિન : અરે પૂરું સ્વપ્ન તો સાંભળો.

ઈઝરાયલ : ઓ તારી, હજુ સ્વપ્ન બાકી છે? ચાલ કહે તો.

બિન્યામિન : એ જ સમયે એક રાજા ત્યાં શિકાર માટે જંગલમાં ફરતો હતો. તે આપણા યૂસફની બહાદૂરી જોઈ ખુશ થઈ ગયો. એ યૂસફને પોતાના રાજ્યમાં લઈ ગયો અને ત્યાંનો પ્રધાન એને બનાવી દીધો.

(સ્વપ્ન સાંભળી ઈઝરાયલની આંખમાં આંસુ આવી ગયાં.)

બિન્યામિન : બાપુ ઓ બાપુ. તમારી આંખમાં આંસુ! મારાં સ્વપ્નમાં તો કોઈ એવી વાત મેં કહી નથી. વળી ખબર નહિ મને એમ લાગ્યા કરે છે કે યૂસફ હજુ જીવે છે.

ઈઝરાયલ : (આંસુ લૂંછતાં) બેટા, તારું સ્વપ્ન ખરેખર સુંદર છે. પણ એ હકીકત છે કે તારો ભાઈ હવે આ દુનિયામાં રહ્યો નથી. હવે ખબર નહિ આપણું શું થશે? કેમ કે દેશમાં ભારે દુકાળ છે. લોકો અનાજ-પાણી વિના મરી રહ્યાં છે.

(એવામાં રેઉબેન, યહૂદા, લેઆહ અને દીનાનો પ્રવેશ)

દીના : પિતાજી તમને શું થયું? આમ દુઃખી કેમ લાગો છો?

લેઆહ : એમને તો બસ એક જ દુઃખ એમના વહાલસોયાનું. અરે હવે તો વર્ષો વિત્યાં. એ વાત ભૂલી જાઓ.

ઈઝરાયલ : (આંસુ લૂંછતાં) સારું બોલો તમે શું કહેવા માગો છો?

યહૂદા : પિતાજી, એક ખુશીના સમાચાર, એવું જાણવા મળ્યું છે કે પાસેના મિસર દેશમાં ખૂબ અનાજ છે.

વળી ત્યાંનો રાજા એવો ભલો છે કે તે પરદેશીઓને પણ અનાજ વેચાતું આપે છે.

**ઈઝરાયલ :** બેટા, તો જલદી કરો. આજે જ તમે બધા છોકરાઓ મિસર દેશ ઉપડી જાઓ. અને તમને મળે તેટલું અનાજ લેતા આવો. ત્યાંના રાજા માટે આપણા તરફથી સોનું, ચાંદી અને સૂકાં ફળોની ભેટ લેતા જજો. પણ યાદ રાખો હું બિન્યામિનને કોઈ પણ સંજોગોમાં તમારી સાથે મોકલીશ નહિ.

**રેઉબેન :** પિતાજી, જેવી આપની મરજી. અમે બધા ભાઈઓ તૈયાર થઈ હમણાં જ નીકળી જઈશું.

(થોડા દિવસની મુસાફરી પછી મોટા દસ ભાઈઓ મિસર દેશમાં પહોંચી ગયા. ત્યાંના રાજા ફારૂનની આગળ તેઓને રજૂ કરવામાં આવ્યા. બધા ભાઈઓ રાજાને નમન કરી ઊભા રહે છે.)

**રેઉબેન :** મહારાજા ફારૂન, આયુષ્યમાન હો.

**ફારૂન :** તમે પરદેશી લાગો છો. બોલો ક્યાંથી આવ્યાં છો અને કેમ આવ્યાં?

**દાન :** મહારાજ, અમે કનાન દેશના હેબ્રીઓ છીએ અને અનાજ મેળવવા આપની પાસે આવ્યાં છીએ.

**ફારૂન :** વારું, હેબ્રીઓ. પરદેશીઓને અનાજ આપવાની જવાબદારી અમારા પ્રધાનમંત્રી સંભાળે છે. એથી તમે તેમને મળો.

**લેવી :** જેવી મહારાજની આજ્ઞા.

(મહારાજા પ્રસ્થાન કરી જાય છે. ત્યાં બે સિપાઈઓ ઊભા હતા.)

લેવી : (એક સિપાઈને) હવાલદાર, જરા જણાવશો પ્રધાનમંત્રીને અમે ક્યાં મળી શકીએ ?

સિપાઈ-૧ : તમે અહીં જ થોભો. પ્રધાનમંત્રી હમણાં અહીં જ આવશે.

સિપાઈ-૨ : હટ્ટ, રોજના કોઈને કોઈ પરદેશી અમારું અનાજ લેવા આવી જાય છે. એમ કરતાં એક દિવસે અમારા કોઠારો ખાલી થઈ જશે.

રેઉબેન : હવાલદાર, ચિંતા ના કરો. પરમેશ્વર તમારા કોઠારો છલકાવી દેશે એવી અમારી દુઆ છે.

સિપાઈ-૧ : હોશિયાર... હોશિયાર.... પ્રધાનમંત્રી સપનતપાનેહ, ખ્વાબે બાહોશ હાજર થઈ રહ્યા છે.

(એ સાથે યૂસફ આવી આસન પર સ્થાન લે છે. દસેય ભાઈઓ એને ઝૂકી ઝૂકીને પ્રણામ કરે છે.)

યૂસફ : (નમસ્કાર ઝીલી) તમે કોણ છો અને ક્યાંથી આવો છો?

યહૂદા : નામદાર, અમે કનાન દેશના હેબ્રીઓ છીએ અને અનાજ લેવા આપની પાસે આવ્યા છીએ.

યૂસફ : અચ્છા અચ્છા, પરદેશી છો. હવે સમજાયું. (બધાના ચહેરા પર નજર ફેરવીને) મને તો તમે જાસૂસ લાગો છો. ખબરદાર કંઈ છૂપાવ્યું છે તો. જે હોય તે સાચેસાચું કહો.

સિમોન : સરકાર, અમે જૂઠું નથી કહેતા. અમારા બુઝર્ગ પિતાનું નામ ઇઝરાયલ છે. અમે બાર ભાઈઓ છીએ. તેમાંના એકનો પત્તો નથી. વળી સૌથી નાનો બિન્યામિન પિતાની પાસે રહ્યો છે. સરકાર અમારા

પર દયા કરો અમારા ઘરમાં અનાજ ખૂટી ગયું છે. કૃપા કરીને અમને અનાજ આપો.

યૂસફ : હજુ તમે કંઈક છૂપાવતા હોય તેમ મને લાગે છે. હું તમને અનાજ જરૂર આપીશ પણ તમારે તમારા નાના ભાઈને અહીં લાવવો પડશે. ત્યાં સુધી તમારામાંના એક ભાઈને હું મારી કેદમાં રાખીશ.

રેઉબેન : (બધા ભાઈઓને એકત્ર કરી) દેખ લિયા... પરમેશ્વર હમારા ન્યાય કરેગા ઔર હમેં જરૂર સજા મિલેગી. ઉસ દિન મૈંને તુમ સબકો બહુત સમજાયે કિ યૂસફ અપના ભાઈ હૈ, ઉસે છોડ દો. લેકિન તુમ લોગોંને મેરી એક નહિ સૂની. અબ પરમેશ્વર હમારે કરતૂતોં કા જવાબ લે રહા હૈ.

(યૂસફ પણ તેઓની ભાષા સમજતો હતો. તે દુઃખી થઈને ચાલ્યો ગયો. એ સાથે બે સિપાઈઓએ દોરડું લઈ સિમોનના હાથ બાંધ્યા અને તેને અંદર લઈ ગયા. ભાઈઓ પણ નિરાશ થઈ ઘર તરફ રવાના થયા.)

## પડદો

(યૂસફ આસન પર બેઠો છે. બે બાજુ બે સૈનિકો ઊભા છે. એવામાં ભાઈઓ બિન્યામિનને લઈ હાજર થાય છે. બિન્યામિનને જોઈ યૂસફ સિમોનને ત્યાં તેડી મંગાવે છે. પછી બધા ભાઈઓ નમન કરતા ઊભા રહે છે.)

યૂસફ : અચ્છા તો તમે લોકો આવી ગયા. શું તમારા નાના ભાઈને તમે લાવ્યા છો?

રેઉબેન : જી નામદાર, (બિન્યામિનને બતાવી) આ અમારો નાનો ભાઈ બિન્યામિન છે.

યૂસફ : (બિન્યામિનને) એય છોકરા તારું નામ શું છે?

બિન્યામિન : મહારાજ, હું ભાઈઓમાં સૌથી નાનો બિન્યામિન.

યૂસફ : તારા પિતાનું નામ શું?

બિન્યામિન : અમારા પિતાનું નામ ઈઝરાયલ છે. તે ખૂબ વૃદ્ધ છે.

યૂસફ : સિપાઈઓ, આ હેબ્રી છોકરાઓને મારા મહેલમાં લઈ જાઓ. ત્યાં એમના જમવાની વ્યવસ્થા કરજો અને તેઓને અનાજ અપાવી વિદાય કરજો.

સિપાઈ : જેવી આપની આજ્ઞા.

(જમ્યા પછી ભાઈઓ અનાજના થેલા ઊંચકીને ચાલતા થાય છે, એટલામાં એક સિપાઈ તેઓને રોકે છે.)

સિપાઈ-૧ : નમકહરામ પરદેશીઓ, તમે ભલાને બદલે ભૂંડું કર્યું. સાચું બોલો મારા માલિકનો ચાંદીનો પ્યાલો કોણે ચોર્યો છે?

દાન : સરકાર, આ વાત સાચી નથી. કોઈએ તમને જૂઠું સમજાવ્યું છે. અમે કોઈ ચોરી કરી નથી. છતાં જેના થેલામાંથી આપનો ચાંદીનો પ્યાલો મળે એ પ્રધાનમંત્રીનો ગુલામ થશે.

સિપાઈ-૨ : ઠીક છે, ઠીક છે.

(એ સાથે બે સૈનિકો બધાના થેલા તપાસે છે. એવામાં બિન્યામિનનો થેલો તપાસતાં એમાંથી ચાંદીનો પ્યાલો મળી આવ્યો. એ જોઈ બધા અવાક્ બની ગયા અને સિપાઈઓની પાછળ પાછળ યૂસફ પાસે આવ્યા.)

યૂસફ : પરદેશીઓ આ તમે શું કર્યું! મારા ઘરમાં રહી મારે ત્યાં જ ચોરી કરી?

રેઉબેન : નામદાર, અમે પોતાને કેવી રીતે નિર્દોષ સાબિત કરીએ? અમારાં ભૂંડાં કામ ઈશ્વરે શોધી કાઢ્યાં છે. અમે બધાં આપના ગુલામ થઈશું.

યૂસફ : ના, ના. તમારે બધાને મારા ગુલામ થવાની જરૂર નથી. જેણે ગુનો કર્યો હોય એ જ મારો ગુલામ થશે.

યહૂદા : (આગળ આવી) સરકાર, મહેરબાની કરી મને બોલવાની રજા આપો. આપ ફારૂન જેવા મહાન છો. આપે અનાજ આપીને અમારા જીવ બચાવ્યા છે. અમારા પિતા હવે વૃદ્ધ થઈ ગયા છે. તેમને બે નાના પુત્રો પર ખૂબ પ્રેમ હતો. તેમાંનાં મોટાને કોઈ જંગલી જાનવરે ફાડી ખાધો, એવું તે જાણે છે. એ બનાવ પછી તે ખૂબ ઉદાસ રહ્યા કરે છે. વળી તે નાના બિન્યામિનને પણ અહીં મોકલવા તૈયાર ન હતા. પણ આપે કહ્યું હતું કે નાના ભાઈને લાવ્યા સિવાય આપ સિમોનને મુક્ત નહિ કરશો. માટે... (ગળગળા અવાજે) નામદાર, હું બિન્યામિનનો જામીન થયો છું, અમારા પર રહેમ કરો, દયા કરો. જો અમારા પિતા નાના દીકરા બિન્યામિનને નહિ જુએ તો તે શોકના માર્યા તરત મરી જશે. (એમ કહી યહૂદા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. આખું વાતાવરણ શાંત થઈ ગયું.)

યૂસફ : (આંસુ સહિત ઊભો થયો) પ્રિય ભાઈઓ, પાસે આવો. મારા ભાઈઓ નજીક આવો. હું જ તમારો ભાઈ યૂસફ છું. (કહી યૂસફ રડી ઊઠ્યો. તેણે

પોતાનો મુગટ ઊતારી લીધો અને પ્રથમ બિન્યામિનને ભેટી પડ્યો.)

**બિન્યામિન :** (રડતાં) મોટાભાઈ, તમે મને મૂકીને ક્યાં ચાલ્યા ગયા હતા. પિતાજી તમારા વિના ખૂબ ગમગીન બની ગયા છે.

**યૂસફ :** શાંત થા ભાઈ - (છૂટાં પડતાં).

ભાઈઓ, તમે જરા પણ શરમાશો નહિ કે ગભરાશો નહિ. ઈશ્વર મહાન છે. તે આપણા સુખદુ:ખનો સાથી છે. જુઓને આ દુકાળના દિવસોમાં તમારા જીવ બચાવી લેવા ઈશ્વરે મને અહીં પ્રધાનપદે પહેલેથી નિયુક્ત કરી દીધો છે. તમે હવે જલદીથી ઘેર જાઓ. હજુ દુકાળ લાંબો ચાલશે. માટે જલદી માતપિતા અને ઘરનાં સર્વને મિસર દેશમાં લઈ આવો. હું તમને અહીં બધી સગવડો આપીશ.

(એ સાથે બધા ભાઈઓ ઘર તરફ રવાના થયા. થોડા દિવસ પછી યૂસફના ભાઈઓ અને માતપિતા આવવાનાં છે એ જાણી ફારૂન રાજા યૂસફને મળવા એના મહેલમાં પધાર્યા.)

**સિપાઈ :** હોશિયાર.... હોશિયાર.... મહારાજા રામસેસ ફારૂન, સમ્રાટે મિસર પધારી રહ્યા છે.

**યૂસફ :** (સત્કારતાં) આપનાં પગલાં મારા ઘરમાં! ભલે પધારો મહારાજ.

**ફારૂન :** યૂસફ, મેં જે વાત જાણી તે સાચી છે? શું તારા પિતા અને કુટુંબકબીલો સૌ અહીં આવી રહ્યાં છે?

**યૂસફ :** ક્ષમા ચાહું છું મહારાજ. મારે આપની અનુમતિ મેળવવી જોઈતી હતી. પણ હું પિતાના પ્રેમમાં

ભાન ભૂલી ગયો. આપે સાંભળેલી વાત સાચી જ છે.

**ફારૂન** : અરે યૂસફ તું તો મારા દીકરા સમાન છે. તારે વળી શાની અનુમતિ લેવાની! ધન્યભાગ્ય છે મારા દેશનું કે એક પયગમ્બર સમાન પુરુષ મારા દેશમાં આજે પધારશે.

(એ સાથે ઈઝરાયલ, લેઆહ, બિલ્હાહ, ઝિલ્પાહ, દીના, તાલીથા અને બધા ભાઈઓ ત્યાં આવી પહોંચ્યા. ઈઝરાયલને જોતાં જ યૂસફ દોડીને પિતાને ભેટી પડ્યો.

**યૂસફ** : તમારાથી દૂર રહીને મારી આંખો તમને જ તરસતી હતી. બાપુજી મને બહુ દુઃખ પડ્યું, કેદમાં જવું પડ્યું. પણ ઈશ્વરે મને બધાં બંધનોમાંથી મુક્તિ અપાવી મિસરના પ્રધાનપદે બેસાડ્યો. તમારા વિના મારું સિંહાસન મને ખૂંચતું હતું. તમારી તંદુરસ્તી તો સારી છે ને પિતાજી...?

**ઈઝરાયલ** : બેટા, મારે હવે મરવાનું છે. મરણ પહેલાં તારું મોં જોવા ઈશ્વરે મોટો આશીર્વાદ પમાડ્યો. તને આટલા ઊંચા સ્થાને જોઈ હું પ્રભુનો મહિમા કરું છું.

(છૂટાં પડતાં)

**યૂસફ** : પિતાજી, આપણે વરસો પછી મળ્યા એટલે લાગણીમાં તણાઈ ગયા હતા. હું તો ભૂલી જ ગયો કે આપણી સમક્ષ મિસર દેશના સમ્રાટ ફારૂન ઉપસ્થિત છે. એમની મહેરબાનીથી જ હું આ દેશના પ્રધાનપદે છું.

ઈઝરાયલ : (પ્રમાણ કરતાં) ક્ષમા ચાહું છું મહારાજ. દીકરાની લાગણીએ મને અંધ કરી દીધો હતો. આપના જેવા દયાવાન સમ્રાટ મિસરની ગાદીએ છે એ ગૌરવની વાત. આપે ગ્રીક, હેબ્રી અને રોમીઓના ભેદ રાખ્યા નથી. આ દેશ માટે મારી આશિષ સ્વીકારો મહારાજ. - પવિત્ર પરમેશ્વર યહોવા આપનું અને આપની સીમાઓનું રક્ષણ કરો. આપની ઔલાદ આશીર્વાદિત હો અને આપનો દેશ અને પ્રજા હમેશાં સુખી આબાદ રહો.

O પડદો O

# ૭ ઈસુ રાજા

(નાતાલના તહેવારોમાં ભજવવા માટે પંદરેક મિનિટનું નાટક)

**પાત્રો :** યોહાન બાપ્તિસ્મી
યહૂદી પુરુષો - ૫
રૂબી - પિલાતની પત્ની
તાલીથા
હેરોદ રાજા
રોમી સૈનિકો - ૨
જ્ઞાનીઓ માગીઓ - ૨
યાજક
શાસ્ત્રી
દૂતો - ૨

**સાધન સામગ્રી :** યોહાન માટે રૂવાંટીવાળો ઝભ્ભો, પાંચ યહૂદી પુરુષોના ઝભ્ભા, બે યહૂદી સ્ત્રીઓના પોષાક, હેરોદ રાજાનો પોષાક, બે રોમી સૈનિકોના પોષાક, ત્રણ માગીઓના ઝભ્ભા, બે રાજાના જ્ઞાનીઓના પોષાક (યાજક-શાસ્ત્રી), બે દૂતોના પહેરવેશ, એક મોટો તારો, ત્રણ તરવારો, ત્રણ માગીઓ માટેની ભેટો, ઈસુનું જન્મસ્થળ ગભાણનો સેટ.

(યોહાન બાપ્તિસ્મી યરદન નદી પાસે બોધ અને બાપ્તિસ્મા કરતો હતો. એનો સંદેશો સાંભળવા જનારાઓમાં પિલાતની સ્ત્રી હતી.)

**યોહાનનો સંદેશો** : પ્રભુના માર્ગમાં ચાલો, પસ્તાવો કરો, કેમ કે જુઓ સ્વર્ગનું રાજ્ય પૃથ્વી પર આવી રહ્યું છે. ઈશ્વરપુત્ર મહામાનવ દુનિયામાં દેહધારી થવાના છે. એમની વિસાતમાં હું કંઈ નથી. હું તો માત્ર મનુષ્ય છું, પણ એ તો ઈશ્વરપુત્ર. એમની અમૃતવાણી અને પ્રેમભાવથી એ તમામ માણસોને ભરી દેશે. એટલે સુધી કે કઠણ હ્રદયના માણસો પણ એમને સ્વીકારવા તૈયાર થઈ જશે.

**૧ પુરુષ** : શું તમારો સંદેશ અમારા માટે પણ છે? કેમ કે અમે તો ઈશ્વરની પસંદ કરેલી પ્રજા અને ઇબ્રાહીમના સંતાન છીએ.

**યોહાન** : ઓ શેતાની દિમાગના માણસો. તમે અહીં આવ્યા જ શા માટે? યાદ રાખો ઈશ્વર જરૂર પડે પથ્થરોમાંથી સંતાનો પેદા કરી શકે છે. જેમ તેમણે પ્રથમ માટીમાંથી આદમ બનાવ્યો હતો ને!

**રૂબી** : ગુરુજી, તો અમારે શું કરવું જોઈએ?

**યોહાન** : દાનધર્મ કરો. તમારી પાસે જરૂર કરતાં વધારે કપડાં છે તો બીજાઓને દાન કરી દો. ખોરાકમાં જરૂરિયાત કરતાં વધારે છે તો તે પણ ગરીબોને આપી દો.

**દાણી** : ગુરુજી, અમારે શું કરવું જોઈએ?

યોહાન : તમે સરકારી કાયદાથી વિશેષ કર ઉઘરાવી તમારા ખિસ્સામાં ન મૂકો.

સિપાઈ : સાહેબ, અમને સૈનિકોને કોઈ બોધ ખરો?

યોહાન : સિપાઈઓ, તમે પ્રજા પરનાં જુલ્મ બંધ કરો. કોઈના પર આરોપ ના મૂકો અને ધાકધમકીથી કોઈની પાસે નાણાં ના પડાવો, પણ તમારા પગારથી સંતોષ માનો.

તાલીથા : અમે જે મસીહ એટલે ઉદ્ધારનારની વાટ જોઈએ છીએ એ ક્યારે આવશે અને એમની ઓળખ કઈ?

યોહાન : એ દેહધારી થઈ રહ્યા છે જો શરૂમાં કહ્યું તેમ હું તો તુચ્છ અને એમનાં પગરખાંને સ્પર્શ કરવા માટે પોતાને યોગ્ય સમજતો નથી. હું નદીના પાણીથી તમારા જળ સંસ્કાર કરું છું પણ મસીહ પવિત્ર આત્માથી તમને સ્વીકારશે.

૨ પુરુષ : ધન્ય છે એ મહાપુરુષને
ધન્ય છે એ ઈશ્વરપુત્રને
ધન્ય છે એ ઉદ્ધારક મસીહને.

યોહાન : યાદ રાખો મારો આ સંદેશ. થોડીવારમાં મસીહ રાજા અને ન્યાયાધીશ આવી પહોંચશે. જેમ સૂપડામાં ઘઉંને સાફ કરવામાં આવે તેમ પ્રભુ તેમના લોકોને અને શેતાનના લોકોને અલગ અલગ તારવશે. પ્રભુના લોકોને તે સ્વર્ગના રાજ્યમાં લઈ જશે જ્યારે શેતાનના લોકોને તે નર્કના અગ્નિકૂંડમાં ફેંકી દેશે.

૧ પુરુષ : ગુરુજી એક ગંભીર અને ગુપ્ત પ્રશ્ન પૂછી શકું?

યોહાન : પૂછને ભાઈ, પ્રભુના સંતને વળી કોનો ડર.

૨ પુરુષ : અમે યહૂદીઓ અત્યારે રોમનોના રાજ્યમાં એમના આશ્રિતો જેવા છીએ. એમનો રાજા હેરોદ તમે કહ્યું તેમ શેતાની દિમાગનો ભ્રષ્ટાચારી માણસ છે. એણે એના ભાઈની પત્ની હેરોદિયાસને રખાત તરીકે રાખી છે.

યોહાન : અફસોસ, અફસોસ છે રાજા હેરોદને. તેના ભૂંડા કામ અને વ્યભિચારને ઈશ્વર સાંખી લેશે નહી.

રૂબી : સંત યોહાન, તમે જે બોલો છો એનું શું પરિણામ આવી શકે એ શું તમે જાણો છો?

યોહાન : નક્કી જાણું છું. હેરોદ જાણે તો મને મરણદંડ દઈ શકે પણ એવા મરણદંડથી હું ગભરાતો નથી. જો મને રાજા પાસે તેડવામાં આવે તો હેરોદના મોં સામે આ સત્ય કહેતાં હું ખચકાઈશ નહિ.

૧ પુરુષ : (જોરથી) 'યોહાન બાપ્તિસ્મી'

બધા લોકો: 'અમર રહો.'

૨ પુરુષ : ઈશ્વર પુત્ર મસીહ.

લોકો : અમર રહો.

## દૃશ્ય ૨

(દરબારમાં હેરોદ એના સિપાઈઓ સાથે બેઠો છે.)

સિપાઈ : મહારાજ હેરોદ આયુષ્યમાન હો. મહારાજ, હું આપને એક વાત કરવા માગું છું.

હેરોદ : બોલને શી વાત છે?

સિપાઈ : મહારાજ, આપે સંત યોહાનનું નામ સાંભળ્યું છે?

હેરોદ : હા, કોઈ કહેતું હતું કે, એક યહૂદી સન્યાસી નદી કિનારે બોધ કરી લોકોને જળસંસ્કાર આપે છે.

સિપાઈ : મહારાજ, એ જળસંસ્કાર લેવા નાના ગરીબથી માંડી સિપાઈઓ, દાણીઓ, ધનિકો, મોટા લોકો અને સ્ત્રીઓ પણ જાય છે.

હેરોદ : શું વાત કરે છે. એવું તે શું છે એનામાં?

સિપાઈ : મહારાજ, એ સંત યોહાન બહુ મોટી મોટી વાતો કરે છે.

હેરોદ : એટલે કેવી વાતો?

સિપાઈ : એ પસ્તાવો કરનાર માટે સ્વર્ગનાં રાજ્યમાં પ્રવેશની વાતો કરે છે.

હેરોદ : સ્વર્ગનું રાજ્ય તો કોણે દીઠું?

સિપાઈ : વળી મહારાજ એ વિશ્વમાં કોઈ રાજા અને ન્યાયાધીશ જનમવાની ખોટી જાહેરાત કરે છે.

હેરોદ : કોણ રાજા અને કોણ ન્યાયાધીશ. મારા સિવાય બીજો આ દેશનો રાજા હોઈ શકે નહિ. વળી સ્વર્ગના રાજ્યમાં પ્રવેશનો ઇજારો એને કોણે સોંપ્યો?

(બહારથી રૂબીનો પ્રવેશ)

રૂબી : નમસ્તે મહારાજ.

હેરોદ : આવ રૂબી. હું હમણાં તમને જ યાદ કરતો હતો.

રૂબી : બોલો શું કામ પડ્યું?

હેરોદ : હા... હા... હા... (હસીને) આપણા દેશમાં કોઈ માણસ મસીહ, રાજા અને ન્યાયાધીશ થવા જનમવાનો છે.

રૂબી : સાચી વાત છે. પેલો સંત યોહાન જે રોજ સેંકડો લોકોને સંબોધે છે. એના મુખેથી આ વાત મેં સાંભળી છે.

હેરોદ : તો શું યોહાન ભવિષ્યવેત્તા થઈ ગયો?

રૂબી : મહારાજ, થોડા દિવસ પહેલાં સંત યોહાનને સાંભળવા હું યરદન પાર ગઈ હતી. એમનો ઘેરો અને પ્રબળ અવાજ, એમની અદ્‌ભુત દેવવાણી સાચે જ ભૂલાય નહિ તેવી હતી.

હેરોદ : એ તો સમજ્યા પણ શું સંત યોહાને કોઈ રાજા સંબંધીની વાત કરી હતી?

રૂબી : હા કરી હતીને. એક મહાપ્રતાપી રાજા અને ન્યાયાધીશ પૃથ્વી પર જન્મી રહ્યો છે. એ લોકોને પાપોની ક્ષમા આપી મોક્ષ પ્રદાન કરશે.

હેરોદ : રૂબી, હું માનું છું કે, તું સમજપૂર્વક આ વાત કરે છે. હવે એક વાત સમજી લે કે અહીંનો રાજા હું છું અને ન્યાયાધીશ એ તારો પતિ પિલાત.

રૂબી : (હા... હા... હસીને) એ સાચી વાત. પણ યોહાનના જણાવ્યા પ્રમાણે જન્મનાર બાળક પણ રાજા અને ન્યાયાધીશ બનશે.

હેરોદ : રૂબી, અત્યારે તો પેલેસ્ટાઈનમાં રહેતા દરેક યહૂદીઓનો રાજા અને ન્યાયાધીશ પણ હું જ છું ને.

રૂબી : સાચી વાત છે, પણ યોહાન કોઈ બીજા સંદર્ભમાં વાત કરતો હશે. એ તો ઠીક પણ યોહાને તમારું નામ પણ ત્યાં લીધું હતું.

હેરોદ : કેમ? મારું નામ એ શા માટે લે ?

સિપાઈ : મહારાજ હું કહી શકું ?

હેરોદ : કહેને, તું શું જાણે છે ?

સિપાઈ : મહારાજ આપણા જે સિપાઈઓ ત્યાં હાજર હતા. તેઓના કહેવા મુજબ યોહાને આપનું નામ બદનામ કરવાની વાત કરી હતી.

હેરોદ : (ગુસ્સે થઈને) એટલે?

સિપાઈ : એણે તમારા અને હેરોદિયાસના સંબંધો અંગે જાહેરમાં વિધાન કર્યું હતું.

હેરોદ : (ઊભો થઈ) એ રખડું સન્યાસીની આ હિંમત! સિપાઈઓ એને પકડો અને આજે જ જેલમાં પૂરી દો.

સિપાઈ : જેવી મહારાજની આજ્ઞા (કહી સિપાઈઓ બહાર નીકળી જાય છે.)

(પ્રથમ એક સૈનિક ખબર આપે છે એ સાથે ત્રણ જ્ઞાનીઓ ઘરમાં પ્રવેશે છે અને રાજાને ઝૂકીને પ્રણામ કરે છે.)

હેરોદ : આવો પરદેશીઓ. તમે શું ચાહો છો ?

૧ જ્ઞાની : મહારાજ, આપના દેશમાં એક મુક્તિદાતા જન્મ્યાં છે. એમની શોધમાં આવ્યા છીએ.

હેરોદ : મારા દેશમાં, એટલે ક્યાં?

૨ જ્ઞાની : મહારાજ, પૂર્વ દિશામાં રોજ પ્રકાશતા એક તારાને

જોઈને કોઈ મહાન રાજાનો જન્મ થયો છે એમ માની અમે ઈસુ રાજાનાં દર્શન કરવા આવ્યા છીએ.

હેરોદ : હા, એ નવો તારો તો પૂર્વમાં મેં પણ જોયો છે પણ તેથી મહાન રાજાનો જન્મ? મારા સિવાય આ દેશમાં બીજો કોઈ રાજા ન જન્મી શકે.

૩ જ્ઞાની : તેમના વિશે લખેલું છે કે જુઓ કુંવારી ગર્ભવતી બનશે અને તેને પુત્ર જનમશે એનું નામ ઈમાનુએલ પાડવામાં આવશે. 'ઈમાનુએલ' શબ્દનો અર્થ ઈશ્વર માણસોની સાથે.

રૂબી : (વચ્ચે બોલી ઊઠી) મહારાજ, આ જ વાત યોહાન કહેતો હતો.

હેરોદ : વારું પરદેશીઓ હું એ અંગે હમણાં જ તપાસ કરાવું છું. (સિપાઈઓને) જાઓ આપણા યાજક અને શાસ્ત્રીને હાજર કરો.

૧ જ્ઞાની : મહારાજ, અમે શાસ્ત્રોના અભ્યાસ પરથી ઈસુના જન્મ વિશે ઘણું જાણ્યું છે.

૨ જ્ઞાની : વળી પૂર્વમાં નવા ઊગેલા પ્રકાશિત તારાએ એ વાતની ખાતરી કરાવી આપી છે.

૩ જ્ઞાની : અમે એવા મહાન તારકના દર્શન કરવા આવ્યા છીએ.

(એટલામાં સિપાઈ યાજક અને શાસ્ત્રીને લઈ પ્રવેશે છે.)

હેરોદ : મારા દેશના જ્ઞાનીઓ શું તમે યહૂદીઓના રાજા વિશે કંઈ જાણો છો? એનો જન્મ ક્યાં થવો જોઈએ?

યાજક : (શાસ્ત્રના પાનાં ફેરવી) મહારાજ બાઈબલના આધારે

યહૂદાહ દેશના બેથલેહેમમાં યહૂદીઓના રાજા ઈસુનો જન્મ થવો જોઈએ.

**હેરોદ** : શું આ સાચી વાત છે કે ખાલી પુસ્તકિયા જ્ઞાન?

**શાસ્ત્રી** : મહારાજ આયુષ્યમાન હો. શાસ્ત્રોમાં તો ભારપૂર્વક લખ્યું છે : ''ઓ યહૂદાહ દેશના બેથલેહેમ. તું યહૂદાહના રાજ્યમાં કોઈ રીતે નાનું નથી કેમ કે તારામાંથી એક મહાપુરુષ પાકશે જે મારા ઇસ્રાએલી લોકોનો પાળક થશે.

**હેરોદ** : (માગીઓને) પરદેશીઓ તમારી વાત સાચી લાગે છે. માટે તમે સીધા બેથલેહેમમાં જાઓ અને એ ઈસુ ખોળી કાઢો. એની ભાળ મળતાં જ મને તરત ખબર કરશો તો હું પણ એનું ભજન કરવા જરૂર ત્યાં આવીશ.

**જ્ઞાનીઓ** : જેવી મહારાજની આજ્ઞા. (કહી જાય છે.)

## દશ્ય ૩

(ગભાણે મરિયમ, ઈસુ, જાનવરો અને દૂતોનું દશ્ય. ત્યાં માગીઓ ભેટો ચઢાવે છે.)

**ગેબી અવાજ :-**

**આકાશવાણી** : યૂસફ, તું બાળક ઈસુ તથા તેની માને લઈ ઇજિપ્તમાં ચાલ્યો જા, કેમ કે ઈસુને મારવા હેરોદ થોડા જ દિવસોમાં તલવાર ઉગામશે.

**ગીત** : દૂતોનું ગીત.

**ગેબી અવાજ :**

**આકાશવાણી** : જ્ઞાની પુરુષો પ્રભુ યહોવા કહે છે યરુશાલેમના

માર્ગે જશો નહિ અને રાજા હેરોદને કોઈ ખબર કહેશો નહિ. તમે બીજાં જ માર્ગે તમારાં વતનમાં ચાલ્યા જાઓ અને પ્રભુ ઈસુનો મહિમા ગાતાં રહેજો.

– અંધારું –

## દૃશ્ય ૪

હેરોદ : (આમ તેમ ફરી મૂંઝવણમાં પડેલો દેખાય છે.) સિપાઈઓ ..........

(બે સિપાઈ દોડી આવે છે.)

હેરોદ : જૂઓ પૂર્વ દેશોના પેલા જ્ઞાનીઓએ મને ઠગ્યો છે એટલે મારો રોષ વધી ગયો છે.

સિપાઈ : બોલો મહારાજ શો હુકમ છે.

હેરોદ : યા હોમ. ઊઠાવો તમારી તરવારો અને બેથલેહેમની આસપાસની સઘળી સરહદો ખૂંદી વળો અને યહૂદણોનાં બે વર્ષથી નાનાં બાળકોની કતલ કરી દો.

સિપાઈ : (તરવાર તાણી) જેવી મહારાજની આજ્ઞા.

**O પડદો O**

# ૮ પ્રભુ ઈસુની જન્મગાથા

આ ગીત-નાટિકા વડોદરામાં પાંચ-છ વાર ભજવાઈ ચૂકી છે અને લોકોને ખૂબ પસંદ પડી છે. એથી પ્રેરાઈ ૧૯૯૪ની નાતાલે આ ગીત-નાટિકા દૂરદર્શન મારફતે ટી.વી. પર રજૂ કરવામાં આવી હતી. નાતાલના તહેવારને અનુરૂપ પંદરેક મિનિટની આ ગીત-નાટિકા પ્રભુમંદિરમાં, શાળામાં અથવા કોઈ પણ જાહેર કાર્યક્રમમાં દર્શાવી શકાય. પણ એ માટે 'પ્રભુ ઈસુની જન્મગાથા' એ ગીતનો રાગ અને નાટકના દિગ્દર્શન અંગે માર્ગદર્શન મેળવવું જરૂરી છે.

**પાત્રો :** વક્તા
ગાયકો - ૫
ફરિશ્તાઓ - ૫
જ્ઞાનીઓ - ૩
હેરોદ રાજા
સિપાઈઓ - ૨
રાજાના વિદ્વાનો - ૨
ભરવાડો - ૩
મારીઆ
યૂસફ

**સાધનસામગ્રી :** મારિયા અને યૂસફનો પોષાક, પાંચ
ફરિશ્તાઓના પોષાક
જુદા જુદા દેશના જ્ઞાનીઓના ત્રણ પોષાક
હેરોદ રાજા અને એના બે સિપાઈઓના પોષાક

રાજ્યાસન અને ત્રણ તલવારો
બે વિદ્વાનોના પોષાક અને મોટાં પુસ્તકો
ત્રણ ભરવાડોના પોષાક અને ત્રણ લાકડીઓ
યોહાન માટે રૂવાંટીવાળો ઝભ્ભો
બે પાણી ભરવાના કૂંજા
પૂર્વનો તારો
માગીઓ માટે પુસ્તકો અને દૂરબીન તથા ભેટો
ઈસુના જન્મસ્થળ ગભાણનો સેટ

## પ્રભુ ઈસુની જન્મગાથા

**પાત્રો** : વક્તા, ગાયકો-૫, ફરિશ્તાઓ-૩, મારિયા, જ્ઞાનીઓ-૩, રાજા હેરોદ, સિપાઈઓ-૨, વિદ્વાનો-૨, ભરવાડો-૩.

**વક્તા** : મિત્રો, પ્રભુ ઈસુના નામથી આપણે સૌ વાકેફ છીએ. વિશ્વભરના ખ્રિસ્તીઓ એમને પોતાના 'મસીહા' માને છે. એમના જીવન અને ઉપદેશ અનુકરણીય હતા. આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી એમને પોતાના આદર્શ માનતા હતા. ઈસુએ પોતાનો જન્મદિન કદી ઉજવ્યો નહિ. પણ આજે દુનિયાભરના લોકો એમના જન્મદિન નાતાલને ધામધૂમથી ઉજવે છે. આવો, નાતાલના આ મહાપર્વ નિમિત્તે પ્રભુ ઈસુનો અદ્‌ભુત જન્મ નિહાળીએ.

**ગીત** : પ્રભુ ઈસુની જન્મગાથા, ગાઈએ આનંદમાં,
મસીહની એ જન્મવાતો, વર્ણવી ઉમંગમાં
જય ખ્રિસ્ત (૪) જય ખ્રિસ્ત ઈસુ ઇમાનુએલ
નાઝારી જય જય ખ્રિસ્ત ધૂન બે હજાર વર્ષો પુરાણી

આ કથાનો સાર છે, દેશ પેલેસ્ટાઈન જે ઇઝરાયલ એમ કહેવાય છે. પ્રાંત હતો એક ગાલીલ ગામ જેમાં નાઝરેથ હતું, એક કુટુંબમાં દીકરી મારિયા હતી. કુમારિકા હરદિન જુઓ એ શિષ્યા ઈશ્વરભક્તિમાં મગ્ન છે, દે જે ઈશ્વર તારાં દર્શન અર્પું છું જ્યાની આ મસીહની એ જન્મવાતો વર્ણવી ઉમંગમાં ... ધૂન ....

એ કુંવારી દીકરીની પ્રાર્થ ત્યાં ગ્રાહ્ય રહી, ઈશ્વરે શુભ યોજના દર્શાવી સ્વર્ગી દૂતને શુભ સંદેશો લઈ ગાબ્રીએલ ભૂ પર આવીયો, ને કહ્યું ઓ મારિયા પ્રભુકૃપાથી સુખી રહે.

## દશ્ય ૧

(મારિયા અને ગાબ્રીએલ દૂતનું દશ્ય)

**ગાબ્રીએલ :** હે, પ્રભુપ્રિય બાળા, સુખી આબાદ રહે. પ્રભુ પરમેશ્વરે તારી પ્રાર્થનાઓ સાંભળી છે.

**મારિયા :** મહાત્માજી, આપ આ કેવી આશિષ ઉચ્ચારો છો?

**ગાબ્રીએલ :** અરે ભોળી કન્યા, ગભરાઈશ મા. પ્રભુ તારા પર બેસુમાર કૃપા વરસાવશે. તને ગર્ભ રહેશે અને પુત્રપ્રસવ થશે.

**મારિયા :** હે પ્રભુ આ તે કેવો પેગામ! ફરિશ્તાજી, આપ શું કહી રહ્યા છો? પુત્ર અને મારી કૂખે? હજુ તો મારું લગ્ન થયું નથી અને હું સાચું કહું છું. મેં કોઈ પુરુષનો સંપર્ક કર્યો નથી.

**ગાબ્રીએલ :** નિર્દોષ બાળા, સંકોચ ન કર. તને પરમ પવિત્ર આત્માની શક્તિથી ગર્ભ રહેશે અને દીકરો જનમશે. તું એ પવિત્ર બાળકનું નામ ઈસુ રાખજે. એ મોટો

થઈને પરાક્રમી યુગાવતાર અને શાંતિનિયંતા કહેવાશે.

મારિયા : મહાત્માજી ક્ષમા ચાહું છું, પણ એ કેમ કરીને થશે?

ગાબ્રીએલ : શ્રદ્ધા રાખ હે બાળા, પવિત્ર આત્માનું પરાક્રમ તને આચ્છાદન કરશે. બેશક તારી કૂખે પ્રભુપુત્ર અવતરશે. જો તારી સગી એલીસાબેતે વૃદ્ધાવસ્થામાં ગર્ભ ધર્યો છે. મારિયા, પ્રભુને સર્વ શક્ય છે.

મારિયા : ફરિશ્તાજી, હું તો પ્રભુની શિષ્યા છું. હું વિશ્વાસ કરું છું. પ્રભુના વચન પ્રમાણે મને થાઓ.

જય ખ્રિસ્ત.....

ગીત : ત્યારે જુઓ જ્ઞાની લોકો ગ્રંથો તેમના જોઈને,
મ્હા કોઈ અવતારના આગમન માટે ઝંખે છે.
આભલે પૂર્વ દિશામાં નવલો તારી ઉગીઓ,
એથી તેમના જ્ઞાનને કામે લગાડી બેઠા છે.
ખચીત પૂર્વ દેશમાં મ્હા દેહ અવતરી આવીયો,
દુનિયામાં અમર થઈ એ તારણ સૌનું લાવશે.
મસીહની એ જન્મવાત વર્ણવી ઉમંગમાં .... ધૂન....
એ દિવસ દરમિયાન યોહાન બાપ્તિસ્મી નીકળી પડ્યો
આગમન વિશે પ્રભુના એમ કહેવા લાગીયો –

યોહાન : હે જનસમુદાયના લોકો, આવનાર કોપથી નાસવાને તમને કોણે ચેતવ્યા? ઈબ્રાહીમના સંતાન હોવાનું ગુમાન ન કરો. હવે પ્રભુ અકુમ વૃક્ષનો નાશ કરવા આવી રહ્યા છે. માટે તમારા પાપથી ફરો. પસ્તાવો કરો, જુઓ આકાશનું રાજ્ય પૃથ્વી પર સ્થપાઈ રહ્યું છે. હેરોદ રાજા જેવા વ્યભિચારીને ઈશ્વર છોડશે નહિ.

માટે સાવધ રહો.

ગીત : જુઓ રા' યરુશાલેમનો ગર્વ માંહી રાચે છે,
નામે એ હેરોદ આખા દેશમાં વરતાય છે.
મસીહની એ જન્મવાતો વર્ણવી ઉમંગમાં .... ધૂન .....

## દશ્ય ૨

(હેરોદના મહેલમાં ત્રણ જ્ઞાનીઓ પધારે છે.)

૧લો જ્ઞાની : વંદન હો મહારાજા હેરોદ, અમે પરદેશીઓ એક પ્રકાશિત તારાને નિહાળતા અહીં આવ્યાં છીએ. એ તારો કોઈ રાજાની જન્મની નિશાનીરૂપ લાગે છે.

હેરોદ : (શ્વાસભરી) શું કહ્યું? રાજાનો જન્મ?

૨જો જ્ઞાની : જહાંપનાહ, ખરેખર એ પૂર્વનો તારો કોઈ મહાપ્રતાપી પુરુષના જન્મની આગાહીરૂપ છે.

હેરોદ : (ઉત્તેજીત થઈ) ખામોશ. રાજા અને મહાપ્રતાપી પુરુષ મારા રાજ્યમાં મારા સિવાય કોઈ નથી.

૩જો જ્ઞાની : હેરોદ રાજાને જયજયકાર હો. સ્વામી અમને ક્ષમા કરો. આ કેવળ અમારી માન્યતા છે. શું આપના વિદ્વાનો એ સંબંધી કંઈ જણાવી શકે?

હેરોદ : સિપાઈ, આપણા વિદ્વાનોને હાજર કરો. (એક સિપાઈ વિદ્વાનોને લેવા જાય છે ત્યાં સુધી રાજા અને જ્ઞાનીઓ ગુસપુસ કરે છે.

હેરોદ : (વિદ્વાનોને) શું આપણા રાજ્યમાં બીજો કોઈ રાજા અથવા મહાપ્રતાપી પુરુષ અવતરી શકે?

૧લો વિદ્વાન : ધન્ય હો મહારાજને, યહૂદી શાસ્ત્રોના ભવિષ્યકથન

પ્રમાણે કોઈ પરાક્રમી પુરુષનો જન્મ આપણા દેશના બેથલેહેમ ગામમાં થઈ શકે.

હેરોદ : અરે શાસ્ત્રીજી આ શું બોલ્યા? પરાક્રમી પુરુષ અને મારા રાજ્યમાં? ઠીક, શું એ રાજા હોઈ શકે?

રજો વિદ્વાન : મહારાજ, આયુષ્યમાન હો. સાચે જ આ યહૂદીઓના ધર્મપુસ્તકમાં એવું ભાવિ લખવામાં આવ્યું છે. કુંવારીને પેટે ઈશ્વર પુત્ર પ્રસવશે અને એનું નામ ઈસુ રાખવામાં આવશે. ઈશ્વરપિતા પોતે તેને દાઉદ રાજાનું રાજ્યાસન સોંપશે. ને યાકૂબનાં કુળો પર રાજ કરશે અને તેના રાજ્યનો અંત કદી આવશે નહિ.

હેરોદ : વાહ મારા વિદ્વાન, તમારું મંતવ્ય સાચું છે. તમે એ ઈસુ સંબંધી મને વધુ જણાવતાં રહેજો.
અને ઓ પરદેશી મહાજ્ઞાનીઓ, તમે બેથલેહેમના માર્ગે આગળ વધો. અને ઈશ્વરપુત્ર ઈસુ મળે તો તરત મને ખબર કરજો. હું પોતે ત્યાં આવીને ઈસુનાં દર્શન કરીશ.
(જ્ઞાનીઓ ધીમે પગલે બહાર નીકળી જાય છે.)

હેરોદ : હા.... હા.... હા.... રાજા, મહાપ્રતાપી પુરુષ અને ઈશ્વરપુત્ર ઈસુ. હા.... સિપાઈઓ, ઊઠાવો તમારી તરવારો અને ખૂંદી વળો બેથલેહેમની સીમાઓ ત્યાં જેટલા બાળકો ધાવતાં હોય એ બધાંની કતલ કરી નાંખો.

ગીત : તો એ હેરોદ તું એ અમર બાળને નહિ મારશે,
કેમ કે એ આજ રાતે મિસરમાં પહોંચી જશે.
મસીહની એ જન્મવાતો વર્ણવી ઉમંગમાં ...... ધૂન
એ જ રાતે ભરવાડો ખેતરમાં વાસો કરતાં,
રાતની ખૂબ ઠંડીમાં જુઓ ગપાટા મારતાં.

## દશ્ય ૩

(રાત્રે ભરવાડો પોતાનાં ઘેટાંબકરાં સાથે તાપણું કરી વાતો કરતા બેઠા છે.)

**૧લો ભરવાડ :** અલ્યા એઈ, જરા ઉપર ભાળ. જોને આભલું કેવું ચોખ્ખું ચણાક એમાંના તારલા તો ગણ. બોલ ગણીશ કે?

**૨જો ભરવાડ :** તું જ ગણને મારા ભાઈ, તારલાઓમાં તો શું ગણવાનું, એને કૂણ ગણવા નવરો સ. પણ તેં મધરાતે પરકાશતો ઓલો તારલો દીઠો?

**૧લો ભરવાડ :** ઈમ ઉતાવળો થા મા. આ રાતડી જરા ખીલવા દે, જ્યમ ઈ ખીલશે ત્યમ ઓલ્યો તારલો પૂરવમાંથી તગતગતો આભલે ચઢસે.

**૨જો ભરવાડ :** (ઉપર જોઈને) અલ્યા ભાળ, ભાળ. આકાશે ઓલા કૂણ દેખાણા?

**૩જો ભરવાડ :** સાનો થા રુપલા. આભલે તે વળી કુણ દેખાણા.

**૧લો ભરવાડ :** (ઉપર જોઈને) હા દેવલા હાચે જ. ભાળ આભલે ઉપર પરકાશમાં દેવલોક દેખાણા.

**૩જો ભરવાડ :** (ઉપર જોઈ) ઓત્તારી... હાચે જ, ઓલ્યા રાગડો તાણતા હોય ઈમ લાગસ.

(ત્રણેય ભરવાડો આકાશે દેવદૂતનું ગીત સાંભળી રહે છે.)

ગીત : (અંગ્રેજી અને ગુજરાતીમાં)

જોય ટૂ ધ વર્લ્ડ, ધ લોર્ડ ઈઝ બોર્ન
લેટ અર્થ રીસીવ હર કિંગ
લેટ એવરી હાર્ટ, પ્રીપેર હીમ રૂમ
એન્ડ હેવન એન્ડ નેચર સીંગ (૨)

એન્ડ હેવન ......... એન્ડ હેવન એન્ડ નેચર સીંગ
આનંદ જગમાં તારક જનમ્યો,
સત્કાર અવની તુજ રાય
તેને કાજ દિલ, સૌ સિદ્ધ કરો,
માનવને દૂતો ગાય................(૨)
માનવ ....... માનવ ને દૂતો ગાય.

**વક્તા :** જુઓ ઈસુ દેહધારી થયા, એક ઢોરની ગભાણમાં, છતાં એ વાત ભારત, ગ્રીસ અને ઈજિપ્તના રાજાઓએ સાંભળી, યરુશાલેમનો રાજા હેરોદ એ વાતથી ચોંકી ઊઠ્યો, પૂર્વના ત્રણ જ્ઞાની, યરુશાલેમના વિદ્વાનો, ભરવાડો અને બીજાં અનેક ઈસુ રાજાને દર્શને ગયા.

## દશ્ય ૪

(ઢોરની ગભાણમાં મારિયા ઈસુને લઈ બેઠી છે. પાછળ જોસેફ લાકડી લઈ ઊભો છે. બે બાજુ બે સ્વર્ગદૂતો ચમકતાં વસ્ત્રોમાં ઊભા છે. તેઓની આગળ ગભાણ બહાર ચોકમાં દર્શનાર્થીઓ બેઠા છે.

**ગીત :** કેવી શાંત નિર્મળ રાત, નિદ્રાધીન માનવ જાત
મરિયમ છે કુંવારી માત, પોઢ્યું છે શિશુ નવજાત
દિવ્ય શાંતિમાં (૨)
કેવી શાંત નિર્મળ રાત, દેવસુતનું મુખ શું શાંત
મુખ કેવું પવિત્ર રે, સૂચક ત્રાણ ને પ્રેમનું તે
રે ખ્રિસ્ત જનમ્યો છે (૨)

**O પડદો O**

# ૯ પ્રભુ ઈસુની જીવનવાર્તા

(કોઈ પણ વાર-તહેવાર અથવા પ્રસંગે ભજવવા લાયક અર્ધા કલાકનું નાટક)

**પાત્રો** : મારિયા
યૂસફ
ગાબ્રીએલ દૂત
યોહાન બાપ્તિસ્મી
હેરોદ રાજા
હેરોદિયાસની પુત્રી
સૈનિકો - ૨
માલિક
કારભારી
ઢોલ વગાડનારા - ૨
લગ્નમાં આવેલા - ૫
નોકરો - ૨
ઈસુ (વ્યક્તિગત દેખાડ્યા કરતાં એક જગાએ પ્રકાશ દેખાડી નેપથ્યમાંથી તેમનો અવાજ દર્શાવી શકાય)
શેતાન
કાયાફાસ
યહૂદા

**સાધનસામગ્રી** : મારીઆ અને યૂસફનો પોષાક, ગાબ્રીએલ દૂતનો પોષાક, યોહાનનો ઝભ્ભો, હેરોદ રાજા અને બે સૈનિકોના પોષાક, હેરોદીઆસ અને એની પુત્રીનો પહેરવેશ, માલિક અને કારભારીના ઝભ્ભા, ઢોલ વગાડનારાઓના બે ઝભ્ભા,

લગ્નના મહેમાનોના પાંચ પોષાક, બે નોકરોના પોષાક, એક તરવાર અને બે ભાલા સિપાઈઓ માટે, દ્રાક્ષારસ પીવાના પંદર પ્યાલા, બે ઢોલ અને યહૂદા માટે નાણાંની થેલી.

## દૃશ્ય ૧

### (મારિયાને ગાબ્રીએલ દૂતનું દર્શન)

ગીત : પ્રભુ ઈસુની જીવનવાર્તા, જીવનવાર્તા સાંભળો
અજબ એમનો જન્મ હતો, અજબ જીવનવાર્તા
એ જનમ વધામણાં, વદવા ફરિશ્તા નીકળ્યાં
અવકાશી વીરોની સેના, પૃથ્વી પરે ઝળહળી
જુઓ મહાવીર, ગાબ્રીએલ અહીં વરતાય છે
ભૂમિપુત્રી મારિયાને, શુભસંદેશ કહી જાય છે.

(ઉપરનો શ્લોક કોઈપણ રાગમાં ગાઈ શકાશે.)

**મારિયા** : ઓહ.... પ્રકાશ, અદ્‌ભુત પ્રકાશ.
અરે, અરેરેરે, મારી આંખો અંજાય છે.
મારું અંગે અંગ પુલકિત થાય છે. આ શું? આ શું?

**ગાબ્રીએલ** : હે કૃપા પામેલી સુખી રહે. કેમ કે ઈશ્વરે તને એના મહાન કાર્ય માટે પસંદ કરી છે.

**મારિયા** : ફરિશ્તાજી આ શું કહો છો? મારા જેવી પૃથ્વીવાસી, ઈશ્વરની યોજનામાં?

**ગાબ્રીએલ** : મારિયા, ગભરાઈશ ના. કેમ કે તું ખરેખર ઈશ્વરની કૃપા પામી છું. તને પ્રસવ રહેશે અને પુત્ર જનમશે.

**મારિયા** : ઓ પ્રભુ, આ કેવું? એ કેમ શક્ય બને? કેમ કે મારી સગાઈ થઈ છે; પણ હું કોઈ પુરુષના સંસર્ગમાં આવી નથી.

ગાબ્રીએલ : મારિયા, પવિત્ર આત્મા તારી પર ઊતરી આવશે. પવિત્ર પરમેશ્વરનું પરાક્રમ. તારા પર આચ્છાદન થશે. એ પરાક્રમી ચમત્કારથી તારા પેટમાં દેહધારણ થશે. ખચીત તારી કૂખે ઈશ્વરપુત્ર અવતરશે. એનું નામ તારે ઈસુ રાખવું. એ બાળક સનાતન ઈશ્વરનો પુત્ર કહેવાશે. અને તે ઇઝરાયલ પર સદાકાળ રાજ કરશે. મારિયા, પવિત્ર પરમેશ્વરનું કોઈ વરદાન મિથ્યા થતું નથી.

મારિયા : મહાન ગાબ્રીએલ, ધન્ય છે પ્રભુને, હું તો ઈશ્વરની દાસી માત્ર છું. એમનાં વચનને હું અવરથા કેમ સમજું. તમારા કહ્યા પ્રમાણે મને થાઓ.

ગીત : પ્રભુ ઈસુની જીવનવાર્તા, જીવનવાર્તા સાંભળો
અજબ એમનો જન્મ હતો, અજબ જીવનવાર્તા.
ધન્ય એમના નામને, ધન ધન સૌ વંશ વારસો
ઈબ્રાહીમ, યાકૂબ, દાઉદ, યૂસફ એમના નામને
પરખિયા એકએકને, નામથી નહિ પણ કામથી
ભરવાડ, માછીમાર, સુથાર યૂસફ એમના કામથી.

(યૂસફ સુથારી કામ શરૂ કરે છે અને દૂત પ્રવેશે છે.)

યૂસફ : પવિત્ર પ્રભુ, ધન્ય છે તમને.
નમસ્તે ફરિશ્તાજી, ફરમાવો શું હુકમ છે.

ગાબ્રીએલ : દાઉદનો દીકરો યૂસફ આશીર્વાદિત હો.
તારી વરાયેલી પત્ની મારિયા સગર્ભા –

યૂસફ : હેં હેં... પ્રભુ પ્રકાશ, આ શું કહો છો? એ તો પાપ, વ્યભિચાર, દુરાચાર!!!

ગાબ્રીએલ : જીભ પર કાબૂ કર હે માનવ. મારિયા કોઈ પાપમાં પડી નથી. બલ્કે પ્રભુના પવિત્ર આત્માએ એના દેહમાં આકાર ધર્યો છે. માટે તેને તારી પત્ની તરીકે સ્વીકારવામાં મૂંઝાઈશ નહિ.

યૂસફ : પવિત્ર પરમેશ્વરને ધન્ય હો. મારી પત્ની મારિયાને તમે પ્રભુપુત્રના દેહધાર્ય માટે પસંદ કરી, એ કેવી મોટી કૃપા! ધન્ય છે પ્રભુને પવિત્ર યહોવાને માન, મહિમા અને ગૌરવ સદાકાળ હો.

## દશ્ય - ૨ (યોહાનનો ઉપદેશ અને હેરોદ રાજા)

ગીત : ઈસુ જન્મની વાત કરતાં, ભવિષ્યવેત્તા થઈ ગયા, દેવદૂતો, સંતો, ભક્તો એક વાત કહેતા ગયા. પ્રભુ ઈસુનો સુસંદેશ, યોહાન પ્રથમ લાવીયો પૈગામ એનો સાંભળી, લોકો અચંબીત પામીયા.

યોહાન : પ્રભુ પુત્રનું આગમન થઈ રહ્યું છે. હે મનુષ્યો એને મળવાને તૈયાર થાઓ. પાપ-દોષ તજી પસ્તાવો કરો. બાળકો, જુવાનો, સ્ત્રીઓ અને પુરુષો તમે બધા તૈયાર થઈ રહો.

સાદૂકીઓ અને ફરોશીઓ, તમારી ધર્માંધના તમને બચાવી શકશે નહિ. કેમ કે તમે સાપના જેવા ઝેરીલા સ્વભાવના છો. પણ ઈશ્વરનો કોપ તમારા પર ઠલવાય તે પહેલાં તમે ચેતી ગયા લાગો છો. હું જાહેરમાં એમ કહેતાં ગભરાઈશ નહિ, કે યરુશાલેમનો રાજા હેરોદ વ્યભિચારી છે. કેમ કે તેને તેની ભાભી સાથે અઘટિત સંબંધ છે.

(હેરોદિયાસ દોડીને રાજા પાસે પહોંચે છે.)

**હેરોદિયાસ :** મહારાજ, આપનું અને રાજ્યનું ઘોર અપમાન થયું છે.

**હેરોદ :** હેરોદી, તું આ શું કહે છે?

**હેરોદીયાસ :** તદ્દન સત્ય મહારાજ, પેલો યહૂદી યોહાન ખુલ્લેઆમ મારા અને તમારા વિશે ભૂંડી વાતો કહે છે.

**હેરોદ :** બસ કર હેરોદી, હું આગળ સાંભળવા નથી માંગતો. સિપાઈઓ... પેલા યહૂદી યોહાનને જ્યાં હોય ત્યાંથી ગિરફતાર કરી રાજ્યના બંદીગૃહમાં પૂરી દો.

**ગીત :** હેરોદિયાસનો રોષ ભારે, યોહાન પર વધતો રહ્યો
નૃત્ય કરી ખુશ કર્યો, દીકરીએ હેરોદને,
વચન આપ્યું રાજાએ, નાદાન નૃતક પુત્રીને.
માગ્યું શિર યોહાનનું, ધન ધન એ શહીદને.

## દશ્ય - ૩ (કાના ગામનું લગ્ન)

**ગીત :** પ્રભુ ઈસુની જીવનવાર્તા જીવનવાર્તા સાંભળો,
અજબ એમનો જન્મ હતો, અજબ જીવનવાર્તા.
વૃદ્ધિ પામતાં જ્ઞાન-કદમાં, ઈસુ સંપૂર્ણ બન્યા,
પરમેશ્વર ને માનવોના પસંદ એ બની ગયા.
મિત્રો-શિષ્યો પસંદ કીધા, સેવા કરવા લોકની,
જુવાનીને પ્રથમ પગલે, કાના ગામમાં જઈ ચઢ્યા.

(ઢોલ વગાડનારા અને દ્રાક્ષારસ તૈયાર કરનારા બેઠા છે.)

**માલિક :** આમંત્રિતો, મારી દીકરીના લગ્નમાં પધારવા બદલ સૌનો ખૂબ આભાર. આપ સૌની ખુશીમાં હવે મહેફિલ જામશે અંગુર-રસની.

(દ્રાક્ષારસ વહેંચાય છે. એ દરમિયાન દ્રાક્ષારસ ખૂટતાં કારભારી માલિકને મળે છે.)

કારભારી : માલિક, આજે આપણે સંપૂર્ણ વ્યવસ્થા કરી હોવા છતાં, લોકો વધારે પ્રમાણમાં આવવાથી દ્રાક્ષારસ ખૂટી પડ્યો છે.

માલિક : કારભારી, આ મારી આબરૂનો સવાલ છે. જલદીથી બીજો દ્રાક્ષારસ તૈયાર કરો.

કારભારી : આપનો હુકમ માથે ચઢાવું છું. પણ દ્રાક્ષારસ તૈયાર થતાં વાર લાગશે.

(કારભારી અને માલિક એકબીજાને જોઈ રહે છે. તરત મારિયા ઈસુ પાસે જાય છે.)

મારિયા : (ઈસુ પાસે જઈ) બેટા, આ ઘરવાળા ચિંતાતુર છે. કેમ કે મહેમાનોની હાજરીમાં દ્રાક્ષારસ ખૂટી પડ્યો છે.

ઈસુ : માજી, એ માટે આપણે શું કરી શકીએ. તું મારી શક્તિઓ સમજે છે. પણ જાહેરસેવાનો મારો સમય હજુ પાક્યો નથી.

મારિયા : મારા દીકરા આ જ સમય છે.
(મરિયમ ચાકરો પાસે દોડી જાય છે.)
ચાકરો હવે ઉતાવળ કરો. ઈસુ પાસે જાઓ એ તમને જે હુકમ કરે તે પ્રમાણે કરો.
(નોકરો ઈસુ પાસે દોડી જાય છે.)

ઈસુ : દ્રાક્ષારસનાં ખાલી કુંડામાં છલોછલ પાણી ભરી દો.
(નોકરોએ ફટાફટ કુંડા ભરી દીધાં.)

ઈસુ : લો દ્રાક્ષારસ તૈયાર થઈ ગયો! કપ ભરીને એ જમણના કારભારી પાસે લઈ જાઓ.
(એક નોકર કપમાં દ્રાક્ષારસ લઈ જાય છે.)

કારભારી : (દ્રાક્ષારસ ચાખી) અલ્યા આ કોણે તૈયાર કર્યો?

નોકર : પ્રભુ ઈસુએ.

કારભારી : માણસે તૈયાર કરેલો દ્રાક્ષારસ બેસ્વાદ બની શકે છે, પણ પ્રભુ ઈસુએ બનાવેલો દ્રાક્ષારસ અદ્‌ભુત છે !

## દશ્ય - ૪ (ઈસુનું પરીક્ષણ)

ગીત : પ્રભુ ઈસુની જીવનવાર્તા, જીવનવાર્તા સાંભળો,
અજબ એનો જન્મ હતો, અજબ જીવનવાર્તા.
પ્રથમ સ્ત્રીને ભ્રષ્ટ કીધી, શેતાને એદનમાં,
ત્યારથી એ માનવી શિકાર, કરતો વિશ્વમાં.
ભક્ત હોય કે સંત હોય, શેતાન પહોંચી જાય છે,
એમ પહોંચ્યો પાસ ઈસુ, ચાળીસ દિન ઉપવાસને.

(શેતાન ઈસુ પાસે ઊભો રહેવા પ્રયત્ન કરે છે પણ એ ગબડી જાય છે. આખરે જેમ તેમ કરી સ્થિર થઈ વાત શરૂ કરે છે.

શેતાન : પ્રથમ યુગલ આદમ-હવાથી માંડી મેં હજારોને લલચાવી પાપમાં પટકી દીધાં છે. ઈસુ હવે તમને મારો શિકાર બનાવવા આવ્યો છું.

ઈસુ : શેતાન મારાથી દૂર જા.

શેતાન : હું જાણું છું તું ઈશ્વરપુત્ર હોવાનો દાવો કરે છે. પણ તું તો મારિયાપુત્ર ઈસુ છે. ચાળીસ દિવસના તારા ઉપવાસની અસર તારા શરીર પર સ્પષ્ટ વર્તાય છે. હું જાણું છું તને ભૂખ અને તરસ

લાગી છે. હવે જો તું ખરેખર ઈશ્વરપુત્ર હોય તો તું આ પથ્થરમાંથી રોટલી બનાવ, ખા અને તારી ભૂખ મટાડ.

ઈસુ : માણસ માત્ર રોટલીથી જીવતો નથી. પણ એનું જીવન ઈશ્વરના મુખમાંથી નીકળતા દરેક શબ્દો પર અવલંબે છે.

શેતાન : (નીચાણ તરફ આંગળી ચીંધી)
ઈસુ આ બધા રાજ્યો પર મારો અધિકાર છે. કેમ કે તેઓ ઈશ્વરને ત્યજી મને અર્પાઈ ગયાં છે. હા.... હા.... હા..... હા.....
આ બધું હું જેને આપવા ચાહું તેને આપી શકું છું. જો તારે એ બધાં રાજ્યો પર અધિકાર પાછો મેળવવો હોય તો એક શરત - મારી આગળ નમી જઈ મારી પૂજા કર.

ઈસુ : બાઈબલ શીખવે છે કે તારે તારા પરમેશ્વરનું ભજન કરવું અને તેની જ સેવા કરવી.

શેતાન : ઈસુ તું જલદી માને તેવો નથી. આવ આપણે યરુશાલેમના મંદિર ઉપર જઈએ. ત્યાં તારી છેલ્લી ચકાસણી કરી લઉં. ઈસુ તું બાઈબલની વાતો કરતો થઈ ગયો છે. તો સાંભળ બાઈબલ કહે છે કે ઈશ્વર પોતાના દૂતોને તારું રક્ષણ કરવા આજ્ઞા કરશે. માટે જો તું યરુશાલેમના મિનારા પરથી નીચે કૂદી પડે તો તારા પગ જમીન પર પડતાં પહેલાં દૂતો તને ઊંચકી લેશે.

ઈસુ : પ્રભુ, આખા વિશ્વમાં સર્વસ્વનો માલિક અને અધિકારી છે. એ સંબંધી બાઈબલ સ્પષ્ટ શીખવે છે કે તારે તારા પરમેશ્વરનું પરીક્ષણ ન કરવું. (સૂસવાટા અને આંધી થતાં શેતાન નાસી જાય છે.)

## દૃશ્ય - ૫ (યહૂદાનો વિશ્વાસઘાત)

(કાયાફાસ એક સિપાઈ સાથે વાત કરતા બેઠા છે.)

**કાયાફાસ** : આવો, યહૂદા, અમે તમને જ યાદ કરતા હતા.

**યહૂદા** : (નમીને) નમસ્તે ગુરુજી, હમણાં જ મહાગુરુ સાથે ભોજન પતાવીને નીકળ્યો. આપે મને યાદ કર્યો હતો?

**કાયાફાસ** : હા, મેં જ તમને યાદ કર્યા હતા. યાદ પણ કોને કરવાના હોય, બરોબરીના માણસને. એમ તો તમારો ગુરુ યહૂદીઓનો રાજા બનવા માગતો હતો. અને જો તે દિવસે યરુશાલેમની વિજ્ય કૂચમાં એ રાજા ઘોષિત થઈ ગયો હોત તો યહૂદા તમે તો પ્રધાન પદે જ હોત. પણ શું કરીએ, ઈસુ કાઈસાર અને હેરોદથી ગભરાય છે.

**યહૂદા** : ના જી, એમ તો ઈસુ કોઈથી ડરતા નથી.

**કાયાફાસ** : ત્યારે યહૂદા તમને ખબર નથી. એ રાજા બને તે પહેલા કાઈસાર અને હેરોદે એને ખતમ કરી દેવાની યોજના ઘડી દીધી છે. એ યોજનામાં મારે થોડી ઘણી મદદ કરવાની છે. ફક્ત ઈસુને પકડાવવાની. બાકીનું બધું એ લોકો જોઈ લેશે.

યહૂદા : એટલે તમે ઈસુને પકડીને રોમના રાજાને હવાલે કરશો? શા માટે એમ કરવા ચાહો છો?

કાયાફાસ : ત્યારે યહૂદા તને ખબર નથી. ઈસુ બધે જૂઠો પ્રચાર કરીને આપણા સમાજનું નામ બગાડે છે કે, જો એને મારી નાખવામાં આવે તો એ ત્રીજે દિવસે પાછો ઊઠશે તેમ જ મૂસાના નિયમશાસ્ત્ર વિરુદ્ધની વાતો શીખવે છે. એનાં કેટલાંક વિધાનોથી તો ખુદ રોમન સત્તા ઉશ્કેરાઈ છે. તેઓ જો આપણી પર હુમલો કરી બેસે તો આપણે બધા માર્યા જઈએ. એવું બને તે પહેલાં આપણે ઈસુને તેઓને હવાલે કરી દેવો જોઈએ.

યહૂદા : એટલે તમારા કહ્યા મુજબ મોટી લડાઈ થાય. અને જો લડાઈ થાય તો ઈસુ અને અમે તેના શિષ્યો રોમની સામે લડી શકીએ તેમ નથી. વળી, ઈસુ તો અહિંસાધારી છે.

કાયાફાસ : હવે તમે વાત સમજ્યા. તો મારે ઈસુને પકડાવી દેવા છે. યહૂદા શું હું તમારી અપેક્ષા રાખી શકું?

યહૂદા : ગુરુજી તમે મારા જેવાને કેમ પકડો છો? અરે આ રોમના બહાદુર સૈનિકોને કહોને, ઈસુ તરત પકડાઈ જશે.

સૈનિક : ના ના, એ અમારું કામ નહિ. રોજના હજારો લોકો ઈસુનો સંદેશ સાંભળવા આવે છે. અને સેંકડો લોકો એમના રોગથી મુક્ત થાય છે. એમની સામે ઈસુને પકડ્યા તો લોકો ઉશ્કેરાઈ જશે. અને અમારા પર હુમલો કરશે.

કાયાફાસ : જોયું યહૂદા, ઈસુએ કેવી ધાક ફેલાવી છે. એટલે ઈસુને તો છાનામાના રાતે પકડવા પડે. પણ ક્યાં અને ક્યારે?

યહૂદા : એ તો વિચારવું પડે. (થોડી વાર વિચારીને) અરે એક સરસ વાત યાદ આવી.

કાયાફાસ : બોલો, બોલો.

યહૂદા : ઈસુ રોજ રાતે પ્રાર્થના કરવા ગેથસેમાને બાગમાં જાય છે. ત્યાં જ એ પકડાઈ જશે.

કાયાફાસ : પણ એમ અંધારી રાતે ઈસુ ઓળખાશે કેવી રીતે? રાતે એમને પકડવા જતાં કોઈ નિર્દોષ માર્યો જાય તો. કેમ કે એમ દેખાવમાં તો તમે બધા સરખા લાગો છો.

યહૂદા : તદ્દન સાચી વાત. તો એ તમે મારા પર છોડી દો. હું ઈસુ સામે અંગુલીનિર્દેશ કરીશ અને તમે પકડી લેજો.

કાયાફાસ : અરે ભાઈ! બધા તમારા જેવા ડાહ્યા થોડા છે. એમાં પણ ગફલત થઈ જાય.

યહૂદા : અરે એક સરસ વિચાર આવ્યો. હું ઈસુને ચુંબન કરીશ. એટલે ઈસુ સમજશે કે હું તેમને પ્રેમ કરું છું, પણ તમે એમને ઈસુ તરીકે બરાબર ઓળખી લેજો.

કાયાફાસ : (ખુશ થઈ) વાહ, વાહ, યહૂદા, તારા જેવા શાણા પુરુષો આ દુનિયામાં ઘણાં ઓછા છે. યહૂદી સમાજને બચાવી લેવા માટે તેં મોટી ભૂમિકા ભજવી છે. એની બક્ષિશરૂપે લે આ રૂપિયા -

# દશ્ય - ૬ (પુનરુત્થાન)

ગીત : પ્રભુ ઈસુની જીવનવાર્તા, જીવનવાર્તા સાંભળો,
અજબ એમનો જન્મ હતો, અજબ જીવનવાર્તા.
ઈસુ એમ પકડાઈ ગયા, ગેથસેમાની બાગમાં,
ન્યાય કરવા ખૂબ મથ્યા, યાજક રાજા ન્યાયાધિશ.
ના જણાયો દોષ ત્યારે, વધસ્તંભે દઈ દીધા,
આખરે મૂકી કબરમાં પહેરો દેતાં સૈનિકો.

૧ સૈનિક : સરકાર પણ કેવી ગાંડી છે. કબર પર પહેરો!

૨ સૈનિક : અરે ભાઈ સરકારને શું લેવા દેવા. આ તો ઈસુના પોતાના યહૂદી લોકોએ એમને પકડાવ્યા, વધસ્તંભે જડાવ્યા અને એમની કબર પર પહેરો મૂકવાની માંગણી કરી.

૧ સૈનિક : હા.... હા... હા... ગાંડા યહૂદીઓ. મરેલા ઈસુને કોણ ચોરી જાય? અને શબને લઈ જઈને પણ શું કરે?

૨ સૈનિક : વાત એમ છે કે ઈસુએ પોતે એવો દાવો કર્યો હતો કે તે મૃત્યુમાંથી સજીવન થશે.

૧ સૈનિક : (તાળી દઈ) હા.... હા.... હા....
એક ને કહા ઔર દૂસરેને માની. મરેલો ભૂત થાય એ સાંભળ્યું છે પણ મરેલો પાછો ઊઠે એ નથી સાંભળ્યું.

૨ સૈનિક : જો કે મેં સાંભળ્યું છે. કહે છે કે ઈસુએ પોતે બે ત્રણ જણને મોતમાંથી સજીવન કર્યા હતાં.

૧ સૈનિક : ભગવાન જાણે શું થશે?

૨ સૈનિક : એવું પણ બને કે એના શિષ્યો ઈસુનું શબ ચોરી જાય અને અફવા ફેલાવે કે ઈસુ ઊઠ્યા છે. (ઊભો થઈ)

૧ સૈનિક : એમ આપણી હાજરીમાં કોઈના બાપની મગદૂર નથી કે ઈસુને ઊઠાવી જાય.

(એ સાથે જ ગડગડાટ સંભળાય છે. જોસભેર હવા ચાલે છે અને સિપાઈઓ જીવ બચાવવા નાસી છૂટે છે.)

ગીત : મૃત્યુજયી ઈસુએ દર્શન દીધા સંતોને,
પ્રથમ મારિયા માગ્દાની, માતા મારિયા શિષ્યોને.
આજ ઈસુ જીવતા સંદર્શનો દેખાડે છે,
જે ઈસુને પામવા સાચા હૃદયથી ઝંખે છે.
સ્વર્ગે જતાં કહી ગયા, પરત હું આવનાર છું,
વિશ્વાસે જે રાહ જુએ, ઈસુને મળનાર છે.
આવો એ વિશ્વાસે નમીએ, પ્રભુ ઈસુ રાજાને,
ઈસુ લેશે સ્વીકારી, તેમના આકાશી રાજમાં.
પ્રભુ ઈસુની જીવનવાર્તા, જીવનવાર્તા સાંભળો,
અજબ એમનો જન્મ હતો, અજબ જીવનવાર્તા.

**O પડદો O**

# ૧૦ અદલ ઈન્સાફ

(ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરના તહેવારોમાં ભજવવા લાયક ૪૫ મિનિટનું નાટક)

પાત્રો : પિલાત

પિલાતની પત્ની રૂબી

સૈનિક - ૨

કાયાફાસ - પ્રમુખ યાજક

વડીલ - પ્રમુખનો જોડીદાર

બારાબાસ લૂંટારો

યહૂદી લોકો - ૩

શાસ્ત્રી અને ફરોશી

સાધન સામગ્રી : પિલાતનો બેઠકખંડ

પિલાતનો પોષાક

રૂબીનો પોષાક

બે સૈનિકોનો પોષાક અને બે ભાલા

કાયાફાસનો ઝભ્ભો

લૂંટારાનો પહેરવેશ

ત્રણ યહૂદી પહેરવેશ

વધસ્તંભ

કોરડો

## પડદો ખૂલે છે

(ન્યાયાધીશ પિલાતના ઘરનો બેઠકખંડ. પિલાત આસન પર બેઠો છે જ્યારે તેનો અંગરક્ષક રોમી સૈનિક જમણી તરફ ઊભો છે.)

**સૈનિક-૧** : સરકાર, આપનું નામ યરુશાલેમ અને આસપાસના પ્રદેશોમાં પણ જાણીતું બન્યું છે.

**પિલાત** : તને કેવી રીતે જાણ થઈ?

**સૈનિક-૧** : નામદાર, મેં લોકોને વાતો કરતાં સાંભળ્યા છે કે અદલ ઈન્સાફ તો પિલાત સાહેબનો જ!

**પિલાત** : અલ્યા સાચી વાત કહે છે?

**સૈનિક-૧** : સરકાર, રોમના સમ.

**પિલાત** : અચ્છા, અચ્છા, વિશ્વાસ કરું છું. (અટકીને) પણ જાણે છે, આજકાલ યરુશાલેમમાં બીજું એક નામ ખૂબ લોકમુખે ચઢ્યું છે.

**સૈનિક-૧** : સરકાર, આપના જેવી નામના વળી કોને મળે! (અટકીને) ઠીક સમજ્યો, મહારાજ હેરોદ એ કક્ષામાં આવે ખરા.

**પિલાત** : હું જે કહું છું એ કોઈ રાજા સંબંધી નહિ. રાજા તો રાજા છે. એમની તો નામના હોય જ.

**સૈનિક-૧** : તો પછી બીજું કોણ? શું આપ.... રોમન સમ્રાટ કૈસરની વાત....

**પિલાત** : અહં! (નકારનો અવાજ કરી) તને ના તો કહ્યું. જવા દે, મારી વાત તારા ભેજામાં નહિ ઊતરે.

સૈનિક-૧ : સરકાર, તમે ગમે તે કહો પણ મારા માનવા મુજબ મેં ગણાવ્યાં એ ત્રણ નામ સિવાય યરુશાલેમમાં કોઈ ચોથું નામ લોકમુખે ચઢ્યું નથી. બાકીના બધા તો ગુલામ, રૈયાત, પ્રજાજનો.

પિલાત : હા... હા... હા... એવામાં જ એક રત્ન છૂપાયું છે. (પિલાતની સ્ત્રી રૂબીનો પ્રવેશ)

રૂબી : અરે ક્યા રત્નોની વાત કરો છો? એકાદ રત્નજડીત હાર મને પણ અપાવોને.

પિલાત : રૂબી, કેટલા બધા હીરાના હાર તને યહૂદી હિરાધરોએ ભેટ ધર્યા છે. તોએ તું ધરાઈ નથી!

રૂબી : મારે તો કોઈના હાર અને ભેટો લઈને શું કરવું છે. હું તો તમારા તરફથી હીરાનો હાર મેળવવા ચાહું છું.

પિલાત : એ પણ થશે. પણ પહેલાં અમારી વાત તો પૂરી થવા દે.

રૂબી : બોલો શી વાત ચાલે છે ?

સૈનિક-૧ : સાહેબાન, સરકારનું કહેવું છે કે યરુશાલેમમાં આજકાલ કૈસર, હેરોદ અને પિલાત સાહેબના નામોની જેમ ચોથું એક નામ જાણીતું બન્યું છે.

રૂબી : સાચી વાત છે, તદન સાચી વાત છે. મને પણ એ નામની જાણ છે. (પતિની સામે જોઈ) શું તમે 'ઈસુ ખ્રિસ્ત' સંબંધી વાત કરતા હતા?

**પિલાત** : હા... હા... હા... (હાસ્ય કરતાં) હા રૂબી, હું એ જ માણસ વિષે કહેવા માગતો હતો પણ મને આશ્ચર્ય થયું કે તું પણ એ પુરુષ સંબંધી જાણે છે !

**સૈનિક-૧** : અરે હું પણ એમને જાણું છું. પેલા યહૂદી આગેવાનો મને કેટલીય વાર ઈસુને બીવડાવવા એમની સાથે લઈ જવા માંગતા હતા. પણ આપની સેવામાંથી મને ક્યાં ફુરસદ મળે છે.

**પિલાત** : અરે, ઈસુ એમ કોઈથી બીવે એવા છે નહિ. માણસ મઝાનો છે. સાંભળ્યું છે, ભૂખ્યાંઓને ખવડાવે છે, માંદાઓના રોગ મટાડે છે, અને પાપીઓના પાપ માફ કરવાનો દાવો કરે છે.

**સૈનિક-૧** : સરકાર, મેં પણ એવી બહુ વાતો સાંભળી છે. પણ એ બધામાં કેટલો દમ. તમે જાણો છો એમનો યહૂદી સમાજ તો ઈસુની વિરુદ્ધ મોટું પ્રચાર અભિયાન ચલાવી રહ્યો છે.

**પિલાત** : અલ્યા, ગાંડો થયો છે ! બસ બકે જ રાખે છે ! મેં ઈસુને એક જ વાર જોયા છે. પણ એમની તેજસ્વી આભા હું વીસર્યો નથી. એક દિવસ આપણે રથ લઈ શાકભાજી ખરીદવા માર્કેટમાં ગયા હતા. ત્યારે એકાએક ત્યાં ખૂબ ભીડ જમા થઈ ગઈ. આપણો રથ પણ અટકી ગયો, ત્યારે ઈસુ તેજસ્વી મુખમુદ્રામાં દમામદાર પગલાં માંડતાં એમના અનુયાયીઓ સાથે પસાર થતા મેં જોયા હતા. એટલી બધી ભીડ અને કોલાહલ વચ્ચે ઈસુ સહુના

સપ્રેમ અભિવાદન ઝિલતાં સસ્મિત ત્યાંથી પસાર થઈ ગયા. એવો સૌમ્ય અને તેજસ્વી ચહેરો આજ સુધી મારા જોવામાં આવ્યો નથી.

રૂબી : તદન સાચી વાત. તે જ દિવસે મેં પણ ઈસુના દર્શન કર્યાં હતાં. મને પણ આપના જેવો જ અનુભવ થયો હતો. મેં સાંભળ્યું છે કે ઈસુએ લાજરસ નામના પુરુષને મૃત્યુમાંથી સજીવન કર્યો હતો!

પિલાત : એમ તો લોકોને વાત કરવાની આદત પડી ગઈ છે. આપણે તો નરી આંખે જોઈએ તો જ માનીએ.

સૈનિક-૧ : સરકાર, એટલે જ કહું છું કે નામ તો આપનું જ મશહૂર છે. આપે એકવાર પેલા ત્રણ હિરાધરોનો કેવો ન્યાય કર્યો હતો. બિલકુલ અદલ ઈન્સાફ. યહૂદી હિરાધરે સૌથી વધારે કમાણી કરી એટલે મોટો હિસ્સો એનો - રોમી હિરાધરે એથી ઓછી કમાણી કરી એટલે બીજા નંબરે અને પેલા ઈટાલવીએ સૌથી ઓછી કમાણી કરી એટલે એને નામનો જ હિસ્સો.

પિલાત : હવે હું એક વાત શીખ્યો છું. જેવો દેશ એવો વેશ. આપણે હમણાં યહૂદીઓ મધ્યે રહીએ છીએ એટલે ન્યાય પણ એમના જેવા. હકીકતમાં હિરાધરોના ન્યાયમાં મેં ઈસુએ આપેલા એક દષ્ટાંતને જ અનુસર્યું હતું.

રૂબી : અરે વાહ, ઈસુનો સિદ્ધાંત તમને એટલો બધો અસરકારક લાગ્યો!

**પિલાત** : આ તો નાની સરખી બાબત છે. થોડા સમય પહેલાં કેટલાક યહૂદીઓએ એવી ફરિયાદ કરી હતી કે, તેઓ એક વ્યભિચારી સ્ત્રીને ઈસુની પાસે તેમનું વલણ જાણવા લઈ ગયા હતા. એમને એમ કે ઈસુ યહૂદી શાસ્ત્રના આધારે પેલી સ્ત્રીને પથ્થરે મારવા સંમતિ આપશે. પણ ઈસુએ તો એ સ્ત્રીને બચાવી લીધી. "જેણે પાપ ના કર્યું હોય," સાંભળતાં જ બધા યહૂદીઓ ત્યાંથી છૂમંતર થઈ ગયા હતા.

**રૂબી** : કેવો અદલ ઈન્સાફ.

**સૈનિક-૧** : તો શું નામદાર ગેરઈન્સાફ કરે છે?

રૂબી : મેં એવું ક્યાં કહ્યું. એ પોતે ન્યાયાધીશ છે. સાચું અને ખોટું શું, એ પોતે સારી પેઠે સમજી શકે છે. અને એ પોતે ઈન્સાફ પણ કરે જ છે.

(એક સૈનિકનો પ્રવેશ. તે એક પત્ર પિલાતને આપે છે.)

**પિલાત** : (પત્ર વાંચન કરે છે.)

નામદાર ન્યાયાધીશ પિલાત,

છેલ્લા બે ત્રણ વર્ષથી અમારા સમાજના કાયદા વિરુદ્ધ અને આપના રોમના કાનૂન વિરુદ્ધ જે માણસે બંડ ઊઠાવ્યું છે, એને અમે ગઈ કાલે રાત્રે જીવતો પકડી લીધો છે. અમે એને અમારી ધર્મસભા સામે રજૂ કર્યો. હેરોદ રાજા પાસે મોકલ્યો અને હવે રાજાની સલાહથી તેને આપના ન્યાયાલયમાં લાવીએ છીએ.

અમારા મંતવ્ય મુજબ એ સમાજ, ધર્મ અને રાજ્ય વિરોધી ઈસુને આપ મોતની સજા ફટકારશો તો અમને ન્યાય મળ્યો, એમ અમે માનીશું.

આપનો વિશ્વાસુ,

કાયાફાસ

પ્રમુખ યાજક

(પિલાત, રૂબી અને સૈનિક-૧ એકબીજાના ચહેરા જોતા રહે છે.)

**પિલાત** : સૈનિકો, સૈનિકો.

**સૈનિક-૨** : જી હજૂર.

**પિલાત** : જાઓ ન્યાયાલય તૈયાર કરો. ન્યાયનો ઘંટ વગાડો. હું હમણાં જ ન્યાય માટે હાજર થાઉં છું.

**સૈનિક-૧** : જેવી આપની આજ્ઞા.

(બે સૈનિકો જાય છે. ઘંટનો અવાજ સંભળાય છે.)

(બે મિનિટ માટે લાઈટ ઓફ કરી ન્યાયાલયના દશ્ય સાથે લાઈટ ઓન કરવી.)

(પિલાતનું ન્યાયાલય લોકોથી ખીચોખીચ ભરાઈ ગયું છે. સામે ન્યાયાસન પર પિલાત બિરાજમાન છે. બે બાજુ બે સૈનિકો ઊભા છે. એમની સામે ઈસુ ઊભા છે અને બે બાજુ ડાબે-જમણે યહૂદી લોકો ગોઠવાયેલા છે.)

**પિલાત** : યરુશાલેમના રહીશો, તમે પોતે તમારા પોતાના માણસ ઈસુને મારી પાસે પકડી લાવ્યા છો. તેણે શું ગુનો કર્યો છે. એ વિગતવાર જણાવો.

યાજક : આ માણસ યરુશાલેમના મંદિરને પાડી નાખવા અને ફરી બાંધવાની વાતો કરે છે.

પિલાત : ઈસુએ એ અંગે શું મંદિરને કોઈ નુકસાન પહોંચાડ્યું હોય એવી સાબિતી તમારી પાસે છે?

(કચેરીમાં શાંતિ છવાઈ જાય છે.)

વડીલ : નામદાર, આ પ્રમાણે છડેચોક યહૂદી સમાજના કાયદાઓનું ઉલ્લંઘન કર્યું છે.

પિલાત : કેવું ઉલ્લંઘન, રજૂઆત કરો.

૧ માણસ : એણે ઘણા માણસોને સાબ્બાથવારે સાજા કર્યાં.

૨ માણસ : હું ઈબ્રાહીમ પહેલાંનો છું. એમ કહીને એણે અમારા પિતા પયગંબરનું અપમાન કર્યું છે.

૧ સ્ત્રી : ગયા સાબ્બાથવારે એણે અમારા પયગંબરની માફક ખચ્ચર પર સવારી કરી યરુશાલેમના મંદિરમાં પ્રવેશ કર્યો હતો. એટલું જ નહિ, ત્યાં જઈ તેણે પશુ વેચનારાઓ અને ધીરધાર કરનારા પર કોરડાઓનો માર વરસાવ્યો હતો.

પિલાત : આ તો તમારા પોતાના કાયદા અને સમાજ વ્યવસ્થાની વાતો છે. એ માટે હું શું કરું? રોમ શું કરે?

બધા એકી અવાજે : એને વધસ્તંભે જડો,
એને વધસ્તંભે જડો,

પિલાત : (મેજ પર લાકડી પછાડી) શાંતિ, શાંતિ, આ તે રોમન ન્યાયાલય છે કે તમારું યરુશાલેમનું મંદિર! એમ શોર મચાવવાથી કંઈ નહિ વળે, હું માર્ગ

કાઢી આપું છું. (વિચારે છે.) અચ્છા હમણાં પાસ્ખાપર્વ ચાલે છે. આપણે દર વરસે પાસ્ખાપર્વ ટાણે એક ગુનેગારને મુક્ત કરી દઈએ છીએ. શું આપણે એ યોજના અનુસાર ઈસુને છોડી દઈશું?

કાયાફાસ : હરગીઝ નહિ સરકાર.
તમે ના સાંભળ્યું. યરુશાલેમના મંદિરમાં જઈ એણે કેવો તરખાટ મચાવ્યો. એ તો યહૂદી રાજા બનવાનાં સ્વપ્નો જુએ છે.

પિલાત : (ઈસુ સામે જોઈ) શું આ સાચી વાત છે. તું યહૂદીઓનો રાજા છે?

ઈસુ : તું પોતે એમ કહે છે.

પિલાત : ઈસુ નાઝારી, હું પોતે તારો ન્યાયાધીશ છું. તને સજા કરવાનો અથવા તને મુક્ત કરવાનો મને પૂરો અધિકાર છે. બોલ તારા નિર્દોષપણા વિષે તું શું કહેવા ચાહે છે?

ઈસુ : પ્રભુ બાપના આપ્યા સિવાય તને મારા પર કોઈ અધિકાર નથી.

કાયાફાસ : નામદાર, જોયું ને કેવી જબાન ચલાવે છે. એટલે જ કહું છું. એને વધસ્તંભે જડો.

લોકો : એને વધસ્તંભે જડો!
એને વધસ્તંભે જડો!
(પિલાતની સ્ત્રી રૂબીનો પ્રવેશ)

રૂબી : રોમન ન્યાયાધીશ પિલાત, ઈસુ સાચા હૃદયના ન્યાયી પુરુષ છે, તે પરમાર્થ કાજે જીવન ગુજારી

રહ્યા છે, ગઈ રાત્રે જ મને તેમના વિષે સ્વપ્ન આવ્યું હતું. તેમાં ઈસુને મેં લોકોના ગુનાઓ માટે ભારે દુઃખ સહન કરતાં જોયાં. હા, મને કહેવા દો, ઈસુ નિર્દોષ છે. તેમને મુક્ત કરવામાં આવે.

(બે ત્રણ જણ સાથે બોલે છે.)

ઈસુ નાઝારીને મુક્ત કરો.
ઈસુ નાઝારીને મુક્ત કરો.

(એ સામે મોટો સમુદાય એક અવાજે પોકારે છે.)

ઈસુને વધસ્તંભે જડો!
ઈસુને વધસ્તંભે જડો!
ઈસુને વધસ્તંભે જડો! (બૂમો ચાલુ રહે છે.)

(પિલાત સિપાઈને બારાબ્બાસને લાવવા ઈશારો કરે છે. સિપાઈ તેને લઈ આવે છે.)

**પિલાત** : (જોરથી બૂમ પાડી) ખામોશ, મારા ન્યાયાલયમાં આવી બૂમો પાડવી અયોગ્ય છે. મેં ન્યાયની વાત રજૂ કરી છે. પાસ્ખાપર્વ નિમિત્તે હું કોને છોડી દઉં, ઈસુ ખ્રિસ્તને કે આ બારાબ્બાસ લૂંટારાને?

**કાયાફાસ** : બારાબ્બાસ લૂંટારાને મુક્ત કરો.

**બધા** : બારાબ્બાસ લૂંટારાને મુક્ત કરો.

**પિલાત** : તો ઈસુ જે ખ્રિસ્ત કહેવાય છે, તેને હું શું કરું?

**બધા** : તેને વધસ્તંભે જડો!
તેને વધસ્તંભે જડો!

**પિલાત** : (બેચેન થઈ) એક પાત્રમાં પાણી લાવવામાં આવે.
(સિપાઈ પાણી ભરેલું પાત્ર લાવે છે.)

પિલાત : આ શુદ્ધ પાણીમાં હું મારા હાથ ધોઈ નાખું છું. ઈસુ ખ્રિસ્તના રક્ત સંબંધી હવે મારી કોઈ જવાબદારી રહેતી નથી.

કાયાફાસ : બેશક, ઈસુનાં લોહી સંબંધી તમે જવાબદાર નથી. ઈસુનું લોહી અમારે માથે અને અમારાં છોકરાંને માથે.

પિલાત : ઠીક, તો હું પિલાત રોમી ન્યાયાધીશ ઈસુ ખ્રિસ્તમાં કોઈ ગુનાની નોંધ લેતો નથી. પણ તમારા સમાજનાં કાયદાની વિરુદ્ધ તેણે કરેલા આચરણથી તમે તને વધસ્તંભે જડી શકો છો.

(કહી પિલાત કરારનામા પર સહી કરે છે. સભાખંડ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠે છે.)

રૂબી : (આવેશમાં જોરથી)

શું આ પિલાતનો પોતાનો ઇન્સાફ છે? શું આ અદલ ઇન્સાફ છે?

## પડદો

(પડદો ઉઘડતાં પિલાત ન્યાયાધીશના બેઠકખંડમાં પતિપત્ની શાંત ચિત્તે બેઠાં છે. પિલાત ચોપડીનાં પાનાં ફેરવી મન સ્થિર કરવા પ્રયત્ન કરે છે. ત્યારે બહારથી શોરબકોર સંભળાય છે.)

અવાજો : – એય સ્તંભ લાવો.

– ખેંચો જોરથી ખેંચો.

– ઈસુને આગળ આવવા દો.

– સ્તંભ એની કાંધે ચઢાવો.

– બસ, બસ, ઠીક બરાબર.

– ક્યાં ગયો કોરડાધારી?
– આ રહ્યો સાહેબ.
– ચાલ ફટકાર કોરડો.
– સટાક, સરરરર... સટાક, સરરરર.... સટાક, સરરરર...
– ખરરર... ખરરર... ખટ્ટ, ખર, ખર.... ખટ્ટ...
(સ્તંભ ખેંચવાનો અવાજ)
– હા... હા... હા... હા...
– હી... હી... હી... હી...
– મારો, ખૂબ મારો.
– સટાક, સરરરર... સટાક, સરરરર...

**રૂબી** : સાંભળ્યું? આ બધા માટે કોણ જવાબદાર છે? હજુ હું પુનરોચ્ચારણ કરું છું કે ઈસુ જેવા નિર્દોષને યહૂદી હેવાનોને હવાલે કરી શું તમે અદલ ઈન્સાફ કર્યો છે?

**અવાજો** : – હઠો.
– વચ્ચેથી ખસો.
– ચાલ માર, માર.
– સટાક, સરરરર... સટાક, સરરરર...
– પડી ગયો.
– ઈસુ ગબડી પડ્યો.
– એને ઠોકર વાગી.
– બિચારો.
– એય, ચાલ ઊઠ.

(કોઈએ ન્યાયાધીશનું દ્વાર ખટખટાવ્યું. રૂબીએ

| | | |
|---|---|---|
| | | તરત દ્વાર ખોલ્યું. લઘરવઘર હાલતમાં યહૂદાનો પ્રવેશ.) |
| રૂબી | : | કોણ છે ? કોનું કામ છે ? |
| યહૂદા | : | હું યહૂદા.... (હાંફતાં) હ... હ... મારે પિલાત સાહેબને મળવું છે. |
| રૂબી | : | અંદર આવો. (બંને પિલાત પાસે જાય છે.) |
| રૂબી | : | આ યહૂદી આપને મળવા આવ્યો છે. |
| પિલાત | : | બોલ. |
| યહૂદા | : | નામદાર, હ... હું ઈસુનો શિષ્ય યહૂદા. આપને શું કહું... કેમ કહું... કંઈ સમજાતું નથી. સત્ય હકીકત એ છે કે, ઈસુ નિર્દોષ છે. હું પાપી છું. સાહેબ ગઈકાલે મેં જ ઈસુને ગેથસેમાને વાડીમાંથી પકડાવવા યાજક કાયાફાસની મદદ કરી હતી. |
| પિલાત | : | (આવેશમાં) મૂર્ખ યહૂદા. એક નિર્દોષને મોતના સોદાગરોને હવાલે કરી તેં મોટો ગુનો કર્યો છે. હવે સ્થિતિ કાબૂ બહાર ગઈ છે. ઈસુ માર્યો જશે. હું કંઈ કરી શકું તેમ નથી. |
| અવાજો | : | – હા... હા... હા...<br>– હી... હી... હી...<br>– મારો, મારો...<br>- ખતમ કરી દો એને. |
| યહૂદા | : | ક્ષમા કરો સરકાર. મારી મોટી ભૂલ થઈ ગઈ. જુઓ આ લોકો ઈસુના ખૂનના તરસ્યા બન્યા છે. ઈસુ સ્તંભે જડાય તે પહેલાં એને બચાવી લો... (કહી આંસુ સારે છે) |

પિલાત : ખામોશ. અબૂધ યહૂદી, તું રોમના ન્યાયને સસ્તો સમજે છે. અભી બોલા અભી ફોક. રોમ એ રોમ છે. એના ઈરાદા અને ચૂકાદા સદા અટલ રહે છે. મારા ન્યાય ચૂકાદાને કોઈ કાળેય બદલી શકાય નહિ. મેં એના પર રોમની મુદ્રા મારી છે. મારી આંખોએથી દૂર થઈ જા. જા તારા ધર્મગુરુઓની પગચંપી કરી જો.

યહૂદા : જેવી આપની મરજી. (યહૂદા ઘર બહાર જાય છે.)

રૂબી : તરસ ખાઓ સાહેબ, મારા ઈસુ પર તરસ ખાઓ. ઈસુનો અનુયાયી એના ગુનાનો એકરાર કરી ગયો. હવે તો કંઈક યુક્તિ વિચારી જુઓ.

પિલાત : તું પણ એ યહૂદી જેવી ગાંડી થઈ છે. રોમી ન્યાયાધીશની પત્ની થઈ એટલું તો સમજ, રોમના ન્યાય ચૂકાદા અફર રહે છે.

રૂબી : ધિક્કાર છે એવા ન્યાય ચૂકાદાને જેમાં અન્યાયની દુર્ગંધ આવતી હોય.

ધિક્કાર છે રોમી સામ્રાજ્યને જ્યાં યહૂદી ગુલામો એમનું ધાર્યું કરાવે છે.

રોમ, રોમ, રોમ. આ રોમ શું છે ? બતાવો ક્યાં છે કૈસર અને ક્યાં છે પિલાત? પેલા યહૂદીઓના ઈશારે નાચે છે રોમ!

પિલાત : બસ કર રૂબી, બસ કર. કોઈ આપણી વાતો સાંભળી ગયું તો ઘડીભર આપણું શું થઈ જશે!

રૂબી : કેમ, ડરો છો? રોમના ન્યાયાધીશને વળી

ખોવાનું શું કારણ? એમ કહોને કે તમે નાઈન્સાફ કર્યો છે.

(દરવાજે ટકોરા. સિપાઈનો પ્રવેશ.)

રૂબી : આવ, શું ખબર લાવ્યો છે?

સિપાઈ : સરકાર, આપના ફરમાવ્યા પ્રમાણે તેઓ ઈસુને મારતાં મારતાં ગલગથ્થે લઈ ગયા.

શહેરમાંથી પસાર થતાં, યરુશાલેમની કેટલીય સ્ત્રીઓ, ઘણા પુરુષો અને બાળકોને મેં ઈસુને માટે આંસુ સારતાં જોયાં. ઈસુ પણ જરા થંભી તેઓની સામે પ્રેમભરી નજર કરી લેતાં, એમની માં અને કેટલાક શિષ્યો એમની પડખે રહ્યા હતા. વચ્ચે ઈસુ ખૂબ નિર્ગત થઈ જતાં અમે એક બીજા માણસને ઈસુનો સ્તંભ ઊંચકવા ફરજ પાડી હતી. ગલગથ્થા પર ઈસુને સ્તંભ પર સૂવડાવી આપણા સૈનિકે હાથે-પગે ખીલા માર્યા હતા.

ત્યારે દરેક હથોડાના ઘા સાથે લોકોનાં ડૂસકાં સંભળાતાં હતાં. પછી ફટાફટ ઈસુનો સ્તંભ બે ચોરોની વચ્ચે રોપી દેવાયો હતો, ત્યારે ચોરો મોટેથી અપશબ્દો બોલતા હતા, જ્યારે ઈસુ શાંત રહ્યા હતાં.

રૂબી : શું ક્રોસ પર ઈસુ કંઈ ના બોલ્યા?

સિપાઈ : બોલ્યા ને. એમની શાંત અને નમ્ર વાણી હું તો સાંભળતો જ રહ્યો. "હે પિતા તેઓને માફ કરો. કેમ કે તેઓ જે કરે છે, એ તેઓ જાણતા નથી."

રૂબી : કેવા મહાન ઈસુ!
(દરવાજે ટકોરા પડ્યા. સિપાઈએ દોડી દરવાજો ખોલ્યો. તો યહૂદી, શાસ્ત્રી અને ફરોશીઓનું ટોળું આવ્યું.)

સિપાઈ : તમે લોકો અહીં જ થોભો. હું હાકેમ સાહેબને બોલાવું છું.
(સિપાઈ પિલાતને બોલાવી લાવે છે. સાથે રૂબી પણ આવે છે.)

પિલાત : કેમ શું છે?

શાસ્ત્રી : નામદાર, એક વિનંતી છે.

પિલાત : શું છે ઝટ બોલો?

કાયાફાસ : નામદાર, સ્તંભ પરના લખાણમાં આપે "ઈસુ યહૂદીઓનો રાજા" એમ લખાવ્યું છે.

પિલાત : તો શું થયું?

ફરોશી : સરકાર, એ અમારો રાજા ન હતો, એ વાત તો સ્પષ્ટ છે.

પિલાત : સ્પષ્ટ વાત કરો, મને કંઈ સમજાતું નથી.

કાયાફાસ : નામદાર, એ તો ઈસુ પોતે એમ કહેતો હતો કે એ યહૂદીઓનો રાજા છે. માટે સ્તંભ પર 'હું યહૂદીઓનો રાજા છું' એમ આરોપનામું લખાવો.

પિલાત : મારે શું લખવું અને શું ન લખવું એ હું બરાબર જાણું છું. ઓ યહૂદીઓ, મને શીખવવાની કોશિશ ન કરો. રોમના ચૂકાદા અટલ હોય છે. એટલે

મારું લખાણ કોઈપણ સંજોગોમાં બદલાશે નહિ. મેં જે લખ્યું તે લખ્યું.

શાસ્ત્રી : નામદાર, અમે તો વિનંતી કરવા આવ્યા છીએ.

પિલાત : ચાલી જાઓ અહીંથી, હું તમારી કોઈ વાત સાંભળવા તૈયાર નથી.

રૂબી : તમે લોકોએ જ ઈસુ ગુરુના ખૂનથી તમારા અને રોમના હાથ ખરડ્યા છે. રોમના ઇન્સાફને ઊંધો વાળનાર યહૂદીઓ, તમને શું કહું?

કાયાફાસ : સરકાર, આપને યોગ્ય લાગે તેમ કરો. સાથે બીજી પણ એક વિનંતી છે.

પિલાત : એ વળી શું છે?

યહૂદી : ઈસુ જીવતા હતા, ત્યારે એમ કહેતા હતા કે જો તમે આ મંદિરનો નાશ કરશો, તો હું ત્રણ દિવસમાં એને ઊભું કરીશ.

પિલાત : મંદિર, મંદિર, મંદિર. મંદિર તો તૂટ્યું જ નથી પછી ફરી ઊભું કરવાની વાત જ ક્યાં આવે છે?

ફરોશી : એ માર્મિક ભાષામાં વાત કરતા હતા, પોતે મૃત્યુ બાદ ત્રીજે દિવસે જીવંત થશે, એવો તેમનો દાવો હતો.

પિલાત : અરે પાગલ યહૂદીઓ. એણે કહ્યું અને તમે માન્યું. જાઓ, જાઓ તમારું કામ કરો. મારો સમય ન બગાડો.

કાયાફાસ : સરકાર, તમે અમારી બધી વિનંતી ગ્રાહ્ય રાખી અદલ ઈન્સાફ કર્યો છે. આ એક વાતમાં આપણે નબળા રહ્યા તો રોમન સામ્રાજ્ય સાથે છેતરપિંડી

થશે. માનો કે ઈસુનું શબ રાત્રે ચોરાઈ ગયું અને એવી હવા ઉડાડાય કે ઈસુ ઊઠ્યા છે તો -

પિલાત : (વિચારીને) વાત તો તેં મુદ્દાની કરી. મરણમાંથી તો કોઈ પુનર્જીવન પામ્યો નથી. પણ કોઈ બનાવટ સામે ચેતતા રહેવું પડે. તમે લોકો શું સૂચવો છો?

કાયાફાસ : ઈસુની કબરને રોમી મુદ્રાથી સીલ કરવામાં આવે. તેમ જ સતત ત્રણ દિવસ અને રાત રોમી સૈનિકોની ચોકી કબર ઉપર રાખવામાં આવે.

પિલાત : મંજૂર, મંજૂર.

રૂબી : હવે તો દફા થાઓ. ઈસુને ખતમ કરીને પણ શું તમને શાંતિ વળી નથી.

(એ સાથે જ મોટો વીજ કડાકો થયો. પવનનો સૂસવાટો ઊઠ્યો. પિલાતના મહેલનાં બારીબારણા ધડાધડ અફડાવા લાગ્યાં. આકાશમાંથી કોઈ ગગનભેદી વાણી થતી હોય તેમ સમજાતું હતું. ધીમેધીમે અંધકાર છવાવા લાગ્યો. રૂબી ઘરમાં દોડી ગઈ. શાસ્ત્રી, ફરોશી અને યહૂદીઓના ટોળામાં નાસ ભાગ મચી, ફક્ત પિલાત ઊભો ઊભો મોટેથી પોકારતો હતો.)

પિલાત : ઈસુ, ઈસુ, ઈસુ.

**O પડદો O**

# ૧૧ મુક્તિદીપ

(મહિલા મંડળ અથવા બહેનોના કોઈ પણ સંગઠન માટે વારતહેવાર અથવા કોઈ પણ પ્રસંગે રજૂ કરવા માટે ૪૫ મિનિટનું નાટક)

**પાત્રો** : પ્રવિણા (મા)
પ્રેરક (યુવાન)
પરિમલ (પિતા)
પ્રીતિ (યુવતી)
મેરિયન (સ્ત્રી)
માયા (સ્ત્રી)
પ્રશાંત (અંકલ)
મહિલા મંડળના પ્રમુખ
વડીલ બહેન
એમ.વાય.એફ.ના પ્રમુખ
૮-૧૦ પ્રેક્ષકો

**સાધન સામગ્રી** : ૬ ખુરસીઓ
૧ ટીપોઈ
થોડાં પુસ્તકો
૬ ચાના પ્યાલા
૧ ટ્રે
બાઈબલ અને ભજનસંગ્રહ
સભાખંડમાં ટેબલ અને ખુરસીઓ ૮-૧૦.

(સાંજના પ્રવિણા અને પરિમલભાઈ પોતાના બેઠકખંડમાં સોફા પર બેઠાં છે. એટલામાં તેમનો દીકરો પ્રેરક પ્રવેશે છે.)

**પ્રવિણા :** આવ દીકરા, તું ફરીને વહેલો આવી ગયો. પણ હજુ પ્રીત કેમ દેખાતી નથી?

**પ્રેરક :** મા, એ આવતી જ હશે, ટ્યુશનમાંથી મોડી છૂટે છે અને વળી રસ્તામાં ટ્રાફિક પણ ખૂબ હોય છે. એટલે વાર લાગે જ ને.

**પરિમલ :** તારી વાત સમજ્યા. પણ છોકરી જાત રહી. એટલે અમારે તો ચિંતા કરવી જ પડે ને. તું મોડે સુધી બહાર રહે એનો અમને વાંધો નથી પણ પ્રીત હવે જુવાન થઈ છે.

**પ્રવિણા :** તારા પિતાની વાત સાવ સાચી, દીકરા. આ તો ઠીક છે, તમે ટ્યુશનના નામે દૂર દૂર જઈ શકો છો. પણ મારી જુવાનીમાં તો હું તેર વર્ષની થઈ પછી સાંજના ક્યારેય ઘરનો ઓટલો ઉતરી ન હતી.

**પ્રેરક :** મા, એટલે શું આપણે પ્રીતને ઘરમાં જ પૂરી રાખવાની. હમણાં બિચારી થાકીપાકીને આવશે, પછી આપણે જમીશું અને પછી સૂવાનું. એવા જીવનક્રમથી એ શું કંટાળી ના જાય? થોડો સમય એ વસતિની બહેનો સાથે ઊભી રહીને વાતો પણ ન કરી શકે?

**પરિમલ :** નોટ એટ ઓલ. એ થાકી ગઈ હોય તો પછી બહાર ઊભા રહેવાનું કારણ શું? પછી એમાંથી જ પ્રશ્નો ઊભા થાય છે ને.

**પ્રેરક :** પ્રશ્નો? કેવા પ્રશ્નો?

પ્રવિણા : અરે બેટા, તું કોલેજમાં ગયો એટલે બધું સમજી ગયો હોય એમ ના માનીશ. આજકાલના જુવાન છોકરાઓ કંઈ ઓછા નથી અને મોટા પુરુષો પણ જુવાન મા દીકરીઓ પર કુદૃષ્ટિ કરતા રહે છે.

પ્રેરક : તેમાં શું થઈ ગયું. આપણને આપણી દીકરી પર વિશ્વાસ હોય તો પછી કોનો ડર? મને તો મારી બહેન બહુ ડાહી અને નમ્ર લાગે છે.

પરિમલ : અમે પણ એમ જ માનીએ છીએ. પણ પ્રેરક જરા વિચાર તો કર. તું જુવાન છે અને જુવાન હૈયાંને પારખી શકે છે. ક્યારે કોણ કેવા પરીક્ષણમાં પડે, એ કશું ના કહેવાય.

(બારણું ખુલવાનો અવાજ અને થાકેલી હાલતમાં પુસ્તકો સાથે પ્રીતનો પ્રવેશ.)

પ્રીત : ઓહ મમ્મી (કહી પુસ્તકો પાસેના ટેબલ પર નાખી મમ્મીના ખભે માથું નાખી દે છે.)

પ્રવિણા : (દીકરીને માથે હાથે દેતાં) બેટા, તું આવી ગઈ. ક્યારના અમે તારી ચિંતા કરીએ છીએ! કેમ આજે તને અડધો કલાક મોડું થયું?

પ્રીત : (સ્થિર થતાં) ઓ મમ્મી, તમને તો ખબર છે ને, અમારા સરની. એ ટ્યુશન પૂરું થાય તોય મને અને પેલી મારી ફ્રેન્ડ સૌંદર્યાને બોલાવીને કંઈ ને કંઈ ગપ્પા મારતા રહે છે.

પરિમલ : (પરિમલ અને પ્રવિણા એકબીજાની સામે જોયા કરે છે.) તે બેટા, તારે એમ ઊભા રહેવું ના જોઈએ. ટ્યુશન પત્યું એટલે આપણે ચાલતી પકડવાની.

પ્રવિણા : હા બેટી, સૌંદર્યા ગમે તે કરે. એને ફાવે તો એકલી ઊભી રહે. આપણે તો ચાલતા થવાનું.

પ્રીત : મમ્મી, કેવી વાત કરો છો. એ મારી દોસ્ત છે. મારા દરેક પ્રસંગે તે આવી ઊભી રહે છે. તો મને એમ અડધો કલાક રોકવામાં શું વાંધો?

પરિમલ : બેટા, એ તને ખબર નહીં પડે. આજે અડધો કલાક, પછી કલાક અને ક્યારેક એવાં ફસાશો કે તેમાંથી છૂટવું મુશ્કેલ થશે.

પ્રીત : પપ્પા, આ તમે શું કહો છો તે સમજાતું નથી. હું અમારા ચોક્સી સરની વાત કરું છું, એ તો બહુ સારા છે. એ અમને મળીને અમારા વખાણ કરતાં થાકતાં નથી. અમારો અભ્યાસ, પોષાક, હેરસ્ટાઈલ, રૂપ, એક જુવાનીયાની જેમ અમારી સાથે રહે છે!

પ્રવિણા : બેટી, બસ હવે મારે કંઈ સાંભળવું નથી. આવતી કાલે તારે ટ્યુશન પતે એટલે સીધા ઘેર આવવાનું સમજી.

પ્રીત : ઓ મમ્મી, આજે તમને શું થયું છે?

પરિમલ : બેટા, મા સાચું કહે છે.

પ્રીત : પ્રેરક, વોટ ઈઝ યોર ઓપીનિયન?

પ્રેરક : પ્રીત, હું તો શું ઓપીનિયન આપું. આપણે તો માતાપિતાને માન આપવું જ રહ્યું. ચોથી આજ્ઞા તું જાણે છે ને?

પ્રીત : એટલે તું પણ આજે માતાપિતા જેવો પાકટ વિચારનો થઈ ગયો ને!

પ્રેરક : ઓહ પ્લીઝ સ્ટોપ.

પ્રીત આપણે બીજી વાત પર જઈએ.

આવતી કાલે આપણા ચર્ચમાં એમ.વાય.એફ.ની મિટિંગ છે. મારી ઈચ્છા છે કે હવે તું તેમાં નિયમિત આવ.

પ્રીત : સ્યોર. ભાઈ આમ તો હું ઘણીવાર એમ. વાય. એફ.ની મિટિંગમાં આવું છું. જોને કાલે મારે ટ્યુશન પછી કંઈ નથી એટલે જરૂર આવીશ.

પરિમલ : બેટા પ્રીત, હવે તું જુવાન થઈ છે. એટલે તને સાચવવાની અમારી જવાબદારી છે. શું તને એમ નથી લાગતું કે મિટિંગમાં જવા માટે તારે તારાં માતાપિતાની પરવાનગી લેવી જોઈએ?

પ્રીત : આઈ એમ સોરી, ડેડી, મને તો પૂછ્વાની કંઈ જરૂર જણાતી નથી. કેમ કે હું પોતાના ભાઈની સાથે જવાની છું. ચર્ચમાં જવાની છું અને એમ.વાય.એફ.ની મિટિંગમાં જવાની છું.

પ્રવિણા : બેટા, આ તો અવિવેક કહેવાય. તારે જરૂર પૂછ્વું જોઈએ.

પ્રીત : મેં ક્યારે તમને પૂછ્યા વિના ઘરની બહાર પગ મૂક્યો છે. મારે રોજ કોલેજ જવાનું હોય છે તોપણ બહાર નીકળતાં બૂમ મારું છું, "મમ્મી હું ચાલી." ટ્યુશન પર જતાં પણ સાઈકલ લેતાં જોરથી બોલું જ છું. "પપ્પા હું ટ્યુશને ચાલી." એથી વિશેષ તમે મારી પાસે શું માંગો છો?

પરિમલ : તારી બધી વાત સાચી દીકરી. પણ તું એ વાત ભૂલી જાય છે કે તું છોકરી છે, એક સ્ત્રી. અને હવે તું જુવાન

થઈ છે. અમે તારા ભાઈને કદી કોઈ વાતે રોક્યો છે?

**પ્રીત :** ધીસ ઈઝ ટુ મચ પપ્પા. એટલે પ્રેરક તમારો દીકરો છે પણ હું નહિ. પ્રેરક પર તમે બધો વિશ્વાસ મૂકી શકો છો જ્યારે મારી પર નહિ. એમ ને? જો મારી પાછળ કોઈ યુવાન કે પુરુષ લાગશે એમ તમે માનતા હોય તો શું છોકરાઓ એમ ન કરી શકે? તમારા હૃદયમાં અમારાં માટે આવો ભેદભાવ કેમ છે?

**પ્રેરક :** ઓ પ્રીત, તું કેમ ગાંડી બને છે! પપ્પા મમ્મીને જે કહેવું હોય તે કહે. આપણે તો કાલે એમ.વાય.એફ.માં જઈશું.

**પરિમલ :** બેટા, આ રીતે જ છોકરાં જુવાન થતાં પોતાની જાતને કંઈક સમજી બેસે છે. એમના માતાપિતા જૂના વિચારનાં છે એમ વિચારીને માતાપિતાની આજ્ઞાને માન આપતાં નથી અને છેલ્લે એમને પસ્તાવાનો વારો આવે છે.

**પ્રીત :** પપ્પા, અમને તમારી ગમે તે સલાહ સ્વીકાર્ય છે. પણ સ્ત્રી સમજીને મારા જેવી જુવાનજોધ દીકરીના વિકાસમાં આડે આવવાનું તમને કેવું લાગે છે, એ શાંતિથી વિચારજો.

(એટલામાં શ્રીમતી મેરિયન અને શ્રીમતી માયાનો પ્રવેશ.)

**પ્રવિણા :** આવો આવો, મેરિયનબહેન અને માયાબહેન. બહુ દિવસે આવ્યાં. આવો બેસો.

**મેરિયનબહેન :** કેમ છો પ્રવિણાબહેન? (બેઠક લે છે.)

**માયાબહેન :** મઝામાં બહેન? (બેઠક લે છે.)

(એ સાથે પ્રીત અને પ્રેરક અંદરના ખંડમાં ચાલ્યા જાય છે, જ્યારે શ્રી. પરિમલ પત્નીની સાથે સોફા પર બેસી જાય છે.)

પરિમલ : કેમ છો? તમે બંને આજે અહીં ક્યાંથી? કેમ કે મેરિયન તો ઘણીવાર અહીં આવે છે પણ આજે અચાનક માયાની સાથે?

પ્રવિણા : એ તમને ખબર નહિ પડે. હવે મેરિયનને માયાની સાથે દોસ્તી થઈ છે. એટલે એમની સાથે ફરે, કેમ? (માયા અને મેરિયન સ્મિત કરે છે.)

મેરિયન : પ્રવિણાબહેન, આજની સાંજની મહિલા મંડળની મિટિંગ તો તમને યાદ છે ને?

પ્રવિણા : (પતિને) અરે હા જુઓ, હું તો તમને કહેવાનું જ ભૂલી ગઈ. આજે મારે ચર્ચમાં મહિલા મંડળની મિટિંગમાં જવાનું છે.

પરિમલ : જજે ને. મેં તને ક્યારે રોકી. પણ એમ ચર્ચમાં ભેગા થઈને તમે લોકો કરો છો શું? (હસીને) શું પેલી કહેવત પ્રમાણે ચાર મળે ચોટલા તો ભાંગે ઘરના ઓટલા. (બધાં હસે છે.)

મેરિયન : ના પરિમલભાઈ, તમારી માન્યતા ખોટી છે. અરે તમે અમારી સંગતમાં આવો તો ખબર પડે કે કેવું કામ થાય છે. કેમ માયા?

માયા : (શરમાતાં) સાચી વાત છે.

પરિમલ : પણ આ તમારી બેનપણીને તમે લોકો તમારી સંગતમાં લઈ આવ્યાં, એ નાનીસૂની વાત નથી.

મેરિયન : ત્યારે તમને ક્યાં ખબર છે! માયાનો પતિ હવે પહેલાં કરતાં સુધર્યો છે. એણે દારૂ ઓછો કરી નાખ્યો. કોઈ વાર રવિવારે ચર્ચમાં પણ આવે છે. હવે ઘરમાં પહેલાંના જેવો હોબાળો મચાવતો નથી.

પ્રવિણા : ખરી વાત છે. તમને ખબર છે એમની દાસ્તાન. બિચારી માયાએ બહુ દુઃખ ઊઠાવ્યું. માયા અને હિરકે પ્રેમલગ્ન કર્યાં હતાં. હિરક માયાને ખૂબ ચાહતો. એની પાસે બાપદાદાની ખૂબ મિલકત હતી. એને લીધે એને ઘણાં દોસ્તો થયાં. એવામાં કોઈએ એને દારૂના ચસ્કે ચઢાવ્યો. એથી બધી મિલકત સાફ થઈ ગઈ. બિચારી માયાને રોજ માર ખાવો પડે. ફૂલ જેવા એના છોકરાંને પૂરું અન્ન પણ મળતું નથી.
(માયા શરમથી નીચે જોઈ રહે છે.)

મેરિયન : એવા કપરા સમયે અમે એનો હાથ પકડ્યો છે. એના પતિને અમે બંનેએ ખૂબ સમજાવ્યો. રોજ અમે તેમના ત્યાં પ્રાર્થના સંગત માટે જઈએ છીએ. એથી હવે તેનામાં પરિવર્તન આવવા માંડ્યું છે. પાળક સાહેબ પણ તેની મુલાકાત લેતાં થયાં છે.

પરિમલ : સારી વાત છે. માયાને પણ મહિલા મંડળની સંગતમાં જોડો. ઠીક છે મારા ભાઈ, સમય તો પસાર થાય ને!

પ્રવિણા : શું બોલ્યા, સમય પસાર થાય. અરે મને ઘરના કામકાજથી ફુરસદ નથી ને હું સમય પસાર કરું? ના જો જો ભૂલતા. અમે તો પ્રાર્થના, બાઇબલ અભ્યાસ અને રચનાત્મક કાર્યો માટે મળીએ છીએ.

(પરિમલના ભાઈ પ્રશાંતનો પ્રવેશ)

પરિમલ : આવ પ્રશાંત.

પ્રવિણા : આવો ભાઈ.

પ્રશાંત : કેમ છો બધાં? અરે, આજે તો તમારા ઘરમાં મોટી મિટિંગ મળી હોય તેમ લાગે છે.

(પ્રીત અને પ્રેરકનો પ્રવેશ.)

પ્રીત : કાકા, ગુડ ઈવનીંગ.

પ્રેરક : ગુડ ઈવનીંગ અંકલ.

પ્રશાંત : ગુડ ઈવનીંગ બેટા, મઝામાં છો ને?

(બંને માથું હલાવી પ્રત્યુત્તર આપે છે.)

પરિમલ : બોલ પ્રશાંત કેમ આવવું પડ્યું?

પ્રશાંત : હું તો બસ અમસ્થો જ મુલાકાતે આવ્યો.

પ્રવિણા : બેસો ભાઈ બેસો. બેટા પ્રીત જરા આપણા બધાને માટે થોડી થોડી ચા બનાવી દે.

મેરિયન : ના ના પ્રવિણાબહેન, રહેવા દો ને. હું તો બહુ ચા પીતી નથી.

પરિમલ : અરે, તમે પીતા નથી તેથી શું? માયાબહેન તો અમારે ત્યાં પહેલીવાર આવ્યાં છે. વળી ભાઈ પણ સાથે છે. અર્ધો અર્ધો કપ ચા થઈ જાય. માયાબહેન તમે ચા લેશોને?

માયા : મને વાંધો નથી. પણ મિટિંગમાં મોડું થશે.

પ્રવિણા : હા એ વાત ખરી.

પ્રશાંત : હવે જવા દો ને ચા ને બા.

મેરિયન : ઓ કે લેટ અસ સ્ટાર્ટ. ચાલો આપણે જઈએ.

(એ સાથે જ મેરિયન, પ્રવિણા અને માયા ચાલતાં થયાં.)

**પ્રીત :** પપ્પા, મા ક્યાં જાય છે?

**પરિમલ :** બેટા, એ મહિલા મંડળની મિટિંગમાં ચાલ્યાં.

**પ્રીત :** તો શું મને એકલીને જ ચર્ચ એક્ટીવીટીઝમાં ભાગ લેવા પર પ્રતિબંધ છે?

**પ્રશાંત :** શું થયું બેટા?

**પ્રીતઃ :** કાકા, કાલે ચર્ચમાં એમ.વાય.એફ.ની મિટિંગ છે. તેમાં પ્રેરક અને હું જવાના છીએ. પણ પપ્પા મમ્મીએ મને એ અંગે પરવાનગી માંગવા કહ્યું.

**પ્રશાંત :** બેટા, જેવા દેને આજે એવા બધામાં જવામાં કંઈ મઝા નથી. જો ને હું ચાર વર્ષથી પાસ્ટોરેટ કમિટીનો મેમ્બર છું. એટલે બધું જાણું છું. મારા ત્યાં પણ તારી કાકી કશામાં ભાગ લેતી જ નથી. રવિવારે ચર્ચમાં આવે બસ.

**પ્રીત :** તો એ શું તમને બરાબર લાગે છે?

**પ્રશાંત :** અરે, સ્ત્રીએ બીજું શું કરવાનું હોય છે? ઘર સફાઈ, રસોઈ પાણી, ઘરનો તમામ વ્યવહાર સંભાળવાનો. અને હા. (પરિમલને) હું પૂછ્વા માંગતો હતો. આપણે ત્યાં પેલી માયા કેવી રીતે આવી?

**પરિમલ :** જવા દે ને. આપણે થોડી બોલાવી છે. પેલી મેરિયન એને તેડી લાવી હતી.

**પ્રશાંત :** તું જરા સાવધાન રહેજે. એનો પતિ દારૂડિયો છે. હમણાં નોકરી પણ છોડી દીધી છે. અને આ બહેન જરા મસ્તરામ છે!

પરિમલ : તેમાં આપણે શું? આ તો આજે આવી હતી પછી ક્યાં આપણે એનું મોં જોવું છે.

પ્રશાંત : ઠીક. બાળકો, તમારી શું નવાજૂની છે? અભ્યાસ બરાબર ચાલે છે ને?

પ્રેરક : બરાબર ચાલે છે.

પ્રીત : આ હું જુઓને હમણાં ટ્યુશન પરથી આવી.

પ્રશાંત : હા ભણી લો, જ્યાં સુધી માતાપિતા ભણાવે છે ત્યાં સુધી. પછી ન જાણે કાલે કેવા દિવસો આવશે.

પરિમલ : પ્રશાંત, હમણાં પાસ્ટોરેટમાં શું ચાલે છે?

પ્રશાંત : જવા દેને બધી લફડાબાજી. હવે બધાં ડિસીપ્લીનની પત્તર ફાડતા થયા છે. આ કમિટીમાં આટલાં જુવાનો જોઈએ. પાસ્ટોરેટમાં ૧/૩ મહિલાઓ હોવી જોઈએ વગેરે.

પરિમલ : અરે આજ સુધી શું આપણી પાસ્ટોરેટ ચાલતી નહોતી. એમાં સ્ત્રીઓને મૂકવી શું ફરજિયાત છે?

પ્રશાંત : અરે તેઓના આવવાથી તો પાસ્ટોરેટમાં ઝઘડા ઓર વધ્યા છે. છતાં બંધારણ છે ને!

પરિમલ : એ તો જેનું કામ જે કરે. અચ્છા હોને દો જો હોતા હૈ.

પરિમલ : એની સાથે આપણે શું નિસ્બત? એવાં તો આપણા સમાજમાં ઘણા કુટુંબો છે. જ્યાં સ્ત્રીઓ પર જોહુકમી થતી હોય, સ્ત્રીઓની મારપીટ થતી હોય, લગ્ન કર્યાં છતાં સ્ત્રી અથવા પુરુષ, પરપુરુષ કે સ્ત્રી સાથે સંબંધ ધરાવતાં હોય.

પ્રીત : પપ્પા, આપણા સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ ખરેખર દયાજનક કહેવાય!

પ્રશાંત : કેવળ આપણા સમાજમાં જ નહિ. બીજા સમાજમાં પણ એવું અને એથી વિશેષ આપણને જોવા મળશે.

પ્રેરક : પણ પપ્પા આ તો ખોટું જ કહેવાય ને!

પરિમલ : તું ખરું તારી બહેનનું ઉપરાણું લે છે.

પ્રીત : પપ્પા, એમાં ઉપરાણાંની ક્યાં વાત છે. પ્રેરક એક સાચી બાબતની તરફદારી કરે છે.

પ્રશાંત : જુઓ બેટા, તમને ખોટું લાગે તો કંઈ નહિ. પણ સ્ત્રીઓને છૂટો દોર મળે તો એ એક દિવસ પુરુષના માથે જઈ બેસશે.

પ્રીત : માથે બેસવાનો તો સવાલ જ નથી. વર્તમાન સ્થિતિ આપણે સ્વીકારવી રહી. સમાજમાં સ્ત્રીઓનું સ્થાન એ આજની ગંભીર સમસ્યા છે. કોઈ નહિ વિચારે તો અમે જુવાનો એ અંગે મોટી ચર્ચા યોજીશું.

પરિમલ : યોજોને ભાઈ તમારે જે યોજવું હોય તે યોજો.

(એમ.વાય.એફ.ની ચર્ચાસભામાં પ્રથમ મહિલામંડળના પ્રમુખનું ઉદ્‌બોધન)

પ્રમુખ : મેથોડિસ્ટ યુથ ફેલોશિપના આગેવાનો અને સભાજનો. આજની ચર્ચા સભાનું પ્રમુખસ્થાન મને આપવા બદલ આપ સૌનો આભાર. "આપણા સમાજમાં સ્ત્રીઓનું સ્થાન" એ વિષય પર જુવાનોએ યોજેલી ચર્ચા ખૂબ રસિક થઈ પડશે. આજનો વિષય એ આપણા સમાજમાં અને બહાર પણ ચર્ચાનો મુખ્ય વિષય છે. જો સમાચાર પત્રો તમે જુઓ તો :-

રોજના :- દહેજને કારણે નવોઢાનું દહન, દારૂના નશામાં પત્નીનું ખૂન, સમાજસેવા સંસ્થાઓએ બે બાળલગ્નો રોક્યાં, છોકરી હોવાને કારણે રોજના હજારો ગર્ભપાત, એક આદીવાસી યુવતી પર બળાત્કાર, સ્ત્રીઓને પુરુષ સમોવડિયું સ્થાન આપવા લોકસભામાં રજૂઆત વગેરે સમાચારો પરથી સમાજમાં સ્ત્રીઓનું સ્થાન સ્પષ્ટ થઈ જાય છે. એથી આજે જે ચર્ચા અહીં યોજાઈ છે તેના નિષ્કર્ષ રૂપે જે પ્રાપ્ત કરીશું એ આપણું મેથોડિસ્ટ યુથ ફેલોશિપ આપણી કોન્ફરન્સને અને બની શકે તો સરકારી આગેવાનોને મોકલી આપે. જેથી તેઓ પણ આ દિશામાં વિચારતાં થાય. જો સ્ત્રીઓના પ્રશ્નો હલ કરવામાં વધુ વિલંબ થશે, તો હું માનું છું કે આવતા દિવસોમાં એ અંગે મોટું આંદોલન જાગશે!

**પ્રશાંત** : માનનીય પ્રમુખબહેન અને સભાજનો, આજની ચર્ચાસભાનું ઉદ્‌ઘાટન કરવા મને આપ લોકોએ આમંત્ર્યો એથી હું જુવાનોનો આભારી છું. આપ લોકોની આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા હું રૂા. ૧૦૦૦ નું દાન જાહેર કરું છું. જોકે મારે એમ કહેવું પડશે કે આપણા સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ બહુ દયાજનક નથી. તોપણ તેમાં કેટલાક ફેરફારની જરૂર છે. એ માટે સ્ત્રીઓએ પોતે સંગઠીત થઈ આગળ આવવું પડશે. આજની ચર્ચસભા માટે જુવાનોને અભિનંદન. જુવાનો તમને હું મારા સહકારની ખાતરી

આપું છું. આપ સર્વમાં યુવા પ્રવૃત્તિઓ વધુ વિકસે એ આશા સાથે.

**પ્રીત** : આગેવાનો, વડીલો સભાજનો અને જુવાન મિત્રો. આજનો વિષય હવે ચર્ચા માટે ખુલ્લો છે. કોઈપણ ટૂંકમાં પોતાના વિચારો દર્શાવી શકે છે. બધાંના વિચારોની નોંધ લેવામાં આવશે અને એને આપણા દૈનિક પત્રોમાં પણ હેવાલ પાઠવવામાં આવશે. હું તો જુવાન છું. મારા અંકલ એ આપણા કાર્યક્રમના ઉદ્‌ઘાટક છે. એમના દાન માટે ખૂબખૂબ આભાર. એક વાત મારે દુઃખ સાથે કહેવી પડશે કે મારા ઘરમાં જેટલી સ્વતંત્રતા મારા ભાઈને છે એવી સ્વતંત્રતા મને નથી. કેમ કે હું સ્ત્રી છું. એવી સ્થિતિ ઘણી બહેનોની હશે. એ અંગે શું થઈ શકે? કોઈપણ જાતના આંદોલનથી દરેક માતાપિતાને તો એ અંગે બદલી શકાય નહિ. માટે સમય લાગશે. પણ એ અંગેની શરૂઆત આપણે કરી દેવી જોઈએ. વળી મોટી સ્ત્રીઓને પણ કોઈ અન્યાય થાય તો આપણે જુવાનોએ આગળ આવી એમને પડખે ઊભા રહેવું જોઈએ.

(એ સાથે બધાં તાળી પાડે છે, પ્રીત પોતાની જગા લે છે.)

**વડીલ બહેન:** જુવાનો, આજનો તમારો વિષય ખરેખર દાદ માંગી લે છે. એ આપણા સમાજનો સળગતો પ્રશ્ન છે. એ સંબંધી મોટેરાંઓએ કાર્યરત થવું જોઈએ. તમને જુવાનોને આ રીતે કાર્ય કરતા જોઈ મને ગર્વ થાય

છે. અને હું તમને સર્વને અભિનંદુ છું. આપણા સમાજમાં જો જુવાનો સંગઠીત હશે તો એ સમાજમાં અને દેશમાં ક્રાંતિ લાવી શકશે. એ માટે અહીં બેઠેલાં મોટેરાંને હું વિનંતી કરું છું કે તમારાં જુવાન દીકરા દીકરીઓને યોગ્ય માર્ગદર્શન આપો. ઘરમાં છોકરા-છોકરીઓના ભેદ દૂર કરો. પત્ની એ ઘરની નોકરાણી કે પુરુષની મિલકત નથી. દરેક પતિઓએ પોતાની પત્નીને માન અને પ્રેમથી જીવનસાથી તરીકે નિભાવી રાખવી જોઈએ. આ તબક્કે આટલું ઘણું છે.

(તાળીઓના ગડગડાટ સંભળાય છે અને સંગીતની સુરાવલીઓ સાથે સભા સમાપ્ત થાય છે.)

**MYF પ્રમુખ :** માનનીય વડીલો તથા જુવાન ભાઈબહેનો, આજની ચર્ચાસભામાં આપસૌએ ઉત્સાહથી ભાગ લીધો તે બદલ આભાર. પ્રીતના કહેવા પ્રમાણે આપણે આ સભાના હેવાલને ખૂબ પ્રસિદ્ધિ આપીશું.

સ્ત્રી હોવાને નાતે બહેનોને નોકરી મળતી નથી. ઘણી બહેનોને યોગ્યતા છતાં સમાજમાં અગ્રસ્થાન મળતું નથી. ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા મુશ્કેલી પડે છે.

ઘણી જગાએ એમની મજબૂરીનો લાભ લેવાય છે. આ બધા અન્યાયોથી તેઓને મુક્ત કરવા આપણે જરૂર ચપળ-પગલાં ભરવાં જોઈએ. એ માટે M.Y.F. બનતું બધું જ કરશે.

(તાળીઓના ગડગડાટ)

## ગીત

(રાગ : ચાલો ખ્રિસ્તના સૈનિકો)

ચાલો સૌ ભાઈબહેનો એક કદમ આગળ વધો
બહેનોના અન્યાય સામે કદમ કદમ મિલાવી દો.
જુઓ કેટલી બહેનો, સિતમો સહે છે.
હાથોહાથ મિલાવીને મુક્તિદીપ જલાવો.

આવો સર્વ બહેનો, સંદેશો પ્રગટાવો
અન્યાયો જે નાર સહે, એને સૌ છોડાવો.
પ્રભુ આશિષ દેશે, સતને માર્ગે લેશે
એક થઈ આગળ વધો, મુક્તિદીપ જલાવો.

# ૧૨ મશાલ

(યુવાપેઢીને આદર્શો ચીંધતું ૪૫ મિનિટનું નાટક)

પાત્રો : પ્રકાશ
દીપક
સ્મિતા
પાસ્ટર
મિતેશ
હર્ષિતા

સાધનો : મશાલ
દીવાસળી
ટીપોઈ
૭ ખુરસીઓ
કવરમાં પત્ર
બાઈબલ.

પહેરવેશ : જુવાનો પોતપોતાના આકર્ષક પહેરવેશ પહેરી શકે. (એક પાળક સાહેબનો ડ્રેસ મેળવી શકાય - ના હોય તો સાદા પેન્ટ, શર્ટ, ટાઈમાં બતાવી શકાય.)

## દૃશ્ય ૧

(ખુરસી ત્રાંસી રાખી દીપક ચિંતામાં બેઠો છે. એટલામાં પ્રકાશનો પ્રવેશ.)

**પ્રકાશ** : (દીપકને ખભે હાથ દઈ) એ દીપક, તું આમ સુનમુન કેમ બેઠો છે?

**દીપક** : (જાગૃત થતાં) આવ દોસ્ત પ્રકાશ, તું એક મારો સાચો સહારો છે. સાચું કહું તો તારા આવતાંની સાથે મારી મૂંઝવણો તારા પ્રકાશમાં વિલીન થઈ જાય છે.

**પ્રકાશ** : તારા નામનો અર્થ દીવો થાય. દોસ્ત દીપક, તારો પ્રકાશ હંમેશાં તું પ્રજ્વલિત રાખજે. યાદ રાખ, આશા અમર છે.

**દીપક** : દોસ્ત, એ આશામાં જ મારા દિવસો વહી રહ્યા છે. ગામડામાં ભણવાની વ્યવસ્થા મળી ત્યાં સુધી ભણ્યો. પછી ભવિષ્ય અજમાવવા આ શહેરમાં આવ્યો. આજકાલ કરતાં મને છ મહિના થઈ ગયા, છતાં નોકરી નથી.

**પ્રકાશ** : આજકાલ શહેરમાં બેરોજગારી વધી છે. હું ગ્રેજ્યુએટ હોવા છતાં મને સારી નોકરી મળી નથી. ગમે તે હલકું કામ પણ મારે કરવું પડે છે. હું પણ એ આશામાં જીવું છું કે એક દિવસ મને લાયકાત પ્રમાણે કામ મળશે જ.

**દીપક** : હું તો ગમે તેવું કામ કરવા તૈયાર છું. જ્યાં જ્યાં

વોન્ટેડ હોય ત્યાં પહોંચી જાઉં છું. પણ મને કોઈ સ્વીકારવા તૈયાર નથી.

પ્રકાશ : એ તો સમય સમયનું કામ કરશે. તારી નોકરી અંગે મેં લાગતાવળગતા સૌને વાત કરી છે. એથી મને વિશ્વાસ છે કે ટૂંક સમયમાં તને નોકરી મળી જશે.

(સ્મિતાનો પ્રવેશ)

સ્મિતા : મે આઈ કમ ઈન?

દીપક : યસ પ્લીઝ. આવ સ્મિતા બેસ.

સ્મિતા : ગુડ મોર્નિંગ ટુ યુ. હા પ્રકાશ, હું તને શોધતી શોધતી અહીં આવી છું. તારા ઘેર ગઈ હતી તો મમ્મીએ કહ્યું પ્રકાશ વળી ક્યાં હોય, દીપક હોય ત્યાં જ.

(દીપક અને પ્રકાશ હસે છે.)

દીપક : (ખુરસીમાંથી ઊભા થતાં) આવો બેસો. ચાલો ત્યારે ચા પીએ.

પ્રકાશ : વાત સારી કહી યાર.

સ્મિતા : થેંક્યુ દીપક, આઈ એમ સોરી, હું અત્યારે ચા નહિ પીઉં. પ્રકાશ ચાલ મારે કોલેજ જવું છે. જરા સ્કૂટર પર મૂકી આવને.

પ્રકાશ : (હકારમાં માથું હલાવી) ઓ કે દીપક ફરી મળીએ પછી ક્યાંક બહાર જઈશું. તૈયાર રહેજે. બાય...

દીપક : ઓ કે આવજે.

સ્મિતા : બા... બાય...

(બંને નીકળી જાય છે અને પાળક સાહેબ પ્રવેશે છે.)

પાસ્ટર : ગુડ મોર્નિંગ દીપક, મઝામાં ને?

દીપક : ગુડ મોર્નિંગ સાહેબ, આજે વહેલી સવારે? બેસો.

પાસ્ટર : (બેઠક લેતાં) દીપક, તારી ખબર કાઢવા નીકળ્યો. બોલ હમણાં તું શું કરે છે?

દીપક : કંઈ જ નથી કરતો. હમણાં ઘેર જ છું.

પાસ્ટર : એટલે હજુ સુધી કોઈ કામ નથી મળ્યું?

દીપક : ના જી. (દીપક નિરાશ થઈ ગયો.)

પાસ્ટર : દીકરા નિરાશ ન થઈશ. એનો પણ જવાબ છે.

દીપક : એટલે શું મને નોકરી મળી શકે?

પાસ્ટર : જરૂર.

દીપક : ક્યાં? ક્યારે?

પાસ્ટર : એનો જવાબ તો તારી પાસે છે. તું એ શક્ય કરી શકે છે. એ માટે તારે પ્રયત્નો કરવા પડશે.

દીપક : કેવા?

પાસ્ટર : દીપુ, તારા પિતાજી મારા સારાં મિત્ર હતા. અમે શહેરમાં સાથે જ ભણ્યાં. એ થોડું ભણ્યાં પણ ગામડે નોકરી એમને સારી મળેલી. ટૂંકા પગારમાં એમણે પ્રામાણિકપણે પોતાની ફરજ બજાવી. ટૂંકી આવકને લીધે એ તને વધુ ભણાવી ન શક્યા. એમની જુવાનીમાં એ ખ્યાતનામ દોડવીર હતા. રાષ્ટ્રીયકક્ષાની દોડમાં પણ એમણે ભાગ લીધો હતો.

દીપક : બસ કરો સાહેબ. પિતાજીનાં સંસ્મરણોથી હૈયું વિંધાઈ જાય છે. હું હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે એમને ઈશ્વરે બોલાવી લીધા. એમણે આપેલી એક યાદગીરી મેં સંભાળપૂર્વક રાખી મૂકી છે.

પાસ્ટર : મને બતાવ તો એ શું છે?

દીપક : લઈ આવું સાહેબ (કહી દીપક અંદર ગયો અને એક મશાલ લાવી પાસ્ટર સાહેબ સામે ધરી) આ રહી પિતાજીની યાદગીરી. એ કહેતાં હતાં. "બેટા, આ પ્રગતિનું નિશાન છે. એને પ્રગટાવજે. હંમેશાં એ તારી જીંદગીનો આશાદીપ બની જશે."

પાસ્ટર : તેં એને કદી પેટાવી છે?

દીપક : સાહેબ, સમય જ ક્યાં છે એને પેટાવવા. આજે આ ઓફિસ, કાલે પેલી, પરમદિવસે ફેક્ટરી અને પછી સરકારી દફતર ફંફોસતાં હું તો થાકી ગયો. (કહી નિરાશ થઈ ખુરસીમાં ભાંગી પડે છે.)

પાસ્ટર : (ખભે હાથ દઈ) દીકરા ઊભો થા. આ મશાલમાં તેલ પૂર, દીવાસળી લાવ. ચાલ આપણે એને પ્રજ્વલિત કરીએ.

(દીપકે મશાલ તૈયાર કરી, તેલ પૂર્યું અને પાસ્ટર સાહેબે દીવાસળી પેટાવી મશાલ સળગાવી. મશાલ સળગતાં ચારે તરફ પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો. પાસ્ટર અને દીપક બંનેના ચહેરા સસ્મિત એ જોઈ રહ્યા.)

પાસ્ટર : જોયું. આ તારા પિતાજીની ઇચ્છા હતી. એને પ્રગટાવવાથી કેટલો બધો પ્રકાશ અને ખુશી પ્રગટ્યાં!

દીપક : સાચી વાત સાહેબ. આ સળગેલી મશાલ જોઈ મને એમ થાય છે કે સળગતી મશાલ સાથે હું શહેરને એક છેડેથી બીજા છેડા સુધી દોડી જાઉં.

પાસ્ટર : જોયોને ચમત્કાર. ચાલ આપણે શાંત પ્રાર્થનામાં

જોડાઈએ. તું મનમાં તારી માગણી અને લાગણી વ્યક્ત કરજે. પ્રભુ જરૂર પૂરું પાડશે.

(બંને પ્રાર્થનામાં નમ્યા.)

**પાસ્ટર** : (થોડી વાર પછી) 'આમેન' દીપુ, હવે જો આ પ્રવૃત્તિ જારી રાખજે. તને નોકરી મળી જશે. ચાલ હું જાઉં. મારે બીજા લોકોની મુલાકાત કરવાની છે.

**દીપક** : આવજો સાહેબ, બહુ આભાર.

(પાસ્ટર જાય છે.)

**દીપક** : (મશાલ જોઈ રહેતાં) પિતાજી, આજે પણ તમે જીવો છો આ મશાલના રૂપમાં. હું દોડવીર નથી બન્યો પણ મારા ચારિત્ર્યને તમારા જેવું કરવા હંમેશાં પ્રયત્નશીલ છું. અહીં શહેરમાં હું કદી બીડી, સિગારેટ, પાનમસાલા તમાકુ અને દારૂને અડ્યો નથી. મને પાળક સાહેબે જેમ શિખવ્યું તેમ બસ પ્રાર્થના કરતો રહીશ, મશાલ પેટાવીને.

(એટલામાં મિતેશનો પ્રવેશ)

**દીપક** : આવ મિતેશ, બેસ. મઝામાં ને?

**મિતેશ** : દોસ્ત, આપણે બેસવું-ફેસવું નથી. આપણે તો ફરતા રહ્યા. આજે તું પણ નવરો-ફવરો છે. ચાલ જરા આમતેમ જઈએ.

**દીપક** : આમતેમ?... એટલે ક્યાં?... જો ખાલી ફર્યા કરવાનું હોય તો એ માટે મારી પાસે સમય નથી.

**મિતેશ** : હા... હા... હા... (હસીને) અલ્યા આ શું બોલ્યો? તારી પાસે વળી સમય નથી. બોલવામાં પણ શરમ

બરમ ખરી કે! આમ એકલો ઢેખલા જેવો ઘરમાં પડ્યો છું તો ફરીને ફ્રેશ થા. (મશાલ બતાડતાં) આ શું છે? આ શાનું ધતિંગ માંડ્યું છે?

દીપક : (મશાલ ઊંચી કરી) આ છે મશાલ. મારા બાપુજીની એક યાદ. એ દોડવામાં પાવરધા હતા. એમને રાજ્ય કક્ષાની ઘણી હરિફાઈઓમાં ભેટો મળેલી.

મિતેશ : હા... હા... હા... (હસીને) બાપે માર્યો વાઘ અને બેટો તીરંદાજ. બેટમજી બાપના નામે આમ ક્યાં સુધી ચરી ખાશો. નોકરીનું તો કંઈ ઠામ-ઠેકાણું પડતું નથી.

દીપક : મિતેશ, નોકરી હવે આપણી હાથવેંતમાં છે. હું રોજ સવારે આ મશાલ પેટાવીશ અને પ્રભુ ઈસુને મારી નોકરી માટે પ્રાર્થીશ. પછી જોજે આપણી નોકરી પાકી.

મિતેશ : અલ્યા ગાંડો તો નથી થયોને. તને આવું ભૂત કોણે વળગાડ્યું? એમ ઘેર બેઠાં મશાલો-બશાલો પેટાવી પ્રાર્થના કરવાથી જો નોકરી મળતી હોય તો ભારતભરમાંથી બેકારી નાબૂદ થઈ જાત. હા... હા...

દીપક : મિતેશ યાદ રાખજે. જે માણસને શક્ય નથી તે ઈશ્વરને શક્ય છે. મને નોકરી મળશે જ અને થોડા સમયમાં.

મિતેશ : ઓલ રાઈટ. અમે જોઈશું. તારા જેવા તો બહુ ખ્રિસ્તી ભગતડા સમાજમાં છે. બહારથી દૂત અને અંદરથી ભૂત. ખેર મારે એની સાથે શું લેવા-દેવા.

બાકી તારે જો કંપની જોઈતી હોય તો ચાલ, બંદા હાજર છે. ફીર તેરી મરજી.

**દીપક** : દોસ્ત, ખાલી ફરવાનું તો મેં બંધ કર્યું છે. ક્યાંક સમાજસેવા, પ્રાર્થનાસભા, પ્રેમસંગત હોય તો મને કહેજે. પણ ખાલી આંટાફેરા કરવા, ગપ્પાં મારવા અને ટાઈમ પાસ કરવા હવે મારી પાસે સમય નથી.

**મિતેશ** : હા... હા... હા.. તો અંધેરે ઘરમેં મશાલ જલાતે રહેના, ઔર અપના મુંહ મશાલ કો દિખાતે રહેના. (કહી નીકળી જાય છે.)

(બીજે દિવસે બારણું ખટખટાવી પોસ્ટમેન ટપાલ નાંખે છે.)

**દીપક** : (ઝટ કવર લઈ વાંચે છે.)
- "યુ હેવ બીન એપોન્ટેડ ફોર ધ પોસ્ટ ઓફ સ્ટેનોગ્રાફર ઈન ગ્રેડ ઓફ રૂા. ૩૦૦૦-૫૦-૫૦૦૦" (આનંદથી કૂદી) બાપુજી, ખરેખર તમારી મશાલ ચમત્કારિક નીકળી. એને એક વખત જ સળગાવતાં મને સ્ટેનોગ્રાફરની નોકરી મળી ગઈ. મારે બીજું શું જોઈએ. ચાલો હું હમણાં જ પ્રકાશ અને પાસ્ટર સાહેબને ખબર કરું છું.

## દશ્ય ૨

(પ્રકાશ પોતાના ઘરમાં સ્મિતા સાથે વાતો કરતો હોય છે. એ બહારથી દીપક ચૂપચાપ સાંભળી રહે છે.)

**સ્મિતા** : હા પ્રકાશ, તું શું કહેતો હતો? પેલો તારો મિત્ર... (યાદ કરતાં) શું નામ એનું? અરે ગઈ કાલે જ આપણે એના ઘેર જઈ આવ્યાં.

પ્રકાશ : દીપક, શું તું એને નથી જાણતી?

સ્મિતા : જાણું છું ને! બહુ સારી રીતે. ચર્ચમાં એ નિયમિત આવે છે. યુવાપ્રવૃત્તિઓમાં ભાગ લે છે. બિચારો બહુ સીધોસાદો લાગે છે.

પ્રકાશ : તારું જજમેન્ટ સાચું છે. એ એકલો જ છે. એનું અહીં કોઈ જ નથી. બિચારો નોકરી શોધે છે.

સ્મિતા : કેટલું ભણેલો છે?

પ્રકાશ : હાયર સેકન્ડરી.

સ્મિતા : આગળ કંઈ?

પ્રકાશ : અરે સ્મિતા એની પરિસ્થિતિનો તો ખ્યાલ કર. કોણ એને ભણાવે? છતાં એ સ્ટેનોગ્રાફી શીખ્યો છે.

સ્મિતા : છતાં આ મોંઘવારી, બેકારી અને રિશ્વતખોરીના જમાનામાં એનો ભાવ કોણ પૂછે?

પ્રકાશ : વાત સાચી છે. એટલે જ એને હિંમત આપવાની જરૂર છે. ચાલ એને ત્યાં જઈશું?

સ્મિતા : એવા ફ્રેન્ડને હિંમત તો આપવી જ જોઈએ. ચાલો (કહી બંને ઊઠે છે અને દીપકનો પ્રવેશ)

પ્રકાશ : ઓહ દીપક તું? આવ. હમણાં તારે ત્યાં જ આવવા નીકળતાં હતાં. આવ મળ, આ સ્મિતા છે. એ કોલેજ કરે છે.

દીપક : જાણું છું. કેમ ગઈકાલે એ તને શોધતાં શોધતાં મારે ઘેર નહોતાં આવ્યાં?

પ્રકાશ : બસ એ જ આ સ્મિતા. (સ્મિત કરી) સ્મિતખોર છોકરી છે.

(દીપક અને પ્રકાશ હસે છે અને સ્મિતા ધીમું હાસ્ય કરે છે.)

**દીપક** : દોસ્તો હું એક ખુશખબર લાવ્યો છું.

**સ્મિતા અને પ્રકાશ** : શું? શું?

**દીપક** : આવો અને મારી સાથે આનંદ કરો. કેમ કે પ્રભુકૃપાએ મને નોકરી મળી ગઈ છે. અને તે પણ મનગમતી સ્ટેનોગ્રાફરની અને પગાર રૂપિયા 3000 થી પણ વધુ.

**સ્મિતા** : શું કહો છો દીપક?

**પ્રકાશ** : ચાલ દોસ્ત તારી આશા ફળી. તેં એક આશાદીપ પ્રગટાવ્યો છે. અમારા બધાના જીવન માટે એ પ્રકાશરૂપ બની રહેશે.

**દીપક** : આપણે પ્રેમસંગત માટે મળીશું. હું જરા બીજા મિત્રોને પણ ખબર કરી દઉં.

**પ્રકાશ** : દીપક તારી ખુશીમાં અમે પણ ખુશ છીએ. ચાલ અમે પણ તારી સાથે જ આવીએ છીએ.

(ત્રણ જણા રસ્તે જતા હોય છે. ત્યાં વચ્ચે પાસ્ટર સાહેબ મળે છે.)

**દીપક-પ્રકાશ-સ્મિતા** : ગુડ ઈવનીંગ સર.

**પાસ્ટર** : (માથું હલાવી સલામ સ્વીકારી) જુવાનો આજે ભેગા મળી સાથે સાથે ક્યાં ચાલ્યા? શું કોઈ ખાસ પ્રવૃત્તિ છે ?

**પ્રકાશ** : પ્રવૃત્તિ તો નથી. પણ દીપકની એક ખુશખબર છે.

**પાસ્ટર** : દીપકની ખુશખબર, એ વળી કેવી?

**દીપક** : (શ્વાસ લેતાં) સાહેબ, હું આપને મળવા આવવાનો હતો. ગઈ કાલે આપે પ્રાર્થના કરાવી મશાલ સળગાવી હતી અને આજે એનું પરિણામ આવી ગયું.

પાસ્ટર : શું શું? કોઈ હરિફાઈમાં ભાગ લીધો?

દીપક : સાહેબ, વાત એમ છે કે મને નોકરી મળી ગઈ!

પાસ્ટર : વાહ દીકરા વાહ! પ્રભુએ જરૂર તારી પ્રાર્થના સાંભળી. એટલે પ્રથમ પ્રભુનો આભાર માન.

દીપક : સાહેબ, ઈશ્વરનો આભાર માનવાનું તો કેમ ભૂલાય. મારા પ્રથમ પગારમાંથી અર્ધો હિસ્સો હું સ્તુત્યાર્પણ તરીકે આપી દઈશ.

સ્મિતા : વાહ દીપક, મારા પપ્પા તો પગારમાંથી દશમો હિસ્સો પણ નથી આપતા અને તું અર્ધો પગાર આપી દઈશ?

દીપક : જરૂર. મને નોકરી મળી એ તો ચમત્કાર છે. ફક્ત મારી એક જ પ્રાર્થનાનો આવો અદ્‌ભુત જવાબ મળે તો રોજરોજની પ્રાર્થના કેવું પરિણામ લાવી શકે!

પાસ્ટર : તારો વિશ્વાસ સાચો જ છે. સાચા હૃદયથી કરેલી પ્રાર્થના આશ્ચર્યજનક પરિણામ લાવે છે.

પ્રકાશ : દીપક, તું પ્રેમસંગત કરવા માંગતો હતો ને. તો ચાલો સીધા તારા ઘેર જઈએ. ગાઈશું, ખાઈશું અને મઝા કરીશું.

સ્મિતા : ચાલો. પણ સાથે બીજા મિત્રોને પણ લેતા જઈશું.

દીપક : સાહેબ, આપ પણ ચાલો.

પાસ્ટર : વેલ ડન બોયઝ. તમે ચાલો હું પાછળ આવું છું.

## દૃશ્ય ૩

(ત્રણે મિત્રો દીપકના ઘરે પહોંચે છે. બધા ખુરસીમાં ગોઠવાય છે. એટલામાં મિતેશનો પ્રવેશ.)

દીપક : આવ મિતુ, બેસ.

મિતેશ : અરે ભાઈ, આપણને અહીં ઘરમાં ભરાઈ રહેવામાં રસ નથી. હું તો ફરવા જવા માટે તમને બોલાવવા આવ્યો હતો. એય પ્રકાશ્યા, તું પણ આની સાથે ચોંટણીયો થઈ ગયો. ચાલ જરા બહાર મસ્તી મારીશું.

પ્રકાશ : દોસ્ત, તું અહીં છાનોમાનો બેસી જા.

મિતેશ : કેમ ભાઈ, મારે આ દીપકના નાટકબાટકમાં સામેલ થવું નથી. ગઈ કાલે આ સાહેબ ઘરમાં મશાલ સળગાવીને ઘરમાં એકલા બેઠાબેઠા માખો મારતા હતા. અલ્યા એવાં નાટકો કરીશ તો લોકો ગાંડો કહેશે ગાંડો.

દીપક : તારે જે કહેવું હોય તે કહે. પણ સાંભળ મારી વાત. ગઈ કાલે જ મેં મશાલ સળગાવી હતી, એ તું જાણે છે ને!

મિતેશ : તે શું થઈ ગયું? નોકરી મળી ગઈ?

દીપક : હા હા મળી ગઈ (ઓર્ડર બતાવી) જો. આ પ્રાર્થનાનો જવાબ.

મિતેશ : હા, એ તો તેં અરજીબરજી કરી હશે. એટલે નોકરી તો મળે જ ને.

દીપક : ના ભાઈ, મેં તો કોઈ અરજી કરી નથી.

મિતેશ : તો પછી ડાયરેક્ટ ઈન્ટરવ્યું આપ્યું હશે?

દીપક : કેવી વાત કરે છે. જ્યારે અરજી જ કરી નથી તો ઈન્ટરવ્યું વળી કેવું!

મિતેશ : તો કોઈની લાગવગ લગાડી હશે. રિશ્વત આપી હશે.

દીપક : મિસ્ટર, લાગવગ અને રિશ્વતમાં તો આપણે માનતા જ નથી. એ આપણું કલ્ચર નહિ. હકીકત એ છે કે જ્યાં હું સ્ટેનોગ્રાફી શીખ્યો એ જ ઈન્સ્ટીટ્યુટમાં મને જોબ મળી ગઈ.

પ્રકાશ : કેમ હવે તારું દિમાગ ઠેકાણે આવ્યું?

મિતેશ : (ઓર્ડર લઈ જોતાં) શું કહે છે દીપલા, તને વળી રૂપિયા 3000 ની નોકરી મળી! ખરેખર એ ચમત્કાર કહેવાય.

(એવામાં પાસ્ટર, સ્મિતા અને એની ફ્રેન્ડ હસુનો પ્રવેશ).

દીપક : આવો સાહેબ, સ્મિતા, તમારી સાથે આ કોને લાવ્યાં?

સ્મિતા : એ મારી ફ્રેન્ડ હસુ. એ તમને બહુ સારી રીતે જાણે છે. તમને અગાઉ મળી ચૂકી છે અને ખુશીની વાત કહું તો એ તમને ચાહે છે.

(બધા તાળી પાડી હસે છે.)

પ્રકાશ : અચ્છા, આવો બેસો. આમ ઊભા ઊભા થાકી જશો. તમારી સાથે પાસ્ટર સાહેબ પણ ઊભા છે.

દીપક : ઓ આઈ એમ સોરી. સર આવો બેસો.

મિતેશ : એક્સક્યુઝ માં. અરે દીપક તું શું કહેતો હતો? તને નોકરી તો મળી અને તે પણ કોઈની લાગવગ સિવાય. તો પછી નોકરી કોણે અપાવી?

દીપક : હું સાચું કહું છું મને એની જરા પણ ખબર નથી. ઈશ્વર જાણે કોના પ્રયત્નથી મને આ નોકરી મળી.

સ્મિતા : હું જાણું છું. કોના પ્રયત્નથી એ બન્યું.

પ્રકાશ : શું તે અપાવી?

સ્મિતા : ના રે. (અટકીને હસતાં હસતાં) બીજું કોણ હોય વળી, હસુ.

પાસ્ટર : અરે ભાઈ શું વાત છે. હસુ, હસુ, હસુ. અરે હસુ તેં તો બધાને હસાડી દીધા. તો નોકરી પછીની દીપકની જરૂરિયાત પણ તું જ પૂરી કરજે.

સ્મિતા : સાહેબ, આપના શુભ પ્રસ્તાવને મારો ટેકો છે.

પ્રકાશ : મારો પણ.

મિતેશ : પણ આપણો બિલકુલ નહિ. પહેલાં એને નોકરી બોકરી તો કરવા દો. પછી બીજી વાત થાય.

દીપક : અચ્છા ચાલો હવે પાસ્ટર સાહેબને સાંભળીએ. એમને જવાનું હશે.

પાસ્ટર : જુવાનો, આજે હું તમને કંઈક કહેવા માગું છું. પ્રભુ ઈસુ તમને બધાંને ચાહે છે. એ પોતે આ દુનિયામાં આવી જુવાન જીંદગી જીવી ગયા. જુવાનો માટે એમણે કેટલીક પડકારરૂપ વાતો કરી હતી. ‘‘પોતાના મિત્ર માટે જીવ આપી દેવો એમાં સવિશેષ પ્રેમ પ્રગટ થાય છે. અને એથી પણ આદર્શ પ્રેમ આપણે ઈશ્વરને કરવો જોઈએ. પણ શું આજના જુવાનો ખરેખર ઈશ્વરને પ્રેમ કરે છે? કેટલા બધા જુવાનો ચર્ચમાં આવતા નથી અને બાઈબલવાંચન અને પ્રાર્થના કરતાં નથી. કેટલા બધા સમયનો દુરુપયોગ કરે છે અને નિયમિત અભ્યાસ કરતા નથી. અથવા નોકરીએ જતાં નથી. મોટા ભાગના જુવાનો પાસે

શિસ્ત જેવું કશું જોવા મળતું નથી. છતાં તેઓનાં માતાપિતા અને સમાજના આગેવાનોને કંઈ પડી જ નથી. શિક્ષણમાં જુવાનો પાછળ પડતા જાય છે. એથી બેકારી વધી રહી છે. મારા જુવાનો કમર બાંધીને ઊઠો. આપણા સમાજને બદલવાની ઘડી પાકી ચૂકી છે. એ કામ જુવાનોનું છે. એ માટે સૌ પ્રથમ આજે હું તમને પાંચેયને પડકાર આપું છું.

જુઓ દીપકના જીવનમાં પ્રભુ ઈસુએ અજાયબ કાર્ય કર્યું છે. એના ઘેર ગઈકાલે જ પ્રાર્થનાદીપ જલાવતાં ગણત્રીના કલાકોમાં જ એને નોકરી મળી ગઈ છે. પ્રભુના નામની સ્તુતિ હો.

સમાજના અનેક પ્રશ્નોનું પ્રાર્થના દ્વારા જ નિરાકરણ આવી શકે. પણ એ માટે પ્રાર્થના ટોળી ઊભી થાય અને નિયમિત પ્રાર્થના કરે એ જરૂરનું છે.

દીપક : સર, આજથી હું મારા ઘરમાં દર બીજા દિવસે સાંજે ખાસ પ્રાર્થના માટે બેસીશ.

હસુ : સાહેબ, હું દીપકને પ્રાર્થનામાં સહકાર આપીશ.

પ્રકાશ : હું રોજ ઘેર બેસી રહીને નકામો સમય બરબાદ કરું છું. હવેથી હું દીપક સાથે પ્રાર્થનામાં બેસીશ.

સ્મિતા : જ્યાં વસે દીપક - હસુ, ત્યાં હશે પ્રકાશ-સ્મિતુ. બોલો કેવું રહ્યું?

મિતેશ : દીપક તું જીત્યો, હું હાર્યો. હું આજ સુધી અખ્રિસ્તી જેવું જ જીવન જીવ્યો છું. પાસ્ટર સાહેબની સલાહથી હવે મારું જીવન બદલાઈ ગયું છે. હું પણ તમારા બધાંની સાથે નિયમિત પ્રાર્થનામાં જોડાઈશ.

પાસ્ટર : મારા જુવાનો, ઘણા સમયથી મારી ઈચ્છા હતી કે આપણા જુવાનો બાઈબલ સંગત અને પ્રાર્થના માટે મળે. તો જ સમાજમાં પરિવર્તન આવશે. આજના જુવાનો એ આવતી કાલનો આપણો સમાજ છે. હું પણ જ્યારે જ્યારે સમય હશે ત્યારે ત્યારે જરૂરથી તમારી પ્રાર્થના સંગતમાં હાજર રહીશ.

દીપક : (હાથમાં મશાલ લઈ આગળ આવી) આ જલતી મશાલ આપણી પ્રાર્થનાટોળીનું પ્રતીક રહેશે. આવો આપણે પ્રાર્થનાદીપ સળગતો રાખવા સુનિશ્ચય કરીએ. ઈસુના નામને -

બધા : ધન્ય હો.

દીપક : યુવકો

બધા : જીંદાબાદ, જીંદાબાદ, જીંદાબાદ.

(અંતે જુવાનોને લગતું કોઈ ગીત રજૂ કરી શકાય)

O પડદો O

# ૧૩ પરિવર્તન

| | | |
|---|---|---|
| શનાકાકા | : | આધેડ વયના પિતા |
| વિરૂ | : | શનાકાકાનો દીકરો |
| સંપત્ત | : | શનાકાકાનો નાનો દીકરો |
| વિશ્વાસ | : | શનાકાકાનો પાડોશી |
| ડો. જોન | : | શહેરના ખ્રિસ્તી ડોકટર |
| સારાબહેન | : | એક ખ્રિસ્તી મહિલા |
| સંતોષભાઈ | : | શહેરનો ગરીબ ખ્રિસ્તી |
| નાની બેબી | : | સંતોષભાઈની દીકરી |

(**નેપથ્યમાંથી :** નાતાલના આનંદી તહેવારે પ્રભુ ઈસુ આપણી પાસે કેવી સેવાની અપેક્ષા રાખે છે, એનો ચિતાર રજૂ કરતું નાટક)

## દૃશ્ય ૧

(સોનપુર ગામમાં રહેતા શનાકાકાને એક દિવસ છાતીમાં દુઃખાવો ઉપડ્યો. ત્યારે પાડોશી વિશ્વાસભાઈ મળવા આવ્યા, તે સમયે શનાકાકાના દીકરાઓ વિરૂ અને સંપત્ત એમની પાસે ખાટલા પર બેઠા છે.)

**શનાકાકા** : આવ વિશ્વાસ.

**વિશ્વાસ** : કાકા, તમારી તબિયત કેમ છે?

**શનાકાકા** : એ તો બધું ચાલ્યા કરે, શું કરવાનું. પણ આજે મારાથી નથી રહેવાતું. છાતીમાં ખૂબ દુઃખાવો થાય છે.

**વિરૂ** : પિતાજી, શાંતિ રાખો સારું થઈ જશે.

**સંપત્ત** : હા બાપુ, અમે તમને ડોકટર પાસે લઈ જઈશું.

**વિશ્વાસ** : છોકરાઓ, તમે સારી બાપની સેવા કરો છો. પણ છાતીનો દુઃખાવો કેવા પ્રકારનો છે, એની તપાસ કરાવવી પડે. જરૂર પડે તો કાકાને શહેરના મોટા દવાખાને લઈ જવા પડે.

**સંપત્ત** : અમારી તો તૈયારી છે, પણ બાપા માને તોને.

**વિશ્વાસ** : ના શું માને, હું સમજાવું છું. જુઓ કાકા, કોઈ પણ દરદની વહેલાં દવા કરવી સારી. તમને છોકરાઓ ગામના ડોકટર પાસે લઈ જાય છે, પણ સારું થતું નથી. માટે હવે તમે શહેરમાં ડોકટર જોનના દવખાને જાઓ. તે જાણીતા ડોકટર છે અને બધા રોગની રાહતથી સારવાર કરે છે.

શનાકાકા : (દુઃખથી) આ... ઓ.... વિશ્વાસ તેં શું કહ્યું? રાહત દરે સારવાર? જો એવું હોય તો દીકરા, વિરૂ તું ચાલ મારી સાથે. આપણે કાલે સવારે જ શહેરમાં ડો. જોનના દવાખાને જઈએ. પણ ભાઈ મને સારું થઈ જશોને?

વિશ્વાસ : અરે કાકા, ઈશ્વર પર શ્રદ્ધા રાખો. એ બધું સારું કરશે ત્યાં તમારી બરાબર તપાસ થશે. અને રાહત દરે સારવાર, તમે ટૂંક સમયમાં સારા થઈ જશો.

વિરૂ : વિશ્વાસભાઈ, તમે ખરેખર સાચો માર્ગ બતાવ્યો. કાલે જ હું મારા બાપાને શહેરમાં ડો. જોનના દવાખાને લઈ જઈશ.

સંપત્ત : વિરૂ, તું બાપાને સંભાળપૂર્વક લઈ જજે. બહુ ચાલવાનું રાખશો નહિ. સ્ટેશનથી બસમાં સીધા ડો. જોનના દવાખાને પહોંચી જજો.

વિરૂ : એમાં તારે જરાય ચિંતા ન કરવી. હું બાપાને જરાય તસ્દી પડવા નહિ દઉં.

શનાકાકા : બેટા, તમે બંને મને બહુ મદદરૂપ છો. સંપત્ત તું ઘરની સંભાળ રાખજે. હું અને વિરૂ કાલે શહેરમાં ઉપડી જઈશું. જો વિરૂ, મારી પેટીમાં થોડા પૈસા છે, એ આપણા ખર્ચ માટે લઈ લેજે. ઓ... ઓ બાપા...

વિશ્વાસ : અરે હા કાકા, પૈસા જોઈતા પ્રમાણમાં લઈ જજો. વધારે પૈસાની જરૂર પડે તો હું મદદરૂપ થઈશ.

શનાકાકા : ભાઈ, તારો બહુ આભાર. તું અમારો સાચો પાડોશી છે. તું અમને કેટલો બધો મદદરૂપ છે! પૈસા તો અમારી પાસે છે. પણ તું જરા સંપત્તને જોતો રેજે.

## દૃશ્ય ૨

(શહેરમાં ડો. જોન એમના દવાખાનામાં એકલા બેઠા છે. એટલામાં વિરૂ અને શનાકાકા પ્રવેશે છે.)

વિરૂ : (બૂમ પાડી) સાહેબ, ઓ ડોકટર સાહેબ.

ડોકટર : (બેઠાં બેઠાં) બોલ ભાઈ, શું કામ છે?

વિરૂ : આપ જ ડોકટર જોન સાહેબ?

ડોકટર : હા, પણ બોલને શું કામ છે?

વિરૂ : સાહેબ, મારા પિતાજીને છેલ્લા બે-ત્રણ દિવસથી છાતીમાં ખૂબ દુઃખે છે. એટલે આપની સારવાર માટે આવ્યા છીએ.

ડોકટર : હા પણ મારું દવાખાનું તો ૧૧ વાગ્યા સુધી જ ખુલ્લું હતું. હવે બંધ થઈ ગયું. હું ઘર જવાની તૈયારીમાં છું.

શનાકાકા : ઓ બાપા.... જોન સાહેબ, અમે બહાર ગામથી આવ્યા છીએ. મને ખૂબ દુઃખે છે. ઓ સાહેબ બચાવી લો.

ડોકટર : મેં કહ્યું ને દવાખાનું બંધ થઈ ગયું. તમારા જેવા તો ઘણાય આવે છે.

વિરૂ : વારું સાહેબ, આજે આપનું દવાખાનું ફરી ક્યારે ખુલશે?

ડોકટર : હવે તો ખુલશે જ નહિ. કેમ કે કાલે નાતાલ છે. એટલે હવે થોડા દિવસ દવાખાનું બંધ જ રહેશે.

શનાકાકા : ઓ જોન સાહેબ, અમે બહારગામથી આવ્યા છીએ. અમારા પર દયા કરો.

ડોકટર : અરે પણ તમને બોલાવ્યા કોણે? ખબર નથી આ નાતાલના દિવસો છે. આજે મારાથી કશું થઈ શકે નહિ. તમે અઠવાડિયા પછી ફરી આવજો. ચાલો બહાર નીકળો.

(ડોકટરે બંનેને બહાર કાઢી દરવાજો બંધ કરી દીધો. શનાકાકા ને વિરૂ જાય છે. નાતાલનું એક ગીત ગાવું અથવા એની ધૂન વગાડવી.)

## દૃશ્ય ૩

(વિરૂ અને શનાકાકા ચાલતા ચાલતા એક બાગમાં જઈ બેઠા. થોડો આરામ કર્યો, નાસ્તો કર્યો અને પાણી પી ફરી પોતાના માર્ગમાં આગળ વધ્યા. માર્ગમાં ખ્રિસ્તી સોસાયટીનાં મકાનો પર વિજળીક રોશની અને તારાઓ લટકી રહ્યા હતા.)

શનાકાકા : બેટા, આ બધું શું છે? આ દિવાળી જેવી રોશની ઘેર ઘેર કેમ દેખાય છે? બેટા, આપણે ક્યાં જઈ રહ્યા છીએ?

વિરૂ : બાપા, આ ડિસેમ્બર મહિનો છે. ડિસેમ્બરમાં ખ્રિસ્તીઓ નાતાલ ઉજવે છે. નાતાલ એટલે પ્રભુ ઈસુનો જન્મદિવસ.

શનાકાકા : હા, એટલે એમ કહેને કે ખ્રિસ્તીઓની દિવાળી. પણ બેટા આપણે ક્યાં જઈએ છીએ ?

વિરૂ : બાપા, ચાલો તો ખરા. જુઓ આ સામે રોશનીથી ઝગમગતું ખ્રિસ્તીઓનું ચર્ચ દેખાય.

શનાકાકા : હા લ્યા ભઈ, કેવું પડે હોં! મારું વાલું ચરચ લાલચટ અને સુંદર હોં કે. એની રોશની પણ મજાની. પણ બેટા આપણે રાતવાસો ક્યાં કરીશું?

વિરૂ : બાપા, આવો તો ખરા. આ ચર્ચના ધર્મગુરુને મળીએ. મારો ખ્રિસ્ત મિત્ર કહેતો હતો કે ભાઈ બાઈબલમાં જનસેવા એ પ્રભુસેવા ગણવામાં આવી છે. એટલે ખ્રિસ્તીઓ ભલા ખરા. કદાચ આપણને રાતવાસો કરવા માટે અહીં જ જગા મળી જાય.

(બાપદીકરો ચર્ચના કંપાઉન્ડમાં પ્રવેશ્યા. અંદર આગળ જતાં ચર્ચના પાસ્ટર સાહેબ મળ્યા.)

પાસ્ટર : (રૂઆબથી ઊભા રહી) એય છોકરા, તમે અંદર કેમ આવ્યા? (શનાકાકાને) કાકા, કોનું કામ છે?

વિરૂ : સાહેબ, આ મારા બાપા છે. માંદા છે એટલે તેમને સારવાર માટે શહેરમાં દવાખાને લઈ આવ્યો છું. આજે રજા હોવાથી દવાખાનું બંધ છે. એટલે આજની રાત ક્યાં કાઢવી તેની ચિંતા છે. શું અહીં અમને આશરો મળશે?

પાસ્ટર : અરે આ કંઈ ધર્મશાળા થોડી છે! આ તો ચર્ચ છે ચર્ચ.

શનાકાકા : હા સાહેબ, ચરચ તો બહુ મોટું અને સારું. પણ ચરચ એટલે?

| | | |
|---|---|---|
| પાસ્ટર | : | અમારું મંદિર. તેમાં લોકો ભજન કરવા આવશે. નાતાલ છે. એટલે હજારો લોકો આવશે. |
| વિરૂ | : | પણ સાહેબ અમને કેવળ એક રાત માટે જગા નહિ મળે? |
| પાસ્ટર | : | બિલકુલ નહિ. ચાલો અહીંથી બહાર જાઓ. હું ખૂબ કામમાં છું. બીજે ક્યાંક તમને જગા મળી જશે. |

## દશ્ય ૪

(બાપદીકરો ચાલતાં ચાલતાં સોસાયટી વિસ્તારમાં આવ્યાં. એક ઘર પર વીજળીનું તોરણ પ્રકાશતું હતું અને તારો ચમકતો હતો. અંદરથી ટેઈપ પર નાતાલનું ગીત વાગતું હતું.)

| | | |
|---|---|---|
| વિરૂ | : | આવો બાપા, અહીં પૂછીએ. |
| શનાકાકા | : | દીકરા આ લોકો આપણા સગા થોડા છે? |
| વિરૂ | : | પણ તપાસ કરવામાં શો વાંધો? |

(બે જણાને દરવાજે ઊભેલા જોઈ સારાબહેન દોડી આવ્યા)

| | | |
|---|---|---|
| સારાબહેન | : | બોલો કાકા, કોનું કામ છે? |
| વિરૂ | : | આપનું જ. (એ સાથે બહેન નજીક આવ્યાં) બહેન, અમે બહારગામથી આવ્યાં છીએ. મારા પિતાજી માંદા છે. આજે દવાખાનું બંધ છે. શું અમને એક રાત રોકાવાની જગા અહીં મળી શકે? |
| સારાબહેન | : | અહીં એટલે? |
| વિરૂ | : | અ... અ... (ખચકાતાં) આપના ઘરમાં. |
| સારાબહેન | : | ભાઈ ચાલતો થા. તું કંઈ મારો સગોબગો થોડો છે. નાતાલને લીધે મારાં ઘેર સગાંસ્નેહીઓ આવ્યાં છે, ઘરમાં જરાય જગા નથી. |

શનાકાકા : બેટા, હવે શું કરીશું? ક્યાં જઈશું? રાત થવા આવી છે મને થાક લાગ્યો છે.

વિરૂ : બાપુજી, તમે હિંમત રાખજો. થોડું વધુ ચાલો. જુઓ થોડે દૂર બીજા તારાઓવાળાં ખ્રિસ્તીઘરો દેખાય છે. તેમાં કોઈ તો સાચો વિશ્વાસી મળશે જ, ઈસુનું શિક્ષણ કલ્યાણકારી હતું. તેમણે કહ્યું "જેવો પોતાની જાત પર એવો જ તારા પાડોશી પર તું પ્રેમ કર"

શનાકાકા : દીકરા, મને હવે છાતીમાં વેદના ઉપડી છે.

(વિરૂ બાપાને આધાર આપે છે. બાપદીકરો આગળ વધે છે. ગીત : કેવી શાંત નિર્મળ રાત)

વિરૂ : (થોડી વાર પછી) પિતાજી, હવે કેવું લાગે છે?

શનાકાકા : મારા દીકરા, હજુ દુ:ખાવો ચાલુ છે. સામે કોઈ ખાસ ઘરો દેખાતાં નથી. વિસ્તાર નિર્જન બનતો જાય છે. આપણે આગળ ક્યાં જઈશું? મારાથી નહિ ચલાય.

વિરૂ : બાપુજી, શાંતિ રાખજો. થોડી ધીરજ ધરો. ભગવાન દયાળુ છે. એ જરૂર કૃપા કરશે. અને આપણને રાતે વિસામાનું સ્થાન મળી જશે.

## દશ્ય ૫

(બાપદીકરો ચાલતાં ચાલતાં એક ઝૂંપડી પાસે આવી પહોંચ્યા. ઝૂંપડીના દરવાજામાંથી દીવાનો આછો પ્રકાશ બહાર રેલાતો હતો. અને ઝૂંપડીની બહાર બે કોડીયામાં દીવા બળતા હતા.)

વિરૂ : (ઝૂંપડી નજીક થોભી, જોરથી) કોઈ ઘરમાં હશે કે?

(એ સાથે સંતોષભાઈ અને એમની નાની દીકરી બહાર આવ્યાં.)

સંતોષ : આપ લોકો કોણ છો?

વિરૂ : અમે બહારગામથી આવ્યાં છીએ. તમારા ઘરની આ કોડીયામાં રોશની જોઈ અમને શહેરમાં પણ ગામની યાદ આવી ગઈ. મારા બાપુજી બિમાર છે. અમે દવાખાને આવ્યા ત્યારે એ બંધ થઈ ગયું.

સંતોષ : અમે ગરીબ છીએ. મજૂરી કરીને પેટ ભરીએ છીએ. આવતી કાલે નાતાલ છે. પણ અમારી છાપરીમાં વીજળી ક્યાંથી હોય? એટલે બહાર કોડિયામાં દીવા બળે છે અને અંદર ફાનસ.

શનાકાકા : તેથી શું થઈ ગયું. સંતોષભાઈ ધરમ કયો પાળો છો?

સંતોષ : હું અને મારી દીકરી મારિયા ખ્રિસ્તી છીએ. બોલો આપની શી સેવા કરીએ?

વિરૂ : કાકા, મારા પિતાજી ખૂબ બિમાર છે. એમને છાતીમાં ખૂબ દુઃખે છે. આ શહેરમાં અમારું કોઈ નથી. તમે જ મદદના શબ્દો ઉચ્ચાર્યા, એથી આનંદ થયો.

સંતોષ : દીકરા, બોલને તારે શી મદદ જોઈએ ? અમારી પાસે જે છે તે થોડામાંથી થોડું તમને આપીશું.

વિરૂ : કાકા, અમને કંઈ નથી જોઈતું. બસ એક રાત સૂવા પૂરતી જગા જોઈએ.

સંતોષ : ઓહો, મારે ઘેર જાણે આજ પ્રભુ ઈસુ પધાર્યા. આવો મારા સ્નેહીઓ. તમને શું કહીને બોલાવું?

શનાકાકા : (મંદ હાસ્ય કરતાં) મારું નામ શનો અને આ મારો દીકરો વિરૂ.

સંતોષ : દીકરી, આ તારા ભાઈ અને કાકાને અંદર લઈ જા.

મારિયા : ચાલો કાકા અંદર (વિરૂ) આવો ભાઈ.

સંતોષ : (અંદર આવી ફાનસ બાજુએ ખસેડી) આવો બેસો. અમારી ઝૂંપડી બહુ મોટી છે. જોકે અમારી પાસે પૂરતાં ગોદડાં નથી પણ ખૂબ પરાર છે. આપણે નીચે પરાર બિછાવી હૂંફાળી પથારી બનાવીશું અને આરામથી એના પર સૂઈ જઈશું. અને જેટલાં ગોદડાં છે તે બધાં ઓઢીશું.

વિરૂ : બસ કાકા બસ. બહુ મહેરબાની. અને અમે આરામ કરી સવારે વહેલાં દવાખાને નીકળી જઈશું.

સંતોષ : અરે એમ તે કંઈ જવાય. તમે નાતાલે અમારા મહેમાન છો. બાઇબલમાં પ્રભુ ઈસુએ કહ્યું છે "આ નાનાઓમાંના એક જણને તમે જે મદદ કરી તે મને મદદ કર્યા સમાન છે." આપણે પહેલાં તો ગરમ રસોઈ જમીશું. અને રાતે આરામથી સૂઈ જઈશું. સવારે પાછા ગરમ ચા પીશું.

શનાકાકા : આ હું શું સાંભળું છું. પ્રભુ ઈસુનો પ્રેમ સંદેશ જીવનમાં ઉતારનાર કેવળ એક જ ગરીબ માણસ. સંતોષભાઈ તમારા જીવનમાં અમે સાચે જ પ્રભુ ઈસુનો ઉપદેશ અને આશિષ નિહાળીએ છીએ.

વિરૂ : હા સંતોષકાકા, જે માનવ-માનવ વચ્ચે સંબંધ જોડે એ જ સાચો ધર્મ. તમારા જીવનની અમારા જીવન પર સારી અસર પડી છે.

શનાકાકા : જીંદગીનો શું ભરોસો. મને છાતીનું દરદ છે. એથી કાલે શું થાય કંઈ ન કહેવાય.

સંતોષ : ભાઈ, જરાય ગભરાશો નહિ. તમે સારા થઈ જશો. પ્રભુ ઈસુ મહાન છે.

શનાકાકા : સંતોષ, હું તારી વાત સ્વીકારું છું. મેં આજ સુધી મારા જીવનમાં ઈસુના આદર્શ જીવન અને સંદેશ સંબંધી કદી જ સાંભળ્યું ન હતું. એથી આખી જીંદગી નિરર્થક ગઈ. હવે આજે જ હું પ્રભુ ઈસુને મારા સ્વામી અને પ્રભુ તરીકે સ્વીકારું છું.

વિરૂ : મારા પિતાજીના મહાન નિર્ણયને હું પણ અનુસરીને ઈસુને મારા મુક્તિદાતા તરીકે કબૂલ કરું છું.

**○ પડદો ○**

## ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | પ્રેષિતોના કાર્યો દ્વારા મળતો ઈશ્વરી સંદેશ | ૮૦-૦૦ |
| ૨ | માર્કનો સંદેશ | ૫૦-૦૦ |
| ૩ | ગિરિપ્રવચનનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | કરિંથવાસીઓને લખેલા પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૫ | અયૂબ | ૬૦-૦૦ |
| ૬ | રૂથનો સંદેશ | ૨૫-૦૦ |
| ૭ | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫-૦૦ |
| ૮ | તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| ૯ | ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| ૧૦ | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦-૦૦ |
| ૧૧ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૧૨ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૧૩ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૧૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૧૭ | આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૮ | બેન-હર | ૨૦-૦૦ |
| ૧૯ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૨૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૩ | ૩૦-૦૦ |
| ૨૨ | વિશ્વાસ માર્ગદર્શિકા | ૨૫-૦૦ |
| ૨૩ | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૨૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૨૫ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| ૨૬ | વહાલાં પંખીડા | ૧૫-૦૦ |
| ૨૭ | ચિરાયેલો પડદો | ૨૦-૦૦ |
| ૨૮ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૨૯ | યોનેકો | ૧૫-૦૦ |
| ૩૦ | અને કમાની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૩૧ | સભાશિક્ષક | ૩૦-૦૦ |